# જ્યોતિર્ધરા



ડૉ. શેખરચન્દ્ર જૈન

# જ્યોતિર્ધરા

(જૈન જગતની મહાન સતિઓની કથા-વાર્તા)

લેખક-
ડૉ. શેખરચન્દ્ર જૈન
અનુવાદિકા
શ્રીમતી ઈન્દુમતી વિ. શાહ

પ્રકાશક
શ્રી કુન્થુસાગર ગ્રાફિક્સ સેન્ટર
અમદાવાદ

# જ્યોતિર્ધરા

જૈન જગતની મહાન સતિઓની વાર્તા

**લેખક**

ડૉ.શેખરચન્દ્ર જૈન

**અનુવાદિકા**

શ્રીમતી ઈન્દુમતિં વિ. શાહ

**પ્રકાશક અને વિતરક**

શ્રી કુન્થુસાગર ગ્રાફિક્સ સેન્ટર

૬, ઉમિયાદેવી સોસાયટી વિભાગ ૨,

અમરાઈવાડી,અમદાવાદ-૩૮૦૦૨૬

સર્વાધિકાર લેખકનાં સુરક્ષિત

**લેસર ટાઈપ સેટિંગ**

**શ્રી કુન્થુસાગર ગ્રાફિક્સ સેન્ટર**

**મુદ્રક**

મારૂતિ પ્રિન્ટર્સ, અમદાવાદ

**મૂલ્ય- ૨૫ રૂપિયા**

# લેખક પરિચય



**પ્રા. ડૉ. શેખરચંદ્ર જૈન**

M.A.Ph.D.,LLB. Sahitya Ratna

**કાર્યક્ષેત્ર** : અધ્યક્ષ હિન્દી વિભાગ,
શ્રીમતી સદ્‌ગુણા સી. યુ. આર્ટસ
કોલેજ ફોર ગર્લ્સ. અમદાબાદ

**સાહિત્યક રૂચિ**: કાવ્ય,વાર્તા,એકાંકી સમીક્ષા લેખન.

**પ્રકાશિત સાહિત્ય** :રાષ્ટ્રીય કવિ દિનકર ઔર ઉનકી કાવ્ય કલા.
ઘરવાલા-કઠપુતલીકા શોર (કાવ્યસંગ્રહ)
નયે-ગીત-નયે સ્વર,ચેતના
ગુજરાત કે પ્રતિનિધિ હિન્દી કવિ
ટૂટતે સંકલ્પ (વાર્તાસંગ્રહ)
ઈકાઈયાં પરછાઈયાં (વાર્તા-સંગ્રહ સંપાદન)

**આધ્યાત્મિક સાહિત્ય**:મુક્તિકા આનંદ (હિન્દી-ગુજરાતી )નિબંધ સંગ્રહ
જૈનારાધની વૈજ્ઞાનિકતા (ગુજ)
જૈનધર્મ સિધ્ધાંત ઔર આરાધના (હિન્દી)
તન સાધોઃ મન બાંધો- ધ્યાનવિષે (હિન્દી-ગુજરાતી)
મૃત્યુ મહોત્સવ (હિન્દી) નિબંધ સંગ્રહ
મૃત્યુંજયી કેવલીરામ (નવલ કથા) હિન્દી
જ્યોતિર્ધરા (વાર્તા સંગ્રહ) હિન્દી
ગણિની આ. જ્ઞાનમતીજી (જીવન ચરિત્ર) હિન્દી
પરીષહજયી (વાર્તા સંગ્રહ) હિન્દી

**સંપાદન કાર્યઃ**
કાપડિયા અભિનંદન ગ્રન્થ (પ્રધાન સમ્પાદક)
આ. જ્ઞાનમતી માતાજીઅભિવંદન ગ્રન્થ (સહ-સમ્પાદક)
ગણધરાચાર્ય કુન્થુસાગર અભિવંદન ગ્રન્થ (પ્રધાન સંપાદક)

**પ્રધાન સંપાદક**: " તીર્થંકરવાણી " (માસિક)

# મનઃજ્યોતિ (પુરોવાક્)

સાહિત્યિક વિધામાં કથા સાહિત્ય સર્વાધિક લોકપ્રિય વિધા રહી છે. કથા સાંભળવામાં અને સંભળાવવામાં આનંદની અનુભૂતિ થાય છે. લાગે છે કે જન્મથી જ આ ભાવ મનુષ્યમાં વિદ્યમાન રહેલો છે. તેથી જ બાળકોને દાદી-નાની ની કથાઓ સાંભળી ને જ ઉંઘ આવે છે. આ વિધાની સૌથી મહત્વપૂર્ણ વસ્તુ છે કથા તત્વ અને બીજી જિજ્ઞાસાવૃત્તિ .એટલે કે ''પછી શું થયું ?'' ''આ પછી શું થયું ?'' મનુષ્ય ને કથાની સાથે દિળ-દિમાગથી જકડી રાખવાનું સૂત્ર છે.કલાકો સુધી કથા કહેવાવાળા અને કલાકો સુધી સાંભળવાવાળા ના દાખલાઓ છે. ક્યારેક માનવામાં આવતું હતું કે કિસ્સો તો માત્ર મીઠીવાતોની જૂઠી મનમાની કલ્પનાઓ જ છે. મન બહેલાવવાનો એનો ઉદ્દેશ્ય છે. તેથી તો પરિકથાઓ ,જાદુઈ કથાઓ, અસંભવ વર્ણનયુક્ત કથાઓ લોકપ્રિય થઈ. મજાની વાત તો એ છે કે આજના અત્યાધુનિક વિકસિત યુગમાં પણ એવી કથાઓ સમયના ગર્તમાં જૂની થઈ નથી.

પ્રાચીન દાર્શનિકો, પંડિતો,વિદ્વાનો ,સાધુ-મહાત્માઓએ પણ પોતાના દર્શન-ધર્મ ની વિશેષતાઓ ના પ્રભાવને સીધેસીધા ન કહેતા કથાના માધ્યમથી કહેવાનું વધારે યોગ્ય માન્યું.ગૂઢ રહસ્યની વાત હોય કે કોઈ સિધ્ધાંત ને પ્રમાણિત કરવો હોય તો એવી જ કથાઓ નો દૃષ્ટાન્ત રૂપમાં ઉપયોગ કર્યો. આનાથી એમને સમઝવામાં અને લોકોને સમઝાવવામાં સરળતા રહી. મહાભારતની કથાઓ સરિત્સાગર,બૃહદ્કથા સાગર અને જૈનધર્મના પ્રથમાનુયોગ નું કથાસાહિત્ય એનું પ્રમાણ છે.

આજના વૈજ્ઞાનિક નિત-પરિવર્તન યુગમાં જોકે પરિકથાઓ અને કપોળકલ્પિત કથાઓનું એટલું મહત્વ રહયું નથી. જીવનની વાસ્તવિકતા એમાં અંકિત થવા લાગી. કથાઓમાં યથાર્થતા ઝળકવા લાગી. પરંતુએ નિર્વિવાદ સત્ય સાબિત થયું કે આ યથાર્થ જીવનની પ્રસ્તુતિ માટે માધ્યમ તો કથા સાહિત્ય જ રહ્યું.

સામાન્યતઃ આપણને પૌરાણિક-ઐતિહાસિક અથવા બહુશ્રુત કથાઓ જ ઉપલબ્ધ છે. આપણા પ્રાચીન ,પ્રાગૈતિહાસિક યુગની કથાઓ પુરાણો ઉપર આધારિત રહી, આથી પૌરાણિક કહેવાઈ.

એ કથાઓ કે જેનો સમય - પાત્ર વિગેરેનો ઈતિહાસ સાક્ષી છે એના ઉપર લખાયેલી વાર્તાઓ ઐતિહાસિક કહેવાઈ. જયારે પુરાણ અને ઈતિહાસમાં

ન હોવા છતાં પણ જેને લોકો દ્વારા યાદ રખાઈ અને મહત્વ મળ્યું. જે કર્ણોપણ દરેક યુગમાં પ્રચલિત રહી એ બહુશ્રુત કથાઓ છે. આ બધી કથાઓનો ઉદ્દેશ્ય છે પ્રાચીન પરંપરાઓ ના પરિપ્રેક્ષમાં નવા યુગને જોવો-સમજવો .જો તેમાં સ્ખલન હોય તો તેના માધ્યમથી ફરીથી સ્થિરતા પ્રાપ્ત કરવી. આ કથાઓ એ એવું દર્પણ છે કે જેમાં આપણાં યુગની સંસ્કૃતિ ,ધર્મ ,સમાજવ્યવસ્થા નૈતિકતા વિગેરેનો દર્શન કરી શકાય છે.ઉચ્છૃંખલ થઈ રહેલ વર્તમાન સમાજ માટે પથદર્શિકા છે. આજના ભૌતિકતાવાદી ,વાસનામય સંસારના તણાવમાં જીવવાવાળા મનુષ્યોને આ કથાઓ શાંતિ પ્રદાન કરી શકે છે. જીવવની નવી શ્રધ્ધા આપી શકે છે.

નારી યુગોથી '' પરીક્ષા'' જ આપતી રહી છે. એનેવારંવાર અગ્નિ પરીક્ષામાં થી પસાર થવું પડયું છે.એનું વસ્ત્રાહરણ થતું રહ્યું છે. એને જ ચારિત્રના લાંછનની વેદના સહેવી પડી છે .એને જ કોઢીને પતિ પરમેશ્વર માનવો પડયો છે. એને શીલ અને ચારિત્રના પ્રમાણ આપવા પડયા છે .ભર્યા બજારમાં એનું લીલામ થયું. શંકાના વમળામાં જંજીરથી જકડાઈ રહી. પતિના ધર્મની સામે સાચા ધર્મની સ્થાપના માટે લડવું પડયું .પરન્તુ આટલા સંકટો અને સંઘર્ષોમાં પણ એ અડગ રહી . એના શીલને રાવણજેવા મહાબળવાન કે દૂર્યોધન જેવા દુષ્ટ પણ ડગાવી શકયા નહીં. એ દરેક યુગમાં ચેતનાની નવી મશાલ બની રહી. અંતમાં વિજય પણ એ નારીનો જ થયો. શંકાશીલ, અહમ્વાદી ,અધિકાર લિપ્સામાં ડૂબેલો પુરૂષ ને હાર માનવી પડી. પોતાની ભૂલનો સ્વીકાર કરવો પડયો.

મારા મનમાં વર્ષોથી એક વાત હતી કે પુરૂષોને લઈને અનેક કથાઓ લખાઈ છે. ધર્મની વૃધ્ધિ,સમૃધ્ધિ ,ત્યાગ તથા સંયમ વિગેરેના પરિપ્રેક્ષમાં અધિકાંશ કથાઓ પુરૂષોને જ માધ્યમ બનાવીને લખાઈ છે. જ્યારે અનેક મહાન સ્ત્રીઓ થઈ છે જેમણે વાસ્તવિક રૂપ થી ધર્મધ્વજાને પોત-પોતાના યુગમાં લહેરાતી રાખી છે. મને લાગ્યુ કે આપણી સંસ્કૃતિ ,જૈન સંસ્કૃતિ ની આ જ્યોતિર્ધરાઓ છે. બસ આ ભાવ મનમાં દઢ થતો ગયો. શુભ નિમિત્ત મળ્યું નવેમ્બર ૧૯૯૧ માં. ગયાજીમાં વાંચના સંગોષ્ઠિના અવસરપર પૂ. ઉપાધ્યાય યુવા મુનિ શ્રી જ્ઞાનસાગરજી મહારાજ ના બે થી ત્રણ દિવસના સત્સંગનો અવસર મળ્યો આ મહારાજશ્રીની પ્રેરણા થી મારો લઘુ ઉપન્યાસ ''મૃત્યુંજયી કેવલીરામ'' પ્રકાશિત થઈ ચૂકયો હતો. અતિ લોકપ્રિય પણ થઈ ચૂકયો હતો. મહારાજશ્રીના આશીર્વાદ નું એ પ્રતિબિમ્બ હતું. મહારાજશ્રી

બીજી આવીજ કોઈ કૃતિ ની અપેક્ષા રાખતા હતા. મે આ 'જયોતિર્ધરા' ના વિષયમાં કથા-સંગ્રહ તૈયાર કરવાની ભાવના વ્યક્ત કરી. મહારાજશ્રીએ મારા મનોભાવોની પ્રશંસા કરી. તુરતજ કાર્ય સંપન્ન કરવાનો આદેશ આપ્યો.

ઘરે આવીને અનેક ગ્રન્થ,પુરાણ ,કથા સહિત્ય વાચ્યું .જોકે અનેક મહિલાઓની કથાઓ વાંચવા મળી. પરન્તુ મારું મન કોઈ નિશ્ચિત આધારને શોધી રહ્યું હતું. મે નક્કી કર્યુ કે હું એ મહાન મહિલાઓ ના જીવન ઉપર કથાઓ પ્રસ્તુત કરીશ , જે પૌરાણિક ,ઐતિહાસિક અથવા બહુશ્રુત કથાઓની આધારશિલા હોય,માર્ગ મળ્યો. પછીતો શું ચાલવાનું જ હતું , અને હું ચાલી નીકળ્યો .ભારતીય સંસ્કૃતિ ના આકાશની એ નક્ષત્રાઓને પ્રસ્તુત કરીકે જે કાલે પણ ઉપર હતી. અને આવતી કાલે પણ ઉપર રહેશે.

સીતા-દ્રૌપદી કોઈને કોઈ રૂપમાં ભારતની બધીજ સંસ્કૃતિઓમાં વિશિષ્ટ અને મહાન રહી છે.સર્વેએ એની ચારિત્રની દઢ઼તા ને નમન કર્યા છે. રાજુલની કુંવારી માંગ આજે પણ સૂની છે. પરન્તુ મુક્તિ પથ પર એ '' નાથ '' ની અનુગામિની બની શકી. રાજુલનો વિરહ યુગ-યુગ થી કવિઓ ને રડાવતો રહ્યો છે. અંજના ને લંછિત થઈને દુ:ખ સહન કરવાં પડયાં ,પરન્તુ હનુમાન જેવા વજઅંગી બળવાન પુત્રની જન્મદાત્રી બની. ''ચંદના '' ના દુ:ખદ જીવવની ક્ષણો શું ભૂલી શકાય તેવા છે ? એની દઢ઼ પ્રતિજ્ઞા અને આસ્થા જ તો મહાવીર જેવાને એના દ્વારે ખેંચી લાવી. ચંદના તો બની સાધ્વી સંઘની સ્થાપિકા. નારી ઉત્થાનનું પ્રથમ સોપાન .'' ચેલના'' એ સાચા જિનધર્મની સ્થાપના માટે , દઢ઼તા માટે પતિના રોષને પણ સહન કર્યો . અને વિજય સત્યનો થયો. પિતાની જૂઠી જિદ સામે ન ઝુકવાવાળી પતિવ્રતા મૈનાએ તો પૂરી રીતે કુદરત સાથે સંઘર્ષ કર્યો અને પતિના કોઢી દેહને કંચનવર્ણી બનાવી દીધો.એની ધર્મશ્રધ્ધાનું કોણ મૂલ્યાંકન કરી શકે ? અનંતમતી અને મનોરમા બહુશ્રુત કથાના પાત્ર છે. જેઓએ શીલવ્રતની રક્ષા માટે પોતાના પ્રાણોને વારંવાર દાવ પર લગાવ્યા અને વિજય પ્રાપ્ત કરતી રહી. શીલવ્રત અને બ્રહ્મચર્યના મહિમાનાં એ પ્રત્યક્ષ ઉદાહરણ છે. ઈતિહાસ ભામાશાહની પત્ની કમળાને કેવી રીતે ભૂલી શકે ? જેની પ્રેરણા થી ભામાશાહે પૂરી સંપત્તિ રાણાજી ને દેશ હિત માટે સમર્પિત કરી દીધી. આ દસ મહાન નારીઓના બહુઆયામી જીવવનો હું મારી અલ્પ બુધ્ધિ થી જેવું પણ થઈ શક્યું - આલેખી શક્યો. માત્ર બે માસમાં જ આ લેખન કાર્ય સંપન્ન થઈ શક્યું એનું કારણ હું માનુ છુ કે મહાન સતિઓપ્રત્યેની મારી અપાર શ્રધ્ધા અને મુનિશ્રીના

પ્રાપ્ત આશીર્વાદ.

આ સંગ્રહ નું નામ જૈન જગતની " જ્યોતિર્ધરા" રાખવાનું પ્રયોજન એટલુંજ છે કે એ મહાન સતી નારીઓ સંસ્કૃતિના આકાશ ઉપર આજેપણ એટલીજ જ્યોતિ પ્રસારિત કરી રહી છે, જેટલી પોતાના યુગમાં કરી હશે. આજે પણ એ નારી માત્રની માર્ગ દર્શિકા ,શીલવ્રતની દઢતાની પોષક ,પતિ-પરાયણ થઈને ધર્મ સાધનાની પ્રેરક શક્તિ બનેલી છે.સાચું જ છે કે એક મહાન માતા સેંકડો શિક્ષકો,ઉપદેશકો થી પણ મહાન હોય છે.આ બધી આપણી "મા" છે. એમની પ્રેરણા આપણને સત્યપથ ઉપર લઈ જશે , દઢ બનાવશે. એમના હૃદયનું વાત્સલ્ય, નયનોની કરૂણા,વાણીની કોમલતા અને ચારિત્રની દઢતા કોને એમના ચરણોમાં વંદના કરવા માટે પ્રેરિત નહી કરે ? બસ આ મારી પ્રેરણા છે. આ પૂરો સંગ્રહ એ "મા" ના ચરણોમાં અર્પિત છે .આ જ્યોતિર્ધરા યુગ-યુગ સુધી પોતાના પ્રકાશથી આપણું પથ અલોકિત કરશે.

આભાર કોનો માનું ? હા, એ મહાન આત્માઓનો આભારી છું જે સ્વયં મારી પ્રેરણા બની. હું કૃતજ્ઞ છું પૂ. મહારાજ ઉપાધ્યાય જ્ઞાનસાગરજી નો જે પ્રેરણા સ્રોત બન્યા.

**ગુજરાતી સંસ્કરણ સમયે**

આ વાર્તાસંગ્રહ ની લોકપ્રિયતા થી પ્રેરિત થઈ કેટલાક મિત્રોએ આગ્રહકર્યો કે ગુજરાતી અનુવાદ થાય તો ગુજરાતી જૈન બંધુઓને પણ વાંચનનો લાભ મળે.આ ભાવનાથી પ્રેરિત થઈ આ કાર્ય શ્રીમતી ઈન્દુમતી વિનોદભાઈ શાહે અનેક જવાબદારીઓમાંથી સમય કાઢીને પણ નિસ્પૃહતાથી સુન્દર અનુવાદ કર્યું છે તે બદલ તેમનો જેટલો આભાર માનીયે તે ઓછો છો. મહાન નારીઓની વાર્તાનું અનુવાદ એક વિદુષી નારી કરે તે તેમના માટે પણ ગૌરવની વાત છે .હું તેમનો આભારી અને ઋણી છુ.આશા છે કે આપને આ અનુવાદ જરૂર પ્રેરિત કરશે. આપનો આવકાર એજ અમારી સફલતા છે.

અંતમાં આપ સૌ આભારના અધિકારી છે જેઓ આ કૃતિને વાંચીને મારા શ્રમને સાર્થક બનાવશો. આશા છે કે આપને આ કૃતિ પોતાની જ લાગશે.

૧૫ ફેબ્રુઆરી ૧૯૯૭
શ્રી પાર્શ્વનાથ દિ. જૈન પંચકલ્યાણક
પ્રતિષ્ઠા મહોત્સવ-ગર્ભકલ્યાણક

**ડૉ. શેખરચન્દ્ર જૈન**

# અનુક્રમણિકા


| અ.નં. | નામ | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | તપસ્વિની સીતા | ૧ |
| ૨. | ધૈર્યધારિણી અંજના | ૧૪ |
| ૩. | પતિપરાયણા દ્રૌપદી | ૩૩ |
| ૪. | તપસ્વિની સતી રાજુલ | ૪૮ |
| ૫. | યુગ પ્રવર્તિની ચંદનબાળા | ૬૩ |
| ૬. | ધર્મપ્રભાવિની મહારાણી ચેલના | ૭૮ |
| ૭. | શ્રધ્ધાન્વિતા-મૈનાસુંદરી | ૯૯ |
| ૮. | ચારિત્ર્યશીલા મનોરમા | ૧૧૬ |
| ૯. | શીલવ્રતા અનંતમતી | ૧૩૧ |
| ૧૦. | દેશ પ્રેમી કમલા | ૧૪૩ |

# તપસ્વિની સીતા

યૌવનની વસંતમાં ડગ ભરતી કિશોરી સીતાનું રૂપ ખીલી ઉઠ્યું હતું. આંખોમાં આંજેલ યૌવનના ઉન્માદનું કાજલ, હરણીશી ચપળ ચંચલ ચાલ, સ્વરમાં ધીમું ગૂંજન, છતાંય ઝૂકેલી દૃષ્ટિ સંયમ અને શીલની ચાડી ખાતા હતા. આમ સૌંદર્ય અને શીલનો સુગમ સમન્વય સીતાને સૌંદર્ય શાલિની બનાવી રહ્યો હતો. રૂપ અને ગુણની પ્રશંસા મનુષ્ય લોકમાં તો શું પણ દેવલોક સુધી પહોંચી હતી. અને ત્યારે તો... સલુણી સીતાને નીરખ્યા પછી નારદજીનો મન મયુર પણ કળા કરી રહ્યો હતો.

મહારાજા જનક અને મહારાણી વિદેહા દિકરીને પરણાવવાની ચિંતામાં હતા. દિકરી શ્વસુરગૃહે સિધાવશે એ ભાવિ વિચારથી દુઃખી હતા. સીતાના સદ્ગુણોની ચર્ચા સર્વત્ર ચાલતી એના વ્યવહારની મીઠાશ સહુને મોહિત કરતી. એ મીઠો વ્યવહાર સહુને પ્રસન્નતા પ્રદાન કરતો. સીતાના રૂપ ગુણની પ્રશંસાથી ભામંડલ પણ કામાતુર થઈ ઉઠ્યો. સીતાની છબીએ એનું મન મોહી લીધું. ખાવા-પીવાની સુધબુધ ખોઈ બેઠો. રાત દિવસ એની છબી નીરખ્યા કરતો. એને ક્યાં ખબર હતી કે સીતા એની બહેન છે. આતો એક અજાણપણાનું આકર્ષણ હતું.

સીતાને મેળવવા વિદ્યાધર ચંદ્રધરે કપટનો આશ્રય લીધો. રાજા વિદેહના અપહરણ માટે માયાવી પવનવેગી ઘોડો જનકપુર મોકલ્યો. પોતાની તાકાતની પરીક્ષા કરવા મહારાજા જનકે માયાવી ઘોડા પર સવારી કરી. પવનવેગી ઘોડો પહોંચ્યો વિદ્યાધર ચંદ્રધર પાસે. ચંદ્રધરના અનેક પ્રલોભનો, યુધ્ધની ધમકી આપવા છતાં રાજા જનક પોતાની જાનકીને આવા કામી પુરુષ સાથે પરણાવવા તૈયાર ન થયા. ક્યાં શીલ સૌંદર્યા સીતા અને ક્યાં વિદ્યાધરનો અનિતીમાન પ્રસ્તાવ?

ચંદ્રધર પોતાના પ્રસ્તાવમાં અડગ હતા. છતાં રામની શક્તિની પરીક્ષા કરવા એમણે એક શરત મૂકી કે જો રામ વજ્રાવર્ત અને સાગરાવર્ત ધનુષની પ્રત્યંચા ચઢાવી શકે તો જ તે સીતા સાથે લગ્ન કરી શકે. નહીતો પોતે બળજબરીથી સીતાનું અપહરણ કરી પોતાના પુત્ર સાથે સીતાના લગ્ન

કરાવશે. આ તે કેવી શરત?

અરે! સીતા તો ત્યારે જ રામને પોતાના દિલનું દાન આપી ચૂકી હતી જ્યારે તેઓ લક્ષ્મણ સાથે મ્લેચ્છ સાથેના યુદ્ધમાં પિતાને મદદ કરવા આવ્યા હતા. અવાક્ રહી ગઈ હતી સીતા! રામના ભર્યા ભર્યા દેહ સૌષ્ઠવ અને અનુપમ સૌંદર્યથી. રામના ચહેરાની ચપળતા સરળતાએ એક અજબનું આકર્ષણ જમાવ્યું હતું. નયનોથી નયનો મળતાં યુગોની ઓળખાણ તાજી થઈ હતી. બંને એકબીજા પર ઓળઘોળ હતા. નયનોના ઝરૂખેથી નીહાળતાં દૃષ્ટિનું આદાન-પ્રદાન બંનેના હૃદય સાગરને તરંગિત કરી પ્રેમના મોજા ઉછાળી રહ્યું હતું. બંને વચ્ચે વહી રહેલી પ્રેમની ગંગા શીલ અને સંયમના તટથી સુરક્ષિત હતી. બંનેનું પ્રત્યક્ષ મિલન ન થવા છતાં હૃદયની વાત નયનોના માધ્યમથી વહી એકબીજા સુધી પહોંચી ચૂકી હતી. ભારતીય નારી એકવાર પ્રત્યક્ષ, પરોક્ષ કે શમણામાં પણ જેને મનથી પોતાનો પતિ માની લે એ બીજા પુરુષની કલ્પના પણ નથી કરતી.

આજે સીતાનું મન વ્યાકુળ છે. મૃગનયની ભયભીત છે. કોમળ સુકુમાર ચહેરો કરમાએલો છે. એ જાણીને કે ધનુષ્યની પ્રત્યંચા ન ચઢાવી શકે તો મનના માનેલાને એ નહીં પામી શકે. સીતા આંખો બંધ કરી પ્રાર્થી રહી અરિહંત દેવને. "હે દેવ! જેને હું મનથી વરી ચૂકી છું એ રામ જ મારા જીવન સાથી બને"..... અને એ જિનેન્દ્ર દેવની ભક્તિમાં લીન બની.

જેમ વસંતમાં આમ્રમંજરી મ્હોરી ઉઠે, કોયલની કૂહૂકૂ ગૂંજી ઉઠે, વાદળોની ઘનઘોર ઘટામાં મોર કળા કરી ઉઠે, સૂર્યના ઉદયથી જેમ કમળ સુવિકસીત થઈ ખીલી ઉઠે, એમ માત્ર એટલું જ સાંભળતાં કે જ્યારે મોટા-મોટા શક્તિશાળી રાજાઓ ધનુષ્યને ઉઠાવી ન શક્યા ત્યારે છેવટે રામ અને લક્ષ્મણે વારાફરતી બંને ધનુષ્યની પણછ એવી રીતે ચઢાવી કે જાણે રમત કરતા હોય. બસ આટલું સાંભળતા જ સીતાનું મુખકમળ ખીલી ઉઠ્યું. હૃદયમાં એક આનંદનો ઝંકાર ઉઠ્યો. કાનોમાં એક સાથે અનેક શરણાઈના સૂર સંભળાવા લાગ્યા. એના પગમાં પવનવેગી આવીને વસી. દોડીને સીતા જિનમંદિરમાં ગઈ. પ્રસન્નતાની પૂજન સામગ્રીથી હર્ષાશ્રુનો અર્ઘ આરાધ્યદેવને અર્પિત કરી રહી. મહારાજા જનક, મહારાણી વિદેહા, અરે રાજ્યની પ્રજા કુંવરીના આવા મહાભાગ્યની ચર્ચા કરવા લાગ્યા. આ શુભ ખબર ચારે

દિશામાં ફેલાઇ ગઇ.

નવવધૂના સ્વાંગમાં સજાવેલી સીતાના રૂપ-લાવણ્યની ત્રણલોકની દેવકન્યા, નાગકન્યા અને અપ્સરાઓ ઈર્ષા કરી રહી. જાણે રતિ સ્વયં કામદેવને વરવા ચાલી. ગોધુલિના સમયે વિશાળ જનસમુહ, દેવ-દેવતાઓ વિદ્યાધરો, રાજા મહારાજાઓની હાજરીમાં જાનકી રામની થઇ ગઇ. રામ જેવા પતિ પામીને ધન્ય બની ગઇ. તો વળી પિતૃગૃહેથી વિદાયની કલ્પના એના હૈયાને હચમચાવી રહી હતી. હોઠ પર હાસ્ય અને આંખોમાં આંસુ સાથે વિદેહની સંપત્તિ બની અયોધ્યાનું ગૌરવ.

અયોધ્યા પણ આજે સોળે શણગાર સજી ઇન્દ્રપુરી જેમ શણગારેલી હતી. વાદ્યોનું સંગીત, સુહાગણોના મંગળગીત, સર્વત્ર મંગલમય વાતાવરણ પવિત્ર પુષ્પ ધૂપ સુંગંધથી મહેકી રહ્યું હતું. હા આજે યુવરાજ રામ યુવરાણી સીતા સાથે પધાર્યા હતા.

માતા કૌશલ્યા, સુમિત્રા અને કૈકેયીનું હૈયું આનંદાના હિંડોળે ઝૂલી રહ્યું હતું. પાટવી કુંવર રામ ત્રિલોકમાં અણમોલ એવી કન્યાને પરણીને આવ્યા હતા. માતાઓ સીતા પર વહાલ વરસાવવા ઉત્સુક હતી. નયનો ઢાળી વધૂ સીતા લજામણીના છોડશી વાત્સલ્યમયી માતાઓના ખોળામાં બેઠી હતી. ત્યારે તેને અહેસાસ થતો કે તે પોતાની માતાના ખોળામાં બેઠી છે. નવી સખીયોનો સંગ, એમની મશ્કરી સર્વ નવું નવું વહાલુ લાગતું હતું, પોતાનું લાગતું હતું. સીતાનાં કંકુવર્ણા પગલાં થતાં વનરાજી નવ પલ્લવિત થઇ એમાં વસંત ખીલી ઉઠી. સર્વત્ર આનંદ, ઉલ્લાસ અને સમૃધ્ધિનું વાતાવરણ છવાંઇ ગયું કેમ ન હોય? જ્યાં ત્રણ લોકની લક્ષ્મી સ્વયં અયોધ્યા પધારી હોય....

મનવાંછિત પતિને પામીને એ પોતાની જાતને ધન્ય માનવા લાગી. પોતાના સર્વસ્વ અર્પણમાં જીવનની સાર્થકતા દેખાઇ રહી. રામના સાનિધ્ય અને સહવાસમાં સીતાનું રોમ-રોમ ખીલી ઉઠ્યું. રામના વિશાળ વક્ષસ્થળ પર સીતાનું ચંદ્રમુખ સુમેરૂ પર્વત પર શોભતા ચંદ્ર જેવું લાગી રહ્યું. સાજનની બાહોમાં સજની ખોવાઇ ગઇ હતી. અધખુલી આંખોમાં રામ જ રામ વસેલા હતા. રામ ખોવાયેલા હતા સીતાના નયન સરોવરમાં. આજનું મિલન યુગો યુગોની પ્રતિક્ષા પછીનું મિલન હતું. બંને એ પરસ્પર પ્રીત નિભાવવાના

ક્યારેય છૂટા નહીં પડવાના સપના સજાવ્યા.

"સીતા!..... સી..... તા......"

બોલો સ્વામી શી આજ્ઞા છે? તમે આમ વાત કરતા અચકાઓ છો શા માટે?"

"સીતા! હું પિતાજીની આજ્ઞાથી ચૌદ વર્ષ માટે વનમાં જઇ રહ્યો છું."

રામ વાક્ય પુરૂં કરે તે પહેલાં સીતા અચેતન થઇ ઢળી પડી. થોડીવારે દાસીઓની સેવાથી ભાનમાં આવી. છતાં આંખો અનિમેષ તાકી રહી. હજુ પણ એના કાનમાં રામનું વાક્ય ગરમ સીસાની માફક રેડાઇ રહ્યું હતુ. 'અરે! આ તે કેવી વિચિત્રતા! ગઇ કાલે તો સાંભળ્યું હતું કે રામનો રાજ્યાભિષેક થવાનો છે. પોતે રાજરાણી બનવાની છે. અને આ તે કેવો વિયોગ. પોતાના કોઇ અશુભ કર્મોનો ઉદય આવી રહ્યો છે." એમ સમજતાં સીતા અંતરથી જિનેન્દ્રદેવનું સ્મરણ કરી રહી.

સીતાને કંઇક સ્વસ્થ થયેલી જોઇ રામે પુનઃ એ જ વાત કરી. "ઠીક છે સ્વામી જ્યાં તમે ત્યાં હું."

"સીતા જંગલમાં ખૂબ જ મુશ્કેલી પડશે. અત્યંત દુઃખ સહન કરવું પડશે. આ રાજસુખ ત્યાં નહી મળે. તું અતિ કોમળ નારી છે. વળી ત્યાં વન-વન ભટકવું પડશે. તું અહીં જ રહે માતાઓની સેવા કર."

"અરે! પ્રાણનાથ આ તે કેવી સજા? તમારી સાથે રહેવામાં મને મુશ્કેલી શાની? ભારતીય નારીને પોતાના પતિ સાથે ગમે ત્યાં રહેવામાં દુઃખ હોઇ શકે? વળી ભગવાન જિનેન્દ્રની ભક્તિ જેને મળી છે એને કષ્ટ કેવું? જો અશુભ કર્મોનો ઉદય આવવાનો જ હશે તો એને કોણ રોકી શકવાનું હતું? સ્વામી જંગલી પ્રાણીઓ અથવા તો બીજાનો ભય કેવો? પ્રાણનો મોહ જ ભય પમાડે છે. જ્યાં તમે નિર્ભય રહી શકો ત્યાં આપની છત્રછાયામાં મને ભય કેવી રીતે લાગે? સુખ દુઃખ તો મનનું કારણ છે. આ રાજ વૈભવ, ઠાઠમાઠ શું આપના વિયોગમાં આનંદ આપી શકશે? પ્રાણેશ્વર મારૂં સુખ તો તમારી સેવામાં છે તમારી સાથે જ જોડાયેલું છે. હું નારી જરૂર છું પરંતુ અબળા નથી. મારી એક જ પ્રાર્થના છે કે મને તમારાથી અળગી ન કરો. શું પ્રાણ વિના દેહની સંભાવના છે?"

સીતા રામના ચરણોમાં પડી અશ્રુઓનો અર્ઘ આપી એમને વિનવી રહી.

રામનું લાગણી સભર હૃદય દ્રવી ઉઠ્યું. તુરત સીતાને ઉઠાવી બાહુપાશમાં જકડી લીધી. એના આંસુ લૂછી કહ્યું, ‘‘પ્રિયે, તમારું સ્થાન મારા ચરણોમાં નહીં, અહીં મારા હૃદયમાં છે. રામની સીતા ક્યારેય રામથી વિખૂટી નહી પડે.’’

આમ કહી સાથે આવવાની સંમતિ આપી.

સીતા એ પણ રામની સાથે વનવાસ સ્વીકાર્યો છે, આ સમાચાર મળતાં માતાઓ પણ બેબાકળી બની સીતા પાસે પહોંચી ગઇ. સીતાને આલિંગનમાં લઇ એનું મુખ ચૂમવા લાગી. સીતાને અનેક રીતે સમજાવવા લાગી. સીતાએ પણ વિનયથી માતાઓનો ચરણ સ્પર્શ કર્યો માતાઓને પોતાના વનગમન માટે સરળતાથી સમજાવી તેમને સાંત્વના આપી પતિની પથાનુગામિની બની રહી.

જનકપુરના રાજઘરાનામાં જન્મેલી, એશઆરામ સુખ-સુવિધાઓમાં આળોટેલી, મા-બાપની દુલારી રાજકન્યા સીતા, અયોધ્યાની લાડકી કુળવધુ, જેના પગ ક્યારેય મખમલી જાજમ સિવાય ક્યાંય પડ્યા નથી, એવી સુવિધાઓમાં ઉછરેલી રાજરાણી આજે વનવાસિની બની ગઇ. રાજસી વસ્ત્રોને સ્થાને સાદા વસ્ત્રો, આભુષણ વિનાના અંગો,. છતાંય સાદગીમાં શોભતું સૌંદર્ય-મુખ પર ઝલકતી આનંદની પ્રસન્નતા-પતિની અનુગામિની બનવાની.

રામ લક્ષ્મણની સાથે વનપથ પર ચાલતી સીતા વીસરી ગઇ કે પોતે રાજઘરાનાની વહુ દીકરી છે. છતાં જ્યાંથી પસાર થતી દર્શકોની ભીડ જામતી એમાંથી કેટલાક અવાજ ઉઠતા....

‘‘અરે! જુઓ તો કેટલી સુકુમાર સ્ત્રી છે. અરે રે.... બિચારી કેટલું દુ:ખ સહન કરે છે. અરે કોણ આવા પથ્થર દિલ છે જેમણે આવા સુકુમાર બાળકોને અને સાથે આ દિકરીને જંગલમાં મોકલી દીધાં છે.’’ જંગલના અનેક સ્ત્રી-પુરુષોએ રામ-લક્ષ્મણ-સીતાને જોઇને પોતાની સહાનુભૂતિ-વેદના અને આવી પરિસ્થિતિમાં એમને મૂકનાર પર તિરસ્કાર વ્યક્ત કર્યો. કેટલીએ યુવતીઓ ચોરી છૂપીથી આ ત્રણેયના રૂપનું સૌંદર્ય પાન કરી રહી હતી.

એમણે આવા પ્યારા યુવકોને પહેલીવાર તો જોયા હતા.

આટલી કોમલાંગી યુવતી પણ હોઇ શકે છે. એ એમના માટે આશ્ચર્ય હતું. એમની આંખો આ ત્રણે પર મંડાયેલી જ રહેતી હતી. જાણે કેમ સૌને એમનું રૂપ જોવાનું ગમતું હતું. પથાનુગામિની સીતા રામના પદચિહ્નો ઉપર ચાલી રહી હતી.

કુલવધુ સીતા સાક્ષાત અન્નપૂર્ણા હતી. આથી તો એના હાથનો પ્રસાદ મેળવીને સૌધન્યતા અનુભવતા હતા. સ્વયં કપિલ બ્રહ્મણે તેમનું અપમાન કર્યું છતાં પણ તેમના ઉપર એમનું વાત્સલ્ય યથાવત રહ્યું અને એમના માંગવાથી એને વસ્ત્ર-ધન-ધાન્ય આપીને તૃપ્ત કર્યો. જંગલમાં ઠંડી-વર્ષા-ગરમીમાં પણ રામના પડછાયા જેવી સીતાને ક્યારેય શારીરિક કષ્ટનો અનુભવ ન થયો.

સુંદરી સીતાના રૂપ પર લંકેશ આસક્ત થઇ ગયો હતો. લંકેશે પોતાની વિદ્યા દ્વારા સીતાનો પરિચય મેળવી લીધો. સીતાના રૂપે એને કામાંધ બનાવી દીધો. વ્યાકુળ કામાતુર રાવણ બધી મર્યાદાઓ ભૂલી ગયો. કપટનો આશ્રય લીધો. કપટથી સિંહનાદ કર્યો, અને રામ-લક્ષ્મણને ભ્રમમાં નાખી દીધા. રામ આ સિંહનાદને લક્ષ્મણ પર આવેલું સંકટ સમજીને સીતાને સાવધાન કરી ભાઇની રક્ષા માટે નીકળી પડ્યા. જે બનવાનું હોય તેને કોઇ રોકી શકે? એજ થયું જે થવાનું હતું. કુટિલ વિચારોથી યુક્ત રાવણનું મન તો સીતાના રૂપમાં જ અટક્યું હતું. તે કપટની જાળ ગુંથી રહ્યો હતો. સીતાને બાહુપાશમાં લેવા માટે, દિલ તડપી રહ્યું હતું. દુષ્ટતા એની પરાકાષ્ટા પર હતી. શક્તિશાળી રાવણે રામ જતાં એકલી પડેલી સીતાનું હરણ કરી લીધું. જટાયુને ઘાયલ કરી કોમલાંગી સીતાનું બળપૂર્વક અપહરણ કરી વિમાનમાં બેસાડી લંકા તરફ પ્રયાણ કર્યું. બિચારી હરણી જેવી સીતા ડરના મારી બૂમો પાડતી રહી. પરંતુ આ બુમરાણ અરણ્ય રુદન જ સિધ્ધ થયું. કામાતુર રાવણ ભૂલી ગયો હતો કે તેને જિનેન્દ્ર ભગવાનની સમક્ષ પ્રતિજ્ઞા કરી હતી કે જ્યાં સુધી કોઇ સ્ત્રી સ્વયં એની વાંચ્છા નહી કરે તો તે પોતે તેના ઉપર બળાત્કાર કરશે નહિ. પરંતુ એકાએક આ પ્રતિજ્ઞાનું સ્મરણ થતાં તેણે પોતાના કામ ઉપર પ્રતિજ્ઞાનો અંકુશ લગાવ્યો. સીતા બળાત્કારનો શિકાર થતાં બચી ગઇ. આ કદાચ તેના શીલની જ ઢાલ હતી. જે સમય આવે એની રક્ષક બની. સીતાનો વિલાપ સાંભળી રત્નજટી વિદ્યાધરે પોતાની અલ્પશક્તિથી રાવણનો

વિરોધ કર્યો. પરંતુ પહાડ સાથે ટક્કર લેવી એ કાંઇ સરળ હોય છે?

"સીતા, હું લંકેશ છું. સોનાની લંકાનો રાજા. દેવી-દેવતા, મારા દાસ છે. મારી બનીને રહીશ તો રાજ કરીશ જંગલમાં ભટકવાથી બચી જઇશ." આવા અનેક પ્રલોભનો દ્વારા રાવણ સીતાને મનાવવાનો પ્રયાસ કરવા લાગ્યો.

"દુષ્ટ રાવણ! એક સતી સાથે આવી દુષ્ટ વાતો કરતાં તને શરમ નથી આવતી? તું તો સોનાની લંકાનું અભિમાન કરે છે. મારી સમક્ષ તો તે ધૂળ પણ નથી. યાદ રાખ દુષ્ટ! મારા વીર રામ-લક્ષ્મણ તને તારા આ કામનું ફળ ચખાડશે. તારે તારા કર્મોનું ફળ ભોગવવું પડશે." સીતાએ કંઇક સ્વસ્થતા પ્રાપ્ત કરતાં દઢતાથી રાવણને ધુત્કાર્યો.

અપહૃત સીતાને લંકામાં દેવારણ્ય નામના ઉપવનમાં રાખવામાં આવી.

"સીતા! મારા પતિની વાત માની લે. તું પટરાણી બનીશ. હું પણ તારી દાસી થઇને રહીશ. સમસ્ત સુખ તને પ્રાપ્ત થશે. અનેક લલચાવનારી વાતોથી રાવણના આદેશ અને આગ્રહથી રાણી મંદોદરીએ સીતાને સમજાવવાનો પ્રયાસ કર્યો. " 'એક પટરાણી થઇને, એક સ્ત્રી થઇને તમારા મોઢે આવી વાતો શોભા નથી આપતી. શું પોતાની સૌતેલી લાવવામાં, પટરાણી પદ તેને આપવામાં તમને આનંદ આવશે? અરે મંદોદરી બહેન!! તમે નારી થઇને નારીના સતીત્વની રક્ષા કરવાને બદલે એના શીલનું હનન કરવાની સલાહ આપી રહ્યા છો? મને શરમ આવે છે બહેન, તમારી આ સલાહ ઉપર ધિક્કાર છે. તમારા ચારિત્ર પર અને નારીત્વ પર." સીતાએ મંદોદરીને ખૂબ ખખડાવી. સીતાની આવી અટલતાથી મંદોદરી પણ લજવાઇ. સીતાને પ્રણામ કરી પોતાની ભૂલનો એકરાર કરતી તે રાણીવાસમાં પાછી ફરી. એની સીતા પ્રત્યેની શ્રધ્ધા દઢ બની.

કામાતુર, પરંતુ પ્રતિજ્ઞાથી બંધાએલ રાવણ બળાત્કાર તો કરી શકતો ન હતો તેથી સીતાને અનેક ભય, પ્રલોભન, લાલચ વગેરેથી પોતાની તરફ આકર્ષિત કરવાના અનેક ઉપાયો કરવા લાગ્યો. પરંતુ સુમેરું પર્વત જેવી દઢ ચારિત્રશીલ સીતાને રાવણનો કામઝંઝાવત ડગાવવામાં સફળ ન થયો. આ બાજુ સીતાના વિરહમાં રામ શોકાતુર હતા. અનેક વિદ્યાધરોએ પોતાની પુત્રીઓના વિવાહ પ્રસ્તાવ પણ રજુ કર્યા. પરંતુ સીતાનું જે સ્થાન રામના

હૃદયમાં હતું એના પર કોઇનો રંજ માત્ર પણ પ્રભાવ ન પડ્યો. આ સીતાનો રામના પ્રત્યેનો અફર પતિવ્રતા ધર્મ જ હતો.

રામની આજ્ઞાથી હનુમાન સીતાજીની શોધ કરવા લંકા ગયા. વનમાં દુ:ખી સીતાને જોઇને હનુમાનનું હૃદય પણ પીગળી ગયું. એમનું મન સીતાના મુખની પવિત્રતાથી એવું પલ્લવિત થઇ ગયું જેવું પોતાની માતા અંજનાને જોઇને થયું હતું. સીતાની પવિત્રતા સતીત્વ બધાના મનમાં પવિત્ર ભાવ જ ઉત્પન્ન કરતા હતા. "અરે!, આ શું પડ્યું! અરે! આ તો મારા સ્વામીની મુદ્રા છે. કોણ લાવ્યું છે?" હનુમાન દ્વારા નાખવામાં આવેલી મુદ્રા મેળવીને સીતા વિહવળ થઇ ગઇ. એનું રોમરોમ ખીલી ઉઠ્યું. આંખોમાંથી હર્ષાશ્રુ નીકળી પડ્યા. એ આમ-તેમ જિજ્ઞાસાથી જોવા લાગી કે આ મુદ્રિકા કોણે નાખી છે? "ભાઇ; કોણ છે? જેણે પણ આ મુદ્રા નાખી હોય એ મને ભાઇ ભામંડલ જેવો પ્રિય છે. મારી સમક્ષ આવો. મારા પ્રિયતમનો સંદેશ સંભળાવો. એ કુશળતો છે ને? સીતા વિહવળ બનીને ચારે બાજુ જોવા લાગી.

"મા, હુંજ એ મુદ્રિકાને પ્રભુ રામ પાસેથી લઇને આવ્યો છું. રામ કુશળ છે. આપનું અહર્નિશ સ્મરણ કરે છે. આપનો વિયોગ એમને ખુબજ દુ:ખ આપી રહ્યો છે. હું હનુમાન રામનો સેવક આપના ચરણોમાં વંદન કરું છું. મા, આપ મારા ખભા ઉપર બિરાજો હું આપને શ્રી રામની પાસે પહોંચાડી દઇશ." હનુમાને વિનયવંત થઇને સીતાને કહ્યું.

"ભાઇ, હું પતિના આદેશ વિના કેવી રીતે આવી શકું? વગર આજ્ઞાએ પહોંચવાથી એમને શું ઉત્તર આપીશ? માત્ર એટલો સંદેશ આપજો કે અનેક વિપત્તિઓમાં આપે મારી રક્ષા કરી છે. આપના કારણે મારો વિયોગ થયો છે અને આપના જ કારણે મારું મિલન પણ થશે. આપ આવીને લઇ જાઓ. આ મારો ચુડામણિ એમને આપીને મારી સ્મૃતિ કરાવજો. મારા ચરણવંદન કહેજો અને જો તે પૂછે તો કહેજો સીતા તમારા વિરહમાં દુ:ખી અવશ્ય છે પરંતુ એની ભક્તિ આપના ચરણોમાં અને ભગવાન જિનેન્દ્રમાં દઢ છે." આમ કહેતાં-કહેતાં સીતા રામની કલ્પનામાં ખોવાઇ ગઇ. પતિ ભક્ત સીતાએ નારી સુલભ સ્વાભિમાનની રક્ષા કરી અને ભક્તિનો પરિચય આપ્યો.

રામના લંકા વિજય સમાચાર સાંભળી સીતાનો મનમયુર નાચી ઉઠ્યો. એનું હ્રદયકમલ ખીલી ઉઠ્યું. પ્રિયને મળવાની ઉત્કંઠા જાગી ઉઠી. રામના દર્શન માટે આંખો ઉતાવળી થઇ ઉઠી. મનમાં આજે વિચારોની લહેરો જાગી. "કેવા થઇ ગયા હશે મારા રામ! મારા વિરહથી રામ દુબળા થઇ ગયા હશે. અરે! હું જ તો એમના દુઃખનું કારણ બની. મારા કારણે એમને યુદ્ધ કરવું પડ્યું." રામે રસ્તામાં સીતાને જોયા. અરે! સૌંદર્યવતી-ચપલા-મૃગનયની, એકવચની એકદમ શાંત, ધૂળથી મલિન થયેલી, જેના શરીરમાં માત્ર હાડપિંજર જ બચ્યું છે એવી સીતાને જોઇ રામના નયન અશ્રુમોતીથી છલકાઇ ઉઠ્યા. રામે સીતાને આટલી કમજોર ક્યારેય જોઇ નહતી. પરંતુ આ કમજોરી શરીરમાં હતી. ચહેરા ઉપરતો સતીત્વનું તેજ ઝગમગી રહ્યું હતું. એકબીજાને અપલક દૃષ્ટિથી સુધ-બુધ ખોઇને જોઇજ રહ્યા. આંખો એકબીજાના ચહેરા ઉપર જ સ્થિર થઇ ગઇ. આંખોની ભાષાએ હોઠોને મૌન કરી દીધા.

એ ક્ષણો કેટલી અહ્‌લાદક હતી કે જ્યારે રામે સ્વયં આગળ વધીને પોતાની સીતાને છાતીએ લગાડી દીધી હતી. બંનેની અશ્રુની ધારાઓનું મિલન ગંગા-યમુના જેવું પવિત્ર બની ગયું. આંસુઓનો આ સંગમ મનના પ્રેમ-પવિત્રતા-પ્રતીક્ષાનો પ્રતિક બની ગયો. ઘણા સમય પછીના મિલનથી-રામનું અંગ અંગ રોમાચિંત હતું. પ્રકૃતિમાં જાણે નવી કુંપળો ફુટી રહી હતી. કોયલના અવાજો ટહુકી રહ્યા હતા. પક્ષીઓનો કલરવ સંગીત બની ગયો હતો. અરે, આ મિલનને જોઇને સ્વર્ગના દેવતાઓ ફુલ વરસાવી રહ્યા હતા. બધાની આંખોમાં આંસુની ભરતી ઉમટી પડી હતી. થોડીક ક્ષણો પછી જાણે બંનેને હોશ આવ્યા. લક્ષ્મણે ચરણસ્પર્શ કર્યા. સીતાએ એમને આર્શીવાદ આપ્યા. એમને વાસુદેવ પદની પ્રાપ્તિ માટે અભિનંદન પણ આપ્યા. સીતા સર્વપ્રથમ પતિ રામની સાથે લંકામાં પધારેલ અનંતવીર કેવલીના દર્શને ગઇ. આ ઉપરાંત શાંતિનાથ ભગવાનના મંદિરમાં ભગવાનની પૂજા-અર્ચના કરી. સીતા રામમય બની ગઇ. લંકામાં જ વિભિષણના આતિથ્યમાં સુખમય જીવન વિતાવવા લાગી.

યોગ્ય સમયે રામ-લક્ષ્મણ-સીતાની સાથે અયોધ્યા આવ્યા. રાજસિંહાસન ઉપર આરૂઢ થયા. સીતા રાજમહિષીના પદ પર પ્રતિષ્ઠિત થઇ.

આજે સીતાના અંગ અંગમાંથી પ્રસન્નતા ફૂટી રહી હતી. પ્રાતઃકાલીન દેવ-દર્શનથી પાછા ફરતાં સંકોચ સાથે એ રામના ભવનમાં ઉપસ્થિત થઇ. સીતાને આવેલી જોઇ રામે પ્રસન્નતાથી એને આવકારી. આટલી વહેલી સવારે આવવાનું કારણ પૂછ્યું.

"પ્રભુ....!" કહેતાં કહેતાં સીતા લજવાઇ ગઇ.

"હા, હા.. શું કહેવું છે પ્રિય? શું વાત છે?

"નાથ મેં રાત્રિના અંતિમ પ્રહરમાં બે સ્વપ્ન જોયાં."

"શું જોયું સીતા?"

"પ્રભુ, સ્વપ્નમાં જોયું કે બે ભ્રમ્રર મારા મોઢામાં પ્રવેશ કરી રહ્યા છે. બીજું; પુષ્પક વિમાનમાંથી હું અત્યંત ઉંચાઇથી પવનના વેગથી પૃથ્વી પર પડી છું." સીતાએ સ્વપ્નોનું વર્ણન કર્યું અને સ્વપ્નોનું ફળ જાણવા માટે રામનું મુખારવિંદ જોવા લાગી.

સ્વપ્ન સાંભળી રામ પ્રસન્ન થયા અને ચિંતિત પણ. તેઓ સીતાને કોઇ ચિંતાનાં નાખવા માગતા નહોતા. આથી એટલું જ કહ્યું કે "પ્રથમ સ્વપ્ન સ્પષ્ટ છે કે સીતા તમારા બે પ્રભાવશાળી પુત્રો થશે. બીજા સ્વપ્નની ખાસ ચિંતા નથી. ભગવાન જિનેન્દ્રનું પૂજન-ભજન કરો! ક્રૂર ગ્રહ પણ શાંત થઇ જશે."

સીતાના ગર્ભમાં પૂણ્યાત્મા જીવોનું અવતરણ થયું હતું તેથી તો એને નિરંતર નવા-નવા ચૈતાલયોનાં દર્શને જવાની ઇચ્છા વધતી જ જતી હતી. એ રોજ નવા જિનાલયોમાં ભક્તિ ભાવનાથી પૂજા અર્ચના કરીને પ્રસન્ન થતી હતી.

આજે સીતાની જમણી આંખ રહી રહીને ફરકતી હતી. જેથી સીતા ચિંતાતુર હતી. એને ભવિષ્યમાં આવનાર અનિષ્ટની આશંકા થવા લાગી. પરંતુ એ પૂજન દાન વગેરેથી પોતાની ચિંતાનું શમન કરવા લાગી.

સીતા આજે અતિ પ્રસન્ન હતી. આજે એના સ્વામીએ વિશ્વાસુ સારથીની સાથે તીર્થભૂમિ સમ્મેદશિખરની વંદના કરવા માટે મોકલવાનો પ્રબંધ કર્યો હતો? પ્રસન્નચિત્ત થઇને એ રથમાં બેસી ગઇ. તીર્થવંદના પછી એણે ભયંકર જંગલની વચ્ચે સારથીને રડતો જોયો. એને આશ્ચર્ય થયું તીર્થવંદના કર્યા પછી

પ્રસન્નતાના બદલે સારથી રડી કેમ રહ્યો છે? અને જ્યારે તેણે સ્નેહથી સમજાવીને રડવાનું કારણ પૂછ્યું તો સીતાને લાગ્યું કે તેની સામે સમગ્ર ધરતી ફરી રહી છે. સારથી એ બતાવ્યું કે "મા ક્યા મુખથી કહું? કેટલાંક દુષ્ટોએ પ્રભુને કંઈક એવું કથન, લોકવિવાદની વાત આપના પવિત્ર ચારિત્રના વિષયમાં કહી જેના કારણે આપને આ ધરતીમાં છોડી દેવાનો આદેશ આપ્યો છે. મા આપને અહીં છોડવાનો આદેશ આપતી વખતે પ્રભુના લોચન અશ્રુથી છલકાયેલા હતા. ચહેરા ઉપર પીડા હતી. હૃદયમાં દુઃખ હતું. લક્ષ્મણ પણ રડતાં હતાં. બધાએ સમજાવ્યા હતા. પરંતુ એક શાસકના ધર્મનો નિર્વાહ કરતાં એમણે આવો આદેશ આપ્યો. માં હુ કેટલો પાપી છું કે મારે આ કાર્ય કરવા મજબૂર થવું પડ્યું." કહેતાં કહેતાં સારથી રડી પડ્યો. સીતા જાણે દિગ્મૂઢ થઇ ગઈ. એને વિશ્વાસ ન પડ્યો કે એના પ્રાણપ્રિય રામ આવું પણ કહી શકે છે? એક ક્ષણ ધરતી ફરતી લાગી અને એ બેહોશ થઇ ગઈ. મૂર્છા દૂર થતાં એનું આત્મબળ એને સહારો આપવા લાગ્યું. એ સમજી ગઇ કે મારા આ અશુભ કર્મોનું ફળ છે મારે જ ભોગવવું પડશે. દુઃખ માત્ર એટલું જ હતું કે "મારા પ્રભુ! આટલા નિષ્ઠુર કેવી રીતે થઇ ગયા? અરે મને આટલી કમજોર કેવી રીતે સમજી? હું તો એ ક્ષત્રાણિ છુ કે સ્વયં રક્તતિલક કરીને પતિને યુદ્ધમાં મોકલી શકું છું. શું તેઓ સ્વયં કહી શકતા ન હતા? આટલા વર્ષો પછી પણ મને આટલી કમજોર સમજી? શું મારું કોમળ શરીર જ જોયું? દૃઢ મનને ઓળખી શક્યા નહીં મને આ વનવાસનું દુઃખ નથી. પરંતુ મારા ઉપર શ્રી રામનો અવિશ્વાસ જ દુઃખદાયી છે." કેટલોક સમય આ વિચારોમાં ઝૂરતી રહી. પછી જાણે કંઈક સંકલ્પ કર્યો. સીતાએ સારથીને કહ્યું. ભાઈ પ્રભુ રામને કહેજે કે લોકાપવાદના ભયથી મને તો ત્યાગી દીધી તો કંઇ વાંધો નહિ પરંતુ પરમ જિનધર્મ જિનવાણી અને ઉત્તમ સમ્યગદર્શનને ન ત્યાગી દે. સાધુ-આર્યિકાઓને પૂર્વવત આહાર આપે. વૈયાવૃત્તિ કરે."

સારથી જતાં જ સીતાનું રુદન આક્રંદમાં બદલાઇ ગયું. એના દુઃખથી પ્રકૃતિ પણ રુદન કરવા લાગી. મનુષ્યના અન્યાયથી સૂર્ય પણ જાણે શરમાઈને ડૂબી ગયો. સંધ્યાએ પણ મુખ ચોરી લીધું. રાત પણ રડી-રડીને ઝાકળના આંસુ વહાવવા લાગી.

અસહાય સીતાને ધર્મ જ સહારો બન્યો. આકાશ માર્ગથી જતાં રાજા વજ્રસંઘે સીતાને જોઇ. દુ:ખને જાણ્યું અને ધર્મ-બહેન માનીને પોતાના નગર પુન્ડકરીકપુરમાં લઇ ગયા.

યથા સમય સીતાએ બે દેવસ્વરૂપ પુત્રોને જન્મ આપ્યો. જેમનું નામ લવણ અને અંકુશ રાખવામાં આવ્યું. બંને પિતા જેવા વીર હતા. સ્વરૂપવાન હતા. સીતાની આંખોના તારા હતા. યથા સમય શસ્ત્ર-શાસ્ત્રવિદ્યા પ્રાપ્ત કરી પોતાની માતા સાથે થયેલ અન્યાયને જાણ્યો. રામ પિતા છે એ જાણીને પણ ક્ષત્રિયોચિત્ત અન્યાયની સામે રામથી યુધ્ધે ચડ્યા. પરંતુ સીતા આ યુદ્ધને કેવી રીતે થવા દે? બંને બાજુની ક્ષતિઓમાં એની પોતાની જ ક્ષતિ હતી. બંને પક્ષોમાં તૂટવાનું તો એને જ હતું. આ ક્ષતિને દૂર કરવા માટે એ પોતે યુદ્ધ ભૂમિમાં આવી અને સિદ્ધાર્થ વિદ્યાધર દ્વારા રામને આ કુમારો વિષેની જાણકારી અપાવી કે એ એમના જ પુત્રો છે. આ રીતે એક માતા એ પોતાના પતિ અને પુત્રોને જ નહિ પરંતુ સૈનિકોને પણ મૃત્યુના મુખમાંથી બચાવી લીધા. રામ રાજપુત્રોને લઇને અયોધ્યા આવ્યા. મા, માનુની સીતા પુન્ડરીકપુર પરત આવી એ ત્યક્તા હતી, કેવી રીતે અયોધ્યા જાય? બધા રાજદરબારીઓ, નગરજનો એ રામને સમજાવ્યા કે સીતાને સસન્માન પાછા બોલાવી લેવામાં આવે. પ્રજાજનો પોતાના આરોપો ઉપર પોતે જ લજ્જિત હતા. પરંતુ રામ ટસથી મસ ન થયા. એટલી વાત માની કે જો સીતા અગ્નિકુંડમાં પ્રવેશ કરી પોતાના ચારિત્ર્યની શુધ્ધતાની, પરીક્ષા આપે ત્યારે જ મહેલમાં આવી શકશે.

કેટલી કઠોર પરીક્ષા! જેને સાંભળ્યું તે સન્ન થઇ ગયા. સીતા તો સતી હતી. શા માટે ડરે? એને રાજમહેલમાં પ્રવેશ મેળવવા માટે નહીં પરંતુ ચારિત્ર ઉપર લાગેલા ડાઘને ધોવા માટે આ પરીક્ષાનો પણ સ્વીકાર કરી લીધો.

આજે અયોધ્યામાં માનવ મહેરામણ ઉભરાઇ રહ્યો હતો. મનુષ્ય જ નહિ દેવતાગણ સહિત બધા આ અદ્‌ભૂત પરીક્ષણ જોવા શ્વાસ રોકીને ઊભા હતા. સૌના ચહેરા ઉપર પ્રશ્નાર્થ ચિન્હ હતાં. શું થશે થી વધારે "રામને શું થઇ ગયું?" "આવી તો કંઇ પરીક્ષા હોતી હશે?"ના પ્રશ્ન સૌને રામની બુધ્ધિ ઉપર તરસ ખાવા માટે મજબુર કરી રહ્યા હતા. બધા રડી રહ્યા હતા વિલાપ કરી રહ્યા હતા, છાતી કુટી રહ્યા હતા. પરંતુ સીતા દઢ હતી. ચહેરા ઉપર

કોઇ વિકલ્પ કે વિષાદ નહોતો. એતો મંથર ગતિથી એ ભયાનક જ્વાલાઓથી લપકતા કુંડની તરફ એવી રીતે જઇ રહિ હતી જાણે કોઇ શીતલ કુંડમાં સ્નાન કરવા જઇ રહ્યું હોય. સીતા જ્યારે કુંડની નજીક પહોંચી ત્યારે બધાના પ્રાણ જાણે અધ્ધર લટકી ગયા. શું થશેના ભયથી કંપી ઉઠ્યા. પરંતુ સીતા ભગવાનનું સ્મરણ કરી, ણમોકાર મંત્રનો જાપ કરતી નિભર્ય થઇને કુંડમાં પ્રવેશ કરી ગઇ. એના નિષ્કલંકિત ચારત્રિથી, ધર્મની દૃઢ શ્રદ્ધાથી ચમત્કાર થઇ ગયો. અગ્નિકુંડ સાચો સાચો જલકુંડમાં જ બદલાઇ ગયો. ચારે બાજુથી જય ઘોષ ગુંજી ઉઠ્યો. રામ સહિત સૌ સીતાને વંદન કરવા લાગ્યા. રામ પોતાની ભૂલનો અહેસાસ કરવા લાગ્યા, ત્યારે સીતાએ ધીર ગંભીર વાણીમાં એટલું જ કહ્યું.

''પ્રભુ આમાં આપનો દોષ નથી. આતો મારા અશુભ કર્મોનું જ ફળ હતું.''

''સીતા ચાલો? રાજભવનમાં પધારો તમારા પટરાણીપદને વિભુષીત કરો.'' રામે સીતાને યાચનાના સ્વરમાં કહ્યું, ''નહિ નાથ, મેં આ સંસારને જોઇ લીધો. હવે એમાં ફરીથી પાછી આવવા માગતી નથી. હવે તો એ પ્રભુના, ધર્મના શરણે જઇશ જેઓએ મારી રક્ષા કરી. હવે આ સ્ત્રીલિંગનું છેદન કરીને મૂક્તિપંથના રાણીવાસમાં જ નિવાસ કરીશ.'' આમ કહીને સીતાએ સીધા વન તરફ પ્રયાણ કર્યું. આર્યિકા પૃથ્વીમતી માતાજીની પાસે જઇ દિક્ષા લઇ મહાવ્રત ધારણ કર્યા. શરીરથી નિર્મોહી આર્યિકા સીતાને કેશલોચન કરતાં જોઇ રામ તો મૂર્છિત જ થઇ ગયા.

રામે આર્યિકા સીતાનાં દર્શન કર્યા. સીતા હવે હર્ષ-વિષાદ, સુખ-દુઃખ, હાસ્ય-રુદન બધા તરફ તટસ્થ હતા. રામને આશ્ચર્ય થયું કોમલાંગી સીતાને દૂર્ધરતપ કરતાં જોઇને. રામે આર્યિકા સીતામાતાની શ્રદ્ધા સહિત વંદના કરી.

આ રાગમયી સંસાર પ્રત્યે સંપૂર્ણ વૈરાગ્યભાવ ધારણ કરી આર્યિકા સીતાએ ઘોર તપ કર્યું. શરીર સુકાયું પરંતુ આત્મા અંકુરિત થયો. કર્મોની નિરંતર નિર્જરા થતી રહી. સમાધિમરણ દ્વારા લિંગ છેદન કરી સ્વર્ગમાં દેવ થઇ, ફરી દેહ ધારણ કરી મૂક્તિપંથની પથાનુગામિની બની મોક્ષગામી બની.

# ધૈર્યધારિણી અંજના

"વસંતમાલા! નથી સહન થતું." કણસતાં કણસતાં અંજનાએ પોતાની પ્રિય સખી અનન્ય પરિચારિકાને કહ્યું.

"ધીરજ રાખો રાજકુમારી બધું સારું જ થશે. અત્યારે જ ધીરજ ધરવાની ખરી કસોટી છે અંજની!" વસંતમાલાએ અંજનાની પીઠ પસવારતાં સાંત્વના આપી.

પ્રસુતિની વેદનાથી વ્યાકુળ અંજના ક્યારેક અકળાઈ ઉઠતી તો ક્યારેક એને ઝોકુ આવી જતું. એ સમયે જીવનની એકએક ક્ષણ એની આંખો સામે મૂર્તિમંત થતી ભાસતી. એને લાગતું કે એ પોતાના સમગ્ર જીવનને દૃષ્ટા બની નીહાળી રહી છે. વસંતમાલાના કોમળ સ્પર્શથી કંઈક શાંતિ મળતાં અંજના અતીતની આગોશમાં સરી પડી.

પોતે મહેન્દ્રપુરના મહારાજા મહેન્દ્ર અને મમતામયી માતા હૃદયવેગાની લાડકી પુત્રી છે. બહેનોમાં એકલી હોવાથી ભાઈઓની લાડકી છે. માતાપિતાના અસીમ પ્યાર દુલારમાં બાળપણ વહી ગયું. સખીઓ સાથેની નિર્બંધ રમતોનો અંત આવ્યો. ચહેરા પર લજ્જાની લાલી લિંપાઈ, ચંચળ પલકોં અનાયાસ ઝૂકી જતી. યૌવનનો ઉન્માદ અંગેઅંગમાં સમાયો.

એક દિવસ માતા-પિતા વચ્ચેનો વાર્તાલાપ સાંભળતાં હૃદય એક મીઠી પીડાથી ભરાઈ ગયું. પિતા મહેન્દ્ર કહી રહ્યા હતા, "પ્રિય હૃદયવેગા આપણી પુત્રી હવે મોટી થઈ ગઈ છે. તેના માટે યોગ્ય વર જોઈ એનો વિવાહ કરી દેવો જોઈએ."

"નાથ, આપે તો મારા મનની વાત જાણી લીધી. હું આપને આજ વાત કહેવાની હતી. આપણી અંજના મારી લાડલી આપણાથી અલગ થઈ જાય એ કલ્પનાથી જ મારું હૃદય ફાટી જાય છે. પરંતુ કન્યાને તો વિદાય કરવી જ પડશે. મહારાજા, આપે કોઈ યોગ્ય વર જોયો છે?"

"મહારાણી! હજુ કોઈ જોયો તો નથી. પરંતુ આપણા વરિષ્ઠ મંત્રિઓની સલાહ જરૂર લીધી છે, કોઈએ લંકેશનો નિર્દેશ કર્યો તો કોઈએ

ઈન્દ્રજીત તો કોઈએ મેઘનાથનું નામ સુચવ્યું છે. પરંતુ મને એ મંજુર નથી. રાવણને અનેક રાણીઓ છે. વળી તે અહંકારી પણ છે અને ઉંમર પણ અધિક છે. આપણે આપણી અંજનાને આવા કેદખાનામાં જાણી જોઈને શા માટે નાખીએ! ઈન્દ્રજીત અને મેઘનાથ પણ એજ ઝાડની ડાળીઓ છે. આથી આપણે ઝેરના છોડના ઝેરની પરિક્ષા કરવાની જરૂર નથી.

"તો પછી શું વિચાર્યું નાથ? શું મારી બેટી માટે કોઈ યોગ્ય વર નથી?"

"મહારાણી ધરતી વીરોથી ખાલી નથી થઈ. આપણા સંદહેપરામ નામના મંત્રીજીએ ખુબજ યોગ્ય સબંધ સુચવ્યો છે, આદિત્યપુરના મહારાજા પ્રહલાદના પુત્ર વાયુકુમાર જે પવનજ્જયના નામથી પણ ઓળખાય છે, યુવા છે, વીર છે, કુંવારા છે અને અત્યંત સુંદર પણ છે. એ યુવરાજ છે. સર્વ લક્ષણોથી યુક્ત એ વીરકુમારને આપણી લાડલી બેટી માટે પસંદ કર્યા છે."

મહારાજાના આ નિર્ણયથી મહારાણી અત્યંત પ્રસન્ન થઈ. અંજનાએ પણ સમાચાર સાંભળી ભગવાન અરિહંતનો આભાર માન્યો. એની હ્રદયની ધડકનો તેજ થઈ ગઈ. હ્રદયમાં મીઠી ગુદગુદી થવા લાગી. મિલનની ઉત્કંઠા અંજનાના હ્રદયમાં જાગી ઉઠી હતી. આ સમાચારે અંજનાને રોમાંચિત કરી દીધી હતી. ચાલમાં એક થડકન ભરી દીધી હતી. ઝીલ જેવી આંખોમાં કોઈ કલ્પનાના રાજકુમાર તરવા લાગ્યો હતો. રાજકુમાર પવનજ્જયનું કલ્પના ચિત્ર હ્રદયમાં બનતું અને બગડતું હતું. નવી નવી કલ્પનાઓથી ચિત્ર સજાવવામાં આવતું હતું. દર્શનની અજ્ઞાત પ્યાસ વધવા લાગી હતી. હજુ તે આ યૌવનના ઉન્માદનું સમાધાન શોધી શકી નહોતી. ત્યાંતો એણે સાંભળ્યું હતું કે એનો વિવાહ પણ કલ્પનાના રાજકુમાર સાથે નક્કિ થઈ ગયો હતો. ત્રણ દિવસ તો એને ત્રણ યુગથી પણ વધારે લાંબા લાગ્યા હતા. એના વિવાહના સમાચાર પવનવેગથી ચારે દિશાઓમાં ફેલાઈ ગયા હતા. સમગ્ર નગર પોતાની લાડલી બેટીના વિવાહ માટે ઉત્સુક હતું. સમગ્ર નગરની સજાવટ અને છટા સામે ઈન્દ્રપુરી પણ ઝાંખી લાગતી હતી. પરિજન-પુરજનની પ્રસન્નતા, એમના શ્રૃંગાર, ઘરે-ઘરે બાંધેલ તોરણ, રંગોલી સજાવટ, ગુંજતા મધુર વાદ્ય સ્વર, નવવધુઓના મંગળગીત, બ્રાહ્મણોના સ્વસ્તિવાંચન બધામાં અપૂર્વ ઉત્સાહ હતો. સખીઓની મશ્કરી અંજનાને ગુદગુદી કરાવતી

હતી, ઉપરથી રોષ હતો, પરંતુ હ્રદયમાં આનંદ.

પીડાથી કણસી ઉઠી અંજના. વસંતમાલાએ ઉદર ઉપર હાથ ફેરવ્યો. સાંત્વના આપી. પંચપરમેષ્ઠીનું સ્મરણ કરાવ્યું. પંચપરમેષ્ઠીનું સ્મરણ કરવાથી અર્ધનિંદ્રામાં કેટલીક ક્ષણો માટે શાંત થઇ અંજના... ત્યાં તો જીવનનો અતીત મૂર્ત થવા લાગ્યો.

સમગ્ર રાજમહેલમાં ખલબલી મચી ગઇ હતી. ગીતના સ્વર રૂદનમાં બદલાવા લાગ્યા હતા. પિતાજી અને માતાજી રડી રહ્યાં હતાં. સખીઓ ડુસ્કાં લઇ રહી હતી. મંત્રીગણ વ્યગ્ર હતા. પ્રજામાં દુઃખની લહેર ફરી વળી હતી. સૌએ આશ્ચર્ય સાથે સાંભળ્યું હતું કે વરરાજા કુંવર પવનજ્જય વિવાહ કર્યા વગર જ જાનને પરત ફરવાનો આદેશ આપી ચૂક્યા છે. એ કોઇની સમજાવટથી સમજવા માટે તૈયાર નહોતા. અંજનાનો તો જાણે સંસાર જ લૂંટાઇ રહ્યો હતો, સ્વપ્નો તૂટી રહ્યા હતા. એતો અશુભ કર્મોનું જ ચક્કર સમજીને ભાગ્યને દોષ આપી રહી હતી. આંખોમાં આસું અટકતાં જ નહોતા.

કેટલાક કલાક પછી ફરીથી વાતાવરણ કિલ્લોલમય બની શક્યું હતું. મહારાજા મહેન્દ્ર અને પવનજ્જયના પિતા પ્રહલાદના સમજાવવાથી કુળની મર્યાદા વગેરેની યાદ દેવડાવવાથી કુમાર વિવાહ માટે તૈયાર થયા. પરંતુ લાખ સમજાવવા છતાં, પુછવા છતાં એમણે એનું કારણ ન બતાવ્યું. જે એમના હ્રદયમાં કાંટાની માફક ખૂંચી રહ્યુ હતું. તેઓ પોતે જાણતા હતા અને એમનો એકમાત્ર મિત્ર પ્રહસ્ત. જાન દ્વાર પર આવી હતી. વરરાજાના વેશમાં તૈયાર કુમાર કામદેવના અવતાર જેવા લાગી રહ્યા હતા. અંજનાએ એક નજરથી એમને જોયા હતા અને ધન્ય થઇ ગઇ હતી. આ તો હતા એના મનના રાજા, હ્રદયના અધિપતિ, સ્વપ્નોના રાજકુમાર. જેમનું કલ્પના ચિત્ર એણે સજાવ્યું હતું. જેમને મળવા માટેની ઉત્કંઠાના ભાવ આવ્યા હતા. ધુમધામથી વિવાહ સંપન્ન થયો અંજના પવનજ્જયની પત્ની બનીને આદિત્યપુરની કુળવધુ બનીને આવી હતી. રાજમહેલ ખુશીઓથી ભરાઇ ગયો હતો. મહારાજાએ દિલ અને હાથ ખોલીને દાન કર્યું હતું. સમગ્ર નગર નવવધૂના સ્વાગત માટે તલપાપડ થઇ ગયું હતું. શહનાઇના સ્વરગુંજી રહ્યા હતા. પતિ-મિલનની ઉત્કંઠા અંજનાને બેચેન કરી રહી હતી. પરંતુ, પવનજ્જયને બેચેની હતી કે એ અંજનાને મળવા માગતો નહોતો.

"વસંતમાલા પાણી પીવડાવ... હવે આ દુઃખ સહન થતું નથી મને લાગે છે હું બચીશ નહિ...." અંજનાએ દર્દથી પડાઇ કહ્યું.

"સખી, એવું અશુભ ના બોલો. તે દિવસે નિગ્રંથ મુનિએ તમારા ગર્ભથી મહાન પ્રતાપી બાળકના જન્મની ભવિષ્યવાણી કરી છે. તમારા સુખના દિવસોની સુચના આપી છે. તમે નિરાશ ન થાવ." વસંતમાલાએ ધૈર્ય બંધાવ્યું.

"મારી સખી! ભવિષ્યની વાત શું જાણું? હમણાં તો પીડાથી મારું શરીર શૂન્ય થઇ રહ્યું છે." પીડાથી તરફડતી અંજના બેહોશ જેવી થઇ ગઇ. ત્યાં જ જીવનનો ભૂતકાળ દેખાવવા લાગ્યો.

સુહાગની સેજ સજાવેલી હતી, ફુલોની ખુશ્બુએ મનમાં કામને ઉત્તેજીત કર્યો હતો, પીયાની પ્રતિક્ષામાં અંજના લાજવંતી દુલ્હનના વેશમાં બેઠી હતી. એ વિચારી રહિ હતી "હમણાં એનો સાજન આવશે-ઘુંઘટ ઉઠાવવાની ચેષ્ઠા કરશે. જ્યારે હું એને ઘુંઘટ ઉઠાવવા નહિ દઉં ત્યારે મીઠી મીઠી વાતો કરશે એ વખતે હું એને જાન પાછી કેમ લઇ રહ્યા હતા એ પૂછીશ." એ મને પોતાના બાહુપાશમાં આલિંગન આપશે અને જીવન પર્યંત માટે બે શરીર એક આત્મા બની જશે. કલ્પનાના રથ ઉપર સવાર થઇને અંજનાની પ્રતિક્ષાની અવધિ લંબાતી ચાલી. નયન પ્રતિક્ષાના પથ પર પથરાવા લાગ્યા. વિવાહ માટે સજેલા વસ્ત્રો નયનના કાજલ મિશ્રિત આંસુઓથી ખરડાવા લાગ્યા. દૂર કોઇ જગ્યાએથી કૂકડાનો અવાજ મુખરીત થઇ ઉઠ્યો, ઉષાના આગમનનું કુમકુમ વેરાવા લાગ્યું, પ્રભાતિયા ગવાવા લાગ્યા, પ્રાતઃકાળના સંગીતની સ્વરલહેરીઓ ગુંજવા લાગી, પક્ષીઓ રાગ આલાપવા લાગ્યા. આમ પ્રકૃતિમાં પ્રભાત થઇ ગયું. પરંતુ અંજનાના જીવનની કાળી રાત લંબાતી ચાલી. નયન થાક્યા, મનને સંયમિત કર્યું પરંતુ પ્રિયતમ ન આવ્યો. વિવાહિતા વધુ સુહાગરાત્રે પણ ચિરપ્રતિક્ષિત કુંવારી જ રહી.

પતિના આક્રોશનું કારણ તે જાણતી નહોતી. છતાં પણ એ ઉપેક્ષિત હતી. દિવસ મહિના વર્ષ વિતવા લાગ્યા, સુહાગન ઘરમાં ત્યકતા હતી, વિરહિણી હતી, પોતાના અશુભ કર્મોનો દોષ માનીને આ વિયોગ અને પતિ દ્વારા થઇ રહેલ અપમાનને અંજના મૌન થઇને પી રહી હતી. ચહેરાની મલિનતા એની વેદનાનો પરિચય આપી રહી હતી. અંજના કરે પણ શું?

કેવી રીતે પતિને રિઝવે? કેવી રીતે તેના મનના દુ:ખને ભુલાવે? કંઇ સમજ જ પડતી નહોતી. મહારાજા પ્રહલાદ અને મહારાણી સૌ કુમારના વ્યવહારથી દુ:ખી હતા. કોઇ પણ આ ઉપેક્ષાનું કારણ સમજી શકતું નહોતું. સર્વે સમયની પ્રતિક્ષા કરી રહ્યા હતા કે આ ગ્રહણ ક્યારે ટળી જાય. બધુ થાળે પડી જશે. જોતજોતામાં બાવીસ વર્ષ વ્યતિત થઇ ગયા. એક એક દિવસ અંજના માટે એક એક યુગ જેવો પસાર થતો હતો.

અંજનાને યાદ આવ્યો એ દિવસ જ્યારે એના પ્રાણવલ્લભ પિતા મહારાજા પ્રહલાદના આદેશ દ્વારા રાવણને યુધ્ધમાં મદદ કરવા જવા માટે તૈયાર થયા હતા. કુમાર સેનાપતિના વેશમાં તૈયાર થઇને અંતઃપુરમાં પોતાની માતાના આશિર્વાદ માટે આવ્યા હતા. એમનો આ વેશ જોઇને અંજના તો ચકિત રહી ગઇ હતી. લાગતુ હતું વીરરસ સ્વયં જ વેશ ધરીને આવ્યો છે. અથવા કામદેવએ વીરતાના આભુષણ પહેરી લીધા છે. એ મંત્રમુગ્ધ હતી. પતિના અછુતા વ્યવહારને પણ ભુલી ગઇ હતી. એ કુમારને આપવા માગતી હતી માત્ર શુભ કામનાઓ, દ્વાર પર ઉભી અંજના એમના પરત થવાની પ્રતિક્ષા કરી રહી હતી. કુમાર પાછા આવી રહ્યા હતા...... પરંતુ અંજના પર નજર પડતાં જ તેમના ક્રોધનો દાવાનળ લાવા બનીને ફુટી પડ્યો. એમણે અનેક કઠોર કર્કશ, અપમાન જનક શબ્દોના તીરથી અંજનાને ઘાયલ કરી. પરંતુ અંજના પ્રસન્ન હતી.... કે આ બહાને તેઓ મારી સાથે બોલ્યા તો ખરા! એને દરેક શબ્દ શીતલ લાગ્યો હતો. એ એટલું જ કહી શકી હતી, "પ્રાણનાથ! હમણાં તો હું આપના વિયોગમાં દિવસ-રાત પુરા કરતી હતી, પરંતુ આપને નિકટ જોઇને મનમાં સંતોષ રહેતો હતો. જ્યારે આજે આપ યુધ્ધમાં જઇ રહ્યા છો જેનાથી મારા ધૈર્યનો બંધ ટૂટી રહ્યો છે. હું કેવી રીતે જીવી શકીશ? નાથ! આપે આપના જતા પહેલાં મનુષ્યોને જ નહિ, પશુપક્ષીઓને પણ શિષ્ટ વચનથી દિલાસો આપ્યો છે. જ્યારે આપ મને હૃદયથી ત્યાગી રહ્યા છો તો મરણ જ મારું શરણ છે." આમ કહેતા કહેતાં ધ્રૂસકે ધ્રૂસકે અંજના રોવા લાગી.

"જા, મરી જા" આમ કહીને અંજનાનો તિરસ્કાર કરી પવનજ્જય હાથી ઉપર બેસીને યુધ્ધ માટે પ્રયાણ કરી ગયા. અંજના ડુસકાં લેવા લાગી.

* * *

"કોણ છે વસંતી? કોણ દરવાજો ખટખટાવી રહ્યું છે?" અર્ધ બેભાન અવસ્થામાં કણસતાં કણસતાં અંજના બોલી રહી હતી.

"કંઇ નથી સખી! તે કોઇ દુઃખદ સ્વપ્ન જોયું લાગે છે. થોડી ક્ષણોની વાર છે.... પીડાનો અંત આવશે અને તમે મહાન પુત્રની માતા બનશો." સખીએ ધૈર્ય બંધાવતા કહ્યું. સખીની મીઠી વાતોથી અંજનાને થોડીક શાંતી થઇ. એ ખોવાઇ ગઇ અતિતમાં. જ્યાં દુઃખના વાદળોની વચ્ચે પણ સુખનું એક કિરણ દેખાયું હતું.

"દરવાજો ખોલો અંજના" એક પુરુષ સ્વર અંજનાના કાનોમાં ગુંજ્યો. કોણ હોઇ શકે આટલી રાત્રે? આ શું છલ છે? અંજના ડરી ગઇ હતી. ક્યારેય કોઇ પુરુષનો અવાજ અડધી રાત્રે સાંભળ્યો જ નહોતો. પ્રિયતમની કલ્પના પણ તે કેવી રીતે કરે. એ એને ભ્રમ માનીને મૌન રહી. ફરીથી એ સ્વર ગુંજી ઉઠ્યો. "ખોલો અંજના, હું તારો પતિ પવનજ્જય છું."

આ શબ્દોએ અંજનાના રોમ રોમમાં દિપ પ્રજ્વલિત કરી દીધાં. એને લાગ્યું કે એક સાથે હજારો ઘંટડીઓ વાગી રહી છે. આ સ્વપ્ન છે કે સાક્ષાત્ એની કલ્પના પણ ન કરી શકી. એણે પહેલાં બારીમાંથી જોયું કે ખરેખર તેના પતિ જ છેને? અંજનાએ દરવાજો ખોલી દીધો. પવનજ્જયે શયનકક્ષમાં પ્રવેશ કર્યો. એનો મિત્ર પ્રહસ્ત પહેરો ભરવા લાગ્યો. અંજનાને સમજણ જ નહોતી પડતી કે તે પતિનું સ્વાગત કેવી રીતે કરે? એ મૂર્તિની માફક ઉભી પ્રિયતમને અનિમેષ નયને જોઇ રહી, ચીર પરિચીત ચકોરીની જેમ એને પીતી રહી.

"અંજના! હું તારો પતિ છું. શું હજી પણ વિશ્વાસ નથી થતો?" કહેતાં કહેતાં પવનજ્જયે અંજનાનો હાથ પકડીને પોતાની પાસે બેસાડી દીધી. એના માથામાં હાથ ફેરવવા લાગ્યો.

પતિના સ્પર્શ માત્રથી અંજનાના રોમ રોમ રોમાંચિત થઇ ઉઠ્યા, જાણે વિદ્યુત પ્રવાહ રગ રગમાં ફેલાઇ ગયો. અંજના પવનજ્જયની છાતીએ લાગી માત્ર ડૂસકાં લઇ શકી.

"વહાલી! મને ક્ષમા કરો. મેં તને બાવીસ વર્ષના લાંબા સમય સુધી તારા કોમળ હૃદયને કષ્ટ પહોંચાડ્યું. હું તારા અંતરની વેદનાને ઓળખી

શક્યો નહીં."

"પણ આજે....."

"હા પ્રિયે! આજે એ વેદનાને એક ચકવી પક્ષીના વિરહથી જાણી શક્યો. પ્રિયે! સવારના સમયે યુધ્ધમાં જવા નીકળ્યા. સાંજે માનસરોવર પર જ્યારે અમે લોકો વિશ્રામ કરી રહ્યા હતા ત્યારે મે એક ચકવીને પોતાના ચકવાના વિયોગમાં આક્રંદ કરતી જોઇ. એની વેદનાએ મારા મનને દ્રવિત કરી દીધું. મને પહેલી વાર લાગ્યું કે પત્નિને પતિનો ક્ષણિક વિયોગ પણ આટલો કષ્ટપ્રદ હોઇ શકે છે. તો મારી અંજનાનો શું હાલ થયા હશે. ત્યારે મારું મન મને જ અપરાધી માનીને ધિક્કારી રહ્યું હતું. તે મારો આટલો લાંબો વિયોગ કેવી રીતે સહ્યો, આ કલ્પનાથી જ હું કંપી ઉઠ્યો. બસ આ વિયોગની અગ્નિમાં હું પણ સળગી ઉઠ્યચો. તારી ક્ષમાયાચના કરવા અને મારા પ્રેમનો ઉપહાર દેવા આટલી રાત્રે છુપાઇને આવ્યો છું."

"સંતાઇને કેમ?"

"પ્રિય! સવારે હું પરિવારની આજ્ઞા લઇને નીકળ્યો હતો અને રાત્રે કામાતુર થઇને પરત આવ્યો છું. આ જ્યારે લોકો જાણશે ત્યારે મારી હાંસી ઉડાવશે. મારી હૃદયસ્વામીની! હું ચકવીની વેદનાથી એટલો સંતપ્ત અને દુઃખી થયો કે હું નિશ્ચય કરીને પરત આવ્યો છું કે તારી ક્ષમાયાચના તો માગીશ જ. તારા સંતપ્ત હૃદયને શીતલ પણ કરીશ. તારું એ મુર્જાયેલું મુખ અને સીપ જેવી સજળ આંખો નિરંતર મારા મનને કોસતી રહીં. મારા મિત્રને મારા મનની પરિસ્થિતિ સમજાવી અને અદશ્ય રીતે પોતાના જ મહેલમાં છુપાઇને આવ્યો છું. તમારી સખી વસંતમાલા પણ આ જાણે છે."

"નાથ! એક શંકા બીજી પણ છે."

"કહો અંજની! પૂછો! સમય ખૂબ ઓછો છે. થોડી ક્ષણોમાં તારી બાવીસ વર્ષની વેદના દુર કરવા માગુ છું. મારી અને તારી પ્યાસને તૃપ્ત કરવા માગુ છું."

"નાથ! મારા દ્વારેથી જાન પરત કરવાના અને આટલી લાંબી અવધી સુધી મને ત્યાગવાનું શું કારણ હતું? મારી શું ભુલ હતી? મોરો શો અપરાધ હતો?"

"અંજની તારો કોઇ અપરાધ નહોતો. એ તો મારા મનની શંકા અને ભ્રમ હતો. સાંભળો રાણી! જ્યારે મેં સાંભળ્યું કે તુ મારી જીવન સહચરી બનવાની છે તો મારો મનમયુર નાચી ઉઠ્યો. તારા રૂપ ગુણની પ્રશંસા અનેક લોકો પાસેથી સાંભળી તો મારી જાતને કાબુમાં રાખી શક્યો નહીં. જોકે વિવાહમાં ત્રણ દિવસ બાકી હતા પંરતુ મિલનની ઉત્કંઠાએ આ અવધીને ત્રણ યુગ જેટલી લાંબી કરી દીધી. તમારું કલ્પનાચિત્ર મારા હ્રદયને ઉત્કૃષ્ટ રીતે આકર્ષિત કરી રહ્યું હતું. આથી આ પ્રણય નિવેદન કરવાના હેતુ માટે હું અને મારા મિત્ર તમારા રાજમહેલમાં ચોરોની માફક આવી પહોંચ્યા. બારીમાંથી તમારા રૂપ લાવણ્યને જોઇને લાગ્યું કે બ્રહ્માએ સમસ્ત સૌંદર્યના તત્વો તમારા રૂપ નિર્માણમાં લગાવી દીધેલ છે. હું તમને મારું પ્રણય નિવેદન કરવા માટે તમારા શયનકક્ષમાં આવવાનો જ હતો ત્યાં તમારી સખીએ તમારા સમક્ષ મારા રૂપ સૌંદર્ય અને પરાક્રમની પ્રશંસા કરી હતી. પરંતુ તમારી બીજી સખી મિશ્રકેશીએ વિદ્યુતપ્રભની પ્રશંસા કરતાં એને સમુદ્ર અને મને નાનાકડો ગોપદ કહ્યો હતો. એના રૂપ ગુણની ખૂબ પ્રશંસા કરી હતી. એજ સમયે મેં જાણ્યું કે તમારા પિતા તો તેની સાથે તમારો વિવાહ નક્કી કરવાના હતા. એતો જ્યારે એમણે નિમિત્તજ્ઞાની મુનિથી જાણ્યું કે વિદ્યુતપ્રભ થોડા સમયમાં જ ગૃહત્યાગી થઇ જવાના છે. આથી મારી સાથે તમારો વિવાહ નક્કી કરવામાં આવ્યો છે. આથી મારું મન ક્ષુબ્ધ થઇ ગયું. મારા પ્રેમનો આવેગ તુટી ગયો. આમ છતાં પણ જ્યારે તમારા તરફથી કોઇ ઉત્તર ન મળ્યો તો મેં વિચાર્યું કે તમને બધી વાતની ખબર છે. તમે પણ દાસીની વાત સાથે સંમત છો. બસ આ જ ક્ષણે મને તમારાથી નફરત થઇ ગઇ. અરે! મને તમારું રૂપ પણ વામણું લાગવા લાગ્યુ હતું. આટલા માટે મેં વિવાહ નહિ કરવાનો સંકલ્પ કર્યો હતો. પરંતુ તમારા અને મારા પિતાના અનુનયથી, કુળની પ્રતિષ્ઠાને બચાવવા માટે જ મેં માત્ર લોકલાજ માટે તમારો હાથ પકડ્યો હતો. ભાવરના કુંડની માફક હવનના અગ્નિની માફક મારા મનમાં પણ તારી સાથે બદલો લેવાની ભાવના સળગી રહી હતી. એટલા માટે હું તારી સાથે નફરત કરતો રહ્યો. તને કષ્ટ આપતો રહ્યો." પવનજ્જયે પુરી વાત અંજનાને બતાવી દીધી.

"નાથ! હું સૌગંદપૂર્વક કહું છું કે એનું મને કંઇ જ જ્ઞાન નથી. હું

વિદ્યુતપ્રભને કે તેની સાથે મારો વિવાહ થવાનો છે તે પણ જાણતી નહોતી. હા, દાસીનાં હિન વચન સાંભળી પ્રત્યુત્તર ન આપવો એ મારો અપરાધ ગણી શકાય. પરંતુ આપ બંનેમાંથી મેં કોઇને જોયા જ નહોતા, પછી પ્રતિકાર કેવી રીતે કરી શકતી? જ્યારથી આપની સાથે વિવાહ થવાના સમાચાર જાણ્યા હતા ત્યારથી મારી દશા પણ તમારી જેવી જ હતી. આપનું કલ્પના ચિત્ર મારા હૃદયમાં અને આંખોમાં વસી ગયું હતું. આપ શું જાણો એ ત્રણ દિવસ મેં કેવી રીતે પસાર કર્યા હતા? મેં એકલીએ પસાર કરેલી સુહાગરાત અને વર્ષો સુધી આપના મિલનની આશામાં કેવી રીતે દિવસો પસાર કર્યા? એનું વર્ણન કયા શબ્દોમાં કહું?''

ધ્રુસ્કે ધ્રુસ્કે રડી પડી અંજના અને એણે પવનજ્જયની છાતી ઉપર પોતાનું માથું મુકી દીધું. ''દ્વેષમાં હું એટલો આંધળો બની ગયો હતો કે તને કંઇ પૂછયું જ નહિ. કાશ એ રાતે જ તારી સાથે સ્પષ્ટતા કરી લીધી હોત તો વિરહના વસમા વર્ષો આ જીવનમાં ન આવત.'' અંજનાને બાહુપાશમાં જકડતા પવનજ્જયે પોતાના અપરાધનો સ્વીકાર કર્યો.

ભાગતી રાતનું બાવીસ બાવીસ વર્ષો પછીનું આ મિલન. પવન-અંજનાનાં હૃદય પ્રસન્નતાના ઝુલે ઝુલવા લાગ્યા, જાણે જીવનનાં બાવીસ વર્ષ મિલનની એક રાતમાં વહી ગયાં. આજની રાત જ સુહાગરાત હતી. મનના આવેગ આજે વિશ્રામ પામી રહ્યા હતા. આજ અંજનાનું નારીજીવન પહેલી વખત કૌમાર્ય ત્યાગીને સ્ત્રીત્વનું ગૌરવ પામી રહ્યું હતું. ખ્યાલ જ ન રહ્યો કે રાત ક્યારે પુરી થઇ ગઇ. અંજનાએ જીવનનું સર્વસ્વ પામી લીધું. પવનજ્જયએ જીવનની ધન્યતાનો અનુભવ કર્યો. ઉર્મિલ આનંદની અનુભૂતિથી એમને લાગ્યું કે તે વિજયી થઇને જ આવશે.

ત્યાંતો મિત્ર પ્રહસ્તે સંકેત કર્યો કે રાત પૂરી થવાની તૈયારીમાં છે. જલદી શિબિરમાં પહોંચી જવું જોઇએ. પવનજ્જય પણ સચેત થયા. અંજનાને છોડવાનું મન જ નહોતું. પરંતુ જવુ પણ જરૂરી હતું. અંજના વર્ષોબાદ પ્રાપ્ત થયેલ ધનને કેવી રીતે ત્યાગી દે.... છતાં વિવશ હતી. દુઃખી મનથી પવનજ્જયે વિદાય માગી. અંજનાએ અશ્રુપૂર્ણ આંખોએ રૂંધાએલાં સ્વરથી એટલું જ કહ્યું, ''પ્રિય! આ મારો ઋતુકાળ પછીનો દિવસ હતો. સંભવ છે કે હું પૂર્ણ તૃપ્તિની સાથે માતૃત્વ ધારણ કરું. આપ છુપાઇને આવીને ચાલ્યા

જશો તો ઘર, કુટુંબ નગરના લોકો શું કહેશે? આથી તમારા માતા પિતાને અવશ્ય બતાવી દો.''

''ના પ્રિયે! હું ગુપ્ત રીતથી આવ્યો છું એવી રીતે જ જઇશ. તું ચિંતા ન કર. હું તારા ગર્ભ-પ્રકાશના પહેલાં જ પરત આવી જઇશ. આમ છતાં તારા સંતોષ ખાતર, સાક્ષી માટે મારી વીંટી અને કડાં આપતો જાઉં છું.'' વીંટી અને કડાં આપીને અંજનાની પીઠ ઉપર હાથ ફેરવીને પવનજ્જય એજ રસ્તેથી પરત ગયા.

બારીમાંથી જોતી રહિ અંજના એના આરાધ્યને.... ત્યાં સુધી જ્યાં સુધી... એમની પીઠ એક બિંદુ બની ગઇ.

''આહા! વસંતમાલા હવે સહન નથી થતું. લાગે છે હું જીવીત નહિ રહી શકું. અર્ધ વિક્ષિપ્તાવસ્થામાં બોલતાં બોલતાં અંજના જાણે બેહોશીમાં ખોવાઇ ગઇ. એ ક્ષણો સ્મૃતિપટ પર ઉભરી આવી.

''સાંભળો મહારાજા!'' રાણી કેતુમતીએ મહારાજા પ્રહલાદને ધીરેથી કહ્યું.

''શું છે મહારાણી?''

''મોટો અનર્થ થઇ ગયો. કાલે બહાર મોઢું દેખાડવાને લાયક પણ નહિ રહીએ.''

''પરંતુ વાત શું છે?''

''અંજના વહુ ગર્ભવતી લાગે છે. બધાં લક્ષણો પ્રગટ થઇ રહ્યાં છે.''

''એ કેવી રીતે બની શકે?''

''એ જ તો હું વિચારી રહી છું. સૌ જાણે છે કે મારા બેટાએ ક્યારેય એનું મોઢું સુધ્ધા જોયું નથી. તો પછી આ સંતાન કોનું છે? વહુ આટલી કુલક્ષણી હશે એવું તો વિચાર્યું જ નહોતું.'' મહારાજા જાણે સાતમા આસમાનથી પડ્યા. એમને કુળ-રાજ્યની પ્રતિષ્ઠા ધૂળમાં રગદોળાતી દેખાઇ. એ શું વિચારે એજ ન સમજી શક્યા. એકાંત પ્રાપ્તી માટે પોતાના કક્ષમાં ચાલ્યા ગયા. આ બાજુ કેતુમતીએ અંજનાને ખુબ અપશબ્દો કહ્યા, અપમાન કર્યું, અંજનાએ સમગ્ર ઘટના કહિ સંભળાવી. સાક્ષી સ્વરૂપ વીંટી અને કડાં પણ બતાવ્યાં. પરંતુ સાસુએ વિશ્વાસ ના કર્યો. બસ! એક જ ઉપાય હતો

ઘરેથી કાઢી મૂકવાનો. રાણીએ તુરત જ સારથીને બોલાવી અંજના અને એની સખી કે જે રાણીની દૃષ્ટિએ આ કુકર્મની સહભાગીની હતી. બંનેને ગાઢ જંગલમાં મૂકી આવવાનો આદેશ આપ્યો. આ ખોટા દોષારોપણ અને દેશનિકાલથી વ્યથિત અંજના બેહોશ થઇ ગઇ. પરંતુ સારથીએ પોતાનું કાર્ય પૂર્ણ કર્યું. એ બંને સ્ત્રીઓને મહેન્દ્રનગરની નજીકના જંગલમાં મૂકીને પરત આવ્યો.

ચોંકી ગઇ અંજના... પીડાથી કણસી ઉઠી.

અંજની શું વાત છે? શું કોઇ ભયાનક સ્વપ્ન જોયું?'' વસંતમાલાએ તેના પેટ ઉપર હાથ ફેરવતાં પૂછ્યું.

''ના બહેન! સ્વપ્ન નહિ મારો ભૂતકાળ જ સાક્ષાત્ જોઇ રહી હતી. વિચારું છું કે કેવી નિર્દયતાથી સાસુએ ઘરેથી દોષ લગાવીને કાઢી મૂકી. અરે! આ પેટમાં રહેલા બાળકના કષ્ટની પણ ચિંતા ન કરી. બહેન આ પરિસ્થિતિમાં તો જીવ હાથમાં આવી જાય છે. આ બાળકનું જીવન કેવી રીતે સંભાળાશે?''

''રડ નહીં અંજના! જિનેન્દ્ર ભગવાન સૌ સારાવાના કરશે. જુની વીતી ગએલી વાતો ના વિચારીશ. વિશ્વાસ કર આવતી કાલ ઉજ્જવળ છે. મુનિવરની વાણી અસત્ય ના હોઇ શકે.''

''આ આશામાં તો જીવિત છું બહેન. પરંતુ એ દિવસો યાદ આવી જાય છે. જ્યારે મને અને તને જંગલમાં એકલી છોડી દેવામાં આવી હતી. તેં મને પાંદડાની પથારી ઉપર સુવાડી હતી અને પોતે આખી રાત જાગતી રહી હતી. બહેન અશુભ કર્મ નહોત તો મા-બાપ પણ કલંકિની સમજીને શા માટે ત્યાગી દેત? એ દિવસ આજે પણ યાદ છે જ્યારે મહેલમાં પ્રવેશતાં જ પિતાના શબ્દો કાને પડ્યા હતા, ''નહિ! હું અંજનાને આ મહેલમાં તો શું પણ મારા રાજ્યમાં પણ આશ્રય આપીશ નહિ. એ કુળ કલંકિની છે. શ્વસુરગૃહેથી કાઢી મુકેલ છે. હું એનું મુખ પણ જોવા માગતો નથી.'' અરે મહાસામન્ત અને માતાના સમજાવવા છતાં, પુરી હકીકત જાણી લીધા પછી કદમ ભરવાનું કહેવા છતાં પણ પિતાનું હૃદય પિગળ્યું નહોતું. માતાએ ફરીથી આગ્રહ કર્યો હતો કે પહેલાં વસંતમાલા પાસેથી પુરી વિગત જાણી

લેવી જોઇએ. અંજનાની સાસુ ક્રુર સ્વભાવની છે. બેટી બાપની પાસે આવી છે એનો અર્થ જ એ છે કે એના ઉપર ખોટું કલંક પણ હોઇ શકે. પરંતુ પિતાજીએ કોઇ વાત માની નહોતી. ઉલ્ટું તારા પર પણ મારા કૃત્યમાં સહભાગી હોવાના આરોપ લગાવી રાજ્યમાંથી બંનેને કાઢી મૂક્યા હતા.

પિતાને ત્યાંથી તિરસ્કૃત અંજના વેદનાથી વલોવાતી કેટલી રડી હતી. એને યાદ આવ્યું આખરે વસંતમાલા જ એને આ પ્રસવકાળમાં આશ્રય માટે આ ગુફામાં લાવી હતી. એ જ તો મન મૂકીને સેવા કરી રહી છે.

"સખી આટલી વિપત્તિ.... મરણાસન્ન અવસ્થામાં એ મારુ અથવા આપણા બંનેનું સૌભાગ્ય જ હતું કે ચારણ ઋધિધારી મુનિનાં દર્શન થયાં હતાં. મને સંતોષ એ વાતનો છે કે એમણે પોતાના જ્ઞાનથી મારી પવિત્રતાને જાણી હતી. મારા ગર્ભસ્થ બાળકની ગરિમા-ગૌરવ-શૌર્ય શક્તિ અને ધર્માત્મા થવાની ભવિષ્યવાણી એમણે જ કરી હતી." અંજના ભૂતકાળના સ્મરણ દ્વારા વર્તમાનની પીડાને ભૂલવા મથી રહી હતી.

"હા અંજના! એ મહામુનિએ તારા પૂર્વભવને બતાવાતં કહ્યું હતું કે આ કષ્ટ તું કયા કારણથી ભોગવી રહી છે અને સુખી પણ કેવી રીતે થઇશ. જાણે છે ને અંજના? મુનિએ કહ્યું હતું કે ગયા જન્મમાં તું એક રાજાની પટરાણી હતી. એ પટરાણી પદના અહ્મમાં તે ભગવાન જિનેન્દ્રની પ્રતિમાજીને મંદિરમાંથી હટાવી દીધી હતી. એક આર્યિકા માતાના સદુપદેશથી તને તારી ભુલ સમજાઇ તેથી ફરીથી મૂર્તિની મંદિરમાં સ્થાપના કરી, સમ્યક્ચારિત્ર ધારણ કરી સમાધિપૂર્વક મરણને વરીને તું અંજના નામ ધારિણી રાજા મહેન્દ્ર-રાણી મનોવેગાની રૂપવતી કન્યા થઇ. જિનેન્દ્ર ભગવાનની પ્રતિમાના ક્ષણિક અનાદર અને મંદિરમાંથી બહાર કાઢવાના પાપ બંધથી તારે બાવીસ વર્ષનો પતિ વિયોગ સહન કરવો પડ્યો છે. એમણે એ પણ બતાવ્યું હતું કે ભગવાન જિનેન્દ્રએ બતાવેલ પથ પર યથાશક્તિ વ્રતારાધના કરી ફરીથી તારા પતિને પ્રાપ્ત કરીશ." વસંતમાલાએ અંજનાને વાતોમાં લગાવીને મનની પીડા દૂર કરવાના હેતુથી પુરી ઘટના ફરીથી કહિ સંભળાવી. બંને આ ઘટના જાણતી હતી. પરંતુ પરસ્પર એક બીજા સાથે વાત કરી પીડાને ઓછી કરવાનો આ સિવાય બીજો કોઇ ઉપાય પણ નહોતો.

"અરે! વસંતમાલા જો..." જીભ અટકી ગઇ અંજનાની.

"શું છે?" કહેતાં કહેતાં વસંતમાલાએ જોયું ગુફાના દ્વારપર વિકરાળ સિંહ ઉભો છે. એની ગર્જનાથી પુરુ જંગલ કંપી ગયું.

ગુફામાં ગર્જનાનો અવાજ કેટલીય ક્ષણો સુધી ગુંજતો રહ્યો. બંને એકલી સ્ત્રીઓ ભયથી કાંપવા લાગી. એમનાં મુખ ભયથી મ્લાન થઇ ગયાં. અંજનાતો બિચારી ઉભી પણ થઇ શકતી નહોતી. વસંતમાલા આખરે ક્ષત્રાણી હતી. ભયની સામે ઝઝુમવું એ એના રક્તમાં હતું. પોતાના જાનની બાજી લગાવીને પણ પ્રિય સખીનું જીવન બચાવવાનો નિશ્ચય કરીને હાથમાં ખડગ લઇ એ અંજનાની રક્ષામાં તત્પર થઇ ગઇ. ખુબ વિકટ પરિસ્થિતિ હતી. આ બાજુ અંજનાની પ્રસૂતિ પીડા વધી રહિ હતી. સામે મૃત્યુ દ્વાર પર આવી ઉભું હતું. વસંતમાલા પોતાના જાન ઉપર ખેલવા માટે તૈયાર હતી કેવી વિડંબના? તો બીજા બાજુ સિંહ શિકારની તૈયારીમાં હતો.

અંજનાએ જોયું કે એનું જીવન મૃત્યુ તરફ ધકેલાઇ રહ્યું છે. જીવવાની આશા ખતમ થઇ રહી છે, આથી આ સંકટની ક્ષણોમાં એણે પંચપરમેષ્ઠીનું સ્મરણ કરી જ્યાં સુધી આ આવેલ સિંહનું સંકટ ટળીના જાય ત્યાં સુધી અનશનવ્રત ધારણ કરી લીધું. આમ પરોક્ષ રૂપથી એણે સમાધિમરણ જ ધારણ કરી લીધું. વસંતમાલા પણ શું કરે? ક્યારેક ગુફા તરફ સિંહથી રક્ષણ માટે જતી તો ક્યારેક વેદનાથી વ્યાકુળ અંજનાને પંપાળી ધીરજ બંધાવતી. તે પણ મનોમન અરિહંત ભગવાનનું સ્મરણ કરતી અને ણમોકાર મંત્રનો જાપ કરતી.

શુભ કર્મોનો ઉદય, અંજનાનું વ્રતારાધન અને વસંતમાલાના મંત્ર જાપના પ્રભાવથી રત્નચૂલ નામના ગાંધર્વએ અષ્ટાપદનું રૂપ લઇ સિંહને પંજો મારી મારીને દુર ભગાડી દીધો. આ રીતે એણે એકલી અટૂલી બે નારી રત્નોનીરક્ષા કરી.

અષ્ટાપદ અને સિંહના યુધ્ધમાં સિંહ કેવી રીતે હારી ગયો એ આખીએ વાત વસંતમાલાએ અંજનીને સંભળાવી આશ્વાસન આપ્યું કે ધીરજ ધર. હવે ટુંક સમયમાં જ તારા પરાક્રમી પુત્રનો જન્મ થશે. અંજનાને સહેલીનાં વચન શીતળ ચંદનલેપ જેવા લાગ્યા. ભાવિની ઉજ્જવળતાના સ્વપ્નની મધુરતાએ

એનામાં નવી સંજીવનીનું સિંચન કર્યું.

અંતે એ શુભ ઘડી આવી. અંજનાની પ્રસવ પીડાનો અંત આવ્યો. અંજનાએ એક અતિ સુંદર બાળકને જન્મ આપ્યો. બાળકના જન્મની સાથે જ અલૌકિક પ્રકાશ પુંજથી આખીએ ગુફા ચમકી ઉઠી. દીકરાનું મુખ જોઇ અંજનાએ સુખ સભર દુઃખની લાગણી અનુભવી. પુત્ર રત્નની પ્રાપ્તિનો આનંદ હતો તો સાથે આવી વિષમ પરિસ્થિતિમાં એનો જન્મ થયો એવી લાગણીથી દુઃખ હતું. અંજનાનું અંતર બોલી ઉઠ્યું.

''અરે દીકરા! તારો જન્મ દાદા અથવા નાનાને ઘરે થયો હોત તો આખાએ રાજ્યમાં ધામધૂમથી તારો જન્મોત્સવ મનાવવામાં આવી રહ્યો હોત. દેવાલયમાં પૂજાપાઠ થતા હોત. મીઠાઇ વહેંચાતી હોત. ગરીબોને દાનની રાશિ મળતાં તે માલામાલ થાત. અને.... પ્રથમ સમાચાર આપવાવાળી દાસીને હીરાનો હાર અચૂક મળતો. વધાઇના ગીતો ગવાતા હોત.

''પરંતુ બેટા! આ ઘનઘોર અરણ્યમાં એકમાત્ર તારી આ માસી છે વસંતમાલા.''

''હા બેટા! જંગલના આ પશુ પક્ષી વનરાજિ જરૂર તારો જન્મોત્સવ મનાવી રહ્યા છે. આનંદના હિલોળે ઝૂલી રહ્યા છે. જાતજાતના શોરગુલથી પોતાનો આનંદ વ્યક્ત કરી રહ્યા છે.''

બેટા! તું દીર્ઘાયુ થા, બેટા આ તારા જ પુણ્યોનો પ્રતાપ છે કે આટઆટલા કષ્ટ સહન કરવાં છતાં, હિંસક પશુઓની વચ્ચે પણ હું જીવિત રહી શકી છું. બેટા! હવે મૃત્યુ આવે તો પણ ચિંતા નથી.'' દીકરાનું વારંવાર મુખ ચૂમતી અંજના રડતાં રડતાં પોતાના મનોભાવ વ્યક્ત કરી રહી.

★ ★ ★

બાળકના જન્મની સાથે જ જાણે અંજનાના અશુભ કર્મોનો ક્ષય થઇ ગયો. દુઃખના દિવસો પૂરા થઇ ગયા. બાળકનો હાસ્ય મઢ્યો ગૌર સુડોળ ચહેરો એનુ કિલકિલાટ હાસ્ય જાણે બંનેના દુઃખોના વાદળો ચીરતો પ્રકાશ પુંજ રેલાઇ રહ્યો હતો. ત્યાં તો એક સ્વયં પ્રકાશિત વિમાન ગુફા ના દ્વાર પાસે ઉતર્યું. વિમાનમાંથી એક તેજસ્વી પુરુષ અને સ્ત્રીને ઉતરતાં જોઇ બંને સહેલીઓ ધ્રુસકે ધ્રુસકે રડી પડી. સ્વાભાવિક હતું. મહિનાઓથી કોઇ

આત્મિયજનને જોયા ન હતાં. આગંતુકોને આ ભયાનક જંગલમાં આવી નિર્જન ગુફામાં આવી સુંદર ઉચ્ચકુળની નારીઓને જોઇ અત્યંત આશ્ચર્ય થયું. એમના આશ્ચર્યને શમાવવા વસંતમાલાએ પોતાની આપવીતી સંભળાવી. આગંતુક પતિ પત્નિને જ્યારે જાણ થઇ કે આ સદ્ય પ્રસુતા અંજના બીજુ કોઇ નહીં. પરંતુ એમની સગી ભાણેજ છે, તો તેઓ ખૂબ દુ:ખી થયા. પછી પોતે અંજનાના મામા પ્રતિસૂર્ય હનૂરુહદ્વીપના રાજા છે. એવો પરિચય આપી બાળકને ઉચકી લઇ એના પર પ્રેમનો અભિષેક કરી રહ્યા. અંજનાના માથે પણ વાત્સલ્યથી હાથ ફેરવી એને સાંત્વન આપ્યું. તૂર્ત જ અંજના અને વસંતમાલા સાથે બાળકને લઇ પ્રતિસૂર્યે પોતાના નગર હનૂરુહદ્વીપ તરફ જવા પ્રયાણ કર્યું.

રસ્તામાં ન બનવાની એક વિચિત્ર ઘટના બની જેના સ્મરણથી અંજના અને સહુના હૃદય જાણે બંધ પડી ગયા. વિમાન પોતાની તીવ્ર ગતિથી ઉડી રહ્યું હતું. બાળક માતા અંજનાના ખોળામાંથી ઉછળતા ઉછળતા એકાએક પર્વતની શીલા પર પડ્યો. સર્વે ગભરાઇને ચીસો પાડવા લાગ્યા. અંજના તો બેહોશ થઇ ગઇ. પ્રતિસૂર્યએ વિમાન નીચે ઉતાર્યું. સહુના આશ્ચર્ય વચ્ચે બાળક આનંદથી પોતાનો અંગૂઠો ચૂસી રહ્યો હતો. જ્યારે જેના પર તે પડ્યો હતો એ શીલાના ટૂકડે ટૂકડા થઇ ગયા હતા. દોડીને અંજનાએ બાળકને છાતીએ ચીપકાવી દીધો. આંખમાં આંસુની ધાર સાથે એનુ મુખ ચુમવા લાગી.

ત્યારે વસંતમાલાએ કહ્યું, "જોયું અંજની? મુનિમહારાજે કહ્યું હતું કે બાળક વજ્રાંગ હશે. જોજે આ મોટો થઇ ખૂબજ પરાક્રમી થશે. પરમ પુરુષાર્થ દ્વારા ધર્મ સાધના કરી મુક્તિને પ્રાપ્ત કરશે."

સહુ ભક્તિ, પ્રસન્નતા અને સ્નેહથી બાળકને જોઇ રહ્યા. સહુના આનંદની સીમા ન રહી. નગરમાં આવી મામા પ્રતિસૂર્યે નગર શણગારી મહાન ઉત્સવનું આયોજન કરી બાળકનો જન્મોત્સવ મનાવ્યો. પર્વતને ચૂરેચૂરા કરવાની શક્તિનો ધારક હોવાથી તેનું નામ "શૈલેન્દ્ર" રાખ્યું. હનુરુહદ્વીપમાં જન્મોત્સવ મનાવવામાં આવ્યો. તેથી એ બાળક પાછળથી હનુમાન નામથી પ્રસિધ્ધ થયા.

★ ★ ★

રાવણ તરફથી યુધ્ધમાં વિજય પ્રાપ્ત કરી પવનજ્જયકુમાર પોતાની પ્રિયતમ પત્ની અંજનીને મળવાની ઉત્કંઠા લઇ પોતાના નગરમાં પરત આવ્યા. સમગ્ર રાજ્ય તરફથી એમનું શાહિ સન્માન અને પ્રશંસા કરવામાં આવી. એમના વિજય પરાક્રમનાં ગીત ગાવામાં આવ્યા. બિરદાવલીઓ લલકારવામાં આવી. સૌ પવનજ્જયને પ્રેમ-સન્માનથી ગળે લગાવીને મળ્યા. પરંતુ આંખો જેને જોવા માટે બેચેન હતી, અંતર જેના આવકાર માટે ઊર્મિલ હતું, એ હૃદયેશ્વરી અંજના તો ક્યાંય દેખાતી જ નહોતી. જ્યારે પવનજ્જયને અંજના અને વસંતમાલા બંને ન દેખાયાં તો મનમાં શંકાઓના તરંગ ઉઠવા લાગ્યા. એમને અંજનાને કલંકિત કરી રાજ્યમાંથી કાઢી મૂકવાના સમાચાર એક દાસી દ્વારા મળતાં અંજના પર થએલ વર્તન એની વ્યાની કથા, જાણતાં જ એમના હૃદય પર વજ્રઘાત થયો. ઘડીનો પણ વિલંબ કર્યા વિના મિત્ર પ્રહસ્તની સાથે એજ સમયે એમણે રાજ્યનો ત્યાગ કરી પોતાના સાસરે મહેન્દ્રપુર તરફ જવા રવાના થયા.

ઉરની ઉત્કંઠા વધતી જતી હતી. હૃદય બેચેન હતું, પ્રિયતમાને મળવા. નયનો તરસી રહ્યા હતા એના દર્શન માટે, મન મયુર નાચી રહ્યો હતો એને બાહુપાશમાં જકડવા. પવનવેગી ઘોડા પર સવાર થઇ તેઓ મહેન્દ્રપુર પહોંચ્યા. સાસરીયાઓએ યોગ્ય આદર સત્કાર કરી યુધ્ધમાં વિજયી થયા એની વધાઇ આપી.

અહીં પણ પવનજ્જયની આંખો જેને શોધી રહી હતી એ અંજના ક્યાં? એમણે જાણ્યું કે અહીંથી પણ એમની પ્રાણેશ્વરીને તિરસ્કૃત કરી કાઢી મૂકવામાં આવી છે. ત્યારે એમનું હૃદય ભરાઇ ગયું. એમણે સાસુ સસરાને ધિક્કાર્યા.

"અરે! તમારે તમારી દિકરી પર તો વિશ્વાસ કરવો હતો." આમ કહી ભોજન કર્યા વિનાજ ત્યાંથી નીકળી ગયા.

"હું પવનજ્જય પ્રતિજ્ઞા કરું છું કે જ્યાં સુધી હું મારી પ્રિયાને શોધીશ નહીં ત્યાં સુધી ચેનથી બેસીશ નહીં. જો એ મને નહીં મળે તો હું પોતે પણ જીવતો નહીં રહું."

આવી દૃઢ પ્રતિજ્ઞા કરી પોતાના મિત્ર પ્રહસ્તને પોતાનો નિર્ણય જણાવી

એને પોતાને દેશ પાછા ફરવાની આજ્ઞા કરી.

અંજનાના વિરહમાં સંતપ્ત પવનજ્જય એને જંગલોમાં શોધવા લાગ્યા. એમના મનમાં અનેક વિકલ્પો ઉઠવા લાગ્યા. તેઓ જંગલના વૃક્ષો, લતાઓ, પશુ-પક્ષિયો સહુને એના રૂપગુણના વર્ણન દ્વારા એના વિષે પૂછવા લાગ્યા. એમને થતું ગર્ભવતી અંજનાનું કોઈ હિંસક પશુએ ભક્ષણ તો નહીં કર્યું હોય? દિવસે દિવસે પ્રિયતમાના વિરહની વેદનાએ એમને અર્ધપાગલ જેવા બનાવી દીધા. ભૂખ તરસની કંઈ સૂધબૂધ નહતી. એમને ધ્યાન હતું માત્ર અંજનાનું... અંજના... એમની નિદ્રામાં અંજના, જાગરણમાં અંજના, સ્મરણમાં અંજના, રુદનના ડુસકામાં અંજના, અંજનામય પવનજ્જય અંજનાની શોધમાં ન જાણે ક્યાં ક્યાં ભટકી રહ્યા.

આ બાજુ મિત્ર પ્રહસ્તે પાછા આવીને મહારાજા પ્રહલાદ અને રાણી કેતુમતીને પવનજ્જયની દઢ પ્રતિજ્ઞા સંભળાવી. આ સાંભળી તેઓ અત્યંત દુ:ખી થયા. આખાએ રાજ્યમાં શોક છવાઈ ગયો. મહારાણી પોતાની ભુલ પર ખૂબ પસ્તાવો કરવા લાગ્યા. લોકો પણ એમના વર્તનને ધિક્કારવા લાગ્યા. એમણે મહેન્દ્રપુર સંદેશ મોકલ્યો બંને રાજાઓના સૈનિકો પવનજ્જયને શોધવા નીકળી પડ્યા.

કુમાર પવનજ્જયની દઢ પ્રતિજ્ઞાના સમાચાર હનુરુહદ્વીપમાં પહોંચ્યા. અંજનાએ આ વાત સાંભળી તો ખૂબ રડવા લાગી. મામા પ્રતિસૂર્યે તેને હિંમત આપી પવનજ્જયને શોધી કાઢવાનું વચન આપ્યું. તેઓ પોતે પોતાના સૈનિકો સાથે નીકળી પડ્યા. છેવટે બધાના સામૂહિક શુભ પ્રયત્નોને સફળતા મળી અંજનાના ધ્યાનમાં ધ્યાનસ્થ એવા પવનજ્જયને શોધી કાઢવામાં આવ્યા. માતા-પિતા, સાસુ-સસરા સર્વે અંજનાને કરેલા અન્યાયના દુ:ખથી આંસુ વહાવી રહ્યા પસ્તાવો કરી રહ્યા.

પવનજ્જયતો જાણે પથ્થરની પ્રતિમા એમણે કોઈની સાથે વાતચીત ન કરી અરે આંખ ઉઠાવીને કોઈની સામે જોયું પણ નહીં. ત્યારે પ્રતિસૂર્ય પણ શોધતા શોધતા ત્યાં આવી પહોંચ્યા ક્ષણમાં તેઓ સર્વ પરિસ્થિતીને પામી ગયા.

"ઉઠો બેટા પવનજ્જય! હું તમારા મામા શ્વસુર પ્રતિસૂર્ય છું. બેટી અંજના મારે ત્યાં પોતાની સહેલી અને દીકરા સાથે કુશળ છે." પવનજ્જય

આશ્ચર્યથી વિસ્ફારિત નેત્રે તાકતા જ રહ્યા.... જાણે એમને આ શબ્દો પર વિશ્વાસ નહોતો આવતો.

"હા કુમાર! હું સાચું કહું છું." પ્રતિસૂર્યે અંજના કેવી રીતે મળી બાળકના જન્મ, અતિશય વગેરેની પૂરી ઘટના-વૃતાંત કહી એમને વિશ્વાસ અપાવ્યો.

જ્યારે કુમારને પૂરો વિશ્વાસ થઇ ગયો તો એમનું મુખકમળ પ્રસન્નતા અને સંતોષથી ખીલી ઉઠ્યું, "મારી અંજના ક્ષેમકુશળ છે? બાળક આનંદમાં છે? કેવો છે? વગેરે પ્રશ્નોની ઝડી વરસાવી.

"તમે ચિંતા ન કરો. બધા આનંદમાં છે. તમે હનુરુહદ્વીપ ચાલો. તેઓ બધાને મળો."

પ્રતિસૂર્યે પવનજ્જયને પોતાની સાથે આવવા આગ્રહ કર્યો. સાથે સાથે પોતાના બહેન-બનેવી તેમજ પવનજ્જયના માતા-પિતાને પણ પોતાને ત્યાં આવવા માટે અનુરોધ કર્યો.

સહુ પ્રસન્નતાથી હનુરુહદ્વીપ ગયા. પવનજ્જયના મળી જવાથી તેમજ મહારાજાઓનું અતિથિ તરીકે આગમન થવાથી હનુરુહદ્વીપ સજાવવામાં આવ્યો. રાજમહેલ દીપમાલાથી ઝગમગવા લાગ્યો.

એ ચિરપ્રતીક્ષિત સાંજ પણ ઢળી ગઇ જ્યારે વર્ષોના વિરહ પછી પવનજ્જય અને અંજનાનું મિલન થવાનું હતું. વસંતમાલાના ઉરનો ઉમંગ આજે છલકાતો હતો. એણે પોતાના હાથથી જ અંજનાને નવોઢા શી સજાવી. જાણે આજે જ એની સુહાગરાત હોય. અંજના શરમાઇ ગઇ. પલકો ઝુકાવી ધડકતા હ્રદયે પ્રિયતમની પ્રતિક્ષા કરી રહી. બાળશીશુ પારણામાં આરામથી સૂતો હતો.

ધીરેથી કક્ષનો દરવાજો ખોલી પવનજ્જયે અંદર પ્રવેશ કર્યો. ધીરજ ન રાખી શક્યા. દોડીને અંજનાને બાહુપાશમાં જકડી લીધી. આલિંગનબધ્ધ બંને મૌન. માત્ર નયનોમાંથી વહેતા નીર બંનેને ભીંજવી રહ્યા. હ્રદયની ભાવના હ્રદયની ધડકનો દ્વારા વહી રહી હતી. બંને એકબીજાની અંતર લાગણી સમજી રહ્યા હતા. આમને આમ કંઇ કેટલીય ક્ષણો પસાર થઇ ગઇ.

"પ્રિયે! મારા કારણે તમારે ખૂબ દુઃખ સહન કરવું પડ્યું. મને માફ

કરી દો.''

''નહીં સ્વામી! આ તો મારા અશુભ કર્મોનું જ ફળ હતું. તમે તો માત્ર નિમિત્ત હતા.''

''જો એ દિવસે મેં શરમ છોડી માતા-પિતાને સાચી હકીકત બતાવી દીધી હોત તો તમારે આ દિવસ જોવાનો વારો ન આવત.''

''ભૂલી જાવ સ્વામી દુઃખી ભૂતકાળને. મને તમારો કોઇ દોષ નથી દેખાતો. હું તો એ ઘડીને પણ અતિ સૌભાગ્યપૂર્ણ માનું છું કે જ્યારે બાવીસ વર્ષ પછી તમે મારા જેવી દાસીને છાતીએ લગાવી એનું નારીજીવન ધન્ય બનાવ્યું હતું. એ ક્ષણ મારા જીવનની સર્વોત્તમ ક્ષણ હતી. બાવીસ વર્ષના વિરહની વેદના હું ક્ષણ માત્રમાં વીસરી ચૂકી હતી. આપના લાગણી સભર એકરારથી.'' આમ કહી અંજના ફરી પવનજ્જયને વિંટળાઇ વળી.

''પ્રિયે! તે પણ મારું દુર્ભાગ્ય હતું. મારી દુર્બુધ્ધિ હતી જેની સજા તમારે ભોગવવી પડી હતી. આજે આ પણ મારી દુર્બુધ્ધિનું જ પરિણામ છે. અશુભ કર્મો પણ અભિશાપ રૂપે મારા કારણે જ ઉદયમાં આવ્યા છે. ખરેખર આ સઘળો દોષ મારો છે. હું જ એ દુર્ભાગી છું જેણે આવી સર્વગુણ સંપન્ન પત્નિને વિના વાંકે બાવીસ વર્ષ સુધી તડપતી તરસતી છોડી દીધી ધિક્કાર છે મને મારી જાતને. પ્રિયે ધિક્કાર છે મને..... પશ્ચાતાપની આગમાં શેકાતા વારંવાર પવનજ્જય પોતાને કોસતા રહ્યા.

''અરે! હું મારા દીકરાને તો જોવાનું ભૂલી ગયો.'' આમ કહી તેઓ પારણા તરફ વળ્યા. અત્યંત તેજસ્વી સ્વરૂપવાન બળવાન બાળકને જોઇ એમનું હૃદય ગદ્ગદ્ થઇ ગયું. અતિ પ્રેમથી બાળકને પારણામાંથી લઇ વારંવાર તેનું મુખ ચુમવા લાગ્યા. એને હૃદય સરસો ચાંપી વહાલ વરસાવવા લાગ્યા.

પવનજ્જયનો આવો પ્રેમ, આવું વાત્સલ્ય જોઇ અંજનાના નયનો સજળ બન્યા. એને લાગ્યું એની યુગ યુગની સાધના સફળ થઇ. એનું પુણ્ય જાગી ઉઠ્યું. અનિમેષ નયને નિહાળી રહી જીવનની પરિતૃપ્ત સુખદ ક્ષણોને.....

# પતિપરાયણા દ્રૌપદી

દેશનિકાલની સજા ભોગવતાં પાંડવો બ્રાહ્મણવેશમાં ફરતા ફરતા માતા કુન્તીની સાથે માકન્દી ગામમાં પહોંચ્યા. હકીકતમાં આ એક સમૃધ્ધનગરી હતી. ઉંચી અટારીઓ, સજાવેલા તોરણદ્વાર, સાથિયાપૂરેલા આંગણ, ઝરૂખાઓ પર રેશમી પડદો આ સર્વે નગરીની શોભા સમૃધ્ધિ અને પ્રજાની સુરુચિનું પ્રતીક હતા. દેશદેશાવર સાથે ચાલતા વેપારથી ધમધમતા નગરમાં વેપારીઓની અવરજવર વધુ હતી. મંદિરમાં થતા ઘંટારવ, મંગલમય વચનોના સ્વર, યજ્ઞકુંડની જ્વાલાઓ વાતાવરણને ધર્મમય બનાવી રહ્યા હતા. સજાવેલા બજારો, મસ્તી કરતા યુવકો પ્રજા સુખી હોવાની સાક્ષી પૂરતા હતાં.

આ નગરના ધર્મિષ્ઠ, પ્રજાવત્સલ રાજા દ્રુપદ દયાવાન હતા. યોગ્ય મંત્રીઓની મદદથી રાજ્યનું અતિવ્યવસ્થિત સંચાલન થઇ રહ્યું હતું. પ્રજાના સુખ માટે અહર્નિશ તેઓ પ્રયત્નશીલ રહેતા. એમની ધૈર્યધારણ કરવાની શક્તિ સર્વત્ર પ્રસંશનીય હતી. ભગવાનની ભક્તિ એમને પ્રિય હતી. બહાદુરીની સાથે સાથે દયા, ક્ષમાના ગુણોના કારણે તેઓ પ્રજાના હૃદય સિંહાસન પર પણ આરૂઢ રહેતા. દુશ્મનો આંખ ઉઠાવીને માકન્દી પર નજર કરવાની હિંમત ન કરી શકતા. સીમાઓ સુરક્ષિત હતી. એમની પત્નિ પણ પતિના કાર્યોમાં નિરંતર સહયોગ આપતા અને આમ સાચા અર્થમાં એ પ્રજાના માતા બની રહેતા.

રાજા દ્રુપના અનેક પુત્રો હતા. જેમાં ધૃષ્ટધ્યુમ સૌથી યોગ્ય બળવાન, ગુણવાન અને તેજસ્વી હતા. એમનામાં પિતાની શક્તિ, ધર્મનિષ્ઠતા, અજેયપણું અને પ્રજાવત્સલતાના ગુણ ઉતરી આવ્યા હતા. આવા ભાવિ યુવરાજ પ્રજામાં મહારાજાની જેમજ લોકપ્રિય હતા. આ મહારાજાની એક પુત્રી હોવાને કારણે તેનું નામ પરંપરા અનુસાર દ્રુપદની પુત્રી હોવાને કારણે તેનું નામ દ્રોપદી હતું. અગ્નિશીખા જેવી તેજોમયતા અને પ્રખરતાના કારણે તેને કૃષ્ણા પણ કહેતા હતા. વળી, માકન્દીનગર પાંચાલ રાજ્યનો હિસ્સો હોવાને કારણે એનું નામ પાંચાલી પણ હતું. દ્રૌપદી મા-બાપની લાડકી, ભાઇઓની માનીતી, રાજકુટુંબ અને પ્રજાની પણ પ્યારી હતી.

રૂપવાન, ગુણવાન, બુધ્ધિચાતુર્યથી સભર એનું દેહ સૌષ્ઠવ અને દેહ લાલિત્ય એટલું દિવ્ય હતું કે જાણે નિર્માણકર્તાએ વિશ્વના ઉત્તમ અણુંઓથી એનું નિર્માણ કર્યું હશે. યુવાનીમાં ડગભરતાં તો રોમ રોમમાંથી ટપકતું સૌંદર્યથી એ સૌંદર્યની સાક્ષાત્ પ્રતિમાજ લાગતી હતી. એને જોઇ ક્યારેક રતિનું તો ક્યારેક રંભાનું સ્મરણ થતું. એની હંસગામની ગતિથી લાગતું કે ત્રણ લોકનું સૌંદર્ય મન્ધરગતિથી વિહાર કરી રહ્યું છે. આંખોમાં સમાયેલી લજ્જાની લાલી પુરા ચહેરા પર ઉતરી આવી હતી એની બંકિમ નજરોનાં નયનબાણ કદાચ કોઇને વાગે તો આરપાર નીકળી જાય પરંતુ, લાજ મર્યાદાનો બોજ આ નજરોને ઉંચી થવા દેતો નહીં. હૃદયમાં એક મીઠી ઉર્મિઓનો ઝંકાર ઉઠ્યો છે. કોઇ અજ્ઞાત પ્રિયતમની કલ્પના એના દિલદિમાગને ભરી રહી.

યુવાનીના ઉંબરે ઉભેલી પુત્રીના સૌંદર્યને જોઇ મહારાજા દ્રુપદ મહારાનીને એના હાથ-પીળા કરવાની ચિંતા થઇ. એમણે પુત્રો, મંત્રીઓ વરિષ્ઠ સલાહકારો તથા પંડિતો સાથે મળી અનેક રાજકુંવરોના સંદર્ભમાં વિચાર વિમર્શ કર્યા. પરંતુ એમની કસોટીમાં કોઇ પાર ન ઉતર્યા. છેવટે સર્વાનુમતે નક્કી થયું કે સ્વયંવરનું આયોજન કરવામાં આવે એમાં દ્રૌપદી જેને પસંદ કરે તેની સાથે એના લગ્ન કરવામાં આવે. આ સ્વયંવરના સમાચાર ભારતવર્ષના સમસ્ત રાજ્યોમાં મોકલવામાં આવ્યા. સાથે સાથે સ્વયંવરના ભવ્ય, વિશાળ મંડપની રચના કરવામાં આવી.

"મહારાજા! હું સરેન્દ્રવર્ધન વિદ્યાધર આપને પ્રણામ કરું છું."

મહારાજા દ્રુપદના દરબારમાં આવી વિદ્યાધરે નિવેદન કર્યું "કહો વિદ્યાધરજી શું સંદેશ છે?"

"મહારાજા! તમારી પુત્રીની જેમ મારી પુત્રી પણ લગ્ન કરવા લાયક છે. મેં એના લગ્ન વિષે નિમિત્ત જ્ઞાની મુનિ-મહારાજને પૂછયું તો એમણે બતાવ્યુ કે જે કોઇ વીર માકન્દીપુરીમાં મારા ધનુષને ચઢાવી બતાવે એજ મારી પુત્રીને યોગ્ય વર હશે. તેથી હું ગાંડીવ લઇને આવ્યો છું. આપ સ્વયંવરમાં આને જ ચઢાવવાની શરત રાખો. આનાથી રાજકુમારની શક્તિની પરિક્ષા થઇ જશે."

વિદ્યાધરે રાજા દ્રુપદને આખી વાત સમજાવી ધનુષ્ય આપ્યું.

મહારાજા દ્રુપદને નિમિત્તજ્ઞાની મુનિરાજના વચનોમાં સંપૂર્ણ શ્રધ્ધા હતી. તેથી એમણે આ વાતનો સ્વીકાર કરી સ્વયંવર મંડપમાં ઘોષણા કરી દીધી.

આખાએ દેશના રાજા, મહારાજા, રાજકુમાર, વિદ્યાધર, સ્વયંવર મંડપમાં હાજર હતા. આખુએ નગર નવોઢા શું સજાવેલું હતું. દુર્યોધન, કર્ણ જેવા મહારથી પણ હાજર હતા. કુર, અયોધ્યા, મગધ ભૃગુકચ્છ સૌરાષ્ટ્ર પ્રાંતના રાજાઓ હાજર હતા. સભા મંડપની વચ્ચે ગાંડીવ ધનુષ સજાવીને ઉચ્ચ આસન પર મુકવામાં આવ્યું હતું. રાજકુમારી દ્રૌપદી સજીધજીને પોતાની સહેલીઓ સાથે સભામંડપમાં આવી. એની અનુપમ રૂપછટા જોઇ અનેક રાજાઓના મોંમાં પાણી આવી ગયા. એની એક નજર પામવા રાજાઓનાં હ્રદય આતુર હતા. કોઈપણ પ્રકારે એને પોતાની તરફ આકર્ષિત કરવા લાગ્યા. દ્રૌપદીને આ અતિથિઓનો વિધિવત્ પરિચય કરાવવામાં આવ્યો. એ દરમ્યાન દ્રૌપદીની નજર જેના પર પડતી એ ધન્ય થઇ જતા. જાણે કોઇ મહાન ઉપલબ્ધિ મળી ગઇ હોય. એક એકથી ચઢિયાતા શક્તિશાળી સુંદર સમૃધ્ધ રાજ્યોના રાજકુમારોનો એણે શાબ્દિક પરિચય મેળવી લીધો હવે માત્ર વાસ્તવિક પરિચય બાકી હતો. ગાંડીવ ઉઠાવવા વાળાનો....

અનેક રાજકુમારો તો આ પ્રચંડ જ્યોતિપુંજ તેજોમય ગાંડીવને જોઇને જ નિરાશ થઇ ગયા. તો તેની પ્રત્યંચા ચઢાવી લક્ષવેધ કરવાની તો વાત જ ક્યાં રહી. દુર્યોધનને પોતાની શક્તિનું અભિમાન હતું પરંતુ એનું અભિમાન ધૂળધાણી થઇ ગયું. આંખોનો આક્રોશ શરમથી ચહેરાપર ઉતરી આવ્યો છતાંય આંખમાંથી દ્રોપદીની છબી હ્રદયમાં ઉતરી ગઇ. આપમાનની એક ચિનગારી હ્રદયમાં ચંપાઇ ગઇ. કર્ણ વગેરે પણ હારમાની બેસી ગયા.

ઘડીભર માકન્દી વાસીઓ પણ વિચારમાં પડી ગયા શું કોઇ ક્ષત્રિય રાજકુમાર આ કાર્ય નહીં કરી શકે? શું પાંચાલીના હાથ પીળા નહી કરી શકીએ? સર્વના મુખપર નિરાશા છવાઇ ગઇ. અને ત્યાં તો સહુના આશ્ચર્ય વચ્ચે એક ધોતી જનોઇ ધારણ કરેલ બ્રાહ્મણ કુમાર ધનુષ્યની તરફ આગળ વધ્યો. આમંત્રિત સર્વ રાજા, મહારાજા, રાજકુમારો આશ્ચર્ય મિશ્રીત મજાક

કરવા લાગ્યા. પોતાની અશક્તિ છુપાવવાના વિચારથી જેમજેમ બ્રાહ્મણ કુમાર આગળ વધવા માંડ્યા તેમતેમ વ્યંગોકિત, કોલાહલ વધવા લાગ્યો. "બ્રાહ્મણકુમાર પાછા વળો, તમારું કાર્ય તો માત્ર ભિક્ષા માગવાનું જ છે." આ અવાજ, કોલાહલથી પર બ્રાહ્મણ કુમારનું દેહ સૌષ્ઠવ, વિશાળ છાતી, ઉન્નત ખભા, મુખપર ચમકતું શક્તિનું તેજ, જોઇ લોકો આશ્ચર્યચકિત રહી ગયા. ત્યારે દ્રૌપદી મંત્રમુગ્ધ થઇ અનિમેષ નયને નિહાળી રહી આ કામદેવ શા કુમારને.

જોત જોતામાં બ્રાહ્મણ કુમારે સહજતાથી ધનુષ ઉઠાવ્યું. એની પ્રત્યંચા ચઢાવી એના ટંકારથી ત્રણ લોક ધ્વનિત થઇ ગયા. કમજોરના હૃદય કંપી ઉઠ્યા. બહાદુરો પ્રશંસાથી જોવા લાગ્યા. હારેલા દુર્યોધન વગેરે ઇર્ષાથી બળવા લાગ્યા. દ્રૌપદીનું હૃદયકમળ ખીલી ઉઠ્યું. એક જ વારમાં રાધાના નાગનું મોતી વિંધાઇ ગયું. મંગલાચરણની ધૂન સાથે બ્રાહ્મણ સ્વસ્તિ વચન દ્વારા આશીર્વાદ આપવા લાગ્યા.

ગાંડીવ વિજેતા બ્રાહ્મણના ગળામાં દ્રૌપદીએ જેવી વરમાળા પહેરાવી એક ચમત્કાર થયો. માળા ટુકડા થઇ પાસે બેઠેલા બ્રાહ્મણના ચાર ભાઇઓ પર આપોઆપ પડી. જાણે કે આ વિજયનો પ્રસાદ સર્વને પ્રાપ્ત થયો. કેટલાક લોકોએ અજ્ઞાનતાને કારણે દ્રૌપદીને પાંચ પતિની પત્નિ કહી.

પોતાના અપમાન અને બ્રાહ્મણના વિજયથી દુર્યોધનનો ક્રોધાગ્નિ ભભૂકી ઉઠ્યો. એણે બીજા રાજાઓ સાથે મળી એમને બહેકાવી મહારાજા દ્રુપદને કહ્યું કે ક્ષત્રિયો હાજર હોવા છતાં બ્રાહ્મણ દ્રૌપદીને પરણી નહીં શકે. આ બ્રાહ્મણ અમારી સાથે યુધ્ધ કરે અને જો જીતે તોજ દ્રૌપદીને પરણી શકે. છેવટે બ્રાહ્મણોએ પણ આહ્‌વાન સ્વીકારી લીધું, યુધ્ધમાં વિજય મેળવ્યો. ત્યારબાદ એમણે પોતાનું રહસ્ય પ્રગટ કર્યું. તેઓ પાંચે બીજા કોઇ નહીં પરંતુ પાંડુપુત્ર પાંડવ છે કે જેમને લાક્ષાગૃહમાં મરેલા માની લીધા હતા. લક્ષવેધી બ્રાહ્મણ અર્જુન છે. આ હકીકત જાણતાં જ મહારાજા દ્રુપદ, રાજ્યના અન્ય મંત્રીગણ આનંદીત થઇ ઉઠ્યા. દ્રૌપદીની પ્રસન્નતા અનેકગણી વધી ગઇ.

મહારાજા દ્રુપદે પાંડવોનો વિશિષ્ટ આતિથ્ય સત્કાર કર્યો. ખૂબ ધામધૂમથી લગ્નોત્સવ ઉજવાયો. વિપુલ ધન-દાસ, દાસી વગેરે સાથે દ્રૌપદીને

લઇ પાંડવો હસ્તિનાપુર આવ્યા. હસ્તિનાપુરમાં કુળવધૂ દ્રૌપદીનું રાજરીતીથી સ્વાગત થયું. ધામધૂમ મનાવવામાં આવી. દ્રૌપદીના સ્વયંવરમાં અર્જુને જ લક્ષવેધ કર્યો હતો. તે માત્ર અર્જુનની જ અર્ધાંગિની હતી. પરમ સતી હતી, દ્રૌપદીની સાથે વિદ્યાધરની પુત્રી પણ પરણીને આવી હતી. દ્રૌપદીએ એને પોતાની બહેનમાની સદ્‌વ્યવહાર કર્યો. દ્રૌપદી અર્જુનમય બની રહી. દ્રૌપદી-અર્જુન એકબીજાના પ્રેમમાં ગળાડૂબ રહેવા લાગ્યા. દ્રૌપદી વડીલ યુધ્ષ્ઠિર-ભીમનો પિતાતુલ્ય આદર કરી નાના દિયર નકુળ સહદેવને પુત્રવત્ સ્નેહ આપતી, દિવસો આનંદથી પસાર થવા લાગ્યા.

દુર્યોધનની કપટીચાલને યુધ્ષ્ઠિર સમજી શક્યા નહીં. તેઓ જુગારની જાળમાં શકુનિની ચાલમાં ફસાઇ ગયા. ભાઇઓ મર્યાદામાં રહી વિનયથી સમજાવ્યું. પરંતુ યુધિષ્ઠિર માન્યા નહીં. યુધિષ્ઠિરના અશુભ કર્મોદયની ધૂળથી ન્યાય બુધ્ધિ ઢંકાઇ ગઇ. તેઓ રાજપાટ, ધન, ધાન્ય અરે કુળવધૂ દ્રૌપદી પણ દાવપર લગાવી દીધી. એમના પાસા ઉલ્ટા પડતા ગયા. સર્વસ્વ હારી ગયા. પોતે પણ દુર્યોધનના દાસ બની ગયા. વ્યવહાર બુધ્ધિ ભૂલી નાનાભાઇની પત્નિને પણ એક નિર્જીવ વસ્તુ સમજી દાવ પર લગાવી હારી ગયા. આવા મોટા અનિષ્ટને બાકીના આજ્ઞાંકિતભાઇઓ સાક્ષી બની જોતા રહ્યા. એમને ધૂર્તદુર્યોધને એમને મહેલમાં પણ ન રહેવા દીધા. બાર વર્ષનો વનવાસ અને તેરમા વર્ષે અજ્ઞાતવાસમાં રહેવું પડશે. આટલું ઓછું હોય એમ દુઃશાસન જે લક્ષવેધમાં અપમાનિત થયો હતો તેને દ્રૌપદી પ્રત્યે અત્યંત આકર્ષણ હતું. આજ એને અપમાનિત કરવાની પાશવી વૃત્તિ જાગી ઉઠી. રાજમર્યાદા, કૂળવધુનું સન્માન રાજવિવેક ભૂલીને એને નેવે મૂકીને મદોન્મત હાથીની જેમ દ્રૌપદીને જબરજસ્તીથી મહેલમાંથી ઘસડવા માંડી. નિદર્યરીતે વાળ ખેચતો ઘસડતો ઘસડતો દુઃશાસન એને ખુલ્લા માથે ખરાબ હાલતમાં રાજસભામાં લઇ આવ્યો. જાણે રાક્ષસોના હાથે કોમલ મૃગલી વધસ્તંભ તરફ જઇ રહી હોય. સતી દ્રૌપદી રોતી ચીસો પાડતી રહી. ભીમનો ગુસ્સો કાબૂ બહાર ગયો. પરંતુ યુધિષ્ઠિરે એને રોક્યો. ધૃતક્રીડામાં હરાયેલી દ્રૌપદી પર હવે એમનો શું અધિકાર હતો?

"આજે મારું ઘોર અપમાન થયું છે. મારું કેશગૂંથન ખુલ્લું માથુ આજ સુધી કોઇએ જોયું નહતું. પરંતુ આજ દુષ્ટ દુઃશાસને વડીલો, ગુરુજનો

મંત્રીઓની વચ્ચે મારા વાળ પકડી ઘસડતાં ઘસડતાં મારું અપમાન કર્યું.

તમે પાંચ પાંચ મહાબલી હોવા છતાં મારું અપમાન થતું જોઇ રહ્યા. હું તો અબળા સ્ત્રી હતી. એની શક્તિ સામે પ્રતિકાર કરી શકું એમ નહોતી. પરંતુ તમે તો શૂરવીર હતા. અરે! એ પાપીએ તો મને નિર્વસ્ત્ર કરવામાં કોઇ કસર નહોતી રાખી. જો હું જિનેન્દ્ર દેવનું સ્મરણ ના કરતી, હોત તો આજ નારીની મર્યાદા તૂટી ગઇ હોત."

રડતાં રડતાં દ્રૌપદીએ યુધિષ્ઠિર અર્જુન વગેરેને કહ્યું.

"અમે લાચાર હતા દ્રૌપદી શક્તિ હોવા છતાં અમે વચનથી બંધાયેલા હતા." યુધિષ્ઠિરે પોતાની વિવશતા બતાવી.

"તમે લાચાર હતા! ધિક્કાર છે એવી લાચારી પર, ધિક્કાર છે તમારા ધૂતકાર્ય પર. તમે મને વસ્તુની માફક દાવપર લગાવી દીધી તમે એટલું પણ ન વિચાર્યું કે નારી કુળની મર્યાદા હોય છે? જ્યારે હું તો તમારી કુળવધુ હતી. અરે; તમે લોકો મજબુર હતા, પરંતુ ગુરૂદ્રોણાચાર્ય, પિતામહ ભીષ્મ, કૃપાચાર્ય વગેરે મહાન ગુરૂગણ પણ મજબુર હતો? એ બધાતો આજીવિકા અર્થે વેચાઇ ગયા હતા... પરંતુ હું કોઇને દોષ શા માટે આપું. આતો મારાજ અશુભ કર્મોનુ ફળ હતું. જો જિનેન્દ્ર ભક્તિની શ્રધ્ધા ન હોત તો આજ હું જીવિત ન હોત. સ્ત્રી ને અપમાનિત અને બેઇજ્જત થઇને જીવવા કરતાં તો મરી જવું જ બહેતર છે. ડુસ્કાં લઇ લઇને દ્રૌપદી રોવા લાગી."

"દ્રૌપદી; હું ધુત-ક્રીડા ઉપર લજ્જિત છું. જે કંઇ પણ અપમાન થયું એના માટે હું દોષી છું. પરંતુ, એક વાત કહેવા માગું છું કે આ અપમાનનો બદલો લઇશ. હું સમયની પ્રતિક્ષા કરી રહ્યો છું. આપણે ગંભીરતાથી ધૈર્ય ધારણ કરી સમયની પ્રતિક્ષા કરવી જોઇએ." યુધિષ્ઠિરે કહ્યું.

"દ્રૌપદી! હું પ્રતિજ્ઞા કરું છું કે જે દુઃશાસને તમારું અપમાન કર્યું છે, એના લોહીથી જ તમારા આ કેશોને ધોઇને બદલો લઇશ." ભીમે પોતાનો રોષ વ્યક્ત કરતાં આવી દૃઢ પ્રતિજ્ઞા કરી.

"દ્રૌપદી! આપણે વનવાસમાં જઇ રહ્યા છીએ. અમે લોકો એવું નથી ઇચ્છતા કે તમે અમારી સાથે વનના દુઃખો ભોગવો. આથી તમારા માટે કોઇ અજ્ઞાત, સુરક્ષિત સ્થાન ઉપર રહેવાની વ્યવસ્થા કરી દઇશું." યુધિષ્ઠિરે

વનના દુ:ખોનું, એની ભયાનકતાનું ચિત્ર રજૂ કરીને દ્રૌપદીને સમજાવી.

"ના, ના. હું મારા પતિ અર્જુનની સાથે જ રહીશ. જ્યાં મારા પતિ ત્યાં જ મારું સુખ છે. ત્યાં જ મારું સ્વર્ગ છે. કષ્ટ, અરે! કષ્ટ શાનું? આવા અપમાનના કષ્ટ આગળ એ જંગલના કષ્ટોની શું વિશાત?" અર્જુન તરફ જોઇને દ્રૌપદીએ પોતાનો દૃઢ નિશ્ચય સંભળાવ્યો.

આખરે માતા કુંતીને વિદુરના ત્યાં રાખવાની વ્યવસ્થા કરીને પાંચે પાંડવો દ્રૌપદીની સાથે માર્ગના વિવિધ કષ્ટોને સહન કરતાં કરતાં કાલિંજર વનમાં પહોંચ્યા.

વનવાસનો ૧૨ વર્ષનો સમય પુરો થઇ ગયો. તેરમાં વર્ષે એમને અજ્ઞાત વાસમાં રહેવાનું હતું. પાંડવો દ્રૌપદીની સાથે વેશપરિવર્તન કરીને મહારાજા વિરાટની નગરીમાં એમના રાજપરિવારના સેવકના રૂપમાં કાર્ય કરવા માટે પહોંચ્યા. આ પાંચેને એક સાથે જોવા છતાં રાજા એમને ઓળખી શક્યા નહિ. નોકરીની શોધમાં નીકળેલ મુસાફર સમજીને પાંચેને પોતાની સેવામાં રાખી લીધા. દ્રૌપદીને મહારાણી સુદર્શનાની દાસીના રૂપમાં કેશ-વિન્યાસના રૂપમાં સ્થાન મલ્યું.

મહારાણી સુદર્શનાનો ભાઇ કીચક પોતાના બહેન બનેવીને ત્યાં મહેમાન બની આવ્યો હતો. રાણીના ભાઇ હોવાને કારણે એને રાણીવાસમાં આવવાની છૂટ હતી. એક દિવસ એણે દાસી દ્રૌપદીને જોઇ. એનું અપ્રતિમ સૌંદર્ય જોઇ એના મુખમાંથી આહ નીકળી, "અરે!.... દાસી પણ આટલી સુંદર? કામાગ્નિ ભભૂકી ઉઠ્યો. દ્રૌપદીની પ્રાપ્તિ માટે એ અનેક ઉપાય વિચારવા લાગ્યો. આમ રાણીવાસમાં એના આંટાફેરા વધી ગયા. એક દિવસ મોકો જોઇ કિચકે પોતાની અઘટિત ભાવના પ્રગટ કરી, "દાસી તું તો ખૂબજ સુંદર છે. તારા નયન બાણથી હું ઘાયલ થઇ ગયો છું, તારા જેવી અપ્સરા દાસીનું કાર્ય કરે એ મને ઠીક નથી લાગતું. પ્રિયે, મારી પાસે આવ. મારી બાહોમાં સમાઇ જા, હું તને મારી .રાણી બનાવીશ. તું આરામથી જીંદગી વિતાવી શકીશ."

"નહીં! નહીં! આવું ન કહો. હું દાસી છું. મારા જેવી દાસી સાથે તમારી આવી વાતો બરાબર નથી હું પણ કોઇકની પત્નિ છું. તમે આવું કંઇ

પણ ન કહેશો. આવું કોઇ કાર્ય ન કરશો.''

''અરે દાસી! તું તો દાસ વળી પતિવ્રતા કેવી? અરે! તું તો મને ગમી ગઇ તો મારી થઇ ગઇ. હું મારી બહેન પાસેથી તને માગી લઇશ.'' આમ કહી કીચક આગળ વધ્યો. એનો હાથ પકડવા પ્રયત્ન કર્યો.

''દુર રહે કીચક, હું શીલ વેચવાવાળી દાસી નથી. ધન ભોગને કારણે શરીરનો સોદો કરવાવાળી નથી.મારે રાણી નથી બનવું. મને હાથ લગાડીશ નહીં. પાંચ પાંચ ગંધર્વ મારા રક્ષક છે. આ વાત ભૂલતો નહીં.''

''ચલ હટ! ઓ ગંધર્વવાળી હું રાજાનો સાળો છું. દાસી થઇને મારાથી દલીલો કરે છે. જો તું મારી રાણી બનીશ તો દિલોજાનથી તારા પર સર્વસ્વ કુરબાન કરીશ. આવો મારી રાણી, હવે વધુ ના તરસાવો.'' કિચકે દ્રૌપદીનો હાથ પકડી વાસનાપૂર્ણ શબ્દોમાં સમર્પણની માગણી કરી.

દ્રૌપદી ગભરાઇ ગઇ. ક્ષણભર માટે આંખો બંધ કરી મનમાં પ્રાર્થના કરવા લાગી. ''હે પંચપરમેષ્ઠી પ્રભુ, તમો દુઃશાસન સામે મારી લાજ બચાવી હતી. આજે મને રસ્તો બતાવો આનાથી મારી રક્ષા કરો. એકાએક એને માર્ગ સૂઝયો. એણે આવા સમયે ક્રોધથી અધિક બુધ્ધિથી કામ લેવાનું ઉચિત માન્યુ. અપમાનનો કડવો ઘૂંટડો ગળી જઇ મુખપર કૃત્રિમ હાસ્ય ઉપસાવી કિચકને કહ્યું.

''પ્રિય કીચક ખરેખર તમે મને ચાહો છો એતો મારા પરમ સૌભાગ્યની વાત છે કે એક દાસી પર આટલી કૃપા દષ્ટિ રાખો છો. હું તો તમારી પરીક્ષા કરી રહી હતી. અહીં રાણીવાસમાં કોઇ આવી જશે. અત્યારે તમે જાવ. કાલ એકાન્તમાં નાટકશાળામાં તમે આવજો. હું તમને સર્વસ્વ અર્પણ કરીશ. સદાને માટે તમારી થઇ જઇશ.''

કિચકને તો જાણે ખજાનો મળી ગયો. એણે દ્રૌપદીની વાત પર વિશ્વાસ આવ્યો. આવતી કાલે મળવાનું વચન લઇ ચાલ્યો ગયો. કિચકના ગયા પછી દ્રૌપદી તુરત જ રસોઇઘરમાં પહોંચી જ્યાં ભીમ રસોઇઆના રૂપમાં નોકરી કરતો હતો. દ્રૌપદીએ ભીમને સર્વ હકીકત રડતાં રડતાં કહી સંભળાવી અને ભીમની શક્તિને લલકારી. ભીમે એને આશ્વાસન આપ્યું તો તેણે કહ્યું કે આવતી કાલે મેં એને નાટકશાળામાં બોલાવ્યો છે.''

''ઠીક છે. જે સમયે તે એને નાટકશાળામાં બોલાવ્યો છે એ સમયે

સઘળુ બરાબર થઇ જશે. દ્રૌપદી તારી જગ્યાએ હું જઇશ.''

''તમે! હા હું, તુ દૂરથી જોયા કરજે. નિશ્ચિત સમયે કિચક પોતાની વાસના તૃપ્તિ માટે મોહમાં અંધબની નાટકશાળામાં પહોંચ્યો. અહીં ભીમે સુંદર સ્ત્રીનો વેશ લઇ નાટકશાળામાં પ્રવેશ કર્યો. રાતના અંધારામાં નિરવ એકાન્તમાં ઘૂંઘટમાં ઢંકાયેલી સજીધજી નારીને દ્રૌપદી સમજી કિચક ઉતાવળો થઇ એની તરફ વધ્યો. એનો હાથ પકડી પ્રેમાલાપ કરવા લાગ્યો. પરંતુ એને લાગ્યું કે કોમળ દાસીનો હાથ આટલો કઠોર કેમ? એને કંઇક શંકા જાગી. જેને દાસી સમજી લીધી હતી એનો હાથ અને એની મજબૂતી વધતી ગઇ. હવે રહસ્ય ખુલવા લાગ્યું. પણ..... થોડા સમયમાં જ ભીમના હાથે કિચકનું મૃત્યું થયું. કામુકને પોતાની વાસનાનું ફળ મળી ગયું. ભીમને દ્રૌપદીના અપમાનનો બદલો લેવાનો સંતોષ થયો. દ્રૌપદી પર આવેલું વધારાનું સંકટ ટળી ગયું.

કિચકને મૃત્યુ પામેલો જોઇ દ્રૌપદીએ એવા સમાચાર ફેલાવ્યા કે કિચક પોતાની કામવાસના તૃપ્ત કરવા એના પર બળાત્કાર કરવા માગતો હતો. તેથી ભીમસેન નામના ગન્ધર્વએ એની પ્રાર્થના સાંભળી એનો વધ કરી દીધો છે. રાણીએ ભાઇના મૃત્યુના સમાચાર સાંભળ્યા તો રોવા લાગી. મહારાજા ભયભીત થયા કિચકના સાથીઓએ પોતાના માલિકનું મૃત શરીર જોયું તો સ્તબ્ધ બની ગયા. એનો રોષ દ્રૌપદી ઉપર ઉતરવા લાગ્યો. એ લોકોએ ભેગામળી એવો નિર્ણય કર્યો કે જે દાસીના કારણે કિચકનો વધ થયો એને પણ કિચકના શબ સાથે અગ્નિદાહ કરવામાં આવે. કિચકના સાથીઓનો આવો નિશ્ચય જાણી, એ લોકોનો હઠાગ્રહ અને જબરજસ્તી જોઇ દ્રૌપદી ઉચ્ચ સ્વરમાં વિલાપ કરી ગંધર્વોને પોતાની રક્ષા માટે બોલાવવા લાગી. એનું આક્રંદ સાંભળી ભીમે પોતાના વિરાટ સ્વરૂપને ધારણ કર્યું. ખભા પર વિશાળ વૃક્ષ ઉઠાવી લાવ્યો. એનું આવું રૂપ જોઇને સર્વ યોધ્ધા એને સાચેસાચ ગંધર્વ સમજી એનાથી ગભરાઇને ભાગી ગયા. ફરીવાર ભીમે દ્રૌપદીનું રક્ષણ કર્યું. દ્રૌપદી એ મનોમન ભગવાનની પ્રાર્થના કરી.

મહાભારતના યુધ્ધમાં જીત થયા પછી પાંડવો હસ્તિનાપુરના રાજ્ય સિંહાસન પર આરૂઢ થયા. ધીરે-ધીરે યુધ્ધથી ઉત્પન્ન થએલો વિનાશ-શોક દૂર થતો ગયો. ફરીવાર હસ્તિનાપુરમાં આનંદ, વિનોદ, સુખ, ધન-ધાન્ય, ધર્મનો

પ્રભાવ વધવા લાગ્યો. પ્રજાવત્સલ મહારાજા યુધિષ્ઠિર પ્રજાના સુખ માટે નીત નવીન યોજનાઓ પ્રસ્તુત કરવા લાગ્યા. રાજમહેલમાં નિરંતર આનંદની ધારા વહેવા લાગી. નગરમાં પણ સર્વત્ર ખુશાલી નજરે પડવા લાગી.

મહારાણી દ્રૌપદી ધર્મારાધનની સાથે સાથે પોતાના પતિ અર્જુનની સાથે જીવન જીવવા લાગી.

એકવાર નારદજી સ્વર્ગલોકથી હસ્તિનાપુરનો વૈભવ એનું નવનિર્માણ જોવા પધાર્યા. પાંડવોનો રાજવૈભવ અને પ્રજાનું સુખ જોઇ એમને ખુબ આનંદ થયો. નારદજીએ વિચાર્યું કે લાવ દ્રૌપદીને પણ મળી લઉં. એ સતીનાં પણ દર્શન કરી લઉં કે જે પતિ સાથે પાંડવો સાથે જંગલનાં કષ્ટ સહન કરતી રહી હતી. જેનું અપમાન થયું અને એનો બદલો ભીમે પોતાની પ્રતિજ્ઞા પુરી કરીને લીધો. નારદ સર્વના વડીલ હતા. એમને રાણીવાસમાં જવાની છૂટ હતી. તેથી તે રાણીવાસમાં પહોંચ્યા. દ્રૌપદી પોતાના શણગારમાં એટલી વ્યસ્ત હતી કે એને નારદજીના આગમનનો ખ્યાલ આવ્યો નહિ. દ્રૌપદીના આવા વર્તનને નારદજીએ પોતાનું અપમાન માન્યું અને ખુબ ગુસ્સે થયા. ત્યાંથી તુર્તજ પાછા વળી ગયા. આ અપમાનની આગ એમના અંતરને બાળતી રહી. એમના મનમાં એજ વિચાર આવવા લાગ્યો કે આ અપમાનનો બદલો કેવી રીતે લેવો? દ્રૌપદી પાસે એની માફી કેવી રીતે મંગાવવી? એમના મનમાં દ્રૌપદીનું અપહરણ કરાવવા સુધીનો ખરાબ વિચાર આવી ગયો. જ્યારે એમને ભરતખંડમાં શક્તિશાળી લંપટ રાજા ના મળ્યો ત્યારે તેઓ ઘાતકીખંડ પહોંચ્યા. ઘાતકીખંડમાં અમરકંકા નામની નગરીમાં રાજા પદ્મનાભ રાજ્ય કરતા હતા. આ નગરી બીજી અમરાવતી હતી અને રાજા પણ ઇન્દ્રજેવા બળવાન અને કામદેવના અવતાર હતા. આ રાજાને રૂપ, કલાપ્રિયતા અને સૌંદર્યના ઉપાસક જાણી નારદે દ્રૌપદીનું કલ્પના ચિત્ર એમની સમક્ષ રજૂ કર્યું અને કહ્યું, ''મહારાજા, આ એક એવી સુંદરીનું ચિત્ર છે કે જેની સામે ત્રણલોકની સુંદરીઓની કોઇ વિસાત નથી. તમારા જેવા સૌંદર્ય સમ્રાટને આવી જ સૌંદર્ય સામ્રાજ્ઞી મલવી જોઇએ.''

''નારદજી! ખરેખર મેં આવી રૂપવતી સ્ત્રી આજ સુધી નથી જોઇ. વિધાતાએ સૃષ્ટિના અતિસુંદર અંશોને એકઠા કરી આ સ્ત્રીનું સર્જન કર્યું હોય એમ લાગે છે. આ ચિત્રે મારું મન મોહિ લીધું છે તો એ સુંદરીના સાક્ષાત્

દર્શનથી મારા કેવા હાલ થશે? મુનિવર! બતાવો આ રતિ કોણ છે? કોણ છે કે જેનામાં એકી સાથે રંભા, ઉર્વશી, ચિત્રલેખા અને મેનકાનું સૌંદર્ય ઉતર્યું છે?'' રાજા વારંવાર ચિત્રને જોઇ જોઇને એનામાં લીન થતા હતા. નારદજીએ જોયું કે નિશાન બરાબર લાગ્યું છે. આથી તઓ દ્રૌપદીના રૂપ, સૌંદર્ય, ગુણ વગેરેનું અતિશયોક્તિપૂર્ણ વર્ણન કરવા લાગ્યા. જેનાથી રાજા પદ્મનાભનો કામજ્વર વધુ પ્રજ્વલીત થયો. કામવ્યાકુળ રાજા પ્રલાપ કરવા લાગ્યો અને નારદજીને આ સુંદરીનું નામ અને તેનો પરિચય જણાવવા વ્યાકુળતાપૂર્વક વિનંતિ કરવા લાગ્યો.

રાજા પદ્મનાભની કામાતુરતા જોઇ નારદજીએ અનેક ઉપમાઓથી સજાવી દ્રૌપદીનું વર્ણન કર્યું અને દ્રૌપદીનો પુરો પરિચય આપ્યો. દ્રૌપદી ધનુરધારી અર્જુનની પત્ની છે, યુધિષ્ઠીરના નાના ભાઇની પત્ની છે, ભીમ જેવા બળવાનથી રક્ષિતં એવીં રાજરાણી છે. તો નકુલ અને સહદેવ દ્વારા પૂજિત છે. આ હકીકત જાણી પદ્મનાભનો ઉત્સાહ ઠંડો પડવા લાગ્યો. આવી દ્રૌપદીને મેળવવીએ એતો સિંહની બોડમાંથી શિકારને જીવિત મેળવવા જેવું કપરું કામ લાગ્યું. પરંતુ કામજ્વરની પીડામાં સારા ખોટાનો વિવેક ભુલાઇ ગયો. નારદજીતો આગ લગાવી ચાલ્યા ગયા. છેવટે પદ્મનાભે પોતાની આરાધનાથી શક્તિશાળી સંગમદેવને પ્રસન્ન કર્યા. તેને દ્રૌપદીનું હરણ કરી લાવવાનું કાર્ય સોપ્યું, મંત્ર આરાધનાથી વશીભૂત થએલા દેવે રાજાની આજ્ઞાનું પાલન કર્યું. રાત્રે દ્રૌપદીને તેના મહેલમાંથી પથારી સહિત ઉઠાવી ઘાતકી ખંડમાં, મહારાજા પદ્મનાભના અંતઃપુરમાં લઇ આવ્યો. પ્રગાઢ નિંદ્રામાં સુતેલી દ્રૌપદીને પોતાના મહેલમાં જોઇ રાજા પદ્મનાભ આશ્ચર્ય ચકિત થઇ ગયો. એમને આ દૃશ્ય ઉપર વિશ્વાસ જ આવતો નહોતો. તેઓ દ્રૌપદીના રૂપને આંખો વડે પીવા લાગ્યા. તેમને દ્રૌપદીના રૂપની સામે નારદજીએ કરેલું રૂપનું વર્ણન ફીકું લાગ્યું. એમની આંખો દ્રૌપદીના અસ્તવ્યસ્ત વસ્ત્રોને કારણે ઉભરાતા અંગોથી તેનું મન લલચાઇ રહ્યું હતું. દ્રૌપદીએ કરવટ બદલી.

અર્ધ નિંદ્રાની અવસ્થામાં અવાજ સંભળાયો, ''હે, સુંદરી ઉઠો, નિંદ્રા ત્યાગો અને તમારા અંગો નિર્વસ્ત્ર થઇ ગયા છે અને આવૃત કરીલો.'' દ્રૌપદીની નિંદ્રા એકદમ તૂટી પોતાના વસ્ત્રોને ઠીક કરતાં એ ચારેબાજુ જોવા લાગી. એને આશ્ચર્ય થયું કે એ અહિં કેવી રીતે આવી?

"હે ચંદ્રમુખી, ચકિત ના થશો. આ ઘાતકી ખંડની અમરકંકા નગરી છે. તમે મારા અંતઃપુરની શોભા વધારી રહ્યાં છો. વ્હાલી, તમારાં દર્શન અને પ્રાપ્તિ માટે મેં કેટલી રાતો કરવટો બદલીને પસાર કરી છે. તમારી આરાધના ત્યારથી કરી રહ્યો છું, જ્યારથી નારદજીએ તમારા ફોટાનાં દર્શન કરાવ્યાં હતાં. તમારી પ્રાપ્તિ મારી સાધના-સિધ્ધિ છે. આવો મારી અંકશાયિની બનો અહિં સ્વર્ગનાં સુખ ભોગવો. આ દેશની મહારાણી બનીને રાજ્ય કરો." રાજાએ પોતાની કામોત્તેજનાને વ્યક્ત કરી.

દ્રૌપદીને સર્વ વાત સમજાઇ ગઇ. એનું હરણ થયું છે અને નારદજીની આ ચાલ છે, એ પણ જાણી ગઇ. પરંતુ અહિં એકલી અબળા શું કરી શકે? આથી પાંચેપાંડવોનું સ્મરણ કરી વિલાપ કરવા લાગી.

"રડો નહિ હંસગામિની! તમને અહિં કોઇ કષ્ટ નહિ પડે. હવે ધનંજયની યાદ છોડીને મારી સાથે કામક્રિડાનું સુખ ભોગવો."

રાજાના આ વચનો દ્રૌપદીને સળગતા અંગારા જેવા ગરમ લાગ્યા. એ વિચારવા લાગી, "નારીની પરમ સંપત્તિ એનું શીલ છે અગર એ લુંટાઇ ગયું તો જીવનની સાર્થકતા જ શી છે? હું મારો પ્રાણ આપી દઇશ પરંતુ મહાન શીલધર્મને નષ્ટ નહિ થવા દઉં." દ્રૌપદી એ નેમિ પ્રભુનું સ્મરણ કર્યું. મનમાંને મનમાં સ્તુતિ કરી અને સાહસ એકઠું કરી કહ્યું, "રાજન! તમને ખબર છે તમે કોની સાથે વાત કરી રહ્યા છો? હું એ ધનુર્ધારીની પત્ની છું જેના ગાંડીવના ટંકારથી ત્રણલોક ભયભીત થઇ જાય છે. એ ભીમસેનને નથી જાણતા જેની ગદાના પ્રહારથી આંધી અને તોફાન પણ થંભી જાય છે. તમારી માફક કિંચકે મારા ઉપર કુદષ્ટિ કરી હતી અને એની જે દશા થઇ હતી એજ તમારી થશે. જો તમે મને સ્પર્શ પણ કર્યો છે તો રાજન! હું સતીશીલવતી નારી છું. હું મમતામયી પત્ની છું. તો બાળવા માટે અગ્નિની જ્વાળા પણ છું. તમે મારું અપહરણ કરાવીને ઝેરી સાપના રાફડામાં હાથ નાખવાનું દુઃસાહસ કર્યું છે."

"કેવી બેવકુફો જેવી વાત કરે છે. અરે તારા પાંડવો અતિ વિશાળ સમુદ્ર પાર કરી અહિં પહોંચી જ નહિ શકે." અન્ય પ્રકારથી ભય અને પ્રલોભનો દ્રૌપદીને બતાવવામાં આવ્યાં. પરંતુ સતી અટલ રહી. એમને આને

ઉપસર્ગ જાણી અન્ન-જળનો ત્યાગ કરી દીધો. આ બાજુ હસ્તિનાપુરમાં દ્રૌપદીના અપહરણના સમાચાર સર્વને ઉત્તેજનાથી ભરી દીધા. પાંડવોએ ચતુરંગિની સેના સજાવીને તૈયાર કરીને શંખનાદ કરી દીધો.

બદલાની ભાવનાથી ભ્રમિત નારદ દ્રૌપદીની કરુણ દશા જોવા લલચાઇ ઉઠ્યો. એ ફરીથી ઘાતકી ખંડ પહોંચ્યા. દ્રૌપદી અન્ન-જળના ત્યાગથી મલીન-કૃષ થઇ ગઇ હતી. જાણે ચંદ્ર ઉપર ગ્રહણની છાયા પડી ચૂકી હતી. નારદ દ્રૌપદીની દઢતા અને શીલરક્ષા માટે પ્રાણની બાજી લગાવવાનો નિશ્ચય જાણી પસ્તાવા લાગ્યા. પોતાની ભૂલનો અહેસાસ થવા લાગ્યો. એમનું અહમ-પોષણ કેટલું દુઃખદ પરિણામ લાવી શકે છે એતો એમને વિચાર્યું જ નહોતું. આખરે પોતાની ભુલ સુધારવા તે તુરત જ શ્રીકૃષ્ણની પાસે પહોંચ્યા.

"કહો પ્રભુ! આ બાજું ક્યાંથી?" કૃષ્ણજીએ નારદજીને જોઇને કહ્યું.

"પ્રભુ! પાંડવ યુધ્ધની તૈયારી શા માટે કરી રહ્યા છે? દ્રૌપદીને તો ઘાતકીખંડના મહારાજા પદ્મનાભે આરાધના કરી દેવને પ્રસન્ન કરીને મેળવી છે. અને ત્યાં હવે કોઇનું જવું સંભવ નથી.

નારદની વાત સાંભળી શ્રીકૃષ્ણ હસ્તિનાપુર પહોંચ્યા. પાંડવોને સર્વ વૃતાંત બતાવ્યો. ત્યારબાદ પાંડવો સહિત તેઓ લવણસમુદ્રના તટ ઉપર પહોંચ્યા. મહામના કૃષ્ણના ત્રણ ઉપવાસોની સાધનાથી સમુદ્રના અધિપતિ સ્વસ્તિક દેવ પ્રસન્ન થયા અને તેમને જલગામી રથ આપ્યો. આ રથોમાં પોતાની સેના સાથે પાંડવો અમરકંકા નગરી પહોંચ્યા. રાજા પદ્મનાભે યથાશક્તિ મુકાબલો કર્યો. પરંતુ સુર્યની સમક્ષ અંધકાર ટકી શકે ખરો? એને જીવવાના ફાંફા પડી ગયા. જીવ બચાવવા એ સતી દ્રૌપદીના શરણમાં ગયો. એને પોતાના કૃત્ય પર શરમ આવવા લાગી. ક્ષમાયાચના કરી દ્રૌપદીને પોતાની ધર્મબહેન માની. સતી દ્રૌપદીએ એને પાંડવો પાસે ક્ષમા અપાવી. દ્રૌપદી પાંડવોને ફરીથી પ્રાપ્ત થઇ. એના શીલની રક્ષા થઇ. સાચે જ દ્રૌપદીની દઢતા અને ધર્મ પ્રત્યેની આસ્થા જ તેની રક્ષા કરી રહી.

પાંડવોએ દ્રૌપદીના વ્રતોપવાસનાં પારણાં કરાવ્યાં. ફરીથી પતિ મિલન અને શીલ-રક્ષા થવાથી દ્રૌપદીની આંખો ભરાઇ આવી. મનમાં ને મનમાં ભગવાન જિનેન્દ્રની ભક્તિમાં લીન થઇ ગઇ. પાંડવો દ્રૌપદીને લઇને

હસ્તિનાપુર આવ્યા અને ફરીથી સુખપૂર્વક રાજ્ય કરવા લાગ્યા.

દ્રૌપદી અંતઃપુરમાં બધા સુખોની વચમાં ઉદાસ બેઠી હતી. એને વારંવાર એવું લાગતું હતું કે એના કયા શુભાશુભ કર્મોનો ઉદય છે કે એને ફરી ફરી ઉંડી ખાઈમાં પડવું પડે છે. અને ફરી ફરી ધર્મની રક્ષા એને બચાવે પણ છે. એનું મન અનાયાસ જ આ રાજ્યવૈભવોથી ઉદાસ થઈ ગયું. એક દિવસ એ પાંડવોની સાથે ભગવાન નેમનીથના સમવશરણમાં પહોંચી અને પોતાના જીવનના આરોહ-અવરોહ અંગે જાણવાની ઉત્સુકતા વ્યક્ત કરી. સતી હોવા છતાં પણ પાંચ પતિનો મિથ્યા આરોપ સહેવો પડ્યો.

ભગવાન નેમનીનાથે સંક્ષેપમાં સમસ્ત જીવનના આરોહ-અવરોહના કારણભૂત કર્મોના, પૂર્વજન્મનો વૃતાંત સંભળાવ્યો.

"હે પંચાલી! પૂર્વ જન્મમાં તું સોમદત્ત નામના બ્રાહ્મણના પુત્ર સોમભૂતિની પત્ની નાગશ્રી હતી. તમારી સાસુ સોતિલા ચાહતી હતી કે તું અન્ય બે પુત્રવધુઓની માફક ધર્મનિષ્ઠ બને. પરંતુ તને કલહ પ્રિય હતો. ધર્મથી અરુચિ હતી. તારા પર સાસુના ઉત્તમ ધર્મવચનોનો પ્રભાવ ન પડ્યો. અરે! પાપ પંકમાં ડુબી ઈર્ષા, દ્વેષથી પાગલ તે ધર્મરુચિ નામના મહારાજાના આહારમાં ઝેર ભેળવી દિધુ જેનાથી એમનું તો સ્વયંભૂ સમાધિમરણ થયું. અને તમારી સમગ્ર નગરમાં ભર્ત્સના થઈ. તમારા માથે મૂંડો કરાવી ગધેડા ઉપર બેસાડી લોકોએ પત્થરો મારીને તમને ઘાયલ કરી દીધા. અંતમાં મહાભયંકર કૃષ્ટ રોગથી પિડિત થઈને તમારું મૃત્યુ થયું. અને નરકની વેદના સહી. ત્યાર પછી ઝેરી નાગણ બની કેટલીએ વાર ત્રસ-સ્થાવર યોનિ ધારણ કરી. અંતમાં ચંપાપુરમાં તુ ચંડાલીની બની. આ યોનિમાં ફરીથી તને શુભ સંયોગ મલ્યા. સમાધિગુપ્ત મહારાજા પાસેથી તને કુતૂહલ વશ ધર્મલાભનો યોગ મલ્યો. તમે મહારાજા પાસેથી પંચનમસ્કાર મંત્રને ગ્રહણ કર્યો અને મધ, માંસ, મધુનો ત્યાગ કર્યો. આ વ્રતારાધના કારણે એક ધની વૈશ્યના ત્યાં પુત્રીના રૂપમાં જન્મપ્રાપ્ત થયો. પૂર્વપાપોના કારણે તારા શરીરમાંથી નિરંતર દુર્ગંધ આવતી હતી. આથી તારું નામ દુર્ગંધા પડી ગયું. સર્વે તારાથી દુર્ગંધના કારણે દૂર રહેતા હતા. તું સૌની ઘૃણા પાત્ર હતી. તારા એ ભવના પિતાના ધન અને પ્રભાવના કારણે તારો વિવાહ એક ગરીબ, પરંતુ સુંદર વણિક પુત્ર જિનદેવ સાથે નક્કી થયો. પરંતુ પ્રથમ રાત્રિએ જ તારા શરીરની દુર્ગંધથી

ત્રાસીને જિનદેવ તને ત્યાગીને ચાલ્યો ગયો. આ અયોગ્ય મિલનને પોતાના અશુભ કર્મોનું પરિણામ સમજીને જિનદેવ ગૃહત્યાગીને ધર્મારાધનામાં લીન થઇ ગયો. તું ફરીથી પોતાની માતાના ત્યાં પરત આવી. માતાની સમજાવટથી તું પણ ધર્મધ્યાન તરફ ઉન્મુખ થઇ, તને એક આર્યિકાને પડગાહનનો શુભ અવસર મલ્યો, વૈરાગ્યભાવનો ઉદય થયો. તે દિક્ષા ગ્રહણ કરી અને યથાશક્તિ ધર્મારાધના કરવા લાગી.

એક વખત જંગલમાં વસંતસેના નામની વૈશ્યા પોતાના પાંચ લંપટ પ્રેમીઓની સાથે કેલિક્રીડા કરતા જોઇને ક્ષણભર તારું મન ચલિત થઇ એની સ્પર્ધા કરવા લાગ્યું. પરંતુ તે તરત જ આ પાપ વિચારને મનથી દૂર કરી દીધો. પંરતુ એ ક્ષણ તારા પાપબંધનું કારણ બની રહી. તે તપસ્વિની વેશમાં દૂર્ધરતપ કર્યું, અશુભ કર્મોનોક્ષય કર્યો અને અચ્યુત સ્વર્ગમાં સોમભૂતિ નામના દેવની દેવી થઇ, ત્યાં તે સ્વર્ગીય સુખોનો ભોગ કર્યો. ત્યાંથી તું મહારાજા દ્રુપદની દ્રૌપદી થઇ. સ્વર્ગના દેવ સોમભૂતિ જ તારા ધનુર્ધર અર્જુન છે. તારા ગયાભવના પૂણ્યોપાર્જનથી આ મહારાણી પદ મળ્યું. વૈશ્યાથી આશક્ત પાંચ લંપટોની ક્ષણિક સ્પર્ધાએ તને પાંચ ભર્તાની પત્ની હોવાનો અપયશ મળ્યો. આ પ્રકારે ભગવાને પાંચે પાંડવોના પૂર્વભવોનું વૃત્તાન્ત સંભળાવ્યું.

ભગવાનની ધારાવાહિક વાણીમાં પોતાના પૂર્વભવોથી સૌ જ્ઞાત થયા. દ્રૌપદી પોતાના પૂર્વભવોને જાણીને સંસાર પ્રતિ અધિક વિરક્ત થતી ગઇ. એકક્ષણની કુભાવના પણ કેટલી કષ્ટદાયક થાય છે. એની કલ્પનાથી ધ્રુજી ઉઠી.

પાંચ પાંડવોએ ધર્મ શ્રવણ પછી દ્રૌપદીની સાથે અનેક વ્રતોને ધારણ કર્યા. દ્રૌપદીએ આ સંપદાને તૃણવત ત્યાગ કરી જિનેશ્વરી દિક્ષા ધારણ કરી.

ઘનઘોર જંગલમાં હિંસક પશુઓની વચ્ચે, અન્નભોજનની કામનાથી મૂક્ત, સાધનામાં રત સાધ્વી દ્રૌપદીનું અલૌકિક રૂપ ધર્મના પ્રકાશથી વધુ તેજોમય થઇ ઉઠ્યું. એના મુખારવિંદ ઉપર અલૌકિક શાંતિ, સરલતા, મૃદુલતાના ભાવ ચમકવા લાગ્યા. ચરાચરના પ્રાણીયો પ્રત્યે દયા, ક્ષમા, કરુણાની ધારા પ્રવાહિત થવા લાગી. હિંસક પ્રાણી પણ એમના સામે દયાની ભાવનાથી ઓતપ્રોત થઇ જતા. તપસ્યારત આર્યિકાના કઠિન તપની ચર્ચા સર્વત્ર થવા લાગી. દેશ-દેશાંતરથી જ નહિ, સ્વર્ગલોકના દેવ, વિદ્યાધર એમના દર્શન કરી જીવનને ધન્ય માનવા લાગ્યા.

# તપસ્વિની સતી રાજુલ

ઉન્નત ગિરિશૃંગોથી શોભતો, વાદળથી વાતો કરતા, લીલીછમ વનરાજિથી આચ્છાદિત, વનરાજની વસાહત અને અધ્યાત્મની અહેલક જગાવતા સાધુ સંતો, ગરવા ગિરિરાજ ગિરનારની ગરિમાને ગૌરવ બક્ષતા હતા. આવી ગિરિ કંદરાઓની ગોદમાં વસેલું જૂનાગઢ સમગ્ર સૌરાષ્ટ્રમાં વેપાર શિક્ષણ અને સંસ્કૃતિનું કેન્દ્ર હતું. મહારાજા ઉગ્રસેન એમની ન્યાયપ્રિયતા અને પ્રજાવત્સલતા માટે જાણીતા હતા. સુખ સમૃધ્ધિથી સમૃધ્ધ એવો આ પ્રદેશ મુક્તિ સાધનના મથક સમો હતો.

ધજા-પતાકાઓ, તોરણ દ્વારોથી સજાવેલો જૂનાગઢનો રાજમહેલ રોશનીથી ઝગમગી ઉઠ્યો. દ્વાર દ્વાર પર સજાવેલી રંગોળી, મંગળ વાદ્યોની સુરાવલિ, બ્રાહ્મણોના સ્વસ્તિ આર્શીવચન અને ભાટચારણોના યશોગાનના આનંદના હિંડોળે ઝૂલતુ આખું યે જૂનાગઢ ઇન્દ્રપુરી જેમ શોભી રહ્યું હતું.

હા! આજે મહારાજા ઉગ્રસેન અને મહારાણી જયાવતીની યુવાન પુત્રી રાજુલ માટે દ્વારિકાનરેશ શ્રીકૃષ્ણ પોતાના કાકાના દિકરા ભાઈ નેમિકુમાર માટે સામેથી સગાઈનો પ્રસ્તાવ લઇ જૂનાગઢ પધાર્યા હતા. દ્વારકાનું રાજ્ય પણ સૌરાષ્ટ્રની ધરતી પર એટલી જ સુખ સમૃધ્ધિથી છલકાતું હતું. આવા સોનામાં સુગંધ ભળે. તેવા શુભ પ્રસંગે પ્રજા પણ રાજકુમારીના ભાગ્યને બિરદાવતી ઉત્સવ મનાવી રહી.

સાક્ષાત્ કામદેવનો અવતાર એવા મહારાજા સમુદ્રવિજયના પુત્ર નેમિકુમાર અપારશક્તિના ધારક હોવા છતાં સંસારથી વિરક્ત રહેતા. એકવાર ભાભી સત્યાભામા સાથે જળક્રિડા પ્રસંગે જ્યારે સત્યભામાએ એમની શક્તિને પડકારી તો એમણે શાર્ઙ્ગ નામના ધનુષ્યનો ટંકાર કર્યો જેના ધ્વનિથી આખું બ્રહ્માંડ ધ્રુજી ઉઠ્યું.

શ્રીકૃષ્ણએ પણ આ વાત જાણી, સમય ને સમજી સત્યભામાએ પોતાના પતિ શ્રીકૃષ્ણને કહ્યું, "હે સ્વામી! દિયરજીના મનમાં પહેલીવાર આવો રાગભાવ અંકુરિત થયો છે. આવી પરિસ્થિતિનો ઉપયોગ કરીને એમની સગાઇ કોઇ રૂપવતી ગુણવતી રાજકુમારી સાથે કરી દો." શ્રીકૃષ્ણને પણ આ

વાત યોગ્ય લાગી. એમણે જૂનાગઢના મહારાજા ઉગ્રસેનની પુત્રી રાજુલના રૂપગુણની પ્રશંસા સાંભળી હતી તેથી તેઓ સ્વયં સગાઇનો પ્રસ્તાવ લઇ જૂનાગઢ પધાર્યા.

"મહારાજ શ્રીકૃષ્ણ! આતો મારું સૌભાગ્ય છે કે તમે મારે ત્યાં પધાર્યા. મારી લાડલી દિકરીના પૂર્વ જન્મના મહાન પુણ્યનો ઉદય છે કે તેને નેમિકુમાર જેવા પતિ મળશે. હું આપનો પ્રસ્તાવ સહર્ષ વધાવી લઉં છું." શ્રીકૃષ્ણને રાજદરબારમાં યથાયોગ્ય સન્માન આપી તેમને ભેટી પડતાં ઉગ્રેસેને પોતાના ઉરનો ઉમળકો વ્યક્ત કર્યો.

સોરઠી ધરતીના શિરમોર સમા જૂનાગઢના નગરજનો આજ પ્રસંગની મંગળ વધાઇ મનાવી રહ્યા હતા.

જૂનાગઢના રાજઘરાનામાં રાજુલના લગ્નની તૈયારીઓ જોરશોરથી ચાલી રહી છે. સોડશી રાજુલનું રૂપ યૌવનની વસંતે શોભી રહ્યું છે. મુખ પર ઉગતી ઉષાની લાલિમા પથરાઇ છે. વાતવાતમાં લજામણીના છોડની જેમ આંખો લજાઇને ઝૂકી જાય છે. પૂર્ણિમાના ચંદ્ર શું ખીલેલ મુખમંડલ આસપાસ ચાંદની શી આભા પાથરી રહ્યું છે. મીન શા ચંચળ નયનો જેની પલકોની ચીલમન ઉઠી ઉઠીને ઝુકી જાય છે. ઉછળતા કૂદતા ઝરણાં જેવી ચાલે નદી જેવી મંથર ગતિ પ્રાપ્ત કરી છે. ક્યારે બાળ સહજ રમતો પૂરી થઇ? ક્યારે બાળપણે પોતાનો અચંળો ઉતાર્યો? ચૂપકીદીથી યૌવન પ્રવેશ્યું? ખડખડાટ હાસ્ય ક્યારે મધુર મુસ્કાનમાં પરિણમ્યું? તેનું રાજુલને પોતાને પણ ધ્યાન ન રહ્યું. સહેલીઓની મશ્કરી એને મીઠી લાગી રહી.

ધરતીની અપ્સરાશી રાજુલ સમક્ષ જ્યારે સહેલીઓ નેમિકુમારનું સૌંદય મઢ્યું શબ્દચિત્ર રજૂ કરતી ત્યારે એવા પતિને પામવાના વિચાર માત્રથી એના હૃદયના તાર ઝણઝણી ઉઠતા. હૃદય એક ધડકનને ચૂકી જતું. પ્રાણ-પ્યારાની શાબ્દિક છબી હૃદયપટલ પર અંકિત થતાં રાજુલ તેની કલ્પનામાં રાચતી. મનભરીને એકવાર એને નીરખવાની વ્યાકુળતા વધતી ચાલી. દિનરાત એ મનના માનેલાની પ્રતિક્ષામાં વીતતા. શમણામાં એજ રાજકુમાર આવી વસતો. હા! હવે એ દિવસ ઝાઝો દૂર ન હતો, જ્યારે એના મનનું મીત ગીત બની એને જીવન સંગીતની રસલ્હાણ કરશે, જીવન સંગીતની

સુરાવલિમાં એ ઝૂમી ઉઠશે. એનો ભવોભવનો સાથી એને જીવનસંગિનિ બનાવી એને સાથે લઇ જશે.

અરે! ક્યાં ખોવાઇ ગયા કુંવરીજી? શું અત્યારથી જ અમારી તરફથી મ્હોં ફેરવી લેવાનું છે? ખયાલોમાં ખોવાએલી રાજુલની મજાક કરતાં સહેલીઓએ કહ્યું. મનના મહાલયમાં વિહરતી રાજુલ એકાએક ચોંકી ઉઠી. પોતાનો બચાવ કરવા લાગી. છતાં એની આંખોએ એની માનસિક હાલતની ચાડી ખાઇ લીધી. આવા આનંદ-પ્રમોદ, હસીમજાકમાં દિવસો વ્યતિત થવા લાગ્યા.

રાજુલ આ સંયોગને પોતાના મહાન પુણ્યોદયનું ફળ માનતી. પંચપરમેષ્ઠિ ભગવાનની પૂજા-સ્તુતિ કરતી. એનું મન પ્રભુભક્તિમાં મગ્ન રહેતું. તેને હવે નેમિકુમારની કલ્પના છબ દેખાતી અથવા તો અરિહંત ભગવાનના દર્શનની ભાવના રહેતી.

પ્રિયતમની યાદમાં ખોવાયેલી રાજુલ ઉત્તમ ભાવિ જીવનની કલ્પના સરોવરમાં સ્વૈર વિહાર કરતી. દીકરીની સગાઇ નક્કી થયા પછી એ હવે પારકે ઘેર જશે એ વિચારથી માતા-પિતા પણ વ્યાકુળ હતા. પરિણામે અનરાધાર વરસતી માતાની મમતા અને પિતાના પ્રેમના વારિ એને ભીંજવી દેતા. આંખનું રતન, હૃદયનો ટુકડો જ્યારે અલગ થવાનો હોય, વિદાય લેવાનો હોય એવી દિકરીને જ્યારે વળાવવાની વેળા નજીક આવતી જાય ત્યારે ક્યા માતા-પિતા એને વાત્સલ્યના વારિથી ભીંજવ્યા વિના રહી શકે?

બે યુવાન હૈયાના મિલનની વિધિના એ શુભ દિનનો સૂર્ય આભલામાં ઉગ્યો. પૂરી જૂનાગઢ નગરી નવોઢાની જેમ સજાવવામાં આવી હતી. અબાલવૃધ્ધ સહુ પોતાની રાજકન્યાના સેંથામાં સિંદૂર પુરાવાની ઘડી માટે તૈયારી કરી રહ્યા હતા. જાનના સ્વાગતમાં કોઇ કમી ન રહી જાય એની ખેવના કરતા મંત્રીશ્વર તો વળી મહારાજા ઉગ્રસેન સ્વંય દરેકને યોગ્ય નિર્દેશન કરી તે કાર્યની ચકાસણી કરતા હતા. સમગ્ર નગરમાં વિવિધ સુશોભન, મંગલ વાદ્યોનો ધ્વનિ અને શરણાઇના સૂર રેલાઇ રહ્યા હતા. સૌભાગ્યવતી સ્ત્રીઓ મંગલ ગીત ગાઇ રહી હતી.

મહારાજા સમુહવિજય પોતાનો પરિવાર, સગાસંબંધી નગરજનો અને

ચતુરંગિણી સેનાને સજાવીને રાજસી ઠાઠમાઠ સાથે જાન લઇ આવી પહોંચ્યા. સુંદર રીતે સજાવેલી નગરીમાં એથી પણ ઉત્તમ વેશભૂષાની વિવિધતાવાળા જાનૈયાથી યુક્ત જાન જ્યારે જૂનાગઢના રાજમાર્ગો પરથી પસાર થવા લાગી તો જાણે સોનામાં સુગંધ ભળી. લાગે કે ઇન્દ્રલોક ધરતી પર ઉતરી આવ્યું. મહારાજા સમુદ્રવિજય, શ્રીકૃષ્ણ બલભદ્ર એમનો રાણીવાસ સૌના આકર્ષણ અને દર્શનનું કેન્દ્ર બન્યો. હાથીઓ ઉપર ઝૂલતી મખમલી ઝૂલો, ઘોડા પર બાંધેલા સુંદર જીનોમાં સોના ચાંદી અને હીરા-મોતીનું કામ એ ઝાકઝમાળ આંખોને આંજી દેતી. હાથી અને ઘોડાઓના પગ અને ગળામાં બાંધેલી સોના-ચાંદીની માળાઓનો રણકાર-વિશિષ્ટ સ્વર લહરી ઉત્પન્ન કરતો. બેંડવાજાના તાલ, નૃત્ય કરતા ઘોડા, એ સૂરમાં બાળકોનો હર્ષધ્વનિ તો વળી આનંદમાં ઝૂલતા વડીલોનો હાસ્ય ધ્વનિ, વાતાવરણને વધુ ઉમંગમય બનાવી રહ્યો.

માથા ઉપર ચમકતો રત્નજડિત મુકુટ, ગળામાં બહુમૂલ્ય માળાઓ, બાજુબંધ, રત્નજડિત મુદ્રિકાઓ વરરાજાના વેશમાં નેમિકુમાર કામદેવના રૂપને પણ ઝાંખુ પાડી રહ્યા હતા. ઝવેરાતની ચમક ઉપર પડતાં રોશનીના કિરણો પરાવર્તિત થઇ આંખોને આંજી દેતા. જાણે જળમાં પ્રતિબિંબિત થઇ રહ્યા હતા. એમની આંખોમાંના કાજલના વશીકરણમાં અટારીઓમાં ઉભેલી કુમારિકાઓ, મહિલાઓ મૂર્તિની જેમ સ્થગિત થઇ ગઇ હતી. એમના અનિમેષ નયનો નેમિકુમારના મુખ કમળના સૌંદર્યનું રસપાન ભ્રમર બની કરી રહ્યા હતા. ગાતા નાચતા જાનૈયાઓ જૂનાગઢના કિલ્લાની નજીક પહોંચ્યા ત્યારે... સખિઓની સાથે મહેલની અટારીએથી રાજુલે પોતાના પ્રિયતમની એક ઝલક જોઇ... રાજુલ જોતી જ રહી ગઇ. એની ચેતના શરીરમાંથી વહી નેમિકુમારમાં ભળી ગઇ. કાષ્ટની પ્રતિમાશી રાજુલ નીરખતી રહી. શું આટલો સુંદર પુરુષ હોઇ શકે? રાજુલ એક ઝલક માત્રથી તન મનથી ન્યૌછાવર થઇ ગઇ. હૈયું હાથમાં ન રહ્યું. નેમિકુમારની મનભાવન છબીને હૃદયમાં અંકિત કરી લીધી. એમના સૌંદર્ય તરવરતી યુવાનીએ એના અંગઅંગમાં, રોમરોમમાં હલચલ મચાવી દીધી. એમને સાક્ષાત્ મળવાની ઉત્કંઠા વધી ગઇ. મિલનની પ્રતિક્ષાની એક એક ક્ષણ યુગો જેમ વીતવા લાગી. અંતરની આકુળતા આજે પ્રથમવાર અકળાવનારી લાગી. એનો અહેસાસ આજે સતામણો લાગ્યો.

રાજુલ એકાએક ચમકી ગઇ. કોઇ એને ખભેથી હચમચાવી રહ્યું હતું. હા એ હતી એની પ્રિય સખીઓ. નેમિકુમારના ખ્યાલમાં ખોવાયેલી રાજુલ ભાનમાં આવી. પ્રિયતમને છુપાઇ છુપાઇને જોવાની ચોરી પકડાઇ ગઇ. રાજુલ લજાઇ ગઇ. સખીઓની મજાક મશ્કરી મીઠી લાગી રહી. હવે થોડી ક્ષણોનો જ સવાલ હતો. સમય થતાં લગ્ન વિધિ શરૂ થશે. હસ્તમેળાપના સમયે એનો હાથ એના નેમિકુમારના હાથમાં હશે. અને પોતે પોતાના પ્યારાની પ્રાણેશ્વરી બની જશે.

મહારાજા ઉગ્રસેન, સમસ્ત રાજા-મહારાજાઓ, સગા-સંબંધીઓ નગરજનો અને કુટુંબીજનો સહુ જાનમાં સ્વાગત માટે તૈયાર હતા. સૌભાગ્યવતી નારીઓના માથાપર મંગલ કલશ ચંદ્રમુખી દીપ જ્યોતિથી સુશોભિત થઇ રહ્યા હતા. બહુ મૂલ્ય વસ્ત્રાભૂષણોથી આભૂષિત ઉલ્લાસ સભર સ્ત્રી પુરુષો જાનના સામૈયા માટે, સ્વાગત માટે આતુર હતા. આતશબાજીથી ચમકતું ધમકતું આકાશ પણ પ્રસન્નતાના ભાગ સમુ બની રહ્યું હતું. જાનના સ્વાગત માટે, જૂનાગઢની સમસ્ત ચેતના પથમાં પ્રસન્નતાના પુષ્પો પાથરી પલકો બિછાવી તૈયાર હતી.

★ ★ ★

"મહારાજા! મહારાજા!" હાંફતાં હાંફતાં એક સૈનિકે કહ્યું.

"કહો શું વાત છે સૈનિક?" મહારાજા ઉગ્રસેને પૂછ્યું.

"મહારાજા! ગજબ થઇ ગયો...."

"શું થયું?" મહારાજ ઉગ્રસેને બેચેનીથી પૂછ્યું.

"મહારાજા.... વરરાજા....." પૂરી વાત સૈનિકના મુખથી નીકળી ન શકી.

"શું થયું.... વરરાજાને?" અનેક મુખથી જિજ્ઞાસા ભર્યો પ્રશ્ન ગુંજી ઉઠ્યો.

ત્યાં તો કેટલાક સૈનિકો અને નાગરિકો સામેથી આવતા નજરે પડ્યા. એમના ચહેરાનું નૂર ઉડી ગયું હતું. વેદના, ભય અને આશ્ચર્ય મઢ્યા મૂખેથી માત્ર "અન્નદાતા ગજબ થઇ ગયો." સિવાય કોઇ સૂર નીકળતો ન હતો.

"અરે ભાઇ વાત તો કરો? શું થયું છે? આમ બધા બદહવાસ શું થઇ ગયા છો?" મહારાજા ઉગ્રસેને પૂછ્યું. હકીકત જાણવા માટે મંત્રી-

મહોદયને મોકલ્યા.

"મહારાજા નેમિકુમાર પોતાનો રથ રાજમહેલને બદલે ગિરનાર તરફ લેવડાવી રહ્યા છે." ભીડમાંથી કળ વળતાં કોઈકે કહ્યું. ઉપસ્થિત સર્વેએ આશ્ચર્ય વ્યક્ત કર્યું.

"હા મહારાજ...."

"એવું શા માટે?" મહારાજા ઉગ્રસેન વ્યગ્રતાથી, આગળ વધી પૂછ્યું. સામેથી મંત્રીજી પરત આવતાં ધૈર્યધારણ કરવાનો નિરર્થક પ્રયાસ કરતાં આંખમાં આંસુ સાથે કહ્યું.

"મહારાજા સાચી વાત છે. મહાઅનર્થ થઈ ગયો. નેમિકુમાર ગિરનાર તરફ તપસ્યા માટે જઈ રહ્યા છે.

"શું કહો છો મંત્રીવર" મહારાજાને મંત્રીના આ કથન પર વિશ્વાસ નહોતો આવતો.

"હા મહારાજા, આ સત્ય છે. જાન પસાર થઈ રહી હતી ત્યારે રસ્તામાં સાંજના ભોજન માટે વધ કરવા માટે પશુઓ વાડામાં બાંધેલા હતા. આ પશુઓનો કરુણ પોકાર અને એમની આંખોમાંથી વહેતા આંસુને જોઈ વરરાજા નેમિકુમારે રથને ઉભો રખાવ્યો. સારથિ દ્વારા પશુઓના બંધન રુદનનું કારણ જાણવા માગ્યું. જ્યારે એમણે જાણ્યું કે આ પશુઓનો વધ જાનૈયાઓના અને મહેમાનોના ભોજન માટે કરવાનો છે ત્યારે એમની પોતાની આંખોમાંથી પણ આંસુ વહેવા લાગ્યા." લોકો કે જેમણે એ સમયે એમને સાંભળ્યા તેઓએ જણાવ્યું કે એમણે એટલું જ કહ્યું, "અરે, મારા વિવાહના નિમિત્તે, લોકોની જિહવાની લાલસા માટે આટલાં બધાં નિર્દોષ પશુઓનો વધ, આ બિચારા તો જંગલની શોભા છે. કોઈના દુલારા છે. શા માટે મનુષ્ય પોતાની જીભના સ્વાદ માટે આવા ભોળાં પશુઓનો વધ કરે છે? ધિક્કાર છે મને. જો હું એમના મૃત્યુ માટે નિમિત્ત બનું." આવું આત્મકથન કહેતા કહેતાં જ એમણે સારથિને રથને ગિરનારની ગિરિકંદરાઓ તરફ વાળવાનો આદેશ આપ્યો.

"પછી?.... શું કોઈએ તેમને આમ કરતાં રોક્યા નહીં.?" આંખમાં આંસુ સાથે મહારાજાએ પૂછ્યું.

"હા, મહારાજા સમુદ્રવિજય, મહારાણીજી, શ્રીકૃષ્ણજી, સત્યભામા સર્વ આમંત્રિત રાજા, મહારાજા, સગા-સંબંધીઓ મિત્રો સર્વ સમજાવતા રહ્યા. ક્ષત્રિય પરંપરા બતાવતા રહ્યા. માતા-પિતા રડતા રહ્યા. પરંતુ સર્વ રૂદન નિરર્થક સાબિત થયું". રાજુલની પણ વાત કરી. છતાં એમણે ખૂબ દૃઢતાથી કહ્યું, "પિતાજી-માતાજી, ભાઈશ્રી શ્રીકૃષ્ણ આપ સહુ મોહમાયાથી આવી વાત કરી રહ્યા છો. આપ સહુનો પ્રેમ મારા આ નશ્વર દેહથી છે. હું સમજી ચૂક્યો છું કે મૃત્યું જ અંતિમ સત્ય છે. જન્મ-મરણ ઉપર વિજય પ્રાપ્ત કરવો એજ શાશ્વત સત્ય છે. હું રાજુલને તો નથી વરી શકતો પરંતુ કર્મોનો ક્ષય કરીને મોક્ષ લક્ષ્મીનું વરણ જરૂર કરીશ. હું આભારી છું એ મૂક પશુઓનો કે જેમણે મને આ રાગમય, દુઃખમય સંસારના ભવભ્રમણથી છૂટવા માટેના નિમિત્ત બન્યા. હું આપ સૌનો ક્ષમાપ્રાર્થી છું. મારા કારણે આપને દુઃખ થઈ રહ્યું છે. પરંતુ આ જ મારું લક્ષ્ય છે. આવું કહેતાં તેઓ સારથિને ગિરનાર તરફ ચાલવાનો આદેશ આપી ચૂક્યા હતા."

મહામંત્રી વાક્ય પુરુ કરે એ પહેલાં મહારાજા ઉગ્રસેન મૂર્છિત થઈ ઢળી પડ્યા. સેવકો એમને ઉઠાવી અંતઃપુરમાં લાવ્યા. મહારાણી માયાવતી પણ આ સમાચાર સાંભળી ત્યાંજ બેહોશ થઈ ગયા. પુરા નગરમાં હાહાકાર મચી ગયો. સમગ્ર પ્રજા દિગ્મૂઢ બની ગઈ. ક્યાંય ક્યારેય આવું સાંભળવામાં આવ્યું નહોતું. અરેરે... રાજુલનું આવું કમનસીબ ક્યાં વિવાહ અને ક્યાં વૈરાગ્ય? સ્ત્રીઓ વ્યાકુળ થઈ પોતાની રાજકુમારીના આવા ભાગ્ય ઉપર દુઃખ વ્યક્ત કરી રહી. કેટલાક જાનના પસાર થવાના માર્ગે પશુ બાંધવાવાળાઓને ધિક્કારી રહ્યા હતા. સહુના મુખેથી અલગ અલગ મંતવ્યો રજૂ થતા હતા. છતાં સહુ એટલા વ્યથિત હતા કે કોણ કોને સમજાવે? પરિચારિકાઓ મહારાજા-મહારાણીની સેવામાં લાગી ગઈ હતી. હસી મજાકની ક્ષણો મૌન સન્નાટામાં પરિવર્તિત થઈ ગઈ દરેકના મુખ પર માતમ છવાઈ ગયો. વિધિની કેવી વિચિત્રતા?

હા અને રાજુલ.... જાણે પથ્થરની પ્રતિમા દિગ્મૂઢશી રાજુલને સખીઓ વીંટળાઈ વળી. સ્મશાનવત્ શાંતિ છવાઈ ગઈ. રાજુલની સ્થિતિ જોઈ કોઈ એને બોલાવવાની હિંમત ન કરી શક્યું.

કેટલીક ક્ષણો એમ જ વહી ગઈ. ઉપચાર પછી મહારાજા અને મહારાણીજી હોશમાં આવ્યા. મહારાજા, મહારાણી, મંત્રીગણ સ્વજનો, નગરજનો, અરે... જાનૈયા સુધ્ધા સજાવેલા લગ્નમંડપને ચિત્રવત્ નીરખી રહ્યા. સહુનો એકજમત હતો કે હજુ રાજુલ કુંવારી છે. લગ્નમૂહૂર્ત વીતી ગયું નથી તો આ શુભ મૂહુર્તમાં જ રાજુલનું પાણિગ્રહણ યોગ્ય રાજકુંવર સાથે કરાવી દેવામાં આવે.

આખરે મહારાણીએ મનને મક્કમ કરી રાજુલને સમજાવવાનો નિશ્ચય કર્યો. એ રાજુલના ઓરડામાં ગયા. મહારાણી રાજુલના ઉદાસ, ફિક્કા ચહેરાને જોઈ દ્રવી ગયા. એમની ભાવનાના ઉભા પાક પર જાણે હિમ પડ્યું. દુઃખી હૈયું દિકરીને વળગી નયનોમાંથી નીર વહાવી રહ્યું. આ દૃશ્ય ઉપસ્થિત સહુના હૈયાને વલોવી રહ્યું. સખીઓના હૃદયબંધ છૂટી ગયા. પરાણે અટકાવેલા આંસું વાદળબની વરસી રહ્યા. માતાના બાહુપાશમાં રાજુલની આંખો છલકાઈ છતાં ચહેરા પર કોઈ દૃઢ નિશ્ચય ચમકી રહ્યો.

"દિકરી આ શું થઈ ગયું? કેવા પાપકર્મોનો આવો ઉદય? દિકરી હું ઈચ્છું છું...." મહારાણીના મુખમાં આગળના શબ્દો અટવાઈ પડ્યા. દિકરી પાસે અંતરની વાત કરવાની ક્ષમતા પણ મા એ ગુમાવી દીધી. રાજુલ અનિમેષ નયને માતાના મુખારવિંદને જોવા લાગી એના અંતરની આરઝુને કળવા લાગી.

"દિકરી અમારા સહુની ઈચ્છા છે કે આ મૂહૂર્તમાં જ કોઈ યોગ્ય રાજકુમાર સાથે તારા લગ્ન કરી દઈએ. તારા પિતાજી તેમજ સ્વજનોની પણ આજ આકાંક્ષા છે." આમ કહેતાં કહેતાં હૈયું કઠણ કરી રાજુલના ચહેરાને વાંચવા મથી રહ્યા મહારાણી.

ગુમસુમ રાજુલ અંતરમાં ઘોળાતા આઘાતને અંતરમાં જ અંદર સમાવી અનિમેષ તાકી રહેલી રાજુલનું મૌન સહુને અકળાવનારું લાગતું હતું. જીવીત શબ સમી રાજુલને કોઈપણ ઉપાયે બોલાવવા, રડાવવા પ્રયત્ન કરી રહ્યા.

"બોલ બેટી, અમે તારો અભિપ્રાય, તારી ઈચ્છા જાણવા માગીએ છીએ."

મહારાજા ઉગ્રસેન પણ પરાણે ધૈર્ય ધરી ત્યાં પધાર્યા રાજુલને જોઈ રોકેલા અશ્રુ વહેવા લાગ્યા. છતાં લાગણીના આવેગને રોકી મનને સંયમિત

કરી બોલ્યા "દિકરી તમારી માતા ઠીક કહે છે." જવાબ આપો દિકરી. રાજુલ ચૂપ. માત્ર વિસ્ફરિત નેત્રે સહુને નિરખતી રહી. વળી પાછું ક્ષણ બે ક્ષણ મૌન પથરાયું.

"પિતાજી, માતાજી આ વાત સંભવ નથી." રણકતા દૃઢતા ભર્યા સ્વરમાં રાજુલે જવાબ આપ્યો.

"પરંતુ બેટી શા માટે?" મહારાજા અને મહારાણી બંને એકી સાથે બોલી ઉઠ્યા.

"પિતાજી મારું લગ્ન તો એમની સાથે થઇ ચૂક્યું જે જાન લઇને આવ્યા હતા. મારા ભાગ્યમાં લગ્નસુખ હોત તો એ આવીને પાછા ન જાત."

"પરંતુ દિકરી તમારું પાણિગ્રહણ તો થયું નથી. મંગલ ફેરા ફરાયા નથી તો એ લગ્ન કેવું? તારી સમક્ષ પુરી જીંદગી પડી છે માટે દિકરી અમારી વાત માની જા."

"મા, શું અગ્નિની સાક્ષીએ ફેરા ફરવા એજ પાણિગ્રહણ છે? લગ્ન તો મનથી મનનો મેળાપ છે. આત્મસમર્પણ છે. એ માત્ર બે શરીરનું જ નહીં પરતું બે આત્માનું મિલન છે. હું જેને મનથી વરી ચૂકી છું. એના સિવાય બીજા કોઇનું આ હૃદયમાં સ્થાન ન હોઇ શકે. મા, હું ભારતીય નારી અને વળી ક્ષત્રિય કન્યા, એક ભવમાં બે ભવની કલ્પના પણ ન કરી શકું. માટે મને મજબૂર ન કરો."

"પરંતુ દિકરી જે પતિનું તે મુખારવિંદ પણ નથી નીરખ્યું પછી એના માટે જીદ શી? કુંવારી કન્યા માટે સો ઘર અને સો વર. તારી વિવાહ વિધિ નથી થઇ તું કોઇપણ રાજકુંવર સાથે લગ્ન કરી શકે છે. એમાં કંઇ પણ ખોટું નથી. જીવનને ભાવુકતાથી નહીં પણ વાસ્તવિકતાથી વિચારો દીકરી." પિતાજીએ પુત્રીને પ્રેમથી સમજાવવાનો પ્રયત્ન કર્યો.

"પિતાજી, એમનું મુખ ભલે મેં ના જોયું હોય પરંતુ એમના મુખની કરુણા અને મમતાની કલ્પના હું કરી શકું છું. એમના દિલની દયાને ઓળખી શકું છું. એમની અંતરની મુક્તિવધૂને વરવાની ભાવનાને જાણી શકું છું. પિતાજી, દેહ સુખથી ઊંચું આત્માનું સુખ છે. જેનું વરણ એમણે કર્યું છે.

હું પણ ભાવુકતાથી નહીં પણ વાસ્તવિકતાથી વિચારું છું. કે આ નશ્વર દેહથી અધિક આત્માના પરમસુખ માટે એમનું આ મહાભિનિષ્ક્રમણ જ સાચું છે. જો એ સર્વસ્વ ત્યાગીને તપસ્યા માટે જઇ શકે છે તો શું હું આ રાજમહેલ નહીં છોડી શકું?" દૃઢ નિશ્ચયનો રણકાર સરી પડ્યો રાજુલના મુખેથી.

મહારાજા, મહારાણી અને સાંભળનાર સહુ રાજુલનો આ નિશ્ચય સાંભળી કંપી ઉઠ્યા. મહારાણી રાજુલને વળગી રડી રહ્યા. મહારાજ ઉગ્રસેન પણ આંસું લૂછવા લાગ્યા. ફક્ત એટલું જ બોલ્યા "દિકરી જરા શાંતિથી વિચારી જવાબ આપ." આમ કહી રાજુલને એકાંતમાં વિચારવાનો સમય આપી સહુ ત્યાંથી બહાર આવ્યા.

જ્યારે રાજુલ એકલી પડી ત્યારે એના હૃદયના બંધ છૂટી ગયા. નયનોના નીર એને ભીંજવવા લાગ્યા. એ વારંવાર વિચારવા લાગી, "અરે પશુઓનો કરુણ અવાજ, એમની આંખોની અશ્રુધારા એમને દ્રવિત કરી ગઇ પરંતુ શું એમને મારા અશ્રુઓનો થોડો પણ ખ્યાલ ન આવ્યો? એ આત્મસિધ્ધિની સાધના માટે ચાલ્યા ગયા તો શું હું સાથે ન જાત? મને એટલી ડરપોક માની? મને એકવાર તો તેમણે કહેવું હતું. અરે.... મને સંદેશો મોકલાવ્યો હોત કે ભય, મૃત્યુથી ત્રસ્ત આ સંસાર માટે, અમરતાનું, મુક્તિનું અમૃત શોધવા જઇ રહ્યા છે, તો શું હું એમને સાથ ન આપત? મને અબળા સમજી લીધી. જાનતો ચાલી ગઇ પરંતુ મારા જીવનને અંધકારમય બનાવતી ગઇ. અરે વિધિની આવી વિચિત્રતા? જેના દર્શન માટે આંજેલું આંજણ આંખોમાંથી અશ્રુઓ સાથે વહી વસ્ત્રોને મલિન બનાવી રહ્યું છે. નયનોમાથી અશ્રુઓ વરસી રહ્યા છે. જાણે નયનોને માત્ર આ વર્ષાઋતુ જ પસંદ આવી રહી છે."

હૃદયનો ઉકળાટ અશ્રુઓમાં વહી જતાં રાજુલે તટસ્થતાથી વિચારી રહી. એના મનમંદિરમાં બિરાજેલ નેમિનીમૂર્તિ સાથે જાણે વાર્તાલાપ કરી રહી.

"અરે નાથ! હું કેટલી અભાગી છું. તમે જાગીને ચાલ્યા ગયા અને હું તો નિંદ્રાધીન જ રહી ગઇ. આપના દેહના લાલિત્યમાં રાચતી રહી. પરંતુ અંદર બિરાજમાન મહાન આત્માને જાણી ન શકી. મિલન સુખની કાલ્પનિક વાસનામાં જ ઘેરાયેલી રહી. આપની એ ભોળી સૂરત, ઢળેલી નજરો,

વાંકડિયા વાળ, એક જ નજરમાં મારા સજળ નયનોમાં ધૂંધળી તસ્વીર બનીને છવાઇ ગઇ છે. હા એ ક્ષણિક દૃષ્ટિ.... ચિરપરિચતિ દૃષ્ટિ.... જાણે આપણા જન્મજન્માંતર સંબંધની સાક્ષી બની. કદાચ હું આપના ચરણ કમળની ધૂળ મસ્તક પર ચઢાવી શકી હોત તો એ અક્ષય સિંદુર બની જાત.

હું તો હવે વેરાન વાટિકા જેવી રહી ગઇ છું. રસ્તામાં લૂંટાયેલ મુસાફર જેવી મારી હાલત થઇ ગઇ છે. આપની કલ્પના એજ મારે જીવનાધાર બની ગયો છે. ખેર... ધન્ય થઇ ગયા, મુક્ત થઇ ગયા એ પશુઓ. હું તો એ કરુણા અને મુક્તિથી પણ વંચિત રહી ગઇ.

નાથ, તમને કઠોર કહેવા વાળા, નિષ્ઠુર માનવાવાળા પણ ખોટા સાબિત થયા. તમને તો પશુઓના આંસુઓએ એમના કરુણ પોકારોએ પીગળાવી દીધા. તમને નારીથી પણ નિર્બળ કહેનારા ને સાચી સબળતાની સમજ નથી. આટઆટલો વૈભવ સુખવગવડો, રાજસી ઠાઠમાઠનો ત્યાગ કરી એક જ ક્ષણમાં સર્વસ્વને ઠોકર મારી નીકળી જવું એ શું કમજોર વ્યક્તિનું કામ હોઇ શકે? તમે તો નારીના રૂપમાં માત્ર મા ના જ દર્શન કર્યા હતા પત્નિ ક્યાં જોઇ હતી?

લોકો પણ કેવા છે? મારી સખીઓ અને સહુકોઇ જૂનાગઢ વાસી ઇચ્છે છે કે મારા સેંથામાં બીજા કોઇનું સિંદુર ભરી લઉં. પરંતું જ્યાં તન મનથી તમને વરી ચૂકી છું તો આ ક્યાંથી શક્ય બને? હું અન્યકોઇને તમારા સ્થાને કઇ રીતે પ્રસ્થાપિત કરી શકું? જ્યાં મારું રોમરોમ માત્ર મારા નેમિમય બની ચૂક્યું છે ત્યાં મારી પાલખી જશે તો ગઢ ગિરનાર જ. બાકી બીજે ક્યાંય જઇ નહીં શકે.

"દ્વાર કલશના બહુમુખી દીપક મારા પથને પ્રકાશિત કરશે. એ પ્રકાશ પૂંજના ઉજાસમાં હું મારા નેમિની પથાનુગામિની બનીને એ પથ ઉપર આરુઢ થઇશ."

રાજુલની વિચારધારા વધુ મક્કમ બની.

"હું આ સંસારના બંધનોને ત્યાગી ગિરનારની ગિરિશૃંખલાઓમાં એમની પથાનુગામિની બનીશ. હા... પિતાજી માતાજી સગાસંબંધી સહુ મને જંગલની ભયાનકતા, તપની જ્વાલાથી ભયભીત બનાવશે પરંતુ હું... કોઇ

પણ વાતથી ડરીશ નહીં. દેહની મમતા ત્યાગી એમની પત્નિ ન બની શકી પરંતું એમની પથાનુગામિની શિષ્યા બનીશ. રાગી હૃદયોને તડપાવવાવાળી વર્ષા, વસંત, હેમંત, શરદ, શિશિર જેવી ઋતુઓ પર હું મારું આધિપત્ય સ્થાપિત કરીશ. તપનું મેઘધનુષ્ય જીવનાકાશને શોભવશે. ઘનઘોર શ્યામઘન મને મુક્તિપંથનો સંદેશો આપશે. શિશિરની ઠંડી તપસ્યાના તાપથી ઓગાળી દઈશ. આતપના તાપને કરુણાના જળથી શીતળ કરી લઈશ.

આમ અર્ધ વિક્ષિપ્ત અવસ્થામાં ભાવનાઓના પ્રવાહમાં પ્રવાહિત રાજુલ ભાવિની ભીતરમાંથી પ્રેરણાનો પ્રકાશપૂંજ મેળવી રહી. સૂર્યોદયથી અંધકાર નષ્ટ થાય, કાસારમાં કમળ ખીલે તેમ તેના જીવનનો અંધકાર દૂર થયો ચહેરા પર અનન્ય, નિર્ધારનું તેજ ચમકવા લાગ્યું. નવવધૂનો શણગાર ત્યજી શ્વેત વસ્ત્રો ધારણ કર્યા. અંતરમાં અપાર શાંતિનો આવિર્ભાવ થયો.

દ્વાર ખૂલ્યા. સહુને રાજુલના નિર્ણયની ઉત્સુકતા હતી. માતા-પિતા ઈચ્છી રહ્યા હતા એમનો વિશ્વાસ હતો કે રાજુલ ભાવુકતા છોડી લગ્ન માટે તૈયાર થશે જ.

અરે... પણ આ શું? શીતળ ચાંદની જેવી શ્વેત વસ્ત્રધારિણી રાજુલ કે જેના ચહેરા પર નિર્ભિક શાંતિ આંખોમાં કરુણાનો સાગર લહેરાતો હતો. તેને જોતાં સહુ અવાક્ થઈ ગયા. માતાનું હૃદય જાણે ફાટી ગયું. ચહેરા પર શૂન્યતા છવાઈ. ધીર ગંભીર સ્વરમાં સહુની આજ્ઞા માંગતાં રાજુલે કહ્યું.

''પિતાજી, માતાજી, મારા વડીલો, સખીઓ આપ સૌ શોક છોડી દો. અનંત યુગોથી સંસારના આવાગમનના દુઃખોને આપણે ભોગવી રહ્યા છીએ. સમસ્ત દુઃખોનું કારણ દેહ પરનું મમત્વ છે. દેહ પુદ્‌ગલ છે, નશ્વર છે અનિત્ય છે. અરિહંત પ્રભુ સિવાય કોઈ સાચો સાથી નથી. અનંત જન્મોમાં માતા-પિતા સગા સંબંધી સહુ મળ્યા ના મળી એક સંસારથી મુક્તિ. સાચું સુખ જન્મમરણથી મુક્તિ પ્રાપ્ત કરવામાં છે. હું નેમિ-પ્રભુના માર્ગે ચાલી તપસ્યાની અગ્નિથી મારા આત્માને નિખારીશ. ક્રમે ક્રમે કર્મોનો ક્ષય કરી નારી પર્યાયને છેદીને પુરુષ દેહની પ્રાપ્તિ કરીશ અને દિગંબરી દિક્ષા દ્વારા મુક્તિવધૂને પામીશ.

અનેક ભવોમાં આપણે અનેક સંબંધથી મળ્યા જુદા પડ્યા. મોહનીય

કર્મના કારણે ક્ષણિક સુખદુઃખમાં જ સુખી-દુઃખી થતા રહ્યા. આજે મારા અંતરમાં સત્યનો ઉજાસ પ્રગટ્યો છે મહામૂલા માનવ દેહ દ્વારા આત્મોન્નતિના ભાવ જાગ્યા છે ત્યારે આપ સહુ મને એવા આશીર્વાદ આપો કે હું મારા સંયમમાં અડગ રહી દેહથી દેહાતિત બની શકું.

સમગ્ર સુખ-વૈભવનો ત્યાગ કરી મંથર ગતિથી રાજુલના કદમ જંગલ તરફ વળ્યા. સહુ દિગ્મૂઢ શા જોતાં જ રહી ગયા. કોમલાંગી રાજુલના કષ્ટોની કલ્પનાથી એમના હ્રદય વલોવાવા લાગ્યા છતાંય વાતાવરણમાં ગૂંજતા વિલાપના સૂરની ખેવના કર્યા સિવાય રાજુલના કદમ ગિરનારની ગિરિ કંદરાઓ તરફ આગળ વધ્યા.

રાજુલના પાવન ચરણ જેમ જેમ આગળ વધતા ગયા તેમ તેમ પ્રકૃતિ એના પથમાં સ્વાગત પુષ્પો પાથરતી રહી. ગિરિશૃંગોના પથ્થરોથી ટકરાઈને આવતો પવન પોકારનો ધ્વનિ સર્જી રહ્યો. વૃક્ષોની નમેલી ડાળીઓ એના સ્વાગતમાં પલકો ઝૂકાવી રહી. પક્ષીઓ ચહકાર દ્વારા એના આગમનના ગીત ગાઈ રહ્યા, વહેતા ઝરણાનો કલકલ નાદ સ્વાગત સંગીત સર્જી રહ્યો, પ્રકૃતિની ખુલ્લી પુસ્તિકા જીવનના સત્યને ઉદ્ભાસિત કરી રહી, પથમાં પડેલા કાંટા પણ રાજુલ માટે પુષ્પશા બની રહ્યા, કારણ મોક્ષમાર્ગની પંથિનીને ક્યાં ખબર હતી કે પગમાં શું ભોકાય છે? શરીરને થાક લાગે છે, એતો ઊડી રહી હતી ઉરના ઉમંગે, પ્રિયતમના સાનિધ્ય માટે. જે સાનિધ્યમાં હતું આત્માનું સુખ, મુકિત પથનો પ્રકાશ પૂંજ, રાજુલ પાસે હતું માત્ર તપ આરાધનાની પ્રસ્તુતિનું સૌંદર્ય.

ચાલતાં ચાલતાં રાજુલ ઘનઘોર જંગલમાં જંગલી પશુઓની વચ્ચેથી નિર્ભયરીતે ત્યાં પહોંચી ગઈ જ્યાં નેમિપ્રભુ દેહથી દેહાતીત થવા આત્મામાં સ્થિર થઈ ચૂક્યા હતા. ચહેરા પર ચમકતી સહજ સરલતા, નિષ્પરિગ્રહી દિગંબર વેશ અને અંતરના નિષ્પાપ ભાવોથી સ્વમાં રમણ કરતા સાધુને (નેમિપ્રભુને) નીરખી જંગલના હિંસક પશુ પણ સરલ બની ગયા. એ પશુઓની આંખોમાં હિંસકતાની જગ્યાએ મૈત્રીના ભાવ ઝળકી રહ્યા. એમના દર્શન થતાંજ રાજુલના નયન અશ્રુઓનો અર્ધ આપી રહ્યા. નિર્વિકાર શિષ્યાભાવથી ચરણોમાં વંદના કરી એના નયન એ પાવન પાદપંકજમાં જાણે બંધાઈ ગયા. એનું હ્રદય પોકારી પોકારીને એજ તો યાચના કરી રહ્યું હતું

કે હે નાથ! શું હું એ મૂક પશુઓથી પણ અભાગિનિ છું. કે જેમને તો કરુણાનો સાગર પ્રાપ્ત થયો. એ કરુણા સિંધુમાંથી માત્ર બિંદુ પણ મેળવી શકીશ તો પણ હું ધન્ય બની જઈશ. પ્રભુ! આપના આ સામ્રાજ્યમાં કોઈ બંધન નથી. મુક્તિના આનંદને હું માણી શકું છું. એનો અનુભવ કરી શકું છું. દેહથી ભિન્ન, વિશાળ, વિસ્તૃત, સ્વતંત્ર નિષ્કામ, અક્ષય, અનંત અવ્યયી આત્માના દર્શન થાય છે.

હે સ્વામી! તમારી પથાનુગામિનિ બની, સિધ્ધત્વની સાધનામાં સફળ થઈ મુક્તિકંથને વરીશ એજ તમારી સાથેનું સાચું મિલન હશે. આમ પ્રભુની નવધાભક્તિમાં આત્મભાવને વ્યક્ત કરતી રાજુલ એમના મૌન દિવ્ય સંદેશ એને કહી રહ્યો છે...

હે સંસારી પ્રાણિઓ! દુઃખ દારિદ્રના મગરમચ્છથી ભરેલા આ સંસાર સાગરને પાર કરવા, ધર્મની નૈયા જ એકમાત્ર આધાર છે. એના દ્વારા જ મુક્તિ કિનારા સુધી પહોંચી શકાય છે.

પ્રત્યેક પ્રાણીને પોતાના કર્મોનું ફળ ભોગવવું જ પડે છે. વ્યક્તિ સ્વયં પુરુષાર્થ કરી, સાધના કરી, કર્મોનો ક્ષય કરી. મુક્તિને મેળવી શકે છે. મનુષ્યમાંથી ભગવાન, સિદ્ધ બની શકે છે. સુખવાંચ્છુઓએ સંસારમાં આવાગમનનું ચક્ર વિંધવું જ પડશે. સંસારની અસારતાને સમજીને મોહના બંધન કાપવા જ પડશે. બાર વ્રતોને અંગીકાર કરી એને આધાર બનાવી આગળ વધવું જ પડશે. મનુષ્ય પાંચવ્રતોનું અણુરૂપથી પણ પાલન કરે તો એ મહાવ્રતી બની શકે છે. આત્માના સાચા ધર્મના ક્રમશઃ ઉત્તરોઉત્તર દશ લક્ષણોનો વિકાસ છે. ક્ષમાથી બ્રહ્મચર્ય સુધીની યાત્રા મોક્ષપથના પથિકની વિકાસ યાત્રા છે.

આ પ્રકારની મૂક પ્રેરણાએ રાજુલના અંતરને ઝગમગાવી દીધું. એ અંતર પ્રકાશના અજવાળે એક ગુફામાં ૐ નમઃ સિદ્ધેભ્યઃ નું ઉચ્ચારણ કરી પદમાસન વાળી ધ્યાનસ્થ થઈ ગઈ.

દિન પ્રતિદિન તપસ્યાની ઉચ્ચ ધરાતલ તરફ ઉર્ધ્વગામી બની ગઈ રાજુલ. હૃદયના સમસ્ત સંસારી ભાવ, અગ્નિમાં સોનું તપે તેમ તપસ્યાની આગમાં ભસ્મીભૂત થઈ ગયા. અતીત ઓગળી ગયો. રાજુલ, નામ નામશેષ

થઇ રહ્યું. અહમ્‌નું વિસર્જન થતાં ઝગમગી ઉઠી આત્મજ્ઞાનની દિવ્ય જ્યોતિ.

નવ નવ ભવની પ્રીતને દસમાં ભવમાં આત્મસિધ્ધિના ચરમ બિંદુ સુધી પામવાનો પુરુષાર્થ કરતા, ગિરનારના ગિરિશૃંગ પર આત્મસાધનમાં લીન નેમિપ્રભુના અને ગિરિગુફામાં આત્મોન્નતિના ધ્યેયમાં તરબતર આર્યિકા રાજુલમતિના દર્શન એ જૂનાગઢ કે સૌરાષ્ટ્ર જ નહિં પરંતુ દેશદેશાવરના લોકો માટે પણ જીવનનો અપૂર્વ લહાવો હતો. એ પ્રેરણા સ્ત્રોતમાંથી સહુ ભાવિ અધ્યાત્મ પ્રગતિ માટે આચમન મેળવતા.

આજે લાખો વર્ષો પછી પણ એ તીર્થભૂમિમાં આત્મસિધ્ધિનો સમીર વાય છે. એમના પવિત્ર પાદચિન્હો જાણે ત્યાંની રજેરજમાં કણકણમાં દષ્ટિગોચર થાય છે ત્યારે ત્યાંની વંદના કરતાં આંતરમન અલૌકિક આનંદથી ઉભરાય છે.



# યુગપ્રવર્તિની ચંદનબાળા

અંધારી કોટડીમાં ઉજાસનો અવકાશ થતાં ત્રણ-ત્રણ દિવસની ઉપવાસી અર્ધબેભાન એવી ચંદનબાળાનાં ચિત્તમાં ચેતનનો સંચાર થયો. ઉરમાં આશાનું કિરણ પ્રગટ્યું. ભક્તિભાવથી જિનેન્દ્રદેવને વંદન કરી, મનોમન વિચારી રહી.

"અશુભ કર્મથી આવેલો ઉપસર્ગ દૂર થવાની તૈયારીમાં છે. ત્યારે મુનિરાજની પડગાહના કરી તેમને આહાર કરાવી પછી જ હું અન્નજળ ગ્રહણ કરીશ." અંતરથી આવી દૃઢ પ્રતિજ્ઞા કરી કોટડીના ઉંબરે મુનિરાજની પ્રતિક્ષા કર રહી. પ્રતિક્ષા કરતાં કરતાં ચેતન ચિત્ત અતીતની પાંખે ઉડવા લાગ્યું. અતીતની એક-એક ઘટનાનું ચિત્ર માનસપટ પરથી પસાર થવા લાગ્યું.

કોશામ્બી નગરીની ગગનચુંબી ઈમારતો, ધજાપતાકાથી શોભતો રાજપ્રસાદ, વન-ઉપવનથી સુશોભિત, સાધન સંપત્તિને છલકાવતા સમૃદ્ધ બજારો પ્રજાની સમૃદ્ધિના દ્યોતક હતા. ધર્મપ્રિય, પ્રજાવત્સલ મહારાજા, દધિવાહન અને તેમની ધર્મિષ્ઠ, શીલવંતી, વાત્સલ્યમૂર્તિ મહારાણી પ્રિયધારીણી, જાણે પ્રજાના પાલક માતા-પિતા. રાજા અને પ્રજા વચ્ચેનો પ્રેમ અને વિશ્વાસનો અતૂટ સેતુએ રાજ્યની કીર્તિ ચોતરફ ફેલાવી હતી.

ફૂલશી કોમળ મુગ્ધ હરણી શી નિર્દોષ, વહેતા ઝરણા જેવી પવિત્ર, અનન્ય રૂપરાશિનો ભંડાર એવી રાજકુમારી ચંદનબાળા પોતાના નિર્દોષ વાર્તાલાપથી સૌને મંત્રમુગ્ધ કરતી. મહારાજા દધિવાહન અને મહારાણી પ્રિયધારીણીના આંખના રતન સમી રાજકુમારી ચંદનબાળાના બાલ્યાવસ્થાથી જ પ્રદર્શિત થતા જિનેન્દ્ર ભક્તિના ભાવોને ધ્યાનમાં રાખી મહારાજાએ તેને યોગ્ય ગુરુ પાસેથી જૈન ધર્મનું શિક્ષણ મળે તેવી વ્યવસ્થા કરી. આ શિક્ષણે રાજકુમારીના માનસમાં પવિત્રતા, ધર્મશ્રધ્ધા અને શીલવ્રતના સંસ્કારોને મજબૂત બનાવ્યા. આ ખિલતી કળીનો ચોમેર પ્રસરતો પમરાટ સૌ કોઈના હૃદયને આનંદથી ભરી દેતો. માતાની માનીતી, પિતાની પ્રિય અને સખીઓમાં શ્રેષ્ઠ રાજકુમારી હરકોઈનું દિલ જીતી લેતી.

એકાએક કોશામ્બીના ઐશ્વર્ય પર ક્રૂરતાનો અભિશાપ ઉતર્યો. ધન લોલુપ અને રાજ્યવિસ્તારના લોભીએવા શક્તિશાળી રાજા શતાનિકે કોશામ્બી

પર આક્રમણ કર્યું. મહારાજા દધિવાહન વીતરાપૂર્વક વીરગતિને પામ્યા. શેતાન શતાનિકે પ્રજાના સુખચેન છીનવી લઇ હાહાકાર વર્તાવ્યો. રાજા શતાનિકનો સેનાપતિ અતિ દુષ્ટ લમ્પટ અને કામી હતો. એની નજર મહારાણી પ્રિયધારિણી પર પડી. અગ્નિમાં ઘી હોમાયું. તેની કામુકતા ભડકી ઉઠી. રાણીને પામવાની ઉત્કટ ઇચ્છાથી તેણે તેમના શુભચિંતકનું મહોરું પહેરી લીધું. ભલીભોળી રાણીથી પોતાનું અસલી સ્વરૂપ છુપાવી, વિવેકી વાણીથી તેમનું મન જીતી લેવાનું શરૂ કર્યું, ‘‘મહારાણીજી હું આપનો સેનાપતિ છું. મહારાજા તો આપણને છોડી વીરગતિને પામ્યા. તમારા પર દુ:ખના ડુંગર તૂટી પડ્યા. હવે આક્રમક રાજા રાજમહેલમાં આવી તમારી સાથે અયોગ્ય વર્તન ન કરે તેમજ આ ફૂલ જેવી રાજકુમારીના ભવિષ્ય માટે પણ તમારે મારી સાથે આ સ્થાન છોડી કોઇ સુરક્ષિત જગ્યાએ પહોંચવું જોઇએ.’’

સેનાપતિએ ભવિષ્યનું જે ચિત્ર ઉપસાવ્યું તેનાથી જાણે મહારાણીના પગ તળેથી ધરતી ખસી ગઇ. આવનાર ભયના વિચાર માત્રથી શરીર થર-થર કાંપવા લાગ્યું.

પરિસ્થિતિના ચક્રવ્યૂહમાં ફસાયેલી રાણીને કોઇ રસ્તો ન સૂઝ્યો. આ દુશ્મનનો સેનાપતિ છે એનું પણ ધ્યાન ન રહ્યું. તો પછી શેતાનની શૈતાનિયત તો સમજી જ ક્યાંથી શકે?

મહારાણીને ધનસંપત્તિ કરતાં પોતાની અને પુત્રીની શીલ સંપત્તિની રક્ષાની ચિંતા વધુ હતી. સેનાપતિ સાથે વહેલી પરોઢે વહાલસોયી પુત્રી ચંદનબાળાને લઇ મહારાણી ચાલી નીકળ્યા. દિવસભર સતત જંગલના રસ્તે ચાલી રાણી અને ચંદનબાળાને લઇ સેનાપતિ સાંજે ઘોર જંગલમાં પહોંચ્યો. રાણી અને ચંદનબાળાના વિશ્રામની વ્યવસ્થા કરી પોતે પણ એક બાજુ સૂઇ ગયો. દિવસભરની રઝળપાટનો થાક અને આવી પડેલી આપત્તિના દુ:ખથી શ્રમિત ચંદનાબાળા તુરત જ નિંદ્રાધીન થઇ ગઇ.

પરંતુ રાણી.... એક બાજુ મહારાજાની ચિરવિદાય, ચંદનબાળાના ભવિષ્યની ચિંતા અને રઝળપાટ. આવી પડેલા ભયંકર પાપકર્મના ઉદયના ત્રિવિધ તાપમાં રાણી શેકાઇ રહ્યા હતા. ત્યાં ભલા નિંદ્રાને સ્થાન ક્યાંથી હોય?

"કેમ મહારાણી નિંદ્રા નથી આવતી કે શું?" સેનાપતિએ તેમને જાગતા જોઇ પૂછ્યું.

"હા, સેનાપતિજી મહારાજાનો શોક, આ રઝળપાટ અને દિકરીના ભવિષ્યની ચિંતા મને ખાઇ રહી છે."

"રાણી! બધી જ ચિંતા છોડી દો. હવે મહારાજા તો પાછા આવવાનાં નથી. મારે સથવારે સુખ ચૈનથી આખી જીંદગી વ્યતીત કરો. આઓ મારા બાહુપાશમાં સમાઇ જાઓ. તમારી દીકરીને મારી માની સુખી કરીશ. આઓ રાણી. આ નિર્જન વન છે. ચંદનબાળા ભરપૂર નિંદ્રામાં પોઢી છે. હું અને તું... તું અને હું... દ્વૈત મટી અદ્વૈત બનીએ. એકબીજામાં સમાઇ જઇએ. આ રૂપ લાવણ્ય ચિંતાની આગમાં શેકાવાં માટે નથી. કુદરતે આપેલી આવી અનન્ય ભેટને મારી ચરણે ધરો. હું ધન્ય થઇ જઇશ." સેનાપતિએ પોતાનું અસલ સ્વરૂપ પ્રગટ કરતાં મનોકામના રજૂ કરી.

સેનાપતિનો બદલાયેલો અવાજ અને આવી અયોગ્ય વાત સાંભળી રાણીના શરીરમાંથી કંપન પસાર થઇ ગઇ. સેનાપતિના આવા બેશરમ વચન બોજથી માથું ચકરાવા લાગ્યું. પોતે માનેલા શુભચિંતક સેનાપતિની આવી વાહિયાત વાત સાંભળી ક્ષત્રાણીનો ગુસ્સો ગર્જી ઉઠ્યો.

"દુષ્ટ સેનાપતિ, આવી હલકટ માંગણી કરતાં તને શરમ નથી આવતી? હું તમારા મહારાજાની અમાનત છું. મારું જ ખાઇને ગદ્દારી કરે છે. આનું ફળ તારે અવશ્ય ભોગવવું જ પડશે."

"રાણી? કોણ કોનો સેનાપતિ? ઓ ભોળી રાણી તે મને ન ઓળખ્યો. હું તો રાજા શતાનિક નો સેનાપતિ છું. અરે મૂર્ખ તે એટલું પણ ન વિચાર્યું કે જ્યારે રાજાનો વધ થયો તો શું સેનાપતિ જીવતો રહે? અરે પગલી તારી હઠ છોડી દે. મે તારું અન્ન નથી ખાધું. તારી મરજીથી ખુશી-ખુશી હવાલે થઇ જા." શત્રુની આદાથી ક્રૂર હાસ્ય કરતાં સેનાપતિએ રહસ્ય પ્રગટ કર્યું.

"દુષ્ટ! પાપી! ખરેખર મનુષ્યના વેશમાં તું શેતાન છે. તે મારા પતિનો વધ કરાવ્યો. મને કપટથી અહીં લઇ આવ્યો. નાલાયક! મને હાથ પણ ન લગાડીશ."

"રાણી! ગુસ્સામાં સ્ત્રીનું રૂપ નીખરી ઉઠે છે. અરે આવા અનુપમ દેહ

લાલિત્ય ઉપર ગુસ્સાની લાલી? શું કહું? એક એક અદાની નજાકત પર આફરિન છું. મારા હૃદયની ભાવનાઓને મૂર્તિમંત કરવાની ઘડી આવી પહોંચી છે. આવો પ્રિયે, મારા મનોરથ પૂરા કરો.''

આમ કહેતા સેનાપતિ રાણીની નજીક સરક્યો. ક્ષત્રાણી આવી પડેલા શીલભંગના સંકટ સમયને પામી ગયા. મનોમન શીલવ્રતની રક્ષા માટે અતૂટ શ્રદ્ધાથી જિનદેવને પ્રાર્થી રહ્યાં. સંકટ સમયની સાંકળ માટે એકાએક માનસપટ પર પ્રકાશનું કિરણ ઝબક્યું. ક્ષત્રાણીનું ખમીર જાગી ઉઠ્યું. પલકવારમાં સેનાપતિની કમરે ઝૂલતી કટારી ખેંચી લીધી. શીલવ્રતની રક્ષા માટે રણે ચડેલી સાક્ષાત રણચંડી ગર્જી ઉઠી, ''પાપી મારી રગરગમાં ક્ષત્રાણીનું લોહી વહે છે. હું મારા શીલવ્રતની રક્ષા સ્વયં કરી શકું છું. તારા ટુકડે ટુકડા કરી શકું છું. પરંતુ નહીં! મારો જૈન ધર્મ કોઇની પણ હત્યાનો આદેશ નથી આપતો. સાથે સાથે મારા સ્ત્રી ધર્મને લૂંટાવા પણ નહીં દઉં.'' કહેતાં કહેતાં ક્ષણભરમાં રાણીએ કટારને ઘુમાવી કલેજાની આરપાર ફેરવી દીધી. હતપ્રત સેનાપતિ જોતો જ રહી ગયો. હાથમાં આવેલી બાજી બગડી ગઇ. કામાંધ સેનાપતિની સામે પડ્યો હતો રાણીનો નિર્જીવ દેહ!

રાણીનો દેહ ઢળી પડતાં ચંદનબાળા જાગી ઉઠી, માતાના શરીરમાંથી વહેતું લોહી પેટમાં ખોસેલી કટારી નિશ્ચેત જમીન પર પડેલી માતાને જોઇ ચંદનબાળા રુદન કરવા લાગી. સેનાપતિ પોતે પણ નિંદ્રામાંથી જાગી ગયો હોય એવો ડોળ કરી પોતે અજાણ બની ચંદનબાળાને સાંત્વન આપવા લાગ્યો. ડઘાઇ ગયેલી ચંદનબાળા ભગવાનનું સ્મરણ કરવા લાગી. મૃત માતાને જોઇ ચંદનબાળા વધુ રડવા લાગી. દુષ્ટ સેનાપતિ પણ મગરનાં આંસુ વહાવવા લાગ્યો. ત્યાં જંગલમાં જ રાણીના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા. સેનાપતિના મગજમાં હજુ પણ શયતાની વિચાર જ મહાલી રહ્યા હતા. આ ફૂલ જેવી બાળકીની સારી કિંમત ઉપજશે. ખીલતી કળીનું દેહ સૌષ્ઠવ, મોટી મોટી આંખો, મધુર હાસ્ય ગૌર સુકુમાર ચેહરો રેશમી કેશ કલાપ જોઇ કોઇ પણ તેની સારી કિંતમ આપશે. આવા દુષ્ટ વિચારથી ચંદનાને સમજાવી પટાવી જંગલમાંથી પાસેના શહેરમાં લઇ આવ્યો.

શહેરની મધ્યમાં ભરાયેલા બજારમાં કે જ્યાં ગુલામો અને છોકરીઓના સોદાથતાં ત્યાં સેનાપતિ પણ કોઇ સારા ગ્રાહકની શોધમાં આવી પહોંચ્યો.

આંખોમાં કાજળ, મોઢામાં પાન, આભૂષણોથી ભરપૂર, સ્થૂળ શરીરવાળી, એક પૌઢા સ્ત્રી ચંદનાને એકીટશે નીરખી રહી. જાણે કોઇ કસાઇ ગાય કે બકરીને ખરીદતાં પહેલાં નજર અંદાજ કરતો હોયતેમ તેની ધંધાકીય નિપુણ ચતુર આંખો આ અણમોલ હીરાને જોઇ મનોમન ગણતરી કરી રહી કે એક બે વર્ષમાં આ છોકરી સારાયે બજારની શોભા બનશે. ત્યારે મારા કોઠા પર ધનાઢ્યોની ભીડ જામશે. તેની એક એક અદા પર હજારો રૂપિયા કુરબાન થશે. તેને થોડા સમય માટે પણ પામવા અમીરો મનમાની કિંમત ચૂકવશે. એની એક ઝલક માટે લોકો દીવાના બનશે. એકાએક કોઇ અજ્ઞાત ખજાનો મળી ગયો હોય તેમ તેણે મનમાં જ ચંદનાને પોતાના કોઠાની શોભારાણી બનાવવાનું નક્કી કર્યું.

કોઠાની માલકણ અને સેનાપતિ વચ્ચે રકઝકના અંતે ચાર હજાર (રૂપિયા) અસર્ફિયોમાં છેવટે ચંદનાનો સોદો નક્કી થયો. આ બંનેની વાતચીત દરમ્યાન ચંદના કંઇક સમજી શકી. આવનાર અનિષ્ટની કલ્પના માત્રથી ધ્રુજી ઉઠી. મનોમન અરિહંતદેવનું સ્મરણ કરવા લાગી. ભર્યા બજારમાં કુટિલ સ્ત્રીના હાથોમાં ચંદનબાળાને સોંપી સેનાપતિ અસર્ફિયોની થેલી લઇ ચાલતો થયો. ત્યારે જાણે ગભરૂ હરણી એક ભયાનક સિંહણ સામે ઊભી હતી. દુષ્ટ કસાઇના હાથમાં ગરીબ બકરી તરફડી રહી હતી. છતાં પણ હિંમત કરી ચંદનબાળા એ તે સ્ત્રીની જાતિ, કુળ, મા-બાપ, સાસુ-સસરા અને કામકાજની બાબતમાં પૂછપરછ કરવા માંડી.

"અરે છોકરી, તારી બકબક બંધ કર. તારે મારી જાતથી શું મતલબ? મે તને ખરીદી છે. હું તારી માલિકણ છું. જેવો ઇચ્છું તેવો તારો ઉપયોગ કરી શકું છું. હું તને નૃત્ય ગાનમાં પારંગત કરીશ. પુરુષોને આકર્ષવાની વિદ્યા શીખવીશ. કોઠા પર બેસાડી તારા દેહનો સોદો કરી ધન કમાઇશ."

આવો જવાબ સાંભળી ચંદના સહમી ગઇ તેને લાગ્યું જાણે સળગતા અંગારા તેના શરીરને ચંપાઇ રહ્યા છે. આવી વાત સંભળાતાં કાન બહેરા થઇ ગયા છે. હવે તો ઇશ્વર જ સહારો છે. ભગવાન સિવાય તેની લાજ બચાવવા વાળું કોઇ નથી. તેના મગજમાં ચમકારો થયો. તેને એકાએક ખ્યાલ આવ્યો કે મા કેમ મરી ગઇ? દુષ્ટ સેનાપતિથી બચવા જ માતાએ મૃત્યુને વહાલું કર્યું. વાસ્તવમાં એ સેનાપતિ જ મારી માતાનો હત્યારો હતો. મનેપણ

આ દુષ્ચરિત્ર સ્ત્રી પાસે વેચી એ ચાલ્યો ગયો છે. હે પ્રભુ! મારી પાસે પણ કટાર હોત તો હું પણ મારું રક્ષણ કરી શકત! આવા વિચાર વમળમાં અટવાતી, પંચપરમેષ્ઠિનું સ્મરણ કરતી ચંદના વેશ્યા સાથે જવા તૈયાર ન થઈ.

વેશ્યા ભર બજારમાં તેને ખેંચતી રહી, ચંદનબાળા તેનો પ્રતિકાર કરતી રહી આ ખેંચાતાણી લોકો માટે તમાશો બની. કોઈ વેશ્યાના પક્ષમાં બોલતું. "તેણે ખરીદી કરી છે દામ ચૂકવ્યા છે તો છોકરીએ તેની સાથે જવું જ જોઈએ." કેટલાક કહે, "તેની મરજી વિરુદ્ધ વેચવામાં આવી છે તો છોકરી કેવી રીતે જાય?" કેટલાક છેલબટાઉ આવી મનમોહક કન્યાને જોઈ લલચાઈ રહ્યા હતા. ત્યારે શરમની મારી ચંદના નીચી નજરે વેશ્યા સામે પ્રતિકાર કરતી શ્રદ્ધાથી પ્રભુને પોકારી રહી હતી.

"અરે ઓ બાઈ! શા માટે આ બાલિકાને આમ ખેચી રહી છે? તને શરમ નથી આવતી?" ભીડમાંથી એક આધેડ ઉંમરના પુરુષે વેશ્યાને રોકતા પૂછયું.

"શરમ કેવી? શું અત્યારથી જ તેના પર મોહિત થઈ ગયા શેઠ?" વેશ્યાએ વ્યંગમાં કહ્યું. ઉપસ્થિત જન સમુદાય પણ હસવા લાગ્યો. "ચૂપ રહે વેશ્યા થઈને તો તું આવી જ વાત કરીશ હું તો તેના પિતા તુલ્ય છું. આવી વાત કરતાં શરમ નથી આવતી." શેઠે વેશ્યાને ધમકાવી. "આટલી બધી લાગણી હોય તો આપો ચાર હજાર અસર્ફી અને લઈ જાઓ તમારી દિકરીને તમારા ઘેર. મને શાની શરમ આવે મેં પણ પૈસા આપ્યા છે."

શેઠજીએ તુરત જ ચાર હજાર અસર્ફીઓની થેલી વેશ્યાને આપી. ચંદનબાળાને વેશ્યાથી છોડાવી, છતાં પણ ચંદનબાળાના મનમાં ગભરાટ હતો. કદાચ આ શેઠ પણ મને ખરીદી મનમાની તો નહીં કરે? શેઠના કહેવા છતાં તેમની સાથે તૈયાર ન થઈ, શેઠ ચંદનના મનોભાવ પારખી ગયા. બોલ્યા "દીકરી, મારું નામ ધનાવહ શેઠ છે. હું અહીંનો નગરશેઠ છું. હું પણ જૈન ધર્મી છું. તારા પિતાજીની ઉંમરનો છું. દિકરી મને પિતા જ સમજજે. ચાલ દિકરી ઘરે ચાલ. સુખથી રહીને ધર્મની આરાધના કરજે. મારે પોતાનું કોઈ બાળક નથી. તો તું અમારી દિકરી બની સેવા કરજે. મારું ઘર દિકરીના આગમનથી હર્યુંભર્યું બનશે."

શેઠના વચનોની નિખાલસતાએ, આંખોમાં ઉમડતા વાત્સલ્યે અને મુખડાની મમતાએ ચંદનાને વિશ્વાસનો શ્વાસ લેવડાવ્યો. મનોમન ઈશ્વરનો ઉપકાર સમજી વેશ્યાથી બચાવવા માટે શેઠજીને નમન કરી તેમની સાથે ચાલી નીકળી.

નગર શેઠની એ વિશાળ હવેલી આવી પહોંચી. શેઠજીએ આનંદથી પત્ની મૂલા શેઠાણીને બોલાવી સંપૂર્ણ વૃતાંત સમજાવી તેને કહ્યું કે "આ દિકરી તારી પાસે આનંદથી રહેશે. બાળકથી વંચિત આ હવેલી એની મીઠી વાતોથી ગૂંજી ઉઠશે. ઈશ્વરે આ દીકરી મોકલી છે. તું એને માની મમતાથી તરબતર કરી દે. એ પ્રેમથી તારું ખાલીપણું ભરી દેશે." દાસીઓ પણ ચંદનબાળાની રૂપ, છટા અને નિર્દોષ ચહેરા ને તાકી રહી. આવી રાજકુંવરી શી સખી મળતાં હરખાઈ ઉઠી. પણ હાય-મૂલા શેઠાણીના ચહેરા પર કોઈ આનંદ નથી. સરળ હૃદયી શેઠના વ્યવહારને સમજવાની ક્ષમતા નથી. નિઃસંતાન હોવાથી મમતાના સ્નેહની સરવાણી સૂકાઈ ગઈ છે. આવી સ્વરૂપવાન નાજુક નમણી ચંદનાને જોઈ તેમના કલુષિત હૃદયમાં શંકાનો કીડો, સળવળી ઉઠ્યો. તેમને લાગ્યું કે મારે બાળક નથી તેથી આ શેઠ બીજી પત્નીને લાવ્યા? એમનું અંતર ઈર્ષાની આગથી ભડકી ઉઠ્યું. ત્યાં શેઠની ભોળી વાત તેમને ક્યાંથી સમજાય? મૂલા શેઠાણીએ અંતરની આગને ઠારવા પોતાના પતિને ચંદના વિરુદ્ધ ભડકાવવાનું ચાલું કર્યું. "અરે, તમે આ છોકરીને ગણિકાથી તો છોડાવી પણ એનું કૂળશીલ કંઈ જાણ્યું છે? આ એનું ભોળપણ બનાવટી છે. પુરુષોને ફસાવવાની તરકીબ છે. વેશ્યાના કોઠા પર એ વારંવાર વેચાતી હોત એના કરતાં હવે તે એક જ પુરુષના ઘરે સુખ ભોગવશે. તમને હવે પ્રૌઢ અવસ્થામાં આ શું સૂઝ્યું? છેવટે જાત તો પુરુષની ને? તમે શું જાણો, આવી કપટી સ્ત્રી તમારા પૈસે કોઈ યુવાન સાથે મોજ મજા કરશે." પોતાના મનની અકળામણ પરોક્ષ રીતે રજૂ કરી સ્ત્રી સહજ ઈર્ષા શેઠાણીના વ્યંગવાક્બાણ દ્વારા વહેતી થઈ. "જ્યારે તમે પરખીને લઈ જ આવ્યા છો તો મને શું પૂછો છો?" મોં મચકોડી, પગ પછાડી મૂલા શેઠાણી ચંદનાની પરવા કર્યા સિવાય બીજા ઓરડામાં ચાલ્યા ગયા.

શેઠજી આવું બધું સાંભળી ખુબ જ દુઃખી થયા. આવી નાલાયક સ્ત્રીને કહેવું પણ શું? પોતે જ ચંદનાની રહેવાની સઘળી વ્યવસ્થા કરી દીધી.

ચંદના ઘરમાં આવતાં શેઠાણીનો પારો ઊંચે આસમાન પર રહેતો. મનમાં સતત શંકાના વાદળો ઘેરાયેલા જ રહેતા. ચંદના એમને પોતાની શોક્ય-દુશ્મન જ લાગતી. દાસીઓ, દ્વારા સતત ચોકી પહેરો ગોઠવી ક્ષણ-ક્ષણની માહિતી મેળવતા. બીજી બાજુ ચંદનાનો સરળતમ વ્યવહાર, ભક્તિભાવમાં ઓતપ્રોત હૃદય, નિખાલસ વાર્તાલાપ આ બધુ દાસીઓને ચંદના તરફ વધુ આકર્ષણ જગાવતું, જે શેઠાણીને બિલકુલ પસંદ ન હતું. શેઠાણી દાસીઓને પણ આવી ઉપરથી ભોળી પણ અંદરથી કલુષિત એવી સ્ત્રીઓના ઉદાહરણ આપી ચંદના વિરુદ્ધ વિષ ઘોળતા. દાસીઓને કહેતા, "આ ઝેરીલી નાગણના ડંખથી એક દિવસ ખુદ શેઠ મૂર્છિત થઇ જશે." દાસીઓ પણ શું કરે? સારાને સારું પણ કહી શકતી ન હતી. એમ કરતી તો શેઠાણી તેને ચંદનાની ઉંડી ચાલ બતાવી ખખડાવી નાખતાં. અનુભવના દાખલા આપતા. અંદરનો ભાવ પ્રદર્શિત કરી કહેતા એક દિવસ તેને અહીંથી ભગાડીને જ જંપીશ. એ કાર્યમાં દાસીઓને પોતાને મદદ કરવા અનુરોધ કરતાં. શેઠાણીનું હૃદય સતત બક્યા કરતું. "અરે મારા પતિને ઘડપણમાં આ શું સૂઝયું? હું હવે ઘરડી થઇ તો પોતાના આનંદ માટે આ છોકરીને લાવી મારે માથે જાણે સળગતી સગડી રાખી દીધી છે. જેની આગમાં હું શેકાયા કરું છું."

શેઠાણી ચંદનાના ઘરમાં આવ્યા પછી ઉદાસ રહેવા લાગ્યા. વારંવાર શેઠ પાસે પણ નિસાસા ભરતાં મનોમન ભાગ્યને દોષ આપતાં. શેઠાણીને લાગતું કે શેઠજી દિવસે-દિવસે મર્યાદા છોડી રહ્યા છે. આવી અવઢવમાં શેઠાણીનું ધ્યાન રહેતું માત્ર ચંદના અને શેઠજીના વર્તન પર.

યોગાનુયોગ એક દિવસ એવું બન્યું કે શેઠાણી દેવ દર્શને ગયા હતા. દાસીઓ પણ કામથી બહાર ગઇ હતી ત્યાં શેઠજી બહારથી આવ્યા. ઘરમાં કોઇ નથી એમ લાગતાં ચંદના પાસે પગ ધોવા પાણી માંગ્યું.

ચંદના પાણી લઇ આવી. પાલક પિતા પ્રત્યે હૃદયમાં ભરેલી અનહદ ભક્તિથી પ્રેરાઇને તેમને બાજઠ પર બેસાડી ચંદના તેમના ચરણ ધોવા લાગી. ત્યારે તેનો સુંદર કેશકલાપ જમીન પર પડ્યો. વાળ ખરાબ ન થાય તે આશયથી વાત્સલ્યભાવથી શેઠજીએ તેને પોતાના ખોળામાં મૂક્યા. ચંદનાની સેવા જોઇ શેઠજી સ્નેહથી હરખાઇ ઉઠ્યા. ચંદના પણ સેવાનો અવસર પ્રાપ્ત

થતા આનંદિત થઇ ઉઠી.

આ જ સમયે શેઠાણીએ દાસીઓ સાથે ઘરમાં પ્રવેશ કર્યો. આ દૃશ્ય જોઇ શેઠાણીએ ઉરમાં ધરતીકંપનો આંચકો અનુભવ્યો. ''હાય હાય આ શું? મારા મનમાં જે શંકા હતી તે સો ટકા સાચી જ છે. મારી ગેરહાજરીમાં આવા જ પાપલીલાનાં કાર્યો થતા હશે. આ રૂપાળીના કારણે મારા પતિએ ધર્મ-ઈમાન બધું જ છોડી દીધું છે. હલકટ સ્ત્રીઓ આવી જ હોય છે. બીજાના દેખતાં સતીપણાનું નાટક રચી એકાંતમાં આવા કુકર્મો કરે છે.'' શેઠજી શુધ્ધ સરલભાવથી દિકરીની સેવા મેળવી પ્રસન્ન ચિત્તથી ભોજન કરી બજાર ગયા. ચંદનાએ શેઠાણીને ઉતરેલું મ્હોં જોયું તો નમ્રતાથી પૂછ્યું, ''મા આજે ચહેરો કેમ ઉદાસ છે? તબિયત બરાબર નથી? શું માથું દુઃખે છે?'' આમ કહી શેઠાણીના માથા પાસે હાથ લઇ દબાવવા પૂછ્યું. વચ્ચેથી જ હાથ ઝટકાવી મૂલા શેઠાણી ગુસ્સાથી બરાડ્યા.

''ચલ દૂર ખસ કુલટા, મને મા કહેતા તને શરમ નથી આવતી? તું તો મારી શૌક્ય બની છું. તું આ બુઢ્ઢા સાથે રંગરેલીયા મનાવે છે. અને પછી શાહુકાર થાય છે. આજે મે મારી સગી આંખે જોયું છે.''

''મા આવી વાતો તમારા મોઢે શોભતી નથી. તમે તો મારાં ધર્મની માતા છો અને શેઠજી પિતા. તમે મારી રક્ષા કરી છે. આશરો આપ્યો છે તો આવું શા માટે વિચારો છો?'

''અરે દૂર હઠ નીચ, મારી સામે શાણી બને છે? મારું જ ખાઇને ખોદે છે? નજરમાં નજર મેળવી વાતો કરી રહી હતી ચૂડેલ! તારા આ સુંવાળા સુંદર વાળને એ બુઢ્ઢો પંપાળી રહ્યો હતો અને તું મા મા કહી મારી આંખોમાં ધૂળ નાખે છે કુલ્ટા.'' શેઠાણીએ ચંદનાને ધક્કો મારી દૂર હટાવી.

''મા તમારી ભૂલ થાય છે. તમે બધાં ઘરમાં ન હતા. પિતાજી થાકેલા આવ્યા હતા મેં એક દિકરી-પિતાની સાથે જે ભક્તિભાવથી વ્યવહાર કરે તેમ એમના પગ ધોયા છે. મારા વાળ નીચે જમીન પર પડ્યા તો જરૂર તેમણે ખરાબ ન થાય એ હેતુથી ઉઠાવી ખોળામાં મૂક્યા હશે. એમાં તો તેમ કેવું કેવું સંભળાવી દીધું. મા મેં તો તમને મારા સગા મા બાપ કરતાં પણ વિશેષ માન્યા છે અને તમે?'' આમ બોલતા ચંદના ધ્રુસકે ધ્રુસકે રડવા લાગી.

"અરે, જા જા આજકાલની છોકરી મને ચારિત્રના પાઠ શીખવે છે. હું બધું ખુબ જ સારી રીતે જાણું છું. આનું ફળ તારે ભોગવવું જ પડશે." ગુસ્સાથી કાંપતા શેઠાણી પગપછાડી ઘરમાં ચાલ્યા ગયા.

ભોળી ચંદના આ ઘટનાના અનર્થને હવે સમજી શકી. પોતાના અંતરમાં ઉમડતા શુદ્ધ ભાવથી પોતે યોગ્ય જ કર્યું છે છતાં આવી પડનારી કોઈપણ મુશ્કેલીમાં જિનેન્દ્ર દેવની ભક્તિ જ રાહ બતાવશે એવી દૃઢ પ્રતીતિ સાથે મનને સાંત્વન આપી રહી.

વેપારના કામકાજથી શેઠજી પોતે ત્રણ દિવસ પછી પાછા ફરશે. એમ શેઠાણીને જણાવી બહારગામ ગયા. શેઠાણીને તો ભાવતું હતું અને વૈદ્યે કહ્યું. અંતરમાં ચંદનબાળા સામે ઉઠેલા આક્રોશનો અગ્નિ ભભૂકી ઉઠ્યો એ અગ્નિની જ્વાળામાં ચંદનાને લપેટવા શેઠાણી અધીરા બન્યા.

શેઠજીના બહારગામ જતાં જ મૂલા શેઠાણીએ હજામને બોલાવી સ્ત્રીની સુંદરતાના શિરમોર સમા ચંદનના સુંદર કેશકલાપને કપાવી નાખ્યા. આવી બદસૂરત હાલત કરી ખુશ થતાં શેઠાણી તેની મશ્કરી કરતાં વ્યંગાત્મક શબ્દોથી તેને વિંધતા બોલ્યા. "હવે આ તારા અતિસુંદર રૂપને આ ઘરેણાથી સજાવું છું." એમ કહી હાથે હાથકડી અને પગમાં બેડીઓ પહેરાવી ચંદનાને ઘરમાં અંધારી કોટડીમાં પૂરી દીધી.

અરેરે! આવું ક્રૂર વર્તન પોતાની સાથે થવાં છતાં પણ ચંદના એને ઉપસર્ગ માની સહન કરતી રહી. એક ઉહંકારનો શબ્દ પણ મુખેથી ન ઉચ્ચાર્યો. જૈન ધર્મના કર્મ સિદ્ધાંતને તેણે પચાવ્યા હતા. મનુષ્ય ને પોતાના શુભાશુભ કર્મોનું ફળ ભોગવવું જ પડે છે. જેને શાંત ભાવથી ભોગવતાં નવા કર્મોનો આસ્રવ થતો નથી. મારી આ દુર્દશા આવા કર્મોનું જ ફળ છે. તેને હિંમતથી ધીરજથી જિનેન્દ્ર દેવનું સ્મરણ કરતાં-કરતાં ભોગવવું એ જ શ્રેયસ્કર છે.

"દુષ્ટા ભોગવ તારા અનિષ્ટનું ફળ. તને ભૂખે તરસથી તરફડતી મરતી જોવામાં મને વધુ આનંદ આવશે." આમ કહી જોરથી દરવાજો બંધ કરી આ વાત કોઈનેય ન કહેવાનું દાસીઓને કહી શેઠાણી ચાલ્યા ગયા.

આ કેદખાનામાં જિનેન્દ્રદેવની સાક્ષીએ ચંદનાએ આ ઉપસર્ગ દૂર ન

થાય ત્યાં સુધી અન્નજળ ગ્રહણ નહીં કરવાનું અનશન વ્રત અંગીકાર કર્યું. આત્મામાં સ્થિર થઇ પંચપરમેષ્ઠીની ભક્તિમાં લીન થઇ ગઇ.

ત્રણ દિવસ પછી શેઠજી વેપારમાં અઢળક ધન કમાઇ પાછા ફર્યા. ઘરમાં આવતાં જ વાતાવરણ ધુંધળું લાગ્યું. ચારે બાજુ સન્નાટો છવાયેલો લાગ્યો. શેઠાણીને સમાચાર પૂછયા. ચાલાકીથી શેઠાણીએ બધું જ બરાબર છે એમ જણાવ્યું. શેઠજીએ ચંદનબાળાના સમાચાર પૂછયા ત્યારે આશ્ચર્ય સાથે રહસ્યમય ઢંગથી શેઠાણીએ શેઠ પર જ આરોપ લગાવતાં જવાબ આપ્યો. "વાહ શેઠજી તમે પણ શું મજાક કરો છો. હું તો એમ સમજતી હતી કે તમે તમારી નવી નવેલીને કોઇ અલગ મહેલ બનાવી તેમાં રાખી હશે."

"શેઠાણી! આ તમને શોભતું નથી. આવો આરોપ લગાવતાં તમને શરમ નથી આવતી? અરે ભગવાનથી તો ડરો. સતી પર આવો દોષ ન લગાવો. હું એને શું કામ લઇ જાઉં?"

"હું શું જાણું? તમારી લાડલી ક્યાં ગઇ? અરે જ્યારે તમે અહીં હાજર હો છો ત્યારે અહીં છે બાકી તો મને શું ખબર કોની સાથે રંગરેલિયા મનાવે છે?" શેઠાણીએ ઝેરીલા વ્યંગબાણ ફેંક્યા.

શેઠાણી આવો જવાબ આપી સગામાં લગ્નમાં જવાનું બહાનું કાઢી બહાર જતાં રહ્યાં.

શેઠજી સમજી ગયા દાળમાં જરૂર કંઇક કાળું છે. આ નિર્દયી સ્ત્રીએ ભોળી બાલિકાને જરૂર મહાન કષ્ટમાં ફસાવી દીધી છે. અવશ્ય ક્યાંક છુપાવી છે અથવા ભગાવી દીધી છે.

આ બાબતમાં દાસીઓને પૂછતાં, દાસીઓએ શેઠાણીની બીકથી અજાણ હોવાનો ડોળ કર્યો. શેઠજી સમજી ગયા. તેમણે દાસીઓને અભય વચન આપ્યું. શેઠાણીથી જરા પણ ડર્યા વિના સાચી હકીકત છે તે જણાવવા કહ્યું, "તમારો વાળ પણ વાંકો નહી થવા દઉં." આવું આશ્વાસન મળતાં દાસીઓએ અત્યંત આર્દ સ્વરે બધી જ સત્ય હકીકત જણાવી દીધી. "શેઠજી ચાલો પેલી કોટડીમાં. માથે મુંડન, હાથમાં હાથકડી, પગમાં બેડી સાથે તમારી દુલારી દિકરી ત્રણ-ત્રણ દિવસથી ભૂખી તરસી પડી રહી છે. તેને શેઠાણીના સ્વસ્તિ વચન અને માર સિવાય બીજું કંઇ નથી મળ્યું, છતાંય આવા દુઃખમાં

પણ એના મુખમાં તો પ્રભુ ભજન જ છે.''

''ચંદના સાથે થયેલા આવા નિર્મમ દુષ્કર વ્યવહારથી શેઠજી પણ ખૂબ દુ:ખી થયા. તુરત જ દાસીઓ સાથે દિકરી ચંદના પાસે પહોંચ્યા. જોયું તો ધર્મપુત્રી ચંદના ભૂખી તરસી છે હાથે પગે બેડી છે. શેઠાણીના દ્વેષની ચરમસીમાના સાક્ષી સમા માથે મુંડન સાથે અર્ધ બેહોશ પડી છે. તેના મુખમાંથી પ્રભુભક્તિના તૂટક તૂટક શબ્દો સરી રહ્યા છે.'' ''હે ભગવાન! મારી સહાય કરો, બાળપણથી જ મુશ્કેલીમાં જીવી રહી છું. મા બાપ, રાજપાટ સર્વસ્વ લૂટાઇ ગયું. શીલ પર વારંવાર સંકટ આવ્યું. જન્મતાંજ મૃત્યુ પામી હોત તો આ દુ:ખ ભોગવવાનું ન આવત. પિતા તુલ્ય શેઠજી પર આવું કલંક ન લાગત. ધરતી જગા આપે તો સમાઇ જાઉં પ્રભુ.''

શેઠજીથી વહાલી દિકરીનું આ દુ:ખ સહ્યુ ન ગયું. આંખમાં આંસુ વહી રહ્યા. એકદમ નીચે બેસી ચંદનબાળાને ખોળામાં લીધી. શેઠાણીના કુકર્મો પર અત્યંત ક્રોધ આવ્યો. વારંવાર ચંદનાના માટે પ્રભુને પ્રાર્થના કરવા લાગ્યા. ''હે પ્રભુ! મારી દિકરીને સારી કરી દો. મેં આ સતીની વેશ્યાથી લાજ બચાવી જેને પિતા સહજ વાત્સલ્યથી જ નીરખી છે. આ સતીનું સત સત્ય હોય મારો ધર્મ સત્ય હોય તો પ્રભુ તેને બચાવી લો.''

શેઠાણી રસોડાને તાળું મારી ચાવી પણ સાથે લઇ ગયા હતા. હવે શું કરવું? દાસીઓએ બતાવ્યું કે ''આ બાફેલા અડદ પડ્યા છે. પાણી પીવા માટે પ્યાલો પણ નથી. ચંબુ જ પડ્યો છે. શેઠજીએ દાસીઓને સૂચના આપી કે ''ચંદના ભાનમાં આવે તો તેને પાણી પીવડાવજો. હું લુહારને બોલાવી આવું છું. તેની બેડીઓ કપાવું છું.'' એમ કહી લુહારને બોલાવવા નીકળી ગયા.

પાંચ માસ ઉપર પચીસ દિવસ થવા છતાં શ્રમણ ભગવાન મહાવીર નિરાહારી છે. આહાર માટે ઉઠે છે પરંતુ કોઇ એવા અભિગ્રહથી બધ્ધ છે જેથી ક્યાંય આહાર મળતો નથી. સમસ્ત જનસમૂહ શોકાતુર છે. સહુની આંખમાં આંસુ છે. અરેરે.... પ્રભુતો અનુત્તર છે. આવા મહાનયોગી આજે નગરમાં પધાર્યા છે. સહુના જીવ પડીકે બંધાયા છે. સહુના શ્વાસ અધ્ધર છે.અંતરમાં એક જ અભિલાષા છે. અમારા નગરમાં પ્રભુનો અભિગ્રહ પૂરો થાય. એમના પારણા થાય.

આહાર માટે અગોચર અભિગ્રહ ધરી નીકળેલા ભગવાન મહાવીર નગરમાં ફરતાં-ફરતાં નગરશેઠની હવેલી નજીક આવી ગયા. જનસમૂહના કોલાહલથી ચંદનાની નિંદ્રા તૂટી. મન વિચારવમળમાંથી બહાર આવ્યું. પગમાં બેડી સાથે પણ એક પગ ઉંબરામાં એક પગ ઉંબરા બહાર રાખી ચંદના વાટ નીરખી રહી. પ્રભુ પાસેથી પસાર થયા નજર પડી-ચંદના ઉપર, માથે મુંડન, પગમાં બેડી, ત્રણ-ત્રણ દિવસથી ઉપવાસથી કરમાયેલું મુખ, પણ ના આંખમાં આંસુ નથી. પ્રભુ ત્યાંથી ચાલ્યા. પ્રભુને પાછા વળતાં જોઇ ચંદનાનું હૈયુ વલોવાઇ ગયું. પોતે મનમાં નિર્ધારેલ મનોકામના પૂર્ણ થતાં રહી ગઇ. આંખમાં આંસુના ઓધ ઉમટ્યા.

ફરીવાર એક નજર ચંદના પર પડતાં આંખમાં આંસુની પૂર્તિ થતાં શ્રમણ ભગવાન મહાવીરનો અભિગ્રહ પૂરો થયો. પ્રભુ પાછા વળ્યા.

ચંદનાએ નવધા ભક્તિપૂર્વક અડદ બાકલા (બાફેલા અડદ)નો આહાર કરાવ્યો. ત્યાં તો સર્જાયો એક મહાન ચમત્કાર.

સતીનું સતીત્વ ઝળકી ઉઠ્યું. બેડીના બંધન આપોઆપ તૂટી ગયા. માથે સુંદર કેશકલાપ અને વૈભવી વસ્ત્રાભૂષણમાં ચંદના ચમકી ઉઠી. દેવાંગનાને પણ શરમાવે એવી ચમક-દમક, સાજ-શણગારથી જળકમળવત ચંદના પ્રભુ ચરણમાં ભક્તિમાં લીન થઇ ગઇ. ભવસમુદ્રમાંથી પાર થવા તેને કિનારો મળી ગયો. સતીના જયઘોષથી આકાશ ગુંજી ઉઠ્યું. સર્વત્ર સતીના સતીત્વની પ્રશંસાના પોકાર ઉઠ્યા.

શેઠજી લુહારને બોલાવી આવ્યા ત્યારે જોયું કે હવેલીના દ્વારે લોકોની મોટી ભીડ જામી છે. આવીને જોયું બેટી ચંદનાનું નવું રૂપ, સાથે શ્રમણ ભગવાન મહાવીરને હવેલીમાં (પોતાના ઘરમાં) આહાર લેતાં જોયા. ધન્ય થઇ ગયો પોતાનો અવતાર. ચંદનાના નિમિત્તે સાક્ષાત તીર્થંકર ભગવાન દ્વાર પર આવ્યા. શેઠજી આનંદથી ગદ્ગદ્ થઇ ગયા.

પ્રભુ આહાર લઇ ધર્મનો મર્મ સમજાવી ચાલી નીકળ્યા. સતીના શીલ અને ધર્મશ્રદ્ધાનો જયજયકાર ધ્વની આકાશને આંબી ગયો.

મૂલા શેઠાણીએ પાછા આવતા રસ્તામાં જ સઘળી વાત જાણી લીધી. એમના અંતરમાં પડેલું ઈર્ષાનું કવચ એકાએક તૂટી ગયું. પોતાના કરેલ કાર્ય

પર ચંદના સાથે કરેલ દુર્વ્યવહાર પર પારાવાર પસ્તાવો થયો. દેદીપ્યમાન ચંદનાનું નવું રૂપ જોઇ શેઠ શેઠાણી તેના લગ્ન કરાવવા તત્પર બન્યા.

“ના પિતાજી ના. હું લગ્નના બંધનમાં બંધાવા નથી માગતી. આ નાનકડી જીંદગીમાં સંસારને સારી રીતે જોઇ લીધો છે. એટલું જ નહીં એની સારી-ખરાબ બધી જ પરિસ્થિતિઓને જોઇ, જાણી અને ભોગવી લીધી છે. બસ હવે વધારે નહીં, હવે તો આ સંસાર બંધનને તોડવાના છોડવાના એવા માર્ગ પર જ જવા ઇચ્છું છું.”

ચંદનબાળાએ દૃઢસ્વરમાં પોતાના પાલક પિતા ધનાવહશેઠને પોતાનો નિર્ણય જણાવ્યો.

દિકરીનો આવા કઠોરમાર્ગ પર જવાનો નિર્ણય સાંભળી શેઠજીનું મન દ્રવી ઉઠ્યું. ફરીવાર સમજાવતા કહ્યું, “દિકરી હું તારો સગો બાપ નથી. પરંતુ મારી સગી દિકરી કરતાં પણ વધારે તને પ્રેમ આપ્યો છે. તારી ઉંમર હજુ ખૂબ નાની છે. જીવનમાં તે શું સુખ જોયું છે? કોઇ ઉચ્ચ રાજકુટુંબનો સુંદર સંસ્કારી રાજકુમાર શોધી હું તારા ધામધૂમથી લગ્ન કરાવીશ. મારી આ મિલકતનો પણ સારો ઉપયોગ થશે. આ હવેલીથી તને રાજકુટુંબની વહુ બનાવી વિદાય આપીશ. મારી દિકરી, તું તારી જીદ છોડી દે. સાધ્વી જીવન ખૂબ જ તકલીફવાળું હોય છે. એ જીવન જીવવા માટે તારી ઉંમર નાની છે.” શેઠે દિકરીને વાત્સલ્યથી માથે હાથ ફેરતવાં કહ્યું.

“હા દિકરી તારા પિતાજી સાચું જ કહે છે. મને માફ કર મારી દિકરી માફ કર. ઇર્ષા, દ્વેષ અને હલકટ ભાવથી હું તને ન સમજી શકી. તારા જેવી સ્નેહાળ, પવિત્રહૃદયવાળી દિકરી પર ન વર્ણવી શકાય એવી શંકા કરી, વર્તન કર્યું. તને શારીરિક અને માનસિક ત્રાસ આપ્યો. દિકરી આનું ફળ કુદરતે મને આપી દીધું છે. સાક્ષાત તીર્થંકર પ્રભુ મારે આંગણે પધાર્યા પરંતું હું પાપિણી તેમના દર્શનથી વિમુખ રહી.” વિલાપ કરતાં મૂલા શેઠાણીની આંખમાં આંસુનો ધોધ વહેવા લાગ્યો. તેઓ ચંદનાના પગે પડવા લાગ્યા.

“નહીં મા! તમે આ શું કરો છો? મારા પગમાં પડી મને પાપમાં ન નાખો. મને ન શરમાઓ. તમે તો મારા માતાથી પણ અધિક છો. આપનો મારા પર અનહદ ઉપકાર છે. તે દ્વારા તો હું ભગવાન મહાવીરને

આહારદાન આપી શકી. આપના નિમિત્તથી આવું સૌભાગ્ય મને પ્રાપ્ત થયું છે. મા તમે તમારી જાતને દોષ ન આપો. એતો મારા અશુભ કર્મોનું ફળ હતું. જે ભોગવવાનાં જ હતાં. પિતાજી મને વેશ્યાના હાથોમાંથી છોડાવી અહીં લાવ્યા. મારું પુત્રી માની લાલન-પાલન કર્યું. એથી આપની ઋણી છું. મા મને આનંદથી અરિહંત પથ પર ચાલવાની અનુમતિ આપો.''

આમ કહી ચંદનબાળા માતા પિતાના ચરણમાં ઝૂકી ગઈ. દિકરીની અડગ શ્રદ્ધા, અને નિડરતા જોઈ ધનાવહ શેઠ અને મૂલા શેઠાણી સંમત થયા. એટલું જ નહીં તેઓ બંને પણ વૈભવી જીવનનો ત્યાગ કરી પરમ પાવન તીર્થંકર મહાવીરના પથ પર ચાલી નીકળ્યા.

ચંદનબાળા હવે આર્યિકા ચંદનામતી બની ગયા. તેઓ ભગવાન મહાવીરના સમસ્ત સાધ્વી ગણના પ્રથમ ગણિની આર્યિકા બની જીવન વ્રત, તપ અને ધર્મઆરાધનામાં વ્યતીત કરવા લાગ્યા. યુગના પ્રખર ધર્મપ્રભાવક બની રહ્યા.

# ધર્મ પ્રભાવિની મહારાણી ચેલના

"ચિત્રકાર! બતાવો આ ચિત્ર કોઇ દેવાંગનાનું છે કે આવી રૂપરાશિની-ધની આ ધરતી પર પણ છે. આ ચિત્રે મારા હૃદયને માત્ર વ્યાકુળ જ નથી કર્યું પરંતુ તેનામય બનાવી દીધું છે. ભોળી મૃગલી જેવા નયન, નયનોમાંથી નીતરતો નેહ, પૂર્ણિમાની રાત્રે સોળે કળાએ ખીલેલ ચંદ્ર જેવું મુખ, કાળી ઘનઘોર ઘટા જેવા કેશ રાશિ, ચંચળ ચિતવન, સ્મિતમાં સ્હેજ વંકાએલ પરવાળા શા હોઠ, બંકિમગ્રીવા, ઉન્નત ઉરોજ, પાતળી કમર, મહેંદી રંગ્યા પગ, સપ્રમાણ દેહ યષ્ટિ, અંગ અંગમાંથી ઉભરાતું સૌંદર્ય મારા નયનોના દ્વારેથી ઉરના ઉંડાણમાં ઉતરી ગયું છે.

"શું તમે આ રૂપાંગનાને જોઇ છે ચિત્રકાર? કે આ તો માત્ર તમારી કલ્પનામૂર્તિ છે? બતાવો ચિત્રકાર બતાવો? આ મનમોહિની કોણ છે?" રાજા શ્રેણિકે ચિત્રકાર દ્વારા બનાવેલ પ્રસ્તુત નારી ચિત્ર જોઇ વિહ્વળ બની ઉત્કંઠાના સ્વરમાં પ્રશ્નોની ઝડી વરસાવી.

"મહારાજ! આ માત્ર મારી કલ્પનામૂર્તિ નથી. પરંતુ સાક્ષાત્ રૂપની સામ્રાજ્ઞી વિશાલાપુરી નગરીના મહારાજ ચેટક અને મહારાણી સુભદ્રાની પુત્રી ચેલનાનું ચિત્ર છે મહારાજ."

"આ કન્યાના દર્શનથી કવિ, ચિત્રકારના હૃદયમાં કલ્પનાનો મહાસાગર લહેરાય છે. એના ચંચલ ચિતવન, મધુરવાણી અને લજ્જાશીલ નયન હરકોઇના હૃદયને હલબલાવી મૂકે છે, પરવશ કરી દે છે. મહારાજ હું વિશાલાપુરીમાં રાજચિત્રકાર રહ્યો છું. આ રૂપરત્ન એ રાજ્યની અવર્ણનીય શોભા છે. મેં તો મારી કલા ને કસોટીની એરણ પર મૂકી શકાય એટલું આબેહુબ ચિત્ર ઉપસાવવા પ્રયત્ન કર્યો છે. બાકી મારી શું ગુંજાઇશ? એ દેવાંશી રૂપને ચિત્રમાં ચિત્રિત કરવાની?" રાજાની પ્રેમાકુળતા, વિવશતા પારખી લઇ ચિત્રકારે કુમારી ચેલનાના રૂપનું વધારે મનોહારી વર્ણન કરી એમની ચાહનાને ચૌગુણી કરી.

હું મગધનરેશ શ્રેણિક આવી અપ્રતિમ સૌંદર્ય સામ્રાજ્ઞીને મારી હૃદય

સામ્રાજ્ઞી બનાવીશ. મહારાજ્ય મગધની મહારાણી બનાવી મગધની, મગધનરેશની કિર્તીને ચાર ચાંદ લગાવીશ.

હું શું કરું? કેવી રીતે તેને પ્રાપ્ત કરું? આ તસ્વીર હૃદયના તાર આટલા ઝણઝણાવે છે તો એના સાક્ષાત દર્શન, એની પ્રાપ્તી મને પાગલપનની કેવી પરાકાષ્ટાએ પહોંચાડશે? કહો ચિત્રકાર હું એને કેવી રીતે મેળવી શકું? શ્રેણીક ક્યારેક સ્વગતોક્તિ કરતા, ક્યારેક ચિત્રકાર સાથે વાત કરતા, ક્યારેક ચેલનાની પ્રાપ્તિ માટેના ઉપાયના તાણાવાણા ગૂંથતા, એમની મનોદશા આજે અર્ધવિક્ષિપ્ત જેવી થઇ ગઇ હતી.

મહારાજ! આ અપ્રતિમ સૌંદર્યની પ્રતિમાને પ્રાપ્ત કરવી સરળ નથી. મહારાજ ચેટક જૈનધર્માવલ્બી છે. એમણે પોતાની સાત પુત્રિઓમાંથી ચારના વિવાહ જૈનધર્માવલ્બી રાજકુંવર સાથે જ કર્યા છે. બાકીની ત્રણના વિવાહ પણ જૈન ધર્મમાં શ્રધ્ધા રાખવાવાળા રાજકુંવારો સાથે જ કરશે. ચેલના સૌથી નાની સહુથી ચતુર સર્વગુણ સંપન્ન છે. આપ તો બૌધ ધર્મમાં માનવાવાળા છો તેથી તેની પ્રાપ્તિ સંભવ નથી.

ચિત્રકારે વસ્તુસ્થિતિનું શબ્દ ચિત્રણ કર્યું. ચિત્રને ત્યાંજ રાખી ચિત્રકાર રાજ્યભવનમાંથી ચાલ્યો ગયો. પરંતુ પ્રેમરોગની પીડા શ્રેણિકને આપી ગયો. શ્રેણિક અનિમેષ નયને જેમ જેમ એ ચિત્રને નિહાળતા રહ્યા તેમ તેમ તેમની ચેલનાને પ્રાપ્ત કરવાની ભાવના બળવત્તર બનતી ચાલી.

ત્રણ ત્રણ દિવસથી રાજા શ્રેણિકનું ચિત્ત ચેલનાના ચંચલ ચિત્તવનમાં ઉડી રહ્યું છે. જ્યાં ખાવાપીવાની સુધબુધ નથી તો રાજકારભારની તો વાત કેવી? લક્ષ માત્ર ચેલનાનું ચિત્ર અને ધ્યેય ચેલના પ્રાપ્તી. એક એક ક્ષણ એને પામવાની અધિરાઇમાં વિહ્‌વળતાની વેદના વધારે છે. પ્રફુલ્લિત ચહેરો કરમાઇ મ્લાન બની ગયો છે.

મગધાપતિ શ્રેણીકની આવી સ્થિતિની ચર્ચા ધીમા અવાજે રાજમહેલમાં ફેલાવા લાગી. કર્ણોકર્ણ ફેલાતી આ ચર્ચા મહારાજા શ્રેણિકના જ્યેષ્ઠ પુત્ર અભયકુમારના કાને પડી. કુશાગ્ર બુધ્ધિ, વાક્ચાતુર્યમાં પ્રવિણ, પ્રજાના પ્રિય એવા આ યુવરાજની નીર-ક્ષીર વિવેક દૃષ્ટિ પર સહુકોઇ આફરિન હતું. શ્રવણ જેવી ભક્તિ અને ભીષ્મ જેવી અડગતા અને સ્વાપર્ણનો સમન્વય એ

એમના વ્યક્તિત્વનો નિખાર હતો. અગણિત ગુણોના ભંડાર, કામએષણાથી પર પ્રજા પ્રેમી માત્ર પ્રજાના સુખનેજ પોતાના લક્ષમાં રાખી પ્રજાસુખના ઉપાયો યોજવામાં જ રત અને એની પૂર્તિ એજ પુરુષાર્થ. આવા અવિવાહિત યુવરાજ અભયકુમાર પિતાજીની હાલત સાંભળી તેમની પાસે પહોંચ્યા. ચરણ સ્પર્શ કરી પૂછયું, "આપ આટલા ઉદાસ કેમ છો! આ કેવી હાલત કરી છે! કયા દર્દે આપને આમ ક્ષત્ત-વિક્ષત્ત કરી નાખ્યા છે. એવી તે કંઇ ચીજ છે જે આપને પ્રાપ્ત ન થઇ હોય. એવું તો શું છે જેણે મારા પિતાજીને આવા બેચેન વિહ્‌વળ બનાવી મૂક્યા છે? કહો પિતાજી હું આપના માટે શું કરું? ચૂપ છે મહારાજા શ્રેણિક, પુત્રને શું કહે? વિવાહ કરવાની ઉંમરતો યુવરાજની છે. પરંતુ પ્રેમબાણથી વિંધાઇ તો પોતે ગયા છે. બોલો પિતાજી આપના દર્દને વાચા આપો. મારા હોવા છતાં આપ દુ:ખી રહો એ તો મારા માટે શરમની વાત છે. કોઇ રાજાના આક્રમણનો ભય સતાવી રહ્યો છે? અથવા તો આપને કોઇ શારીરિક કે માનસિક પીડા સતાવી રહી છે?"

યુવરાજના ઉરમાંથી ઉઠતા આવા લાગણી ભર્યા શીતલ વચનોથી શ્રેણીકને કંઇક સહારો મલ્યો. એમને લાગ્યું કે એની બુધ્ધિના આધાર વિના આ કાર્ય શક્ય નથી. શરમનો અંચળો ફગાવી પિતાએ પુત્રને સર્વ હકીકત, મનની વાત કરવાનું યોગ્ય સમજી કહ્યું, "બેટા અભયકુમાર! યુવરાજ! મને કોઇ પીડા નથી. હા, આ ચિત્ર જો. જ્યારથી એને જોયું છે મારું મન મારા વશમાં નથી. એ રૂપસીને હૃદય મંદિરમાં બિરાજમાન કરી ચૂક્યો છું. હવે એને મગધની સામ્રાજ્ઞી બનાવી રાજમહેલમાં લાવવા ઇચ્છું છું."

"ચિંતા ન કરો પિતાજી ધૈર્ય ધરો. મારા હોવા છતાં આપને દુ:ખી થવાની જરૂર નથી. હું કોઇ પણ પ્રકારે એ દેવીને મારી માતા બનાવીશ. પછી ભલે મારે યુધ્ધ કરવું પડે યા તો અપહરણ."

બેટા સમસ્યા ત્યાં વિકટ બને છે કે રાજા ચેટક જૈનધર્માવલમ્બી છે એમની આ પુત્રી પણ જૈન ધર્મમાં પ્રખર શ્રદ્ધા રાખવાવાળી છે. જૈન ધર્મી સિવાય અન્ય કોઇની સાથે તે વિવાહ કરવાનું વિચારી પણ નહિ શકે. પ્રાણ આપી દેશે પણ અન્યત્ર વિવાહ નહિ કરે. ત્યારે તું અપહરણ કરી લાવીશ કે યુધ્ધ કરીને જીતીને લાવીશ પણ એ મારી નહિ બને. મહારાજાએ પરિસ્થિતિની વક્રતા અભયકુમારને સમજાવી.

"ઠીક છે, પિતાજી આ વાત મારા પર છોડી દો. આપ સ્વસ્થ થઈ જાઓ. બધું બરાબર થઈ જશે." એવી હૈયાધારણ આપી અભયકુમાર ચાલ્યા ગયા.

★ ★ ★

જનમાનસમાં એક કૂતુહલ એક ઉત્કંઠા ઉપસી છે. વિશાલાનગરીમાં જનજન મુખે આજે એકજ ચર્ચા ચાલે છે. પ્રતિદિન જિનેન્દ્રદેવનું દર્શન-પૂજન કરતો, સ્વાધ્યાય સામાયિકમાં રત રહેતો, શ્રાવકોના અણુવ્રતોનું પાલન કરતો, પૂર્ણ જૈનધર્માવલમ્બી યુવક કોણ છે? જૈના આકર્ષક વ્યક્તિત્વ, વાક્ચાતુર્ય, બુધ્ધિ ચાતુર્ય, ચહેરાપર ચમકતું રાજસી તેજ જાણે કુદરતે સઘળી સુંદર બાબતોનો સમન્વય આ એકજ વ્યક્તિત્વમાં ઉતારી પૂર્ણ પુરૂષ સર્જ્યો હોય, એવો મનમોહક યુવાન, જેણે નગરની નવયૌવનાઓને અણજાણે આકર્ષિત કરી છે. એતો છે બહુમૂલ્ય રત્નોનો વેપાર કરવા નગરમાં આવેલ વેપારીઓમાંનો મુખ્ય યુવા વેપારી ઝવેરી.

જનજનમાં થતી ચર્ચાના શબ્દો રાજા ચેટકના કાને પહોંચ્યા. એમણે જૈનધર્મના અનુયાયી એવા આ યુવાનને બોલાવ્યા. તેના વાણી વર્તન અને વ્યવહારે રાજા ચેટકનું હૃદય જીતી લીધું. એક ક્ષણ વિચારી રહ્યા. કાશ! આ યુવાન કોઈ શેઠ શાહુકાર નહી પરંતુ કોઈ રાજ્યનો રાજકુંવર હોય તો સોનામાં સુગંધ ભળે. અંતરની ઈચ્છાને અંતરમાં જ સમાવી યુવાનને રહેવાની વ્યવસ્થા રાજમહેલમાં જ કરાવી. આતો ભાવતું હતું ને વૈદ્યે કહ્યું. બુધ્ધિ બળે અશક્યને શક્ય કરનાર આ યુવાન હતો મગધનરેશ શ્રેણિકનો યુવરાજ. આશંકા અને ભય જેનામાં નથી તે અભયકુમાર.

ઝવેરીના વેશમાં,પિતાની ઈચ્છાપૂર્તિ માટે આવેલ યુવરાજે ધીરે ધીર પોતાની બાજીના સોગઠા ગોઠવવા માંડ્યા. રાજમહેલમાં રાજકુમારી ચેલનાના સતત સંપર્કનો અવસર મલી ગયો. સતત એ એવા પ્રયત્નમાં રહેતો કે રાજકુમારી ચેલનાનું મન પિતા શ્રેણિક રાજા પર મોહિત થાય. મનમોહક વ્યક્તિત્વ સતત સંપર્કનો અવસર મલી ગયો. સતત એ એવા પ્રયત્નમાં રહેતો કે રાજકુમારી ચેલનાનું મન પિતા શ્રેણિક રાજા પર મોહિત થાય. મનમોહક વ્યક્તિત્વ, મધુરવાણી, ઊંડીધર્મનિષ્ઠા, સુચારુ વ્યવહારથી રાજા ચેટકની ત્રણે કન્યાઓ તેના તરફ આકર્ષિત થઈ. બુધ્ધિના ઝવેરીએ આ પારખી ધીરે ધીરે

પોતાના મહારાજ શ્રેણીકના ગુણગાન ગાવા શરૂ કર્યા. હવે તો આકર્ષણ પૂર્ણ વિશ્વાસમાં પરિણમ્યું. કુશળ વેપારીએ રાજકુમારીઓના હૃદયમાં મહારાજ શ્રેણિકના રૂપ, ગુણ, કલાપ્રેમની પ્રશંસાના બીજ વાવવા માંડ્યા. એમની જૈનધર્મમાં અડગ શ્રધ્ધા મનગઠિત પ્રસંગો સંભળાવવા માંડ્યા. મહારાજાનું અત્યંત પ્રભાવશાળી ચિત્ર આ રાજકુમારીઓને બતાવ્યું. ચિત્રમાં રાજાનું શરીર સૌષ્ઠવ, વિશાળ ભાલ, વૃષભકંધ, અજાનબાહુ, મોહક મુખારવિંદ જોઇ રાજકન્યાઓ પોતાનું દિલ હારી બેઠી. તસ્વીરના વાંકડિયાવાળમાં આંખો જડાઇ ગઇ. વિશાળ વક્ષસ્થળ જોઇ એમાં સમાવાની ભાવના પ્રબળ બની. અભયકુમાર રાજકન્યાઓના હૃદયમાં વાવેલા પ્રેમબીજમાં પ્રતિદિન મહારાજાની કોઇને કોઇ ચર્ચા દ્વારા આકર્ષણનું વારિ સિંચતા રહ્યા. છેવટે આ ચાહનાનું બીજ અંકુરિત થયું. મહારાજા શ્રેણિકને મનોમન પોતાના પતિ માનવા લાગી. તેમને પતિ તરીકે પામવાની ઉત્કંઠા પ્રબળ થતાં કેમ પ્રાપ્ત કરવા તે વિચારવા લાગી. હૃદયની વ્યાકુળતાનું ચિત્રણ ચહેરા પર અંકાવા લાગ્યું, વાણી વર્તનમાં વ્યક્ત થવા લાગી. અભયકુમાર મનોમન મુસ્કુરાયા. યોજનાની સફળતાપર પોતાનું તીર બરાબર નિશાન પર લાગ્યું છે.

ચાહનાની વિહ્વળતાની પરાકાષ્ટાએ રાજકન્યાઓએ શરમ છોડી વેપારી અભયકુમાર પાસે મહારાજા શ્રેણિક સાથે મેળાપ કરાવી આપવા વિનંતિ કરી. તેમની સાથે લગ્ન કરવાનો પોતાનો નિર્ધાર વ્યક્ત કર્યો.

અંદરથી અતિપ્રસન્ન પરંતુ ઉપરથી, 'આ કાર્ય ખૂબ જ દુર્લભ અને ખતરનાક જણાવ્યુ. તેનો ઉપાય શોધવાનું આશ્વાસન આપ્યું. છેવટે ચારે જણે મળી યોજના નક્કી કરી. રાજમહેલથી જંગલ સુધી એક સુરંગ તૈયાર કરાવવી. સુરંગ દ્વારા જંગલમાં નીકળી ત્યાંથી મગધ પહોંચવું અને રાજા શ્રેણિક સાથે તેમના લગ્ન કરાવવાં.

યોજના અનુસાર સુરંગ તૈયાર થઇ. નક્કી કરેલા સમયે અભયકુમાર અને ત્રણે રાજકન્યાઓ સુરંગમાં ઉતર્યા. થોડે આગળ ગયા પછી ચેલનાની બંને મોટી બહેનો સુરંગના અંધકારથી ભયભીત થઇ ગઇ. મનની દૃઢતા તૂટતી ગઇ. તેઓ આગળ ન વધતાં પાછી ફરી ગઇ. આ જાણી ચેલનાની દૃઢતા પણ તૂટવા લાગી. તે પણ પાછી ફરવા માગતી હતી. પરંતુ અભયકુમાર એનકેન પ્રકારેણ આ કાર્ય પૂર્ણ કરવા માગતા હતા. ચેલનાનો

હાથ પકડી સુરંગમાંથી બહાર લાવી બહાર અગાઉથી ગોઠવણ મુજબ તૈયાર રાખેલ રથમાં બેસાડી પૂર્ણગતિથી મગધ તરફ ચાલી નીકળ્યા. આમ, સાચી રીતે આ ચેલનાનું અપહરણ હતું

અભયકુમારે ચેલનાને લઇ રાજમહેલમાં પહોંચ્યા. ચેલનાની મનોદશા વિચિત્ર હતી. માતા-પિતાથી છૂટા પડવાનું દુઃખ હતું. તો પોતાના આરાધ્યની પ્રાપ્તિનો આનંદ હતો. રાજમહેલમાં શ્રેષ્ઠ ભવનમાં રાખી શુભ મૂહૂર્તમાં મહારાજા શ્રેણિકની સાથે વિધિવત લગ્ન કરાવ્યું. મહારાજા શ્રેણિકને મળી ચાહતની ચરમસીમા, ચેલનાને મળ્યું નવજીવનનું નૂતન આશાકિરણ.

મહારાજા શ્રેણિક, મહારાણી ચેલના, એકબીજાના પુરક, હમસફર, એકબીજા માટે સમર્પિત, ક્ષણે ક્ષણ સ્નેહ સરિતામાં સ્નાન કરતા, એકબીજામાં સમાઇ સર્જાયું, આત્માના ઐક્યમાંથી સર્જાયું દ્વૈતમાંથી અદ્વૈત. પ્રતિક્ષણ ઉત્તરોત્તર સ્નેહ સંગમના નવા સોપાન સર કરતા નીત નૂતન પ્રેમાલાપની શહનાઇ રાત-દિન છેડતાં મહિનાઓ વિતવા લાગ્યા. છતાં બહારની દુનિયાથી અનજાન-થંભી ગયો સમય-મધુરજનીની મીઠી રાતોમાં સ્વર્ગનું સુખ પ્રાપ્ત થયાનો સંતોષ. અધખીલી કળી પર જાણે વાસંતી વાયરો વીઝાયો. પૂર્ણ વિકસીત કળી જીવન વસંતની ડાળી પર ઝૂલવા લાગી. ચરણો ચૂમતુ હતું, પટરાણી પદ પર આરૂઢ, ચેલનાનું ધરતી પર નું સમસ્ત સુખચેન. અતૂટ પ્રેમબંધનમાં બંધાયેલી, સુમનની સેજ પર શયન કરતી ચેલનાને એમાંથી જ ક્યાંકથી શૂળ ભોકાતું હતું. તેની વેદના આ સુમનોની સુવાસ, સુવાળપ, સુકુમારતાને નષ્ટ કરતી હતી. તેને આશ્ચર્ય હતું કે કુમાર અભયે તો મહારાજાને જૈન ધર્મ પર પૂર્ણ શ્રધ્ધાવાન વ્રત નિયમ પાલક બતાવ્યા હતા. જ્યારે અહીં ચેલનાને વ્યવહારમાં આવું કંઇ જ જણાતું નહોતું. એમ લાગતું હતું કે જૈનધર્મનો ક, ખ, ગ પણ જાણતા નહોતા. વ્રત ઉપવાસની વાત તો દૂર દેવદર્શને જતા પણ જોયા નથી. આ દુઃખ, આ ચિંતા એના ચિતવનને નિરંતર કોરી ખાતી. સાચી હકીકત બીજી રાણીઓ તેમજ દાસીઓ દ્વારા જાણી લીધી કે તેઓ બૌધ્ધ ધર્માવલંબી છે. જૈન ધર્મી હોવાનું તો પોતાને પામવાનું નાટક માત્ર હતું. આ સત્ય જાણ્યા પછી મહારાણી ચેલનાના હૃદયમાં પીડાની કસક ઉઠી, પોતાની જાત ઉપર ધિક્કાર છૂટ્યો. અરે, હું ચિત્ર જોઇને કેમ મોહિત થઇ ગઇ? વેપારી વેશધારી અભયકુમાર કોણ છે?

એ જાણવા કેમ પ્રયત્ન ન કર્યો? સાચે જ પ્રેમ આંધળો છે. ભાવુકતાની ભવરમાં હું ફસાઇ ગઇ. બીજી બહેનો સાથે હું કેમ પાછી ન ફરી? કામેષણના કુંજર પર આરૂઢ થતાં વિવેકના અશ્વને વિસરી ગઇ. મારા કેવા અશુભ કર્મોનો ઉદય છે કે જૈનધર્મના વિરાધી રાજાની રાણી બની. જૈનધર્મના સંસ્કાર આચરણ વિનાના ઘરમાં રહેવું તેના કરતાં મરી જવું સારું.

આવા વિચારોમાં મહારાણી ચેલના દિનરાત રત રહેશે. દિવસે દિવસે મહારાજાનું સાનિધ્ય ઓછું થતું ગયું. સંસારિક ભોગ-વિલાસમાંથી મન ઉઠી ગયું. મન ઉદાસ રહેવા લાગ્યું. મોહાવેશમાં ઉઠાવેલ કદમથી પોતે જ પશ્ચાતાપની આગમાં શેકાવવા લાગી. આંતરિક અગ્નિનો તાપ એના તનમનને દઝાડતો રહ્યો. શરીર કૃષ થતું ચાલ્યું. ખાવા-પીવામાં અરુચિ થવા લાગી. મગધની સૌંદર્ય સામ્રાજ્ઞીનું મુખકમળ મુરઝાવા લાગ્યું.

"મહારાણી! શી વાત છે? મુખ પર ઉદાસી, ભરવસંતમાં ચહેરા પર પાનખર, શરીરમાં કૃષતા જેણે ચેલનાના ચાપલ્યને ચોરી લીધું છે. શું કોઇએ અપમાન કર્યું છે? શું પિયરની યાદ સતાવે છે? હૃદયેશ્વરીને હૃદય સાથે આલિંગતાં મહારાજા શ્રેણિકે પ્રશ્નોની ઝડી વરસાવી. પણ હાય! રાણી મૌન."

"બોલો મહારાણી મારાથી કોઇ ભૂલ થઇ છે? મારા મનની માલિકણનું મૌન મારા માટે અસહ્ય છે." મહારાણીની પીઢ પસવારતાં રાજા શ્રેણિક મહારાણીને મનાવવા લાગ્યા. મહારાણી ચેલનાની આંખોમાંથી શ્રાવણ-ભાદરવો વરસી રહ્યા.

"અરે? મહારાણી તમારી આંખોમાં આંસુ?" મગધ નરેશ-મગધની સામ્રાજ્ઞીની આંસુ જોઇ વિહ્વળ બની ગયા.

"મહારાજા! મારી સાથે દગો થયો છે." રડતાં રડતાં આટલું જ બોલી શકી ચેલના.

"દગો? કેવો દગો? કંઇક સમજાય એવી વાત કરો. કોણે દગો કર્યો છે?"

"આપે?"

"શું મેં?" મહારાજાના મુખમાંથી આશ્ચર્ય ચીસ નીકળી.

"કેવી રીતે?"

"મહારાજા! આપે આપના પુત્રને ઝવેરીના પરિવેશમાં મોકલી આપ જૈન ધર્મી છો, પાકા અરિહંત ભક્ત છો એવી વાત મારા મનમાં ઠસાવી. હું જિનેન્દ્ર ભક્તિમાં પુરી શ્રદ્ધાવાન છું એવું જાણવા છતાં આપના પુત્રે મને સત્ય હકીકતથી અજાણ રાખી. આવું હળાહળ અસત્ય બોલી શું મનો દગો નથી કર્યો? મારી જિંદગી સાથે ભયંકર રમત રમાઇ છે. એમ કરતાં આપના દિલનું રુંવાડુંયે ફરક્યું નહિ?"

"મહારાણી ચેલાના, મને સમજવાની કોશિશ કરો. હું તમારા ચિત્રમાંથી અંગેઅંગમાંથી નીતરતા સૌંદર્યવારિથી એવો તો ભીંજાઇ ગયો હતો અને આ કોઇ સ્વર્ગની અપ્સરા નહીં પરંતુ આ ધરતીનું કન્યા રત્ન છે. એ જાણ્યા પછી મારા તનમનની સુધબુધ ગુમાવી બેઠો હતો. યુવરાજ અભયકુમારે બુધ્ધિચાતુર્યના બળથી આપ જૈનધર્મ સિવાય અન્ય ધર્મી સાથે ક્યારેય લગ્ન કરવા સંમત નહીં થાઓ એ જાણ્યા પછી મારી અંતરેષણાને સાકાર કરવા આવું પગલું ભર્યું છે. આને દગો સમજી તમે દુઃખી થતા હો તો મને ક્ષમા કરો. તમે જે સજા આપો તે મને સ્વીકાર્ય છે. પરંતુ હું મારી ચેલના વિના એકક્ષણ પણ રહી શકતો નથી. મહારાજા શ્રેણિકે ચેલનાને બાહુપાશમાં જકડી એના આંસુ લુછયા. ચેલનાને પામવાની ઉત્કટ ઇચ્છા સિવાય અંતરની નિષ્કપટતા સાબિત કરતાં મૂરઝાએલા મુખમંડલને ચૂમી લીધું. છતાં હૃદયના ઉંડાણમાં થએલા ઘાથી જખ્મી થએલી ચેલના સ્થિતપ્રજ્ઞશી નિશ્ચલ રહિ. હાસ્યની એક પણ રેખા ન ઉભરી.

મગધનરેશ શ્રેણિક સમજી ગયા વાત વધારે વણસી છે. ચેલનાને એનકેન પ્રકારેણ સમજાવતાં વિશ્વાસ અપાવવાનો પ્રયત્ન કરવા લાગ્યા. "પ્રાણેશ્વરી મને માફ કરો. હું વચન આપું છું કે તમારી ધર્મભાવનામાં હું ક્યારેય આડો નહીં આવું. ધર્મક્રિયા કરવા તમે સંપૂર્ણ પણે સ્વતંત્ર છો."

મહારાજાની વાતથી ચેલનાનું મન કંઇક અંશે શાંત થયું. તેને એટલી તો શાંતા થઇ કે પોતાના ધર્મપાલનમાં કોઇ વિઘ્ન નહિ આવે. પરંતુ એ વાતથી દિલની ધરતી પર અસંતોષનું બીજ કે પોતાના પતિને જૈન ધર્મમાં શ્રદ્ધા નથી' એ ઉંડું ઉતર્યું. પરંતુ હવે કોઇ ઉપાય નથી. પતિના પ્રેમમય હૃદયમાં રહેલી નિષ્કપટતા, પોતાના પ્રત્યેનો અનહદ અનુરાગનો વિશ્વાસ આવી ગયો, ધીમે ધીમે ચેલનાની શારીરિક, માનસિક સ્થિતિ સુધરવા લાગી.

જિનેન્દ્ર દેવ દર્શન પૂજા ભક્તિમાં મન આનંદિત રહેવા લાગ્યું. છતાંય દિલમાં ધરબાએલું એ અસંતોષનું બીજ ધીરે ધીરે અંકુરિત થવા લાગ્યું. ચેલના વિચારવા લાગી, વિધર્મી પતિને કેવી રીતે જૈનધર્મમાં આસ્થાવાન બનાવવા.

ધર્મભેદની દરાર દિવસે દિવસે વધવા લાગી-મહારાજા રાણી ચેલનાને બૌધ્ધધર્મ સ્વીકાર કરવા સદા પ્રયત્નશીલ રહેતા. બૌધ્ધ ધર્મના સિધ્ધાંતો સમજાવતા. જેને મહારાણી ચેલના જૈનદર્શનના તર્કથી તોડી પાડતી. બંને વચ્ચે આવું ઠંડુ ધર્મયુધ્ધ ચાલ્યા કરતું. છતાં બંને પોતપોતાના ધર્મપાલન માટે સ્વતંત્ર હતા. પરંતુ ચતુર ચેલના હવે કમર કસીને તૈયાર હતી.

એકવાર બૌધ્ધ સાધુઓ મહારાજા શ્રેણિકના નિમંત્રણથી રાજમહેલમાં પધાર્યા. મહારાજાએ એમની સારી મહેમાનગતિ કરી. તેઓ ઇચ્છતા હતા કે આ સાધુઓના જ્ઞાનોપદેશથી રાણીનું હૃદયપરિવર્તન થાય અને એ બૌધ્ધધર્મમાં શ્રદ્ધા આસ્થા રાખતી થાય. આ બૌધ્ધ સાધુઓએ નગ્ન દિગંબર સાધુઓને નાગા પશુ જેવા કહી તેમની નિંદા કરવા લાગ્યા. દુર્ધર તપને માત્ર શરીર સૂકવવાની અને કેશલોંચ વગેરેને ખરાબ ક્રિયાઓ બતાવવા લાગ્યા. એમને નિર્લજ બેશરમ કહિ નિંદા કરવા લાગ્યા. આ બધું ધીરજથી સાંભળી રહેલી ચેલનાએ દિગંબર સાધુના જીવનને સમજાવતાં કહ્યું,

"મહારાજા! પહેલી વાત તો એ કે તમે સાધુ થઇ પારકી નિંદા કરો છો. આપનું હૃદય કષાય ભાવોથી ભરેલું છે. સાધુનું પહેલું લક્ષણ નિરાભિમાનતા, નિષ્કપટતા આ ગુણ પણ તમારામાં નથી. બીજું તમને નગ્નતામાં નિર્લજતા દેખાઇ એ પણ તમારા મનના વિકારી ભાવોનું જ પરિણામ છે. દિગંબર સાધુ તો બાળક જેવા સરળ, બ્રહ્મચર્યના ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. તેઓ પોતાની પાસે મયુરપીંછી અને કમંડળ સિવાય જરા પણ પરિગ્રહ રાખતા નથી. એતો વિષય કષાયોથી મૂક્ત કરપાત્રમાં આહાર લેનાર હોય છે. તમે શું જાણો? જૈન સાધુ તો પૂર્ણ મહાવ્રતધારી, દુન્યવી ભોગોથી વિરાગી હોય છે. નિસ્પૃહીભાવથી જ્ઞાનોપદેશ દ્વારા 'સ્વ'ની સાથે 'પર'નું પણ કલ્યાણ કરે છે. શું તમે જાણો છો કે અમારા જૈન સાધુ જ્ઞાનની શલાકાથી અજ્ઞાનના ચક્ષુ ઉઘાડે છે. તેઓ ક્યારેય બીજાની નિંદા નથી કરતા, બાવીસ પરિષહ સહન કરતાં કરતાં દરેક પરિસ્થિતિમાં સમતાધારી રહે છે. તમારી દ્દષ્ટિએ એમના દ્વારા એમના શરીરને અપાતું કષ્ટ એ કષ્ટ નથી પરંતુ તેઓ

પોતેજ પોતાને સંયમની લગામથી બાંધી લે છે. તેથી તેઓને શરીરનું કષ્ટ કષ્ટ નથી લાગતું. તેઓ તમારી જેમ રાજ્યાશ્રય નથી શોધતા કે રાજભોગ નથી આરોગતા. તેઓ પારકાની નિંદા પણ નથી કરતા." આમ ચેલનાએ બૌધ્ધ સાધુઓના તર્કને તોડી જૈન સાધુની પરિભાષા સમજાવી. એનો ચહેરો રોષથી તમતમી ઉઠ્યો.

"રાણી! આ તમારો પૂર્વાગ્રહ છે. બૌધ્ધ દર્શનની ના સમજી છે. તમે તથાગતના મધ્યમ માર્ગને સમજ્યા નથી. તમને શું ખબર કે અમે બૌધ્ધ સાધુ ત્રિકાલ દર્શી હોઈએ છીએ." સાધુઓ સ્વમુખે જ પોતાના વખાણ કરવા લાગ્યા. ત્રિકાલદર્શી શબ્દ સાંભળતાં જ રાણી ચેલનાના ભવા તંગ થયા. તેતો જાણતી હતી કે પૂર્ણ સાધુત્વ પ્રાપ્ત કર્યા સિવાય, ઘાતિયાકર્મોનો ક્ષય કર્યા સિવાય કોઇ ત્રિકાલદર્શી નથી થઈ શકતું. આ સાધુ કેટલા દંભી છે. એ વાત ચેલના સમજી ગઈ. મનમાંજ આ ત્રિકાલદર્શી સાધુઓના પરિક્ષણના નિશ્ચયથી મ્હોપર એક વ્યંગ ભર્યું હાસ્ય ફેલાઈ ગયું. બૌધ્ધ સાધુ સમજ્યા કે રાણી તેમનાથી પ્રસન્ન થયા છે. મનમાં કરેલા નિશ્ચયને મૂર્તિમંત કરવા હાથજોડી બૌધ્ધ સાધુઓને બીજા દિવસે ભોજન માટે આમંત્રણ આપ્યું. સાથે સાથે એ પણ જણાવ્યું કે ભોજન પછી પોતે તથાગતના ધર્મનો સ્વીકાર કરશે. આ સાંભળી બૌધ્ધ સાધુ તો ફૂલ્યા ના સમાયા. વાહ! રાણી પર પોતાનો કેવો પ્રભાવ જમાવી દીધો છે! શ્રેણિક પણ ખુશ થયા કે છેવટે મહારાણી ચેલના તથાગતના ધર્મનો સ્વીકાર કરશે.

મહારાણી ચેલનાના અંતર ધર્મધ્વંદનું ઉડાણ મહારાજા પણ ક્યાંથી પામી શકે? પ્રખર જૈનધર્માનુરાગી, જૈન દર્શનના સિધ્ધાંતો જેને ગળથૂથીમાંથી જ રગેરગમાં ઊતરી ગયા છે એવી રાજા ચેટકની પુત્રી અને હવે મગધની મહાસામ્રાજ્ઞી ખુદ મગધનરેશ સામે પરોક્ષ રીતે ધર્મયુધ્ધે ચઢી છે. "મન હોય તો માળવે જવાય." એ ઉક્તિ અનુસાર પોતાની દુભાયેલી ધર્મભાવનાનો બદલો લેવા એટલુંજ નહિ પોતાના પતિને પણ જૈનધર્માવલંબી બનાવીનેજ જંપીશ એવી દૃઢ પ્રતિજ્ઞા સાથે મહારાણી ચેલનાનું માનસ પૂરેપૂરી તાકાતથી કાર્યન્વિત બન્યું.

બીજે દિવસે બૌધ્ધ સાધુગણ નવા વસ્ત્રો પહેરીને વિજય સ્મિત-ફરકાવતા રાજમહેલમાં પધાર્યા. મહારાજા શ્રેણિકે ચરણ પખાળી ઉચ્ચ આસને

બેસાડી એમનું સ્વાગત કર્યું. મહારાણી ચેલનાએ પણ ઔપચારિક રીતે વિનયથી ભોજન ગ્રહણ કરવા આગ્રહ કર્યો. બૌધ્ધ સાધુ ષટ્રસ યૂક્ત બનાવેલી વાનગીઓ આરોગી. મહારાણીની ખુબખુબ પ્રશંસા કરવા લાગ્યા. ભજની પરાત બનાવેલા તેજાના યુક્ત મઠોપીને પૂર્ણ ભોજનનો ઓડકાર ખાતા બેઠકમાં આવી બેઠા. થોડા સમય પછી જવાની તૈયારી કરવા લાગ્યા. ત્યારે જોયું તો દરેકના એક પગનું પગરખું ગાયબ. બધા શોધવા લાગ્યા. મહારાજા શ્રેણિકે જાણ્યું કે એક પગનું પગરખું નથી તો તેમને પણ આશ્ચર્ય થયું. મહારાણી ચેલના એ બહાર આવી કટાક્ષમાં કહ્યું કે આપ સર્વતો ત્રિકાલદર્શી છો તો પછી આપ જ ત્રિકાલદર્શનથી જાણી લો કે આપની પાદુકાઓ ક્યાં છે?

મહારાજા શ્રેણિક અને સાધુગણને સમજતાં વાર ન લાગી કે પગરખાં પરીક્ષા કરવા માટેજ સંતાડી દેવામાં આવ્યા છે. સાધુગણ મહારાણીને પગરખાં પાછા આપવા વિનવવા લાગ્યા. મહારાજા શ્રેણિકે પણ મહારાણીને આગ્રહ કર્યો.

સાધુગણ! "આપનાં પગરખાં તો આપના પેટમાં છે."

"એટલે?" સર્વના મુખેથી એકી સાથે અવાજ ઉઠ્યો.

"મહામુનિગણ આપનાં પગરખાં આપના પેટમાં જ છે." સસ્મિત ચેલના એ ફરીથી કહ્યું.

"રાણી, સાધુઓ સાથે મજાક શોભે નહિ." શ્રેણીકે ગુસ્સે થઇ કહ્યું.

"તો શું તેઓ શ્રાપ આપશે?" ચેલનાએ કટાક્ષમાં કહ્યું. બધી વાત છોડી પગરખાં પરત કરો.

"એકવાર કહ્યું કે પગરખાં એમના પેટમાં જ છે. મહારાજા! એમના પગરખાંનો ભૂક્કો કરી મઠાની સાથે એમને પીવડાવી દીધા છે. છતાં પણ આ ત્રિકાલદર્શીઓને એટલું પણ ભાન નથી કે તેઓ શું પી રહ્યા છે? સ્વાદિષ્ટ ભોજનના લાલચુઓને ભક્ષ્યાભક્ષનું ભાન ક્યાંથી હોય? નહિં તો જાણ્યા. પૂછયા વિના ભોજન કર? જોયું ને તમારા સાધુઓનું ત્રિકાલદર્શન?" ચેલનાએ પુરી વાત બતાવી દીધી.

આ વાત સાંભળતાં જ સાધુઓનો જીવ ગભરાવા લાગ્યો. આહારમાં

લીધેલા ખોરાકનું વમન થયું. તેમાં ચામડાના નાના ટૂકડાઓ જોયા. શરમના માર્યા સાધુઓની નજર નીચી થઇ ગઇ. રાજાઉપર ક્રોધિત થઇ રાણીને સાચું ખોટું સંભળાવી રાજમહેલમાંથી ચાલ્યા ગયા. મહારાજા શ્રેણિક પણ ગુસ્સામાં તમતમી ઉઠ્યા. પરંતુ વિવશ, આ એમની દેખીતી હાર હતી. શું કરી શકે? ચેલના એ "દાઝ્યા પર ડામ ચાંપતા કહ્યું, મહારાજા જૈન સાધુ આ રીતે ભોજન નથી કરતા. તેઓ શરીરને ટકાવી રાખવા શુધ્ધ સાત્વિક આહાર લે છે. લાગે છે બૌધ્ધ સાધુતો જાણે ભોજન માટેજ જીવતા હોય! જૈન સાધુ હિંસાત્મક ચામડાના પગરખાં તો દૂર કોઇ પણ પ્રકારની પાદુકાઓ પણ તેઓ નથી પહેરતા. હવે તો આપને આપના ત્રિકાલદર્શી સાધુઓના દંભનો પરચો મળ્યોને? હવે જૈનધર્મપર શ્રધ્ધા થઇ કે નહિ?"

રાજા શ્રેણિક શું બોલે? ચૂપચાપ ત્યાંથી ચાલ્યા ગયા. ચેલનાના ચિતવનમાં જલતા હુતાશન પર કંઇક અંશે વારિ છંટકાવ થયો. હોઠમાંથી એક વિજયી મુસ્કાન સરી પડ્યું.

થોડા દિસવ પછી બૌધ્ધ સાધુઓનો સંઘ વિહાર કરતો કરતો રાજગૃહી આવ્યો. ચારે તરફ એમના જ્ઞાન ધ્યાનની બોલબાલા હતી. મહારાજા શ્રેણિક પણ પટરાણી ચેલના સાથે એમના દર્શનાર્થે ગયા. સાધુઓ મૌન, આંખો બંધ કરી ધ્યાનમાં બેઠા હતા. મહારાજાએ સાધુઓને સમાધિસ્થ જોઇ મહારાણીને કહ્યું, "જુઓ ચેલના આ સાધુઓ સમાધિમાં લીન હોય છે, ત્યારે સીધા મોક્ષમાં પહોંચી જાય છે. આવા જ્ઞાન તપના ધની પ્રતિભાવંત હોય છે. "એમ વાત છે." આવી ક્ષુલ્લક વાતથી ચેલનાને આશ્ચર્ય થયું. એનો તો જ્ઞાન હતું કે ધાતિયા અને અધાતિયા કર્મોનો ક્ષય થયા વિના મોક્ષમાં જવાતું નથી. વળી મોક્ષ એતો આવાગમનથી મૂકિતનું પૂર્ણવિરામ છે. તો આ લોકો મોક્ષમાંથી પાછા કેવી રીતે આવે છે? આવા વિચારોમાં ખોવાયેલી ચેલનાનું મન પુનઃ બૌધ્ધ સાધુઓને કસોટીની એરણ પર ચઢાવવા ચટપટી ઉઠ્યું.

મહારાણી ચેલનાએ ફરી એકવાર ઔપચારિક રીતે તેમનું સ્વાગત કર્યું. સંસાર, જીવ, દ્રવ્ય, મોક્ષ વગેરેના સંદર્ભમાં અનેક પ્રશ્નો પૂછયા. પરંતુ સાધુ એ પ્રશ્નોના સંતોષકારક જવાબ ન આપી શક્યા. રાણી સમજી ગયા કે આ સાધુઓ પણ ધૂર્ત, દંભી, ભોળા લોકોને ભરમાવવાવાળા છે. ફરી એકવાર આવા ઢોંગી ધૂતારાઓથી ભોળા લોકોને બચાવવા સનાતન ધર્મની ધજા

સમગ્ર મગધમાં લહેરાવવા ચેલનાનું ચિત્ત લલચાઈ ઉઠ્યું. હિંસા-અહિંસા, પાપ-પૂણ્યને પણ વેગળું મૂકી મનમાં કરેલા નિર્ધારને ચિરતાર્થ કરવા અગ્રેસર થઇ.

જ્યારે સાધુઓ સમાધિસ્થ થયા ત્યારે પોતાના ખાસ અનુચરો દ્વારા મંડપમાં આગ લગાવી દીધી. ભયંકર કોલાહલ થયો. સાધુ પોતાનો જીવ બચાવવા ભાગી છૂટ્યા. તેઓ બચી ગયા, પરંતુ કોઇ કારણોસર ભાગી ન શક્યા તે બળીને ભસ્મ થયા, આ અગ્નિકાંડના સમાચાર સર્વત્ર ફેલાઇ ગયા. મહારાજા શ્રેણિક પણ આવાત સાંભળી ક્ષુબ્ધ થઇ ગયા. રાણી પર ક્રોધિત થઇ સીધા રાજમહેલ પહોંચ્યા. રાણી ચેલના પણ એ પહેલાં રાજમહેલ પહોંચી ચૂકી હતી.

''મહારાણી! શું આ ષડયંત્ર આપની સાજિશ હતી?'' ગુસ્સામાં લાલઘૂમ આંખે મહારાજા શ્રેણિકે પૂછયું. મહારાણી ચૂપ!

''બોલો ચૂપ કેમ છો?'' પરંતુ ચેલના ચૂપ રહિ.

''મહારાણી તમારું મૌન જ એ વાતની સાક્ષી પૂરે છે કે આ ષડયંત્ર તમારા દિમાગની દેન છે. અરે! તમે તો તમારી જાતને અહિંસામયી જૈનધર્મના અનુયાયી માનો છો. શું તમારો ધર્મ હિંસાનું સમર્થન કરે છે? વાતો તો અહિંસા, નિરાભિમાનતા, નિષ્કપટ અને સ્યાદ્‌વાદની કરો છો. જ્યારે તમારું આ કૃત્ય એથી વિપરીત છે. તું હત્યારી છે પરધર્મ દ્વેષી છે, રાજા શ્રેણિકે તિરસ્કૃત કરી ક્રોધનો પરચો બતાવ્યો. છતાંય ધર્મયુધ્ધે ચઢેલી ચેલના ક્યાં પાછી પડે તેમ હતી.''

''મહારાજ! શાંત થાઓ. તમારો ક્રોધ ઉચિત છે. પરંતુ મેં તો તમારા સાધુઓને સમાધિમાં વારંવાર મોક્ષમાં જઇ જાગ્રત અવસ્થામાં સંસારમાં પાછા આવવાની પળોજણમાંથી મૂક્તિ આપી ઉપકાર કર્યો છે.'' ચેલનાએ વંકાએલા હોઠો પરથી એક વધુ વ્યંગબાણ છોડ્યું.

''મહારાજ જૈનધર્મ સ્પષ્ટ કહે છે કે જીવ અષ્ટકર્મોનો સંપૂર્ણ ક્ષય કર્યા વિના મોક્ષમાં નથી જઇ શકતો. મોક્ષમાં ગએલો જીવ, જન્મ મરણના દુઃખમાંથી, સંસારમાં આવાગમનથી છૂટી જાય છે. જ્યારે આપણા સાધુઓ મોક્ષના ચક્કર મારી પાછા આવાગમન કરી રહ્યા હતા. મે તો તેમને પરમ

શાંતિધામ મોક્ષમાં જ રહેવાની કાયમી સુવિધા કરી આપી. આથીતો આપે ખુશ થવું જોઇએ. હવે વાત રહિ હિંસાની, જેનું પાપ બધુ મને જ થશે, એ હું ભોગવી લઇશ. બસ એકવાતનો આનંદ છે કે આ દગાબાજ, ધૂતારા સાધુઓની ધૂર્તતાથી હજારો ભોળા ભક્તોને ભ્રષ્ટ થતા બચાવ્યા છે.'' રાણી ચેલનાએ પોતાના કથનની પુષ્ટી માટે નાગદેહધારી વસુમિત્રની કથા કહિ સંભળાવી.

પરંતુ મહારાજા શ્રેણિકના મનનું સમાધાન ન થયું. રાણીના વજનદાર તર્ક કરતાં પણ રાજાની બૌધ્ધ ધર્મ પ્રત્યેની શ્રધ્ધા નિષ્ઠા વધારે ભારે હતી. તેમના હૈયે અપમાનિત થઇ અકાળે મૃત્યુને વરેલા સાધુઓ માટે ભારોભાર વેદના હતી. રાજા આ અપમાન, ક્રોધના ઘૂંટને ગળે ઉતારી ગયા. પરંતુ રાણી ચેલના સામે વેર લેવાની-બદલો લેવાની ભાવના બળવત્તર થતી ગઇ.

એકવાર મહારાજા પોતાના અંગરક્ષકો સાથે જંગલમાં શિકાર કરવા ગયા. એમણે જોયું કે આવા ઘોર જંગલમાં એક દિગંબર મુનિરાજ તપસ્યામાં લીન હતા. એમને આશ્ચર્ય થયું કે આવી ભયંકર ગરમીમાં આ સાધુ પથ્થરની શીલા પર બેસી કેમ તપ કરે છે?

રાજાએ પોતાના અનુચરોને પૂછયું તો તેમણે આ અવસરનો ફાયદો ઉઠાવવા રાજાના કાન ભંભેર્યા.

મહારાજા! આજ એ નગ્ન સાધુ છે જે મહારાણીને ભડકાવે છે. આની વાતોમાં આવીને જ મહારાણીજી જૈનધર્મનો રાગ આલાપતી રહે છે. આના કારણે જ આપના સાધુઓને જીવતા જલાવી દેવા તત્પર થઇ ગઇ. મહારાજા શ્રેણિકના હૃદયમાં પણ પ્રતિશોધની આગ ભડકી રહી હતી. આજે આ અવસર મળ્યો. સાધુપર અત્યાચાર કરવા મન તત્પર બન્યું. ખૂંખાર શિકારી કૂતરાઓ સાધુપર છોડી દીધા. પણ હાય! આ શું? જે કુતરાઓ સિંહ સાથે પણ જંગે ચઢતા ને જેની આંખોમાંથી અગ્નિ વરસતી, એ કુતરાઓ મુનિરાજના ચરણમાં આળોટી રહ્યા હતા. રાજાને આશ્ચર્ય થયું. જરૂર આ સાધુએ મંત્રતંત્રની શક્તિ વડે મારા કૂતરાઓને વશમાં કરી દીધા છે. રાજાના મનમાં પ્રતિશોધનો વડવાનલ વધારે ભડકી ઉઠ્યો. વિવેકશૂન્ય બની પોતાની તલવાર ઉઠાવી. મુનિપર ઘા કરવા તત્પર થયા.

જેવા મુનિરાજની પાસે પહોંચી પ્રહાર કરવા જાય છે ત્યાંતો એક ભયાનક કાળો નાગ મુનિરાજની આસપાસ ચક્કર લગાવતો જોયો. જાણે મુનિરાજના રક્ષણ માટે આવ્યો હોય. આ પ્રયાસ ખાલી જતાં શ્રેણિકનો ક્રોધ વૈરાગ્નિથી ભભૂકી ઉઠ્યો. નાગને પોતાના કાર્યમાં વિઘ્નરૂપ માની તેના ટુકડા કરી નાખ્યા. ક્રોધાગ્નિમાં અંધ રાજા શ્રેણિકે એ મરેલા સાપના ટૂકડા મુનિરાજના ગળામાં નાખ્યા. રાજા શ્રેણિકને એ વાતનો સંતોષ થયો કે પોતાના ગુરૂઓના મોતનો બદલો લીધો.

"મહારાણી ચેલના! આજ હું વનમાં શિકાર કરવા ગયો હતો. ત્યાં તમારા મુનિરાજ તપસ્યા કરી રહ્યા હતા." મહારાજ શ્રેણિકે રાજમહેલમાં આવી ચેલનાને અધુરી વાત કરી.

રાજા શ્રેણિકના મુખે પ્રસન્નતાપૂર્વક આ સમાચાર સાંભળી ચેલનાએ વિચાર્યું કે, "કદાચ મુનિરાજની તપસ્યાએ મારા પતિનું હ્રદય પરિવર્તન કરી દીધું છે."

"સાંભળો રાણી! મેં એક મરેલો સાપ એમના ગળામાં પહેરાવી દીધો છે. મારે જોવું છે કે એ કેટલા નિસ્પૃહી અને દૃઢ તપસ્વી છે. કટાક્ષભર્યું હાસ્ય વેરતાં રાજાએ રાણી તરફ જોયું. શું? રાણી ચેલનાના મુખમાંથી ચિત્કાર નીકળ્યો. એતો સ્વપ્નમાં પણ વિચારી નહોતી શકતી કે એના પતિ આવું કાર્ય કરી શકે. રાણી ચેલના અત્યંત દુ:ખી થયા. આંખોમાંથી અશ્રુ વહેવા લાગ્યા."

"મહારાણી શું કામ રડો છો? તમારા મુનિતો દૃઢ તપસ્વિ અને સંયમી હોય છે. જો નહી હોય તો ક્યારનોય મરેલા સાપ ફેંકી દીધો હશે. એમાં તમે શું કામ આટલા દુ:ખી થાવ છો? ફરીથી વ્યંગબાણોથી રાણીને વિંધતા રાજા શ્રેણિકે કહ્યું."

"મહારાજા! હું મુનિરાજ પર થએલા ઉપસર્ગથી દુ:ખી નથી હું તો જાણું છું કે મહાન દિગંબર સાધુ આ ઉપસર્ગમાંથી વિજયી જ થશે. તેઓ ક્યારેય પોતાના હાથે સાપને દૂર નહી કરે. ઉપરથી એ તો તપસ્યામાં વધુ લીન થઈ જશે. પરંતુ મને દુ:ખ એ વાતનું છે કે આવા ઘોર અપકૃત્યથી તમે સ્વયં તમારા માટે નરક આયુનો બંધ કરી દીધો છે."

મહારાણી ચેલના પોતાની જાતને ધુત્કારવા લાગી. અરે આવા વિધર્મી પતિની પત્ની બનવા કરતા તો મૃત્યુએ મને એની આગોશમાં લઇ લીધી હોત તો વધુ સારું થાત.

ફરી એકવાર રાજાએ રાણીને દુ:ખી અને મૌન જોઇ બૌધ્ધ ધર્મની મહત્તા સમજાવી, રાણીને તે તરફ આકર્ષિત કરવા પ્રયત્ન કર્યો. રાણી ચેલનાએ તેના પ્રત્યુત્તરમાં ભૂતકાળમાં જૈન સાધુઓની તપસ્યાની દૃઢતા સમજાવતાં પાંચ પાંડવ, સુકુમાલ, રાજાશિબિ, ગજકુમાર વગેરે મુનિરાજોની તપસ્યામાં ઉત્સર્ગ થવાની ઘટના સંભળાવી અને આત્મવિશ્વાસથી કહ્યું,

"મહારાજા! મને પુરો વિશ્વાસ છે કે મારા આરાધ્ય જૈન માર્ગી સાધુ અત્યારે પણ એવા જ તપસ્યામાં લીન હશે."

"જો આ સત્ય હશે તો હું તમારા ધર્મનો સ્વીકાર કરીશ." રાજા શ્રેણિકે મહારાણીને ખુશ કરવાના હેતુથી કહ્યું. મનમાં માનતા હતા કે કોઇપણ સાધુ આવી દૃઢતા ન રાખી શકે.

મહારાજાના મનમાં ઉત્કંઠા તીવ્રતમ બની, માત્ર પરિક્ષણ હેતુ મહારાણીના અંતરમાં આરઝૂ હતી મુનિરાજ પર થએલા ઉપસર્ગને દૂર કરવાની. એજ રાત્રે બંને રક્ષકદળ સાથે જંગલમાં પહોંચ્યા.

મહારાજા શ્રેણિક એ દ્રશ્ય જોઇ આભા બની ગયા. આશ્ચર્ય ચકિત થઇ ગયા. અરે આ મુનિરાજ એજ નિશ્ચલ દશામાં શાંતચિત્તે તપસ્યામાં લીન છે. મુખમંડળની એ આભા, કરુણાભાવ, એના એજ છે, જેવા પહેલા હતા. જ્યારે શરીર પર મૃત સાપની અસરથી કીડીઓ ઉભરાઇ હતી. શરીરને ડંખ મારી સુઝાવી લાલઘુમ બનાવી દીધું હતું. શરીરની આ પીડાની મુખમંડળ પર કોઇ અસર નહિ. વાહ શો ચમત્કાર.

મહારાણી ચેલનાએ મરેલો સાપ મુનિરાજના ગળાથી અળગો કર્યો. શુધ્ધ વસ્ત્રથી કીડીઓ મરે નહીં તેનું ધ્યાન રાખી મુનિરાજનું શરીર સાફ કર્યું. પીડા દૂર થવા છતાં પણ મુનિરાજના મનોભાવ એજ રહ્યા. દિગંબર મુનિરાજ રાત્રિમાં મૌન હોય તેથી રાજા-રાણી પુરી રાત ત્યાંજ બેસી રહ્યા.

ઉષાના આગમન સાથે મુનિરાજે આંખો ખોલી. એજ પ્રફુલ્લિત મુખારવિંદ હોઠો પર છલકાતું મંદહાસ્ય અને આંખોમાં લહેરાતો કરુણાનો

સાગર, તેમણે સમતાભાવથી સર્વેને ધર્મલાભ કહી આશીર્વાદ આપ્યા.

રાજા શ્રેણિકને આશ્ચર્ય થયું કે અરે! મારું આવું ભયંકર દુષ્કૃત્યને જાણીને પણ મુનિરાજને મારા માટે કોઇ પૂર્વાગ્રહ નહિ, ક્રોધ નહિ, પોતે કરેલા આવા અપરાધથી મનમાં અતિ દુઃખ થયું. જિંદગીમાં પહેલીવાર **જૈનધર્મ, જૈનસાધુ એમની દઢતા, ચારિત્ર નિષ્ઠા પર વારી ગયા મગધ નરેશ.** પરમ શ્રધ્ધાપૂર્વક અંતઃકરણથી મસ્તક ઝૂકી ગયું મુનિરાજના ચરણોમાં પાદપ્રક્ષાલન કરી, મુનિરાજની સ્તુતિ કરી અવધિજ્ઞાની મુનિરાજ પાસેથી પોતાના પૂર્વભવોને જાણીને પોતાની જૈનધર્મ પ્રત્યેની શ્રધ્ધાને દઢ કરી.

મહારાજા શ્રેણિકને જૈનધર્મ અને દિગંબર સાધુ પ્રત્યે આસ્થાવાન જોતાં મહારાણી ચેલનાને પોતાનું સ્વપ્ન સાકાર થતું લાગ્યું. હૃદયમાં ઉલ્લાસની છોળો ઉડવા લાગી. એ છોળોના જલશિકર નીર બની નયનો વાટે વહેવા લાગ્યા. ચેલનાએ આજે મહારાજામાં પોતાની કલ્પના મૂર્તિના-પૂર્ણ પતિત્વના દર્શન થયા. બંને રાજમહેલમાં પાછા આવ્યા. મુનિરાજ પરના ઉપસર્ગની ઘટના પછી મહારાજાનું મન જૈનધર્મ તરફ વળ્યું હતું. તેઓ જૈનધર્મના અધ્યનમાં લાગેલા હતા. મહારાણી ચેલના એક અધ્યાપિકાની હેસિયતથી મહારાજાને જૈનધર્મના ગહન વિષયો સમજાવી રહી હતી. કલાકો સુધી ચર્ચા ચાલતી. મહારાજાનું જૈનધર્મ અંગેનું જ્ઞાન વધી રહ્યું હતું. જૈન સાધુ પ્રત્યે લગાવ હતો, ધર્મમાં આસ્થા હતી છતાંય કંઇક અંશે દઢતાની ખામી હતી.

બૌધ્ધધર્મના ગુરૂઓએ જ્યારે મહારાજા શ્રેણિકના ધર્મપરિવર્તનની વાત જાણી ત્યારે તેઓ ચિંતિત થયા. તેઓ રાજા શ્રેણિકને ફરીથી બૌધ્ધધર્મમાં આસ્થાવાન બનાવવા માટે ઉપદેશ આપવા લાગ્યા. તેઓ મહારાજાને અનેક તર્ક ઉદાહરણ આપી જૈનધર્મ પ્રત્યે ભડકાવા લાગ્યા. ફરી એકવાર રાજાશ્રેણિકની મનઃસ્થિતિ ડામાડોળ બની. પરંતુ બાહ્ય રીતે તેઓ જૈનધર્મ પ્રત્યે પોતાની શ્રધ્ધા વ્યક્ત કરતા રહ્યા.

મહારાજા શ્રેણિકે જાણ્યું કે ત્રણ જૈન મુનિરાજો નગરમાં પધાર્યા છે. ફરી એકવાર મનનું વિચાર પંખી એમની અવધિજ્ઞાનની પરીક્ષા માટે ફફડી ઉઠ્યું. તેમણે બાહ્ય રીતે મુનિરાજોની ચરણવંદના કરી. ભક્તિપૂર્વક સેવા કરી.

મુનિરાજ જ્યાં આહાર માટે જવાના હતા તે સ્થાન પર ખાડો ખોદાવી

તેમાં પશુઓના માંસ, હાડકાં વગેરે અપવિત્ર વસ્તુ નાખી ખાડો પુરાવી દીધો. મહારાજાને હજુ પણ પોતાના મનનું સમાધાન કરવું હતું કે ખરેખર દિગંબર મુનિરાજ અવધિજ્ઞાની હોય છે કે નહિ. મહારાણી ચેલનાને મહારાજાના અતિ ઉત્સાહે શંકાથી ચિંતિત કર્યા. પરંતુ એમને દિગંબર સાધુઓ પર પૂર્ણ વિશ્વાસ હતો. ધર્મમાં પૂરી શ્રધ્ધા હતી. છેવટે મહારાજા શ્રેણિકના કૃત્યને મુનિરાજે જાણી લીધું. અને ત્યાંથી આહાર લીધા વિના પાછા ફર્યા. જૈન મુનિરાજ અપવત્રિ સ્થાન પર આહાર કેવી રીતે લઇ શકે?

દિગંબર મુનિરાજના અવધિજ્ઞાન અને ચરિત્રનિષ્ઠાની પ્રતિતી થતાં રાજા શ્રેણિકની આંખો ખૂલી ગઇ. એમને પોતાના કરેલા કાર્ય પર ખૂબજ પશ્ચાતાપ થયો. પોતાના કારણે મુનિરાજ નિરાહાર પાછા ફર્યા, એથી અતિ દુ:ખ થયું. આ ઘટનાએ એમની જૈનધર્મ પ્રત્યેની શ્રધ્ધાને દૃઢ બનાવી. હવે સંપૂર્ણપણે સમર્પિત થઇ જૈનધર્મના અનુયાયી બની ગયા.

મહારાણી ચેલનાનો પ્રયત્ન-પરિશ્રમ સફળ થયો. પોતાના પતિને સંપૂર્ણ જૈનધર્માવલંબી બનાવીને, મનમાં પ્રસન્નતાના પુષ્પો ખીલી ઉઠ્યા. જેની સુવાસે જીવન પ્રફુલ્લિત બનાવ્યું. આજે પહેલીવાર ચેલનાને મહારાજા શ્રેણીકની પત્ની હોવાનું ગૌરવ થયું. અત્યાર સુધીનું જીવન નિરથક ભાસ્યુ. સમય વધુને વધુ પ્રભુભક્તિમાં વ્યતિત થવા લાગ્યો.

"મહારાણી આટલાં ઉદાસ કેમ? તમારે તો એ જાણીને આનંદિત થવું જોઈએ કે તમે મા બનવાના છો. તમારું શરીર કંઇક ક્ષીણ થતું જાય છે. ચહેરાનું તેજ વિલિન થતું જાય છે. રાણીની આવી અવસ્થા જોઇ રાજા શ્રેણિકે ચિંતાતુર સ્વરે કહ્યું."

મહારાણી મૌન. મહારાજે પુનઃ પ્રશ્ન કર્યો.

"મહારાજા! જ્યારથી હું ગર્ભવતી થઇ છું, જાણે અજાણે મને ખુબજ ક્રોધ આવે છે. આજે તો એક અશુભ ઇચ્છા જાગી છે. તમારી છાતીમાંથી રક્ત પ્રવાહિત થતું જોવાની. મહારાજા, મને લાગે છે કે કોઇ પાપી જીવ મારા ગર્ભમાં આવ્યો છે. પૂર્વજન્મનો કોઇ વેરી આપણા જીવનને બરબાદ કરવા આવી રહ્યો છે. મહારાજા જ્યારથી આવી ઇચ્છા જાગી છે ત્યારથી મારું મન દુ:ખી થઇ ગયું છે. મહારાજાને ગળે વળગી રડતાં રડતાં ચેલના ભયથી ધ્રુજી ગઇ.

થોડા સમય માટે મહારાજા પણ વિચારોમાં ડૂબી ગયા. પરંતુ તુરતજ પોતાના મનને મક્કમ કરતાં મહારાણીને સાંત્વન આપવા લાગ્યા.

"પ્રિયે આવી સ્થિતિમાં આટલું ઉંડાણથી ન વિચારવું જોઇએ. તારા મનની ભ્રમણા છે. આપણો પુત્ર આવો ન હોઇ શકે. હું તને ઉદાસ નથી જોઇ શકતો." આમ કહી મહારાજાએ નખથી છાતી ચીરી રક્તધારા વહાવી રાણીની ઇચ્છા પૂરી કરી. ધ્રૂજી ઉઠી ચેલના-એની ઇચ્છા અવશ્ય પૂર્ણ થઇ પરંતુ મન આવનારા ભયની શંકાથી દુઃખી થઇ ગયું.

પુરા સમયે મહારાણી ચેલનાએ પુત્રને જન્મ આપ્યો. રાજાએ આનંદથી રાજ્યમાં ઉત્સવનું આયોજન કરાવ્યું. બાળકનું નામ કુણિક રાખવામાં આવ્યું. બાળકને જ્યારે જ્યારે રાજા પ્રેમથી ખોળામાં લેતા ત્યારે તેમના ભવાં તંગ થતાં આંખો, મુખ પર ક્રોધની લાલિમા ઝલકી જતી આ પરિવર્તન મહારાણીથી અજાણ્યું ન રહેતું. તે દુઃખી થતી. છેવટે તેણે રાજાથી છુપાવી પુત્રને જંગલમાં મોકલી દીધો. મહારાજાએ જ્યારે જાણ્યું ત્યારે વિશ્વાસુ સેવકોને મોકલી તેને મંગાવી છૂપી રીતે તેનું લાલન-પાલન કરાવવા લાગ્યા. મહારાજાના મનમાં બાળક માટે કોઇ રોષ કે પૂર્વગ્રહની લાગણી ન હતી.

ત્યાર પછી મહારાણી ચેલનાએ પાંચ પુત્રોને જન્મ આપ્યો. વારિષેણ, હલ્લ, વિદલ, જિતશત્રુ અને મેઘકુમાર. મહારાણી ચેલનાને અંતિમ પુત્ર મેઘકુમારના ગર્ભાવતરણ પછી, ગરમીના દિવસોમાં વરસતા વરસાદમાં હાથી પર બેસી ફરવા જાય એવી વિચિત્ર ઇચ્છા થતી. પરંતુ આવી પ્રખર ગરમીમાં આવું ઋતુપરિર્વન કેમ સંભવી શકે? મહારાજા અને મહારાણી આઇચ્છાની અપૂર્તિથી દુઃખી રહેવા લાગ્યા.

જ્યારે યુવરાજ અભયકુમારે જાણ્યું ત્યારે પોતાની યુક્તિ-પ્રયુક્તિથી વિદ્યાસિધ્ધિ કરી આ ઇચ્છાની પૂર્ણતા કરી. મહારાણી આનંદ વિભોર થઇ ગયા. ગર્ભમાં આવેલ બાળક ધર્મપ્રભાવી થવાના સંકેત મળ્યા.

મગધનું જન-જન આજે અપાર આનંદનો અનુભવ કરી રહ્યું હતું. સર્વના ચહેરા પર અનુપમ ખુશીની રેખાઓ અંકિત થઇ હતી. રાજમહેલમાં પણ ઉત્સાહપૂર્ણ વાતાવરણ હતું. એ સમયના સંસારની મહાન વિભૂતિ મહામાનવ, ત્રિલોકના નાથ સ્વયં ભગવાન મહાવીરનું સમવશરણનું આગમન

થયું હતું. અબાલ વૃધ્ધ એમના દર્શન માટે ઉત્સુક હતા. સારી રાજગૃહી નગરી ઉમટી પડી હતી.

મગધ નરેશ શ્રેણિક, મહારાણી ચેલના, પુત્ર અભયકુમાર તેમજ અન્ય પુત્રો સાથે ભગવાનના સમવશરણમાં પહોંચ્યા. શ્રધ્ધાથી વંદન કરી ભક્તિભાવથી ભગવાનની પૂજા કરી, સ્તુતિ કરી, ભગવાનની અમૃતવાણીનું શ્રવણ કર્યું. જૈનદર્શનના તત્વોને ઉંડાણથી સમજ્યા મુક્તિનો સાચો રાહ જાણ્યો, કર્મોની ગતિને જાણી.

પ્રભુના સંસાર બંધન અને તેની મુક્તિના ઉપદેશથી અભયકુમારનું મન રાજભોગથી વિરક્ત થઇ ગયું. તેમણે તે સમયે જ મુનિ દિક્ષા અંગીકાર કરી. આવા કુશાગ્ર બુધ્ધિશાળી પુત્રને સાધુવેશમાં જોઇ મહારાજ શ્રેણિક મોહવશ વ્યથિત થયા.

થોડા સમય પછી પુત્ર વારિષેણે પણ દિગંબર મુનિદિક્ષા અંગીકાર કરી. બીજા પુત્રો નાના હતા તેથી મહારાજા શ્રેણિકે રાજ્યભાર પ્રથમ પુત્ર કુણિકને સોંપી વૈરાગ્ય ગ્રહણ કરવાનો નિશ્ચય કર્યો.

મહારાજા શ્રેણિકે કુમાર કુણિકનો રાજ્યાભિષેક કર્યો. આ ચેલનાને પસંદ ન આવ્યું. પરંતુ આ સિવાય બીજો વિકલ્પ નહોતો છેવટે એજ થયું, જેનો મહારાણી ચેલનાને ભય હતો. પૂર્વભવનો વેરી કુણિક રાજ્યાભિષેક થતાં જ મહારાજા પર ગુસ્સાથી તમતમી ઉઠ્યો. અન્ય હજૂરિયાઓના કહેવાથી વિવેકહીન બની વૈરાગ્ય તરફ ઢળતા મહારાજાને બેડીઓથી બંદીવાન બનાવી કારાગૃહમાં પુરી દીધા.

ભાવિની ભીતરમાં છુપાએલા સંકેતને સમજી ગયેલી મહારાણી ચેલના વધુને વધુ દુ:ખી થવા લાગી. છેવટે એક દિવસ પીડા અસહ્ય થતાં પુત્રને સમજાવાની દૃષ્ટિએ કહ્યું, “ આવા નિર્મમ દુ:ખો શા માટે આપે છે?”

“શું એમણે મને ઓછા દુ:ખો આપ્યા છે? અરે એમણે તો મને બાળપણમાં જંગલમાં ફેંકી દીધો હતો. મને મારી નાખવા માગતા હતા. એતો મારું નસીબ હતું કે કર્મચારીયોએ મને છૂપાવીને મોટો કર્યો. એમને તો હું જીવતા રહેવા દઉ છું એ શું ઓછું છે?”

કુણિકે પિતા પ્રત્યેનો રોષ, તિરસ્કાર વ્યક્ત કર્યો. રાણી ચેલનાએ આ

જાણ્યું ત્યારે દંગ રહિ ગઇ. એણે કુણિકના ગર્ભમાં આવવાથી લઇ આજ સુધીની વાત કરી. મહારાજાની નિર્દોષતા રડતાં રડતાં સમજાવી.

"બેટા જંગલમાં મે જ તો તને ફેંકાવી દીધો હતો. તને શું ખબર જે પિતાને તે હાથકડી પહેરાવી કારાગારમાં કેદ કર્યા છે, જેના પર મારમારી ઘા ઉત્પન્ન કર્યા છે, એજ પિતાએ તું નાનો હતો ત્યારે તારી પાકેલી આંગળી, પરૂથી દુર્ગંધ મારતી આંગળીને તારી અસહ્ય પીડા ન જોવાતાં પુરી રાત પોતાના મોમાં રાખી હતી. તને શાંતિભરી નિંદ્રામાં પોઢાડવા એજ પિતાએ વિશ્વાસુ માણસો દ્વારા તારું લાલન પાલન કરાવ્યું. તારી આવી પ્રકૃતિ જાણવા છતાં તારો રાજ્યાભિષેક કરાવ્યો.

મહારાણીની મનોવેદના આંસુઓ દ્વારા વહી રહી. સત્ય સમજાતાં કુણિક પિતાની ક્ષમા માગવા તેમજ તેમને મુક્ત કરવા કારાગૃહ તરફ તુરત જ ચાલી નીકળ્યો.

વિધિનું વિધાન કંઇક જુદુ જ હતું. આવા કસમયે કુણિકને આવતો જોઇ મહારાજા ભયથી કાંપવા લાગ્યા. શારીરિક, માનસિક પીડાથી ત્રસ્ત મહારાજા વધુ કષ્ટની કલ્પનાથી ધ્રુજી ઉઠ્યા. એમણે કુણિક ત્યાં પહોંચે એ પહેલાં જ આત્મહત્યા કરી લીધી.

કુણિકના હાથમાં આવ્યું પિતાનું શબ, મનમાં ઉઠી પશ્ચાતાપની આંધિ.

આ ઘટનાએ સમગ્ર મગધમાં હાહાકાર મચાવી દીધો. મહારાણી ચેલનાનું હૃદય ભાંગીને ભૂક્કો થઇ ગયું. ઘડનાઓ ચિત્રપટની માફક દશ્યમાન બની. સંસારની અસારતાને નજીકથી જોઇ ઝાંઝવાના જળ જેવા સુખ નહિ પરંતુ સુખાભાસને સમજી મહારાજના વિયોગને વિસરી, જેની રગેરગમાં ધર્મભાવના પ્રવાહિત થએલી હતી એ ચેલના, મગધની મહારાણી મટી ચાલી નીકળી ભગવાન મહાવીરના શરણમાં શાશ્વત સુખની પ્રાપ્તી માટે. મુખ્ય ગણિની આર્યિકા ચંદનામતી પાસે દિક્ષાગ્રહણ કરી આરૂઢ થઇ ઘોર તપસ્યા પર. દેહથી દેહાતીત થઇ નશ્વર દેહ ત્યાગી દેવગતિમાં પહોંચી.

નારીની પ્રચંડ વિસ્ફોટક શક્તિ, કે જેણે માત્ર પોતાના પતિને જ નહીં, માત્ર એક નગરને જ નહિ પરંતુ સમગ્ર મગધ રાજ્યમાં બૌધ્ધ ધર્મને બદલે જૈનધર્મનો ડંકો વગાડ્યો. જૈન ધર્મની ધજા ફરકાવી. જનજનને જૈનધર્મના અનુયાયી બનવા પ્રેર્યા. ભારતભૂમિ પરની પ્રથમ આર્યિકા બ્રાહ્મી અને સુંદરીની હરોળમાં સ્થાન પ્રાપ્ત કર્યું.

# શ્રધ્ધા સંમોહિતા-મૈના સુંદરી

સાતમના સૂર્યને અસ્તાચલની ઓટમાં ઉતરતો નીરખી રહી મૈના મહેલની અટારીએથી. બાર બાર વરસથી પતિ વિયોગમાં વિરહીણી મૈના માટે વિરહની ચરમ સીમા સમી આજની રાતનો સમય કસોટીકાળ સમાન હતો. મૈનાના મ્લાન મુખ સમો સાતમનો ચંદ્ર અંબરની અટારીએ ઉગ્યો. એના અંતઃકરણ પર પણ શંકા કુશંકાના વાદળો ઘેરાવા લાગ્યા. શ્રધ્ધાનો વેગીલો સમીર આ વાદળોને હટાવવા પ્રયત્ન કરતો રહ્યો

મૈના વિચાર રહી, સમૃદ્ધિની સિધ્ધી માટે પરદેશ ગએલા શ્રીપાલ તેમના વચન અનુસાર આવતી કાલે આવી જવા જોઈએ. નહીં તો પોતાનો ગૃહત્યાગ નિશ્ચિત છે. શ્રીપાલે આપેલા આશ્વાસનની દોરથી બંધાએલી મૈના આ વિરહકાળની વસમી વેળાને પ્રભુભક્તિમાં, જનસેવામાં, જંગલના પ્રાકૃતિક સૌંદર્યમાં પ્રિયતમની યાદ, એની પ્રતિક્ષામાં, માતાતુલ્ય સાસુની સેવા કરવામાં વીતાવી સહ્ય બનાવ્યો.

પતિ વિરહમાં ઝૂરતી મૈનાને શરદપૂનમનો સોળે કળાએ ખીલેલ ચંદ્રની ચાંદનીની શીતળતા એના દિલને દઝાડતી. ઋતુરાણી વર્ષાની કાળી મેઘલી રાતોમાં પ્રિયતમની યાદોના વાદળો ઉરના આકાશમાં ઉમડતા અને આંખો દ્વારા વરસી જતા. યૌવનના ઉન્માદ સમા ઋતુરાજ વસંતના વધામણા એના અંતરને ખળભળાવી મૂકતાં તો પેલી આમ્રકુંજમાં ટહૂકતી કોકીલાની કૂહૂ મૈનાના મનના મીતની મીઠી યાદોના ગીત ગાતી, ત્યારે પ્રકૃતિ, પશુ-પક્ષી પોતાની વહાલી મૈનારાણીના દુઃખમાં સહભાગી બની, નાચ ગાન કરી એના મનને આનંદિત રાખવા કોશિષ કરતા. જિનેન્દ્ર દેવની ભક્તિ પૂજા એના આત્મામાં શ્રદ્ધા અને હિંમતના વારિનું સિંચન કરતાં. કર્મસિધ્ધાંતમાં મેરૂસમાન અડગ મૈના પળપળ શ્રીપાળને યાદ કરતી, તેના ક્ષેમકુશળની કામના કરતી, સાસુની સેવાની ઓથમાં એમનો પ્રેમ સંપાદન કરી એક સંસારી સંન્યાસિની જેવું જીવન વ્યતિત કરવા લાગી.

એકાકીપણાની આજની આ રાત્રે મૈનાના નયનોની નિંદર વેરણ બની.

બાર બાર વર્ષથી ગએલો પિયુ પ્રાતઃકાળે પાછો આવવાનો હતો. એ મધુર મિલનની મીઠી ઉત્કંઠાને મનમાં સમાવી વિચારી રહી વિધિની કેવી વિચિત્રતા? મૈનાનું વિચાર પંખી ઉડવા લાગ્યું અતીતના અંબરમાં....

ધજા પતાકાઓથી શોભતા ઉજ્જૈની નગરીના રાજ પ્રસાદ ઉત્સવના ઉમંગે ઝૂમી રહ્યા હતા. પૂરી નગરી શણગારેલી હતી. હરકોઇના મુખપર પ્રસન્નતાની ઝલક પથરાએલી હતી. રાજદરબારમાં ઉચ્ચ સિંહાસન પર બિરાજમાન મહારાજા પહુપાલ. મહારાણી નિપુણ સુંદરીના ઉરનો આનંદ ચહેરાના આયનામાં ઝલકતો હતો. નોકર ચાકરને ભેટ આપી ખુશકરાતા હતા. હા! આંજ એમની બંને પુત્રીઓ પોતપોતાના ગુરુજી પાસેથી વિદ્યાભ્યાસમાં નિપુણતાની મહોર મરાવી પાછી ફરી હતી. રૂપલાવણ્ય સભર સુરસુંદરી અને મૈનાસુંદરી નામ તેવા ગુણ. જાણે ધરતીપર રતિનો અવતાર. શૈશવની મસ્તીએ યૌવનની માદકતા ધારણ કરી હતી. આ યૌવન વર્ષાની તોફાની સરિતા જેવું નહી પણ શિશિરની સરિતા જેવું શાંત સ્થિર, અને ગંભીર, શીલ અને સંયમના કિનારા વચ્ચે મંથર ગતિએ વહી રહ્યું હતું. ધર્મ શિક્ષણે બંને રૂપસુંદરીના વ્યક્તિત્વને વધુ નિખાર આપ્યો હતો.

મહારાજાએ મોટી સુરસુંદરીને વેદિક ધર્મના શિક્ષણ માટે અને નાની મૈનાસુંદરીને શ્રમણધર્મના શિક્ષણ માટે યોગ્ય ગુરુજી પાસે મોકલી હતી. આજ બંને બહેનો શિક્ષાની દિક્ષામાં પારંગત થઇ પાછી ફરી હતી. પિતાજીએ બંને પુત્રીઓને પાસે બેસાડી વહાલ કર્યું. તેમને તેમના અભ્યાસને અનુરૂપ અનેક પ્રશ્નો પૂછયા. બંનેએ પોતપોતાની બુધ્ધિ પ્રમાણે સંતોષકારક ઉત્તર આપ્યા. મહારાજા પહુપાલ અને દરબારીઓએ પ્રશ્નોત્તરી દરમ્યાન સમજી લીધું કે સુરસુંદરી કરતાં મૈનાસુંદરી વધુ બુધ્ધિશાળી છે. એની કુશાગ્ર બુધ્ધિમાં ગંભીરતા અને સ્પષ્ટતા છે.

વેદિક-દર્શન પ્રમાણે સુરસુંદરી એમ માનતી હતી કે જીવનના સુખ-દુઃખ, હાનિ લાભ વગેરે ભાગ્યથી જ મળે છે. જ્યારે જૈનધર્મ દિક્ષિતા મૈનાસુંદરી કર્મની પ્રધાનતાને જ મહત્વ આપતી હતી. મૈનાસુંદરીએ જૈનવિદ્યા સાથે બ્રહ્મજ્ઞાન, બાણવિદ્યા, બાહુબળ, સિધ્ધ રસાયણ, સ્વર, તાલ-લયમય સંગીત નૃત્ય, વ્યાકરણ, ન્યાય જ્યોતિષ વૈદિક વગેરે લૌકિક વિદ્યાઓનું જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. જૈન દર્શનના પાયાના ચાર અનુયોગો, રત્નત્રય, આત્માના

દશધર્મ, સ્યાદ્‌વાદ, કર્મમીમાંસા, તત્વ, દ્રવ્ય વગેરેનો તલસ્પર્શી અભ્યાસ કર્યો હતો. આ ગૂઢ અધ્યયનના ફલસ્વરૂપે ધર્મ અમૂલ્ય છે. ઉત્તમ જ્ઞાનની પ્રાપ્તિ તો એથી પણ દુર્લભ છે. એવી શ્રધ્ધા દઢ બની હતી. આવા ધર્મનું રક્ષણ ગમે તે ભોગે કરવું જ જોઈએ. કોકીલ કંઠી મૈનામાં આજે સાક્ષાત્‌ સરસ્વતીના દર્શન થતા હતા. રાજદરબામાં ઉપસ્થિત દરબારીઓ સહીત સહુ એકી અવાજે મૈના સુંદરીના જ્ઞાનગુણની પ્રશંસા કરવા લાગ્યા. રૂપ, ગુણ, કળા કૌશલ્ય અને જ્ઞાના ભંડાર સમી પુત્રીને પામી માતા-પિતાની છાતી ગજ ગજ ફુલવા લાગી. સર્વના આશીર્વાદ પ્રાપ્ત કરી પુત્રીઓ પણ ધન્ય બની.

યૌવનના ઉંબરે ઉભેલી પુત્રીઓના લગ્ન કરવાનું ઉચિત સમજી મહારાજા પહુપાલે મહારાણીને વાત કરી નિપુણસુંદરીએ સહર્ષ એમાં સંમતિ દર્શાવી બંને પુત્રીઓના માથે પ્રેમપૂર્વક હાથ ફેરવ્યો. આવાત સાંભળતાં જ સુરસુંદરી અને મૈનાસુંદરીના મુખપર શરમના શેરડા પડ્યા. નજરો નીચી ઢળી ગઈ.

“દીકરી! તમે બંને પુખ્ત છો, તમારા જીવનનું શ્રેય સ્વયં નક્કી કરી શકો તેમ છો. તેથી અમે ઇચ્છીએ છીએ કે તમે તમારા પતિ સ્વયં પસંદ કરી લો. તમારી પસંદગી અમને માન્ય રહેશે.” મહારાજાએ પુત્રીઓને પ્રેમથી કહ્યું.

“હા દીકરી! તમારા પિતાજીની વાત યોગ્ય છે.’* મહારાણીએ વાતને સમર્થન આપ્યું.

બંને દીકરીઓ ચૂપ.

“બોલો શરમાઓ નહીં. અમે તમારા સારા માટે જ કહી રહ્યા છીએ.” રાજાએ પ્રોત્સાહન આપતાં કહ્યું.

“પિતાજી, પિતાજી” આમ કહી સુરસુંદરી શરમની મારી અટકી ગઇ.

“બોલ દીકરી! શરમાઇશ નહીં.” માતાએ હિંમત આપતાં કહ્યું.

“પિતાજી! મારા માનમાં કોશાંભીપુરના મહારાજાના પુત્ર હરિવાહન વસ્યા છે. હું એમની સાથે લગ્ન કરવા ઇચ્છું છું.” એકી શ્વાસે આટલું કહી સુરસુંદરી શરમાઇને ત્યાંથી ચાલી ગઇ.

રાજા પહુપાલે મંત્રીગણ સાથે વિચાર-વિમર્શ કરી શુભ મુહૂર્તમાં કોશાંભીપુર વિવાહના શુકનનું નાળિયેર મોકલાવવાનું નક્કી કર્યું.

"દિકરી મૈના! તું પણ તારા ઈચ્છિત પતિની પસંદગી કરી સુખેથી ગૃહસ્થજીવનની શરૂઆત કર." મૈના ચૂપ રહેતાં તેના મનોભાવ જાણવા પિતાજીએ પૂછ્યું.

"પિતાજી મે જૈનધર્મના શિક્ષણ દ્વારા નારીના લાજ મર્યાદાના સંસ્કાર જીવનમાં ઉતાર્યા છે. આપ મારા પિતાજી છો. આપ જે કોઈ પતિ પસંદ કરશો તે મારે માટે યોગ્ય જ હશે. હું તેમનો સહર્ષ સ્વીકાર કરીશ." મૈનાની વાણીમાં સંસ્કારિતાની છાંટ વરતાતી હતી.

"દિકરી! આમાં કોઈ અધર્મ કે અશીલ નથી."

"હા દિકરી તારી મોટી બહેનની જેમ તું પણ નિઃસંકોચ કહી દે"

મા એ મૈનાને સમજાવતાં કહ્યું.

મા! શીલ-સંકોચ લાજ-મર્યાદા આતો નારીનું આગવું અભૂષણ છે એના જીવનની ઈમારતનો પાયો છે. શીલવતી નારી જ કુળની લાજ રાખે છે. એ પોતાના પતિની પસંદગી જાતે નથી કરતી. મા! પિતાજી શું તમે મારા માટે અયોગ્ય પતિ પસંદ કરશો?.... ના. તો પછી મને શું પૂછો છો? આપની પસંદગી મારે માટે શિરોધાર્ય."

મૈનાએ મનની વાત સ્પષ્ટ કરી.

"તો શું તારી મોટી બહેને ખોટું કાર્ય કર્યું છે? શું તેણે કુશીલ આચર્યું?" પિતાજી કંઈક નારાજ થઈ બોલ્યા.

"પિતાજી, મોટી બહેનનું શિક્ષણ જ એવા વાતાવરણ અને સંસ્કૃતિમાં થયું છે. એમાં એનો શું દોષ? વળી, હું એની વાત શું જાણું? હું તો ફક્ત એટલું જ સમજું છું કે તમે મારા પિતાજી છો, પાલક છો. આપ જ્યાં અને જેવો પતિ પસંદ કરશો તે મને મંજૂર રહેશે."

મૈનાએ દૃઢતાથી પોતાનું વક્તવ્ય રજૂ કર્યું.

મહારાજા પહુપાલ પણ આજે દલીલ કરવાના મૂડમાં હતા.

"કદાચ અમારી પસંદગીથી તને દુઃખ મળે તો?"

"પિતાજી! સુખ-દુઃખ એ તો કર્મ આધિન છે. કરેલા કર્મોનું ફળ તો ભોગવવું જ પડે છે. જે પણ થશે એને હું આપના દ્વારા નહીં પરંતુ મારાજ

શુભ કે અશુભ કર્મનું ફળ છે એમ માની સહર્ષ સ્વીકારી લઈશ.

"મૈના દિકરી! મા-બાપ પાસે આવી જીદ ન હોય તું સારા રાજકુમારને પસંદ કરી લે" માએ ફરી ફરી દિકરીને સમજાવતાં કહ્યું.

"મા! શું તું એવું ઇચ્છે છે કે હું સતીનો ધર્મ છોડી દઉં? હું વર ખરીદવા નથી માગતી. પસંદગી તો ખરીદવામાં હોય છે. એવું શું શીલવ્રતા કરી શકે? મારે આથી વધારે કંઈ નથી કહેવું."

રાજા પહુપાલને પુત્રીના કથનમાં સત્ય-શીલથી વધારે જીદ અને બાળક બુધ્ધિ જ નજરમાં આવ્યા. એમને એમ લાગ્યું કે દિકરી એમના આદેશનું ઉલ્લંઘન કરી રહી છે. એમના અંતરમાં ક્રોધાગ્નિ ભભૂકી ઉઠ્યો. એની જ્વાળામાં વિવેક નષ્ટ થયો.

"ઠીક છે મૈના, જો તારી આવી જ જીદ રહી તો પછી હું પણ એવો વર શોધીશ કે તને ખબર પડી જશે. તારા કર્મોની પણ પરીક્ષા થશે. શું આવી જીદ કરવાનું તારા ગુરુજીએ શીખવ્યું છે?"

"પિતાજી જ્ઞાનાભ્યાસ કરાવવાવાળા નિસ્પૃહી ગુરુજીને દોષ શા માટે આપો છો?" આતો મારા શુભકર્મોનો ઉદય હતો કે રાજઘરાનામાં મારો જન્મ અને લાલન-પાલન થયું. આવું ઉત્તમ શિક્ષણ મળ્યું. નિર્ગ્રંથ ગુરુજીનો સત્સંગ મળ્યો. હવે અશુભ કર્મોનો ઉદય આવવાનો હશે તો એણે કોણ રોકી શકવાનું છે? મૈનાએ ગંભીર વાણીમાં તાર્કિક રીતે પોતાની વાત રજુ કરી.

"દિકરી! પિતા પુત્રીની વાતમાં મને વચ્ચે ચંચુપાત કરવાનો કોઈ અધિકાર નથી છતાં દિકરી તારા પિતાજીની વાત માની લે, એજ તારા હિતમાં છે." મંત્રીજીએ મૈનાને સમજાવતાં વત્સલ ભાવથી કહ્યું.

"મૈના તું જીદ છોડી દે. કરમ-બરમ બધી કલ્પના છે. મનુષ્યનું પોતાનું સામર્થ્ય જ મુખ્ય છે. આ રાજપાટ આ સંપત્તિ એ મારા જ સામર્થ્યનું ફળ છે." રાજાએ ક્રોધ અને અભિમાનથી કહ્યું.

"પિતાજી! આ જ તો તમારો ભ્રમ છે. આ સઘળુ સુખ આ વૈભવ તમારા પૂર્વભવના સંચિત પુણ્યોદયથી જ મળ્યા છે. તમારું આ અભિમાન સારું નથી. નાના મોઢે મોટીવાત કરવી શોભતી નથી છતાં પણ મારે કહેવું પડે છે કે અભિમાન તો રાજા રાવણનું, હિરણ્ય કશ્યપનું કે દુર્યોધનનું પણ

નહોતું રહ્યું. માટે આ અભિમાન છોડો અને જૈનધર્મના સિધ્ધાંતમાં શ્રધ્ધા રાખી અપનાવો.''

''અરે! તું આજકાલની છોકરી મને શીખવે છે? હવે હું પણ જોઉં છું કે ધર્મ તને કેવો સહાયરૂપ થાય છે? તારી કેવી રક્ષા કરે છે? એવો પતિ શોધીશ કે જિંદગીભર કર્મોને રડતી રહીશ.'' પગ પછાડી ગુસ્સામાં ધૂઆંપૂવાં થતાં મહારાજા પહુપાલ ત્યાંથી બહારનીકળી ગયા.

''આતો મારા જ અશુભ કર્મોનો ઉદય છે કે પિતાજી પણ મારી વાત સાંભળવા તૈયાર નથી.'' આમ કહી મૈના પણ ત્યાંથી ચાલી ગઇ. માતા દિગ્મૂઢ બની જોતી રહી. સર્વત્ર સન્નાટો છવાઇ ગયો. કંઇક અનિષ્ટ થવાના સંકેતથી સર્વ ભયભીત બન્યા.

મૈનાએ પોતાના પતિની સ્વયં પસંદગી કરી નહીં કર્મોદયને જ સર્વ માનીને જે દૃઢતા બતાવી આથી ક્રોધિત થઇને રાજા પહુપાલે એક દુશ્મન પણ ન કરે એવું કાર્ય કર્યું. બાપ જ બેટીનો દુશ્મન બન્યો. રાજા પહુપાલે ચંપાપુરીના મહારાજા અરિદમનના પુત્ર શ્રીપાલ કે જેમનું પુરુ શરીર કોઢગ્રસ્ત હતું. જેમના શરીરમાંથી અતિશય દુર્ગંધ આવતી હતી. જેઓ પ્રજાના હિત માટે રાજ્ય કારભાર કાકાને સોંપી પોતાના સાતસો કોઢી સાથીઓ સાથે જંગલમાં રહેતા હતા. કોટિભર શ્રીપાળ કોઢીભર બની ચૂક્યા હતા. પરિજન, પુરજન સહુ એમનાથી દૂર રહેતા. કોઇપણ એમની નજદીક જવાની હિંમત કરતું નહીં.

આવા કોઢી અપાહિજ રાજકુમાર સાથે રાજા પહુપાલે પોતાની હીરાકણી જેવી સુંદર, કમલશી કોમલાંગી, સાક્ષાત્ સરસ્વતીના અવતાર સમી બુધ્ધિવાન મૈનાની સગાઇ નક્કી કરી. ક્રોધ અને અભિમાનથી અંધ બનેલા પિતાનો અહમ્નો સર્પ વિવેકને ડસી ગયો. બાપ થઇને બેટીથી બદલાની ભાવના એને પાઠ ભણાવવાની અધમ નીતિમાં બધુ જ વીસરી ગયા. એમને તો કરવી હતી મૈનાના એ સિધ્ધાંતની પરિક્ષા કે જે સિધ્ધાંતમાં કર્મફળ જ શ્રેષ્ઠ છે. તેઓ પારખું લેવા માગતા હતા કે કોઢી પતિ એ મૈનાના કર્મફળની ઉપલબ્ધિ છે તો તે અશુભ કર્મોને કેવી રીતે દૂર કરી શકે છે? ભ્રષ્ટ બુધ્ધિમાં એ ઝેરનું પારખું ઝેરને ચાખીને કરવા ગયા.

સજાવેલી કમાનો, તોરણ દ્વારથી ઉજ્જૈનિ શોભી રહી હતી. રાજકુમાર શ્રીપાલ સાથે આજે મૈનાસુંદરીના લગ્ન હતા. જાન આવી, નગરજનો, સ્ત્રીવૃંદ, સખીવૃંદ, દરબારીગણ, કોઢી અપાહિજ શ્રીપાળને જોઇ હેબતાઇ ગયા. અરેરે... મહારાજાએ આ શું કર્યું? બત્રીસલક્ષણી દિકરીના લગ્ન આવા દુર્ગંધયુક્ત કોઢી રાજકુમાર સાથે? છી... છી.... છી..... ધિક્કાર છે મહારાજાને. મહારાણી નિપુણસુંદરી આ દૃશ્ય જોઇ અસહ્ય દુર્ગંધથી બેહોશ બની ગયા. દરબારીગણ મ્હોં પર કપડું રાખી રાજઆજ્ઞાનું પાલન કરવા લાગ્યા. સહુના અંતરમાં આક્રંદ હતું. લગ્નગીતની જગ્યાએ આહ અને આંસુની ઝડી વરસી રહી. આનંદના પ્રસંગે શોકનો માતમ છવાયો.

લગ્નવિધિ શરૂ થઇ. મૈનાએ કોઢી પતિના ગળામાં વરમાળા પહેરાવી. આ દૃશ્ય જોતાં પથ્થર દિલ પિતાનું હૃદય ધ્રૂજી ઉઠ્યું. વાત્સલ્યની વરસતી હેલીથી અહમ્નો અગ્નિ શાંત થયો. રાજત્વના અહમની અડીખમ દિવાલ સામે પત્નિ મંત્રી કે શુભેચ્છક કોઇનીય કાકલૂદીનો સ્વર જેમના કાને નહોતો પડ્યો, તેવા રાજા પહુપાલ આજ પોતાની કરણીનું દૃશ્ય આંખ સામે આવતાં જ, પોતાની ભૂલનો અહેસાસ થતાં જ વેદનાના શૂળથી હૃદય ચિરાતાં, એ વેદના આંખોમાંથી વહી રહી.

‘‘પુત્રી, મને ક્ષમા કરી દે. હું અભિમાનમાં આંધળો થઇ ગયો હતો. મને સજા આપ દીકરી સજા આપ.’’ સર્વના દિલમાં દુઃખ હતું. આંખોમાં આંસુ હતા. પરંતુ.... મૈનાના ચહેરા પરના ભાવમાં કોઇ પરિવર્તન નહતું. ધર્મના કર્મફળ સિધ્ધાંતમાં અડગ આસ્થા સાથે નિર્વિકાર મૈનાએ ધીરગંભીર સ્વરમાં કહ્યું,

‘‘પિતાજી, મહામંત્રીજી તમે આવું કલ્પાંત શા માટે કરો છો? આમાં કોઇનો પણ દોષ નથી. આતો મારા કર્મોનો જ ઉદય છે. જ્યાં હું પોતે જ ખુશ છું તો તમે બેચેન કેમ છો?’’ માતા નિપુણ સુંદરીએ દીકરીને છાતીએ લગાવતાં ગદ્ગદ્ અવાજે કહ્યું, દીકરી તું ખૂબજ લાડકોડમાં ઉછરી છે. તે સુખ અને સૌંદર્ય જ જોયું છે. તો આવી પરિસ્થિતિમાં કેવી રીતે રહી શકીશ?’’

‘‘મા, એવું ન વિચારો. હવે તે કોઢી નથી. તમારા જમાઇ છે. મારા પતિ છે. મા આપણી સંસ્કૃતિ કહે છે કે પતિ પરમેશ્વર છે. નારીનું સૌભાગ્ય

છે. સૌભાગ્ય ક્યારેય ધૃણાસ્પદ નથી હોતું. મારાપતિ દુર્ગંધ યુક્ત નહીં પરંતુ ફુલોની સુવાસ શા સુગંધિત છે. ચંદ્રજેવા શીતળ અને હીરાથી અણમોલ મારે માટે એ કામદેવ છે. હું એમને મનથી વરી ચૂકી છું. તમે શાંત થાઓ ધીરજ ધરો.''

લગ્ન વિધિ પૂરી થઈ. દીકરી વળાવવાની વસમી વેળા આવી પહોંચી. સહુના અંતરને મૈનાને પતિગૃહે વળાવવાની વેદના કરતાં તેને કોઢી પતિ સાથે પરણાવી એની વેદના કોસતી હતી. પિતાજી તો પુત્રીને પોતાનું મ્હોં દેખાડવા લાયક પણ નથી. એમ માની મહેલમાં જઈ બંધ બારણે રડી રહ્યા હતા. માતાથી આ વસમી વેળા સહન ન થતાં બેભાન બની ગઈ. મોટી બહેન અને સખીઓના અંતરના બંધ છૂટી ગયા. સહુની આંખોમાં ચોધાર આંસુ હતા. આ દૃશ્ય અસહ્ય ભાસતાં દિવાકર પણ વાદળોની ઓથમાં છૂપાઈ ગયો. અંબર પણ જાણે આંસુ વહાવી રહ્યું. પક્ષિઓનું કરુણ ગીત, ફૂલો અને લતાઓનું મુરઝાવું, પાળેલા મૃગલાંઓની આંખમાં વિરહના આંસુ, એમની વહાલસોયી મૈનાની વિદાયની કરુણતાના સાક્ષી હતા.

મૈનાના હૃદયમાં પણ પિતૃગૃહ છોડવાનું દુઃખ હતું. આંખમાં આંસુની ધાર પણ હોઠ પર મક્કમ નિર્ધાર. એને સમજાઈ ચૂક્યું હતું કે હવે તે સાચે જ ધર્મની કસોટીની એરણ પર ચઢી છે. એને અનન્ય શ્રધ્ધા અને વિશ્વાસ હતા જરૂર તે પાર ઉતરશે. નવવધૂ બનેલી મૈના શણગારેલા રથમાં વિદાય થઈ. રહી ગઈ માત્ર ધૂળની ડમરી અને મૈનાની યાદ.

વિવાહિતા મૈના સુંદરીનો રથ ચંપાપુરના રાજમહેલમાં જવાને બદલે ચંપાપુરથી દૂર જંગલમાં જ્યાં કોઢી શ્રીપાલ પોતાના સાથીઓ સાથે રહેતા હતા ત્યાં જઈ પહોંચ્યો. શ્રીપાલે મૈનાસુંદરીના પિતાની વાત માની તેની સાથે લગ્ન જરૂર કર્યા પરંતુ તેમને પોતે અનિષ્ટ કર્યું છે, પાપ કર્યું છે, એવી ભાવના સતાવવા લગી. પોતાના કર્યા પર પસ્તાવો થવા લાગ્યો. ''અરે! ક્યાં મારું દુર્ગંધ યુક્ત કોઢી શરીર અને ક્યાં નખશીખ કાંચનવર્ણી સુંદરી!'' આ વિચાર અંતરને કોસવા લાગ્યો. ચહેરા પર વિષાદના વાદળો છવાયા.

''પ્રાણનાથ! આજ આપ ઉદાસ કેમ?'' મૈનાએ પોતાનો કોમળ હાથ શ્રીપાલના ખભે મૂકતાં કહ્યું.

મૈનાનો રૂપાની ઘંટડી જેવી સ્વરસુરાવલી કાને પડતાં શ્રીપાલ ચોંકી ઉઠ્યા. એકદમ પાછળ હટી બોલ્યા, ''પ્રિયે તમે મારો સ્પર્શ ન કરો. આ એક ભયાનક ચેપી રોગ છે. જે તમારી સુવર્ણકાયાને કદરૂપી બનાવી દેશે. મારી ભૂલની મને ક્ષમા આપો. તમારી સાથે લગ્ન કરી તમારી જીંદગી બરબાદ કરી છે.''

''સ્વામી! આવી વાત કહી મને વધારે ન શરમાવો. આ તો બધી કર્મની ગતિ છે, જે નિશ્ચિત છે. આવું ન હોત તો તમો યુવરાજ હોવા છતાં તમારે આવા જંગલમાં રહેવું પડત? મારી પાલખી રાજમહેલમાં ન ઉતરત? માટે આવી વાતોને છોડી દો. તમો મારા સ્વામી છો. હું મારા સ્વામીના શરીરને નહીં એમના આત્માને પ્રેમ કરું છું. તમારો આત્મા રોગયુક્ત નથી.'' મૈનાએ શ્રીપાળને ગળે હાથ વીંટાળતાં કહ્યું.

''નહીં નહીં મૈના દૂર હટો શા માટે જાતે ઉઠીને બરબાદીને આમંત્રણ આપો છો.'' તેનાથી દૂર થતાં શ્રીપાલે સમજાવ્યું.

''પ્રાણેશ! નારીની આબાદી તો તેના પતિ દ્વારા જ થાય છે. આપના સુખદુઃખ મારા સુખદુઃખ છે. આપની સેવા કરવી એજ મારો પરમ ધર્મ છે. જ્યાં સુધી તમારું આ દુઃખ દૂર નહીં થાય ત્યાં સુધી મને ચૈન નહીં મળે, પ્રિયે તમે જ મારો શૃંગાર, મારું સર્વસ્વ.''

''ધન્ય છો તમે. પરંતુ જાણી જોઈને માખી ગળી જવાય?''

''આપ માખી નથી મારા સ્વામી છો. દાસીને તમે કહી વધારે ન શરમાઓ.'' કહેતાં કહેતાં મૈનાએ શ્રીપાલને વાત્સલ્યથી પોતાના બાહુપાશમાં જકડી લીધા.

''પ્રિયે! તમારી ધર્મ પરની શ્રધ્ધા, હસી ખુશીથી કર્મોને સહન કરવાની ભાવના અને શીલવ્રતની અડગતા. આવી દૃઢતા સામે કર્મો પણ હાર માની લેશે. મને લાગે છે કે ટૂંક સમયમાં જ ઘણી ઝડપથી મારા અશુભ કર્મોનો ક્ષય થશે.'' મૈનાને પોતાનાથી અલગ કરતાં શ્રીપાલ કક્ષમાંથી બહાર આવ્યા. મૈના સુંદરીએ કર્મોને દુહાઇ આપી. પરંતુ હિમંત ન હારી.

મૈના સુંદરીએ મનથી પ્રતિજ્ઞા કરી કે જ્યાં સુધી હું મારા પતિને રોગમુક્ત ન કરી શકું ત્યાં સુધી બ્રહ્મચર્યવ્રતનું પાલન કરીશ. વ્રતોપવાસ

કરીશ. મારું જીવન ધર્મકાર્યમાં જ પસાર કરીશ. આવા મક્કમ નિર્ધારથી હૃદયમાં આનંદની લહેરખી પ્રસરી રહી. માનસ પટ પર અલૌકિક પ્રકાશ ફેલાવવા લાગ્યો. એનું મન પહોંચી ગયું અરિહંતના શરણમાં. પ્રભુભક્તિના તેજપુંજના પ્રકાશથી દુ:ખના અંધકારને દૂર કરવા વિચારી રહી. અરે ઈતિહારના પૃષ્ઠો ઉથલાવતાં જણાય છે કે સતીઓના સતીત્વની સામે સંકટ-વિપદ કેવી રીતે ટકશે? સાધનાની દ્રઢતામાં અંતરમાં પ્રકાશ ફેલાયો. મનોમસ્તિષ્કમાં એક ઝબકાર થયો. એ ઝબકારમાં સમગ્ર ચેતના ઝણઝણી ઉઠી. જો પૂર્ણ ભક્તિભાવથી સિધ્ધચક્ર વિધાનની પૂજા કરવામાં આવે તો અવશ્ય કર્મોની નિર્જરા થશેજ. આ વિચાર સાથે મન પુલકિત થઈ ઉઠ્યું. હૃદય સાગરમાં આનંદની લહેરો હિલોળાવા લાગી. પોતાને નૂતન સંજીવની મળી ગઈ હોય એવા ભાસ થવા લાગ્યો.

મૈના સુંદરીએ પોતાની મનોભાવનાને મૂર્તિમંત કરવા માટે શ્રી સિધ્ધચક્ર વિધાન મંડળની રચના કરી. ગુરુજી પાસે પ્રાપ્ત કરેલ વિધિ વિધાનના જ્ઞાનના આધારે સિધ્ધચક્રના યંત્રને તૈયાર કરી વિધિવત સ્થાપન કર્યું. શુધ્ધ મનથી અષ્ટાનિકાના પૂરા આઠ દિવસ વિવિધ-પૂજા-વિધિ વિધાન સાથે પૂર્ણ ક્રિયાત્મક ઢંગથી પૂરી તન્મયતાની સાથે વિધાન કર્યું. દરરોજ બે ત્રણ અર્ઘ અર્પિત કર્યા. પહેલા દિવસે આઠ બીજા દિવસે સોળ એવી રીતે આઠમા દિવસે ૧૦૨૪ અર્ઘ પ્રભુ ચરણોમાં સમર્પિત કર્યા. આમ પ્રતિદિન અર્ઘની સાથે જાણે પોતાના પૂર્વ સંચિત અશુભ કર્મોની નિર્જરા કરી રહી. પ્રતિદિન આનંદમાં વૃધ્ધિ થતી રહી. ઉત્તરોઉત્તર ભગવત્ ભક્તિમાં મન દ્રઢ બની રહ્યું. મૈના સુંદરીએ આ આઠ દિવસમાં પૂર્ણ પ્રોષધોપવાસ વ્રતની આરાધના કરી. પ્રભુભક્તિમાં લીન મૈનાને ભૂખ તરસનું ભાન જ ક્યાં હતું? એનું મન તો આ બધાથી ઉપર ઉઠીને પંચપરમેષ્ઠિમાં લીન થઈ ગયું હતું. જેમ જેમ અર્ઘ અર્પિત થતા ગયા તેમ તેમ શ્રીપાલ અને તેમના સાથીઓની શારિરિક પીડા ઘટતી ગઈ. ભક્તિમાં લીન મૈનાની સાથે શ્રીપાલ અને તેના સાથી પણ ભક્તિ સરિતામાં તરવા લાગ્યા. મંડપમાં બેઠેલા તેઓ પણ એટલા લીન થઈ ગયા કે પોતાની શારીરિક પીડાને ભૂલી ગયા. અંતર પ્રભુભક્તિના આનંદમાં લીન થઈ ગયું. આવી ભક્તિ તેમનાથી ક્યારેય થઈ શકી નહોતી. ભૂખ તરસ ભૂલી તેઓ જેમ જેમ ભક્તિમાં લીન થતા ગયા તેમ તેમ તેમના શારીરિક

કષ્ટોમાં શાંતિ મળતી ગઇ. આવું સામૂહિક તપ પુરા વાતાવરણને તપઃપૂત બનાવી રહ્યું. પ્રતિદિન પ્રભુના અભિષેકના પવિત્ર ગંધોદકનો સ્પર્શ, શરીર પર એનો છંટકાવ એમને અકસીર જડીબુટ્ટી જેવી શીતળતા અને સુખ આપતો રહ્યો. આ દિવ્યજળ એમને દિવ્ય ઔષધિ જેવું લાગી રહ્યું.

આજે નવમો દિવસ હતો. મૈનાએ પૂર્ણાહુતિનું હવન કર્યું. હવનકુંડમાં ધૂપની આહુતિ જાણે એના અશુભ કર્મોની આહુતિ હતી. ''સ્વાહા''ના સ્વરની સાથે એક એક અશુભ કર્મોનો હાસ થતો રહ્યો. યજ્ઞ પૂરો થયો. અંતિમ દિવસના પાવન ગંધોદકનો છંટકાવ દરેક રોગીના શરીર પર કરવામાં આવ્યો. ત્યાં તો સર્જાયો એક ચમત્કાર..... તન મન ધનથી કરાએલી આ સામૂહિક ભક્તિએ સર્વેના અશુભ કર્મોનો ક્ષય કર્યો. કાયા કંચન વર્ણી બની. સહુ રોગ મુક્ત બન્યા. આનંદના અતિરેકમાં સર્વ પ્રસન્નતાથી નાચવા લાગ્યા. રાણી મૈનાસુંદરીને દેવી સમજી તેમના પગમાં પડ્યા. ભકિતની શક્તિને વંદી રહ્યા.

શ્રીપાલે પ્રેમ ભક્તિથી મૈનાને નીરખી તેની સામે નત્મસ્તક થઇ ગયા. મૈનાનો મનમયુર મહેંકી ઉઠ્યો. એની સાધના સિધ્ધ થઈ. શ્રીપાલ અને મૈના-બંનેની આંખોમાંથી હર્ષાશ્રુની ઝડી વરસી રહી. શ્રીપાલે પ્રેમ શ્રધ્ધાથી મૈનાને આલિંગનમાં જકડી લીધી. બંનેનું આ મિલન કેટલું સુખદ, સુભગ હતું? હૃદયની લાગણી નીતરતા આ આંસુઓનો પુનીત સંગમ ક્ષણે ક્ષણે પાવન થઈ રહ્યો. ચોતરફ પ્રસન્નતાની સુરભિ પ્રસરી રહી. જયનાદથી વાતાવરણ ગુંજી ઉઠ્યું. સૂરજના ગુલાબી સોનેરી કિરણો સૌંદર્ય સિન્દૂર લુંટાવી રહ્યા. પક્ષીઓનો સંગીતમય કલરવ, ડાળીપર ઝૂલતી કોમળ કળીઓ, હવનકુંડમાંથી ઉઠતી સુગંધિત ધ્રુમસેર વાતાવરણને મંગલમય બનાવી રહી. ભક્તિના જયઘોષના નાદનું ગુંજન ચારે દિશામાં ફેલાયું. અશુભ કર્મોપર સાચી ભક્તિનો વિજય થયો. ધર્મના વિજયનો દુદુંભીનાદ દશેદિશામાં ફેલાયો. આવા ચમત્કાર નિહાળીને લોકોની જૈન ધર્મમાં આસ્થા દઢ બની. મૈના સુંદરી આ કર્મક્ષયને ભક્તિનો પ્રસાદ માની પ્રભુના ગુણગાનમાં લીન થઇ ગઇ. મનમાંને મનમાં બધી જ શક્તિઓ કે જે આ પુણ્યકાર્યમાં સહાયક થઇ તેનો આભાર માની રહી.

''પ્રિયે! તમારી સાધના સફળ થઈ. તમારું વ્રત પુરુ થયું. મારા દુઃખોનું

નિવારણ થયું. આવો આજે આપણા આ વનમહેલમાં પદાર્પણ કરીએ.'' મૈનાનો હાથ પકડતાં શ્રીપાલે કહ્યું. આજનો આ કરસ્પર્શ એને વિશિષ્ટ પ્રકારનો લાગ્યો. સમગ્ર શરીરમાં ઝણઝણાટીનો અનુભવ થયો. નસેનસમાં વિધુત પ્રવાહિત થઇ. શિર ઝુકાવી, પતિથી નજરો ચુરાવી, લજાતી મૈના રહી. પરંતુ તેનું રોમ રોમ બોલી ઉઠ્યું. સંપૂર્ણ સુવિધાઓથી યુક્ત મહેલમાં મૈનાએ પતિ સાથે પ્રવેશ કર્યો. મૈના આજે પતિને પૂર્ણરૂપથી પામી. દ્વૈત મટી અદ્વૈત સર્જાયુ. જંગલમાં મંગલ થયું.

સંસાર સુખમાં ઓતપ્રોત રહેવા છતાં મૈના એ ભૂલી નહીં કે આ સુખ પણ શુભ કર્મના ઉદયથી જ પ્રાપ્ત થયું છે. તેથી ભગવત્‌ભક્તિ ગૃહસ્થના અણુવ્રતોનું પાલન કરતાં કરતાં સુખ ભોગવતી રહી.

મૈનાસુંદરી દ્વારા સિધ્ધચક્ર પૂજન, તેના દ્વારા શ્રીપાલ અને સાથીઓના કોઢ મટવા આ એક ચમત્કાર હતો, અતિશય હતો, દેશદેશાંતરમાં મૈનાની ભક્તિની ચર્ચા, શક્તિરૂપમાં ફેલાવા લાગી. લોકો ચમત્કાર દ્વારા મૈનાને સાક્ષાત્‌ શક્તિ સ્વરૂપ માનવા લાગ્યા. આ શુભ સમાચાર ચંપાપુર નગરીમાં વસતા શ્રીપાલના માતુશ્રીએ સાંભળ્યા. કુષ્ટરોગથી સ્વેચ્છાએ વનમાં નિવાસ કરતો પુત્ર અને પુત્રવધુને જોવા, મળવા, માનું પ્રેમાળ હૃદય તડપી ઉઠ્યું. તુરત જ પહોંચી ગયા એ જંગલના નિવાસસ્થાનમાં. કંચનવર્ણી કાયા ધરાવતો શ્રીપાલ, દેવી જેવી પુત્રવધુને મા એકીનજરે નિરખી રહ્યાં. અતિ પ્રસન્નતાથી અર્ધપાગલ જેવા રાજમાતા વ્હાલથી પુત્ર અને પુત્રવધૂના માથે હાથ ફેરવતાં રહ્યાં. શબ્દો બાષ્પબની આંખો દ્વારા વરસી રહ્યા. પૂર્વભવના ઋણાનુંબંધ સમજી દેવી જેવી પુત્રવધૂને ગળે લગાવી સગીમાતા જેવું વહાલ વરસાવી રહ્યા. બંને ઉપર શુભાષિશની ઝડી વરસાવી.

મૈનાએ મૌન તોડ્યું, ''માજી! હું દેવી નથી. આપની પુત્રવધૂ મૈના છું. મા મને આશીર્વાદ આપો કે મારી ધર્મ શ્રધ્ધામાં વધારો થાય. મેં કંઇ જ કર્યું નથી. આતો આપના પુત્રનાજ શુભ કર્મોનો ઉદય હતો. જેથી તેઓ ફરીથી કંચનવર્ણીકાયાવાળા બની ગયા. હું તો એમની દાસી અને આપની બેટી છું. આમકહી મૈનાએ સાસુના પગ પકડી લીધા. એમની ચરણરજ માથે ચઢાવી આવી બત્રીસ લક્ષણી પુત્રવધૂ પ્રાપ્ત થતાં રાજમાતા મનોમન ઈશ્વરને વંદી રહ્યા.

"પ્રાણનાથ! આટલી રાત વીતવા છતાં નીદ્રા નથી આવતી?" શ્રીપાલને પડખા બદલતા જોઈ પ્રેમથી માથે હાથ ફેરવતાં મૈનાએ પૂછ્યું.

"ના, ના કોઈ ખાસ બાબત નથી આ તો અમસ્તું જ.'" શ્રીપાલે જવાબ આપ્યો.

"શું કોઈ શારીરિક કે માનસિક પીડા છે? હું આપની અર્ધાંગિની છું. મને આટલું પૂછવાનો પણ અધિકાર નથી? શું આપ મને એટલી પણ યોગ્ય નથી સમજતાં કે તમારા મનની વાત હું જાણી શકું?" મૈના એ આમ એનેક પ્રશ્નો પૂછી નાખ્યા. અંતે પોતાના સોગંધ આપ્યા.

"અરે વહાલી, તું આમ સોગંધ ન આપ. તારાથી મારે શું છુપાવવાનં તું તો મારું સર્વસ્વ છો. બસ એક વાત આજે મનમાં ખટકી છે કે હું તા-પિતાજીના રાજ્યમાં નિવાસ કરી રહ્યો છું. લોકો ઘરજમાઈ કહી મજાક ઉડાવે તે મને પસંદ નથી. આ શબ્દ મને કોરી ખાય છે."

"તો શું આપણે ચંપાપુર જઈશું?" મૈનાએ જીજ્ઞાસા પ્રગટ કરી.

"ના પ્રિયે! સૌથી પ્રથમ હું પરદેશ જઈશ પુષ્કળ ધન, સંપત્તિ પૂર્ણ સમૃધ્ધિ પ્રાપ્ત કરીશ ત્યારે પાછો આવીશ. આવીને આપણું રાજ્ય ભોગવીશ."

"સ્વામી! શું મને એકલી મૂકીને જશો? હું આપના વિયોગમાં કઈ રીતે જીવિત રહી શકીશ? હું પણ આપની સાથે આવીશ." મૈનાએ મનની વાત કહી.

"પ્રિયે! પરદેશમાં મારે કેટલીય જગ્યાએ ભટકવું પડશે. વન પહાડો પસાર કરવા પડશે. તારા જેવી કોમલાંગીને આમ ભટકવામાં કેટલું કષ્ટ થાય તે કલ્પના માત્રથી હું ધ્રુજી ઉઠું છું."

"નાથ, નારીનું સુખ તો એના પતિના સાનિધ્યમાં જ સમાએલું છે. આપની સાથે ભૂમિશયન એ મખમલની સેજ હશે. વનનાં ફળ-ફૂલનું ભોજન એ સ્વાદિષ્ટ વ્યંજન હશે. હું આપની સાથે ગમે તેવા કષ્ટમાં પણ પ્રસન્નતાથી ચાલીશ. મને એટલી કમજોર ન સમજો. વળી ધર્મ સાધનાનું બળ તો આપણી સાથે છે જ."

"મારી મૈના! મારી વાત સમજ. પતિ માટે પત્નિનું સાનિધ્ય પણ એટલું જ સુખકર છે. મને તને સાથે લઈ જવામાં કોઈ તકલીફ નથી. પરંતુ અજ્ઞાન સ્થળોએ ભટકવામાં તને પડતું દેખીતું કષ્ટ મારાથી સહન નહીં થાય.

વળી, અહીં મા પણ એકલી રહી જશે. એના મનને સાંત્વના આપવા, એની સેવા કરવા અહીં તારી જરૂર વધાર છે. માટે મારું કથન માની અહીં રહી જા પ્રિયે.... એમાં જ સર્વનું શ્રેય છે." આમ કહી શ્રીપાલે મૈનાને પોતાના કથનમાં બાંધી લીધી.

આખરે પતિની આજ્ઞાને શિરોધાર્ય સમજી સાસુજીની સેવા કરવાનું વ્રતધારણ કરી, મૈનાએ દુઃખી મનથી શ્રીપાલને જવાની રજા તો આપી પરંતુ સાથે એટલું તો અવશ્ય સમજાવ્યું કે "કોઈપણ સંકટમાં કે કોઈપણ પરિસ્થિતિમાં ભગવાન જિનેન્દ્રનો અહિંસામય ધર્મ ન છોડશો. ધનની લાલચમાં અન્યાય ન આચરશો. સૌંદર્યના મોહમાં બ્રહ્મચર્યવ્રત ન છોડશો." આ ઉપરાંત એક એવી પણ શર્ત મૂકી કે "જો બારવર્ષ બાદ અષ્ટાનિકાની આઠમના દિવસે તમે પાછા ન આવો તો હું ગૃહ ત્યાગ કરી આર્યિકા દીક્ષા ગ્રહણ કરી લઈશ."

"પ્રિયે, હું વચન આપું છું કે બાર વર્ષ બાદ અષ્ટાનિકાની આઠમના દિવસે અવશ્ય પરત આવીશ. જો એમ નહીં થઈ શકે તો હું સ્વયં ગૃહત્યાગ કરી જિનદિક્ષા ગ્રહણ કરી લઈશ."

આશ્વાસનની દોરીથી બંધાએલી મૈના પોતાના પ્રાણ પ્યારાને વિદાય થતા નીરખી રહી. ધીરે ધીરે શ્રીપાલ સદેહે આંખોથી ઓઝલ થયા. પરંતુ મનના માનેલાની એ મૂરત મૈનાના હૃદયમંદિરમાં બિરાજમાન થઈ ગઈ.

હૃદયેશ્વરની મૂર્તિને યાદોના નીત નવા અર્ઘ આપતી. એને શમણામાં સમાવતા સમાવતાં આજે બાર વર્ષનો સમય પસાર થઈ ગયો. રહી ગઈ માત્ર આજની આ રાત વિચારતાં વિચારતાં વિરહિણી મૈના નિંદ્રાધીન થઈ.

પૂર્વાકાશમાં સૂર્યના સોનેરી કિરણો ધરતી પર પ્રકાશ પાથરતાં આવી પહોંચ્યા. સરોવરમાં કમળ ખીલી ઉઠ્યા. વનમાં વનરાજિ ઝૂમી ઉઠી. ફૂલોની ફોરમ મહેંકી ઉઠી. પક્ષીઓનો ચહકાટ નવજાગરણનાં ગીત ગાવા લાગ્યો. મંદિરના ઘંટારવ સદ્ધર્મની ઘોષણા કરવા લાગ્યા. સ્વસ્તિ વચનોથી વાતવરણ ગુંજવા લાગ્યું. નિત્યક્રમ મુજન મૈનાસુંદરી મંદિરથી આવી સાસુજીને પગે પડી. આજે છેલ્લા દિવસે પણ વચનાનુસાર એના પતિ શ્રીપાલ પરત આવ્યા નહતા. દૃઢપ્રતિજ્ઞ ક્ષત્રાણી ધર્મપરાયણ મૈનાએ વચનાનુસાર સાસુજી પાસે

દીક્ષા માટે રજા માગી.

"મા મને આજ્ઞા આપો. વચન પ્રમાણે આજ પણ આપના પુત્ર પાછા ફર્યા નથી. હું આર્યિકા દીક્ષા ગ્રહણ કરી આત્મકલ્યાણ કરીશ." સાસુની ચરણરજ લઇ મૈનાએ આજ્ઞા માગી.

"બેટી ધીરજ ધર. મારો પુત્ર વચનભંગ નહિ થાય. એ જરૂર આવશે. તેને કોઇ મુશ્કેલી આવી હશે. તારી ઉંમર પણ શું છે? હજુ તે શું જોયું છે? તારી ઉંમર તો સંસાર ભોગવવાની છે. તુંતો જન્મથી જ તપસ્વિની બની રહી છે દીકરી." માએ મૈનાને છાતીએ લગાવતાં સમજાવ્યું.

"મા, સંસારના બધા સંબંધો એક મોહ છે, માયા છે, રાજા-રાણી સહુએ એક દિવસ જવાનું છે. સંસારમાં ધર્મ સિવાય બધુ ક્ષણભંગુર અને દુઃખ આપનારુ છે. મા મેં નાની ઉમંરમાં ઘણું ભોગવ્યું છે. હવે મને રોકો નહીં."

આમ, સાસુ વહુ એકબીજાને ઉદાહરણ દ્વારા સમજાવતાં રહ્યા. છેવટે મૈનાએ દીક્ષા માટે રજા મેળવી. પોતાનો રાજસી સુહાગનનો વેશ ત્યાગવાની તૈયારી કરી રહી ત્યાં તો એના કાનમાં ઢોલ-વાજિંત્રોનો અવાજ સંભળાયો. ધીરે ધીરે એ ધ્વનિ મહેલ તરફ આવતો લાગ્યો. ઝરુખેથી મૈનાએ પથને અપલક નીરખતી રહી. એ નાનકડા સૈન્યમાં હાથી પર એના પતિ શ્રીપાલ આવી રહ્યા હતા. સાથે સૈનિકો, સામાનથી ભરેલા વાહનો, બંધ પડદાવાળી પાલખીઓ પણ હતી. મૈના અનિમેષ નયને નીરખી રહી એના પ્રાણ પ્યારાને.

"બેટી જો જો મારો મારો પુત્ર પરત આવી ગયો." પાછળથી સ્નેહથી સાસુજીએ મૈનાના ખભે હાથ મૂકતાં કહ્યું.

"મા, મા કહેતાં મૈના સાસુને વળગી રહી બાકીના શબ્દો એના ગળામાં જ અટકી ગયા. બંનેની આંખોમાં આનંદાશ્રુ ચમકી રહ્યા.

થોડી ક્ષણોમાં જ શ્રીપાલે મહેલમાં પ્રવેશ કર્યો. મૈનાને જોઇ આશ્ચર્યથી ત્યાંજ થંભી ગયા. રાજમાતા વાતને પામી ગયા. બોલ્યા "બેટા! આજે તારા આવવાનો છેલ્લો દિવસ હતો જ્યારે તારા કંઇજ વાવડ ન મળ્યા તો મૈના દીકરીએ દીક્ષા લેવાનું વચન પાળવાનો નિશ્ચય કર્યો હતો.

શ્રીપાલ અને મૈના એકબીજાને નીરખી રહ્યાં. મૈનાના મૌન હોઠોએ આંખના ઈશારાથી સર્વ હકીકત સમજાવી દીધી.

મા બંનેને એકલા મૂકી ત્યાંથી ચાલ્યા ગયા.

"મારી મૈના, તારે એટલું તો વિચારવું હતું કે તું દીક્ષા લઇ લેત તો શું તારો શ્રીપાલ સંસારમાં રહી શકત? તારા વિનાના જીવનની હું કલ્પના પણ કરી શકતો નથી. તારા વિનાનું મારું જીવન એ શક્ય જ નથી. એ વિચાર પણ મારા કાળજાને કંપાવે છે. મૈના? તે એમ કેમ માની લીધું કે હું નહીં આવું? મેં અહર્નિશ તારું જ ધ્યાન ધર્યું છે. એણે જ તો મને હિંમત અને પ્રેરણા આપ્યા છે."

"પ્રિયે, આપની અનુપસ્થિતિમાં એક એક પલ યુગ જેવી વિતાવી છે. આપની કુશળતાની વાંછા એજ તો મારી આરાધના હતી. આપનું સ્મરણ એ મારી પ્રાર્થના હતી. છતાં પણ આપના કોઇપણ પ્રકારના સમાચાર નહોતા તેથી વિહવળતામાં ઉમેરો થયો." આમ કહેતાં કહેતાં મૈના આંસુઓના અભિષેકથી શ્રીપાલના ચરણ પખાળી રહી.

વર્ષોની વિયોગીની મૈના ઉરના આનંદ શ્રૃંગારથી ચમકવા લાગી. અંગઅંગ પ્રસન્નતાના વારિથી પલ્લવિત થઇ ઉઠ્યું. પાનખરમાં જાણે વસંત મ્હોરી.

શ્રીપાલે યાત્રા દરમ્યાન રૈનમંજુષા, ગુણમાલા, ચિત્રરેખા વિલાસમતી વગેરે સાથે લગ્ન કર્યા હતા. બધી રાણીઓનો પરિચય પોતાની માતા તથા મૈના સાથે કરાવ્યો. કઇ પરિસ્થિતિમાં આ લગ્ન કર્યા તેની વિગત જણાવી. સર્વેએ રાજમાતા અને મૈના સુંદરીનું અભિવાદન કર્યું. મહારાજા શ્રીપાલે મૈના સુંદરીને પટરાણી પદ પર વિભૂષિત કરી. તેને પટરાણીનો મુકુટ પહેરાવી સિંહાસન પર આરૂઢ કરી. બાકીની રાણીઓએ શ્રધ્ધા અને પ્રેમથી આ પદને અનુમોદન આપ્યું. સર્વેએ રાજમાતાની ચરણરજ લીધી. મૈના સુંદરીએ નવી રાણીઓને મોટી બહેનનો પ્રેમ આપ્યો. તથા સર્વે રૂપમતીની મુક્તકંઠે પ્રશંસા કરી. પોતાની લઘુતા પ્રદર્શિત કરી.

દરબારીઓના જયઘોષથી આકાશ ગૂંજી ઉઠ્યું. બધાએ દેવી સમાન મહારાણીની તપસ્યા, ધર્મમાં શ્રધ્ધા અને એમની જિનેન્દ્રભક્તિની મુક્ત કંઠે પ્રશંસા કરી. મહારાણી મૈનાસુંદરી આ માન, પ્રતિષ્ઠાનું ફળ પણ શુભ કર્મોના ઉદય અને પ્રભુભક્તિને જ માનતા હતા. તેથી શ્રીપાલ પાસે પોતાના પિતાજીને અહીં બોલાવવાની ઇચ્છા પ્રગટ કરી. મહારાજા શ્રીપાલે મહારાજા

પહુપાલને અહીં પધારવા માટે સંદેશો મોકલાવ્યો.

મહારાજા પહુપાલ સંદેશો મળતાં આવી પહોંચ્યા. પુત્રી મૈના સાથે રાજસી ઠાઠ અને કંચનવર્ણી કાયાવાળા પુરુષને જોઇ ક્ષણભર ચોંકી ઉઠયા. મનમાં થયું અરે... "મૈના સાથે આ કોણ?" પરંતુ જ્યારે શ્રીપાલ પાસેથી સર્વ હકીકત જાણી ભગવત ભક્તિ અને સિધ્ધચક્ર પૂજનનો જ આ ચમત્કાર છે, આજ એમના જમાઇ છે ત્યારે એમની આંખો અને શિર લજ્જાથી ઝૂકી ગયા બેટીના ચરણમાં ક્ષમા યાચના માટે.

"પિતાજી આવો અનર્થ ના કરો. હું તો આપની દીકરી છું. ઉઠો પિતાજી," મૈનાએ પિતાજીને ઉભા કરી એમની ચરણ રજ માથે ચઢાવી કહ્યું, "પિતાજી, આજ છે શુભ-અશુભ કર્મોનો પોતાનો પ્રભાવ. કરેલા કર્મોને ભોગવવા પડે છે. સાચો ધર્મ, શ્રધ્ધા અને પૂર્ણભક્તિ સાથે હોય તો અશુભ કર્મોનો પણ ક્ષય થઇ જાય છે. જો આપના દ્વારા હું આવી પરિસ્થિતિમાં ન મૂકાઇ હોત તો ધર્મ અને કર્મની કસોટી કેવી રીતે શક્ય બનત? મહારાજા પહુપાલનું અભિમાન ઓગળી ગયું. ફરી ફરી પુત્રી અને જમાઇની ક્ષમા યાચી રહ્યા."

પુત્રી અને જમાઇને સસન્માન ઉજ્જૈન આમંત્ર્યા. પૂરારાજસી ઠાઠમાઠથી રાજદરબારમાં એમનું સન્માન કર્યું. જાણે પોતે પુત્રીને કરેલા અન્યાયનું પ્રાયશ્ચિત કરી રહ્યા. પુરી નગરી, નગરજનો લાડલી દીકરીના ધર્મ ચમત્કારથી ચમત્કૃત હતા. સહુ પ્રસન્ન હતા. મૈના સુંદરીના મુખેથી ધર્મનો મહિમા અને એના તત્વોને સમજી સર્વેને નવો પ્રકાશ પ્રાપ્ત થયો. આજે ઉમટેલાં નગરજનો સાચા માર્ગને પામી શક્યા. ચારે દિશામાં મૈના અને ધર્મનો ઉદ્‌ઘોષ ગુંજતો રહ્યો.

કેટલાક સમય પછી શ્રીપાલ સાથે મૈના પોતાની રાજધાની ચંપાપુર આવી, શ્રીપાલે પોતાનું રાજ્ય પોતાની શક્તિથી ફરીથી પ્રાપ્ત કર્યું. રાજ સિંહાસન પર પટરાણી પદ પર પ્રતિષ્ઠિત થએલા મૈનાસુંદરીના હ્રદયમાં, પ્રજાની સેવા, ધર્મની ઉન્નતિ, જિનેન્દ્રદેવની ભક્તિના ભાવ ઉઠતા એનું આરાધન કરતાં કરતાં જીવન સુખ ચેનથી વ્યતિત થવા લાગ્યું. અનંત વૈભવમાં પણ ચિત્ત ચિરંતર પ્રભુ ચરણોમાં લીન રહેતું.

# ચારિત્ર્યશીલા મનોરમા

ઉજ્જૈનના શ્રેષ્ઠી શેઠશ્રી મહીદત્ત અને શેઠાણી શ્રીમતિ કંઈક ચિંતત હતા. પુત્રી મનોરમા આજે સોળવર્ષની સુંદરી બની ચૂકી હતી. બાળપણની ઉછળકુદે સંકોચ ધારણ કર્યો, હરણી શાં નયનમાં લજ્જાનો સૂરમો અંજાઈ ચૂક્યો હતો. માતાપિતા રૂપશીલ ગુણ સંપન્ન પુત્રી માટે સુયોગ્ય, ધાર્મિક સંસ્કારયુક્ત, શ્રેષ્ઠ ખાનદાન જમાઈની શોધ માટે તત્પર હતા, ચિંતિત હતા. શુભ મૂર્હતમાં શેઠજીએ બ્રાહ્મણને બહુમૂલ્યાવાન હાર આપી પુત્રી મનોરમા માટે પોતાના જ ઘર જેવું સારું ઘર અને વર શોધવા રવાના કર્યો.

સામાજિક પ્રતિષ્ઠાથી સંપન્ન વિજયનગરના શ્રેષ્ઠીશેઠ શ્રીમહિપાલનો પરિવાર ખૂબજ સંસ્કારી, ધર્મપરાયણ હતો. નગરના ઉચ્ચતર ધનિકોમાં તેમની ગણના થતી. યુવાન પુત્ર સુખાનંદના વિદ્યાગુણ નિપુણ ચહેરા ઉપર ચારિત્રનું તેજ ઝળહળતું હતું. નગરના રાજા પણ આવા સર્વગુણ સંપન્ન યુવા શ્રેષ્ઠી પર આફરિન હતા. શેઠ મહિદત્ત દ્વારા મોકલવામાં આવેલ બ્રાહ્મણના દિમાગમાં કુળભુષણ યુવાન સુખાનંદ કન્યા મનોરમા માટે યોગ્ય ઠર્યો. વિવાહ તિલકમાં બહુમૂલ્ય હાર ભેટરૂપે આપી બ્રાહ્મણ ઉજ્જૈન પાછો ફર્યો.

શેઠ શેઠાણીને યોગ્ય પાત્રની પસંદગીની સર્વ હકીકત સંભળાવી. સુખાનંદની વ્યવહાર કુશળતા, સદ્‌ચારિત્ર અને વ્યક્તિત્વની મુક્ત કંઠે પ્રશંસા કરી. શેઠ શેઠાણીએ પુત્રી માટે થયેલ સુપાત્રની વરણીથી આનંદીત થઈ બ્રાહ્મણને યથા યોગ્ય દાન આપી પ્રસન્ન કર્યો. ભગવાન જિનેન્દ્રની ભક્તિ આરાધના કરી, કન્યા મનોરમાએ પણ ભાવિ પતિના ગુણગાન સાંભળ્યા. કલ્પનાનો પંખાળો ઘોડો વિરાટ અંબરને વીંધી વિજયનગરની ઉંચી અટારી વિહરતા સુખાનંદ પાસે પહોંચી ગયો. થોડી સમજ આવતાં મનોમસ્તિકમાં કલ્પેલ એ સપનાના રાજકુમારનું ચિત્ર માનસ પટ ઉપર ઉપસવા લાગ્યું. મનમાં ઉઠતી મીઠી અકળામણમાં સખીઓની મશ્કરી વધારે વ્યાકુળ બનાવવા લાગી. સમય સરિતાની જેમ વહેવા લાગ્યો.

આજે નગરના ભાવુક નરનારી પધારેલ પૂજ્ય મુનિરાજના દર્શન, ધર્મશ્રવણ માટે નગર ઉદ્યાનમાં ઉમટ્યા. શેઠશ્રી મહીદત્ત પણ સપરિવાર

મુનિરાજના વચનામૃતનું પાન કરવા મુનિરાજને વિનયથી વંદન કરી પોતાનું સ્થાન મેળવી લીધું.

"ધર્માનુરાગી શ્રાવકો, સંસાર દુઃખનું કારણ છે. અનંત સમયથી ઝાંઝવાના જળ જેવા સુખાભાસ પાછળ આ જીવ, જન્મ, મરણના ભયંકર દુઃખો સહેતો આવ્યો છે. કર્મોનો આશ્રવ અને એના ઉદયના પ્રતિકુળ સંજોગોમાં આકુળતા ક્રોધ અને દ્વેષથી સંસારમાં સંસરણ વધાર્યું છે. પરંતુ જ્ઞાન દિપકની વાટ સંકોરી એના તેજમાં અજ્ઞાનનો તિમિર ઓગળી જાય તો કર્મોનો આશ્રવ મહદ્અંશે અટકી જાય. પાંચ પાપોથી બચી શકાય. આ પાંચ પાપોમાં પણ વિષય-વાસના યુક્ત કુશીલ પાપના સેવનમાં ઉંડોને ઉંડો ફસાતો જાય છે. આવા કામાંધ વ્યક્તિ હિત-અહિત, બહેન-દિકરી, ઉંચ-નીચ કંઇ સમજી શકતો નથી. પોતે મન-શરીરના અનેક રોગોનો ભોગ બને છે. બીજાને પણ રોગનો ભોગી બનાવે છે. મરીને નરકના અકથ્ય દુઃખો સહન કરે છે. સમાજમાં પ્રતિષ્ઠાને સ્થાને અપમાન અને શિક્ષાની સજા ભોગવે છે. કુશીલ મોટું પાપ છે. સંસારી જીવ પણ શીલવ્રત ધારણ કરી સંયમ પાળે તો અણુવ્રતધારી બની શકે છે. આવા શીલવ્રતધારી નરનારી ઉત્તમ શીલવંત સમાજનું નિર્માણ કરી શકે છે."

મુનિરાજની નિર્મળવાણીના સ્ત્રોતથી શ્રાવકોએ શ્રધ્ધાભક્તિપૂર્વક જીવન સંસ્કાર વેલનું વારિ સિંચન કર્યું. શ્રાવકગણ ધન્ય થઇ ગયો. મુનિમહારાજના પ્રવચનના એક એક શબ્દને હ્રદય છીપમાં સ્વાતિના બુંદ જેમ સંગ્રહિત કરતી કન્યા મનોરમાએ મનોમન શીલવ્રતની પ્રતિજ્ઞા કરી. મહારાજશ્રી પાસેથી વિધિવત વ્રતગ્રહણ કર્યું. જીવનમાં માત્ર પતિ સુખાનંદ સિવાય અન્યને પિતા-ભાઇ સમાન ગણવાની પ્રતિજ્ઞા કરી.

નવોઢાસી સજાવેલી ઉજ્જૈન નગરી, હવેલીઓ પર કરેલી રોશનીમાંથી કુમકુમવર્ણો પ્રકાશ પાથરી રહી છે. ચોતરફ નગરના નર-નારીઓના પ્રસન્ન સ્મિતથી ઉમંગના ફૂલડાં વેરાઇ રહ્યા છે. ગલી ગલીમાં ગૂંજતા વાદ્ય-વાદન, શહનાઇ અને સિતારના તારમાંથી ઉઠતી સૂર લહરી સહુ કોઇના મનમયુરને નચાવી રહી છે. પુરી નગરી ઉન્મત યૌવના સહજ થનગનાટ અનુભવી રહી છે.

હા, આજે રતિસુંદરી મનોરમા મનના મનોરથોને પૂર્ણ કરવા, સલુણા

સપનાઓના રાજકુમાર, સાક્ષાત કામદેવ સુખાનંદને, અંતરના આરાધ્યદેવને તનમનના સમર્પણનો સમ્મુચ્ય અર્ધ સમર્પિત કરવાની છે અને એનો તો આ હર્ષોલ્લાસ છે ચોતરફ.

શેઠશ્રી મહિપાલ વિજયનગરથી સાજન-માજન સાથે જાન લઈ આવ્યા છે. સફેદ ઘોડા ઉપર આરૂઢ વરરાજા સુખાનંદ સ્વપ્ન સુંદરી મનોરમાની મૂર્તિનો સાક્ષતકાર કરવા વ્યાકુળ છે. બે અનજાન હૈયાં યુગો યુગોની ઓળખની પ્રતિતિ કરવા ઉત્સુક છે. હવેલીની ઉંચી અટારીએ ઉભેલી મનોરમા દ્વારમાં પ્રવેશતા ભાવિ પતિ અને માનસ પટ પર અજ્ઞાતપણે અંકાએલી કલ્પિત પુરુષાકૃતિ બંનેમાં કોણ ચઢે? નજર પડતાં જ ભવોભવમાં કરેલાં પોતાના પુણ્યોદયનો જ આ પ્રતાપ છે. માની રહી સાજનની સજની-દુનિયાનું સર્વોત્તમ પ્રાપ્ત થતાં ઉરના ઝંઝાવતી ઉમળકાએ સંસાર વ્યવહાર, શરમ સંકોચની પાળ તોડી નાખી. આસમાનમાં ઉડવા લાગી. ત્વરિત વેગે નીચે આવી સંયમની લગામ ખેંચી મર્યાદાના બોજથી પલકો ઝૂકાવી મનોરમાએ-સુખાનંદને-રતિએ કામદેવને વરમાળા પહેરાવી.

પહેલીવાર નજરો એ તારક મૈત્રી રચી. કલ્પનામૂર્તિનો સાક્ષાત્કાર થતાં બંનેના હૃદય ધન્ય બન્યા. ક્ષણભર એકબીજામાં ડુબેલી નજરોએ હૈયામાં હૈયાના હેતથી પ્રીતના પ્રસાદને મઢી દીધો.

વિવાહ વિધિ પછી દીકરીને વળાવવાની વેળા આવી. આનંદમય વાતાવરણમાં વિષાદી વાયુ વાયો. ગુજરાતી ઉક્તિ અનુસાર 'ડાહી દિકરી સાસરીયે જ શોભે' પરંતુ જન્મ ધરીને માતા પિતા પાસે ઉછરેલી દિકરીને ભાઈ બહેનના સ્નેહ સેતુથી બંધાએલી બહેનને આમ પારકે ઘેર વિદાય કરતાં (કણ્વ ઋષિ જેવા ઋષિ પણ શકુંતલાને વિદાય આપતાં હૃદયની વેદનાને વાચા આપતાં કહે છે "આજે જાય શકુંતલા પતિગૃહે બેચેન હૈયું બને, રોક્યા અશ્રુને કંઠ ગદ્ગદ્ બને ભીની બને આંખડી આવું થાતું મુજ ત્યાગી જનને તો શાં ચિરાતા હશે? કન્યાને કરતાં વિદાય હૃદયો સંસારી મા-બાપના....) હૃદયના ટૂકડાને અલગ કરતાં માતા વિહ્વળ હતી. પિતા આંસુ રોકવાનો નિરર્થક પ્રયત્ન કરી લૂછી લેતા હતા. ભાઈ-બહેન સખીઓના હૃદયની વેદનાનો સિસકાર ધ્વનિ વાતાવરણની કરુણતામાં વધારો કરતો હતો. મનોરમાની આંખોમાંથી ગંગાજમના વહી રહી હતી. છતાં પણ સંસ્કારી મા-

બાપ દિકરીને સાસરે વળાવતાં હંમેશાં ઉત્તમ શીખ આપવાનું ચૂકતા નથી. પતિ, સાસુ-સસરા-કુટુંબીજનોની સેવા અને માતા-પિતાના સંસ્કારી વારસાના વૃક્ષને પ્રયત્નોના વારિ સીંચનથી હર્યુંભર્યું રાખવા, આબરૂને અકબંધ રાખવાની શીખ આપવાનું ચૂકતા નથી. તેમ પિતા મહિદત્ત અને માતા શ્રીમતિજીએ લાડકોડમાં ઉછેરેલી દિકરીને વિદાય આપી.

પતિગૃહે પ્રવેશેલી મનોરમાએ પોતાના રૂપ ગુણ અને સુચારુ વ્યવહારથી દરેકના મન જીતી લીધા. દરેક વ્યક્તિ પ્રસન્નતાનો અનુભવ કરવા લાગી. મનોરમાએ સર્વેને યથાયોગ્ય સન્માન આપ્યું. તો સામેથી પણ સર્વના વાત્સલ્ય અને સ્નેહની સહભાગી બની.

પતિના સ્નેહ સરિતાના વારિથી જીવન બાગ નૂતન વસંતથી ખીલી ઉઠ્યો. રોમ રોમમાં ઉદ્ભવેલા પ્રેમાકુંરો નીતનીત નવપલ્લવિત થતા રહ્યા. જીવનવસંતમાં વાતો આલ્હાદક વાસંતી વાયુ, પતિનો પ્રેમાલાપ મનોરમાના તન મનને પુલકિત કરતો રહ્યો. "પ્રિયે આજ હું તને કંઇક કહેવા માગું છું. તારી પાસેથી કશાકની આજ્ઞા ઇચ્છું છું." સુખાનંદે મનોરમાના ખભા પર પ્રેમપૂર્ણ હાથ મૂકતાં કહ્યું.

"સ્વામી હું તો આપની દાસી છું. આપનો દરેક શબ્દ મારા માટે આજ્ઞા છે તો ભલા દાસી પાસેથી સ્વામીને આજ્ઞા માગવાની હોય? હોઠ ઉપર હાસ્ય અને આંખોમાં આનંદોન્માદથી પતિને વિટંળાઇ પૂછયું, જાણે વૃક્ષને વિટાએલી વેલી.

મનોરમા વિચારું છું કે આ ઉંમરમાં ઘેર બેસી રહેવું શોભતું નથી. વેપાર કરવા વિદેશ જાઉ ધન કમાઉ."

"અરે શું સ્વામી ઘેર ધનની ખોટ પડી? કે પછી મારા આવવાથી ખર્ચ વધી ગયો? મનોરમાએ મજાકપૂર્ણ સ્વરમાં પૂછયું."

"ના! ના! પગલી આવી કોઇ વાત નથી. પેઢીઓ સુધી ચાલે એટલું ધન છે જ." પરંતુ પુરૂષાર્થ કરવો એ દરેકની ફરજ છે, આમ વિચારીને જ આ નિશ્ચય કર્યો છે. માત્ર તારી સંમતિની જરૂર છે.

"સ્વામી, આપના ઉત્કર્ષમાં જ મારું ઉત્થાન છે દરેક પુરુષના પરિશ્રમમાં અર્ધાંગનિનો ફાળો અનિવાર્ય છે. હું આપને રોકતી નથી

હસીખુશીથી વિદાય આપીશ પરંતુ આપની પાસેથી બે વચન માગું છું.''

''કયા વચન મનોરમા?''

''સ્વામી, ક્યારેય જૈન ધર્મનો ત્યાગ નહી કરો, ધર્મવિરુધ્ધ કોઇ પણ કાર્ય નહિ કરો. બીજુ, કોઇપણ પરિસ્થિતિમાં ચાહે આપનો પનારો બીજા વિધર્મીઓ સાથે પડે, અનેક લલચાવનારા પ્રલોભનો આવી પડે છતાં સંયમ રાખી શીલવ્રતનું પાલન કરો. એજ આપના દુઃખમાં સાથ આપશે.'' આમ કહી મનોરમાએ પતિના ચરણોમાં અશ્રુ અર્ઘ અર્પિત કરી ચરણ સ્પર્શ કર્યો. સુખાનંદ પણ ભાવુક ભાર્યાને છોડી જતા અંદરથી વેદનાયુક્ત બન્યો.

સુખાનંદના પરદેશગમન પછી મનોરમાનો સંપૂર્ણ સમય સાસુ-સસરાની સેવામાં અને જિનેન્દ્ર ભક્તિમાં વ્યતિત થવા લાગ્યો.

સુખાનંદના સાનિધ્યમાં સ્વર્ગના સુખનો આસ્વાદ લેનાર મનોરમાને ભાવિની ભીતરમાં પડેલા અશુભ કર્મોની ખબર ક્યાંથી હોય?

સુખાનંદના પરદેશ ગમન બાદ એક દિવસે નગરના રાજકુમારે અનાયાસ મનોરમાના રૂપને નીરખી લીધું. મનોરમાના રતિરૂપમાં મોહાંધ બનેલા રાજકુમારે કોઇપણ ભોગે તેને પામવા પ્રયત્ન કરી રહ્યો. આ કાર્ય એણે એક વિશ્વાસુ દાસીને સોપ્યું. ઘણા ઘણા પ્રલોભનો ભર્યો પોતાનો સંદેશો વારંવાર મોકલાવ્યો. પરંતુ આ તો શીલવ્રતી મનોરમા.

મનોરમાની દાસીએ રાજકુમારની દાસીની ખબર લઇ નાખી. તેને મારમારી પથારીવશ કરી દીધી. પરંતુ દુષ્ટ નારી-છંછેડાયેલી નારી, કુલ્ટા કપટી પ્રપંચી નારીએ હંમેશાં સતી સ્ત્રી ઉપર કાદવ ઉછાળ્યો છે. તેને સમાજમાં નીચી બતાવવાનો પ્રયત્ન કર્યો છે. આ દુષ્ટ નારીએ મનોરમાના ચારિત્ર વિષે નાટકીય ઢંગથી પોતાના વાક્ચાતુર્યથી શંકાશીલ ચારિત્રની વાત ફેલાવી. મનોરમાની સાસુની કાન ભંભેરણી કરી. એ પણ આખરે તો સ્ત્રી હતીને? ક્યાં સુધી મનને મક્કમ રાખી શકે? રાજકુંવરને કારણે રાજ-પ્રકોપનો ભય હતો. તેથી તેણે પતિ મહિપાલને વાત કરી. મહિપાલ પણ પુત્રવધુના રાજકુમાર સાથેના સંબંધની વાતથી બદનામીના ડરથી ગભરાઇ ગયા. કદાચ રાજકુમાર મનોરમાને ખુલ્લી રીતે રાણીવાસમાં બોલાવે અને જો તેનો વિરોધ કરવામાં આવે તો કુટુંબપર કોઇપણ અનિષ્ટ ઘટના ઘટી શકે છે. આવા

વિચારથી સત્ય જાણવાની પરવા કર્યા સિવાય શેઠ-શેઠાણીએ એક યુક્તિ વિચારી એનો અમલ કર્યો. મનોરમાના અશુભ કર્મોના કારણે સાસુ સસરાએ એવોજ વ્યવહાર કર્યો જેવો નિર્દોષ સીતા સાથે રામે કર્યો હતો.

વહુ બેટા તમારા પિયરથી સંદેશો આવ્યો છે તમને તુરતજ ત્યાં બોલાવ્યા છે. વિગતથી કંઇ જણાવ્યું નથી. તમને પિયર જતાં આવી પરિસ્થિતિમાં કેવી રીતે રોકી શકીએ? તૈયાર થઇ જાઓ બેટા, પિયર જઇ આવો. વળી સુખાનંદ પણ અહિં નથી, તેથી તમારું મન અકળાતું હશે. આવી મીઠી મીઠી વાતો દ્વારા મનોરમાને ખોટા સમાચાર આપી પિયર જવા માટે તૈયાર કરી છતાં પણ ખાનદાન સંસ્કારી વહુ આ માનવા તૈયાર નથી. "મા આવો તે કેવો સંદેશ છે, વળી કોઇ મને તેડવા પણ નથી આવ્યું. શું આપના કુળની કુળવધૂ આમ એકલી અટુલી જાય એ યોગ્ય છે?" ભલી ભોળી મનોરમાએ મનના ભાવ હોઠ ઉપર લાવી કહ્યું. 'મા પિયર જવાનું મન કોને ન હોય?' દિકરી કોઇ વિશેષ વાત હશે વળી અમે તને વિશ્વાસુ સારથીની સાથે જ મોકલીએ છીએ માટે ગભરાઇશ નહિ. આનંદથી જાઓ. અમે તને જલ્દી બોલાવી લઇશું. તારા સસરાજીનો પણ આવોજ વિચાર છે. સરળ હૃદયા મનોરમાએ માતા-પિતા તુલ્ય સાસુ સસરાની આજ્ઞાને શિરોધાર્ય માની. પિયરમાં માતા-પિતા અને સહેલીઓને મળવાની ઉત્કંઠા તીવ્રબની. પુનઃ ચંચળ હરિણીશી બાલિકા બની ગઇ. ઝડપથી તૈયાર થઇ રથમાં બેઠી. રથ રાજમાર્ગ છોડી ભયાનક જંગલમાંથી પસાર થવા લાગ્યો. સારથિએ રથને ઘોર જંગલમાં ઉભો રાખ્યો.

"ભાઇ સારથિ રથ કેમ ઉભો રાખ્યો?" મનોરમાએ પૂછયું.

સારથી શું બોલે? તેની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યા.

"કેમભાઈ તું રડે છે?" મનોરમાએ આશ્ચર્યથી પૂછયું "શું તારી તબિયત સારી નથી? બતાવ તું કેમ રડે છે?"

"બહેન મનોરમા હું શું બતાવું? વાત કહેતાં મારું કાળજુ કપાઇ જાય છે. ઇચ્છું છું કે ધરતી જગ્યા આપે તો તેમાં સમાઇ જાઉં. આવા કૃત્યનું નિમિત્ત બનવાનું મારા કર્મે લખાયું છે એના કરતાં તો મોત આવે તો સારું."

"ભાઇ જે કંઇ હોય તે સાચું કહે હું સઘળું જાણવા માગું છું. તે એવું

તા શું કર્યું છે કે તું મરવા ઇચ્છે છે?'' નિર્દોષ ભાવથી મનોરમાએ પૂછયું.

''શેઠજી મારા અન્નદાતા છે તેથી જ તો મારે આ અપયશનું કાર્ય કરવું પડે છે.''

''ભાઇ તું નિઃસંકોચ સર્વ હકીકત કહી સંભળાવ.''

''બહેન વાસ્તવમાં આપને પિયર નહી પણ આ ઘનઘોર જંગલમાં છોડી દેવાનો આદેશ થયો છે. રાજકુમારની દાસીએ આપના ચારિત્ર પર અનેક લાંછન લાગે તેવું દોષારોપણ કરી માતાજીની કાન ભંભેરણી કરી છે. માતાજીએ શેઠજીને સાચું ખોટું સમજાવી બદનામી અને રાજદંડના ભયથી આપને ઘરેથી જંગલમાં મોકલી દીધા છે. હું જાણું છું. તમો સીતા અને સાવિત્રી જેવા સતી છો. પરંતુ મારે મારી નોકરીના કારણે મજબુરીથી આવું પાપીકૃત્ય કરવું પડે છે.'' સારથીએ આંખના આંસુઓ લુછતાં કહ્યું. સારથી પાસેથી સત્ય હકીકત સાંભળી મનોરમા સ્તબ્ધ રહી ગઇ. આંખે અંધારા આવવા લાગ્યા. ગમે તેમ કરી પોતાની જાતને સંભાળી લીધી. છતાં આંખમાં આસું તો આવી ગયા.

મનોરમા વિચારવા લાગી, ''અરે, મારા સાસુ-સસરાએ મને પૂછયું હોત તો વાતનું નિરાકરણ થાત. સત્યની પરીક્ષા કરી લેત, અરે મારા ચારિત્રને એમણે પણ દોષિત ઠરાવ્યું. અરે, પ્રભુ આ કયા અશુભ કર્મોનું ફળ છે? આ વિચાર સાગરમાં અહીં તહીં ફંગોળાતી રહી. જંગલનો ભય, સાથે ચારિત્ર પર લાગેલ આ કલંકની વેદના વસમી બનતી જતી હતી.''

નોધારાનો એક માત્ર આધાર જીનેન્દ્રદેવનું સ્મરણ. થોડા સમય માટે જાણે તે પ્રભુમય બની ગઇ. કંઇક શાંતિનો અનુભવ થયો. તેણે સમજી લીધું કે આમાં કોઇનો દોષ નથી. મારા જ કરેલા અશુભ કર્મોનો ઉદય છે. ભાઇ સારથી તું ચિંતા નકર. તારો કોઇ દોષ નથી. તેતો એક સાચા આજ્ઞાપાલક તરીકેની ફરજ બજાવી છે. ભાઇ દુઃખમાં જ સાચા શીલધર્મની પરીક્ષા થાય છે. મને વિશ્વાસ છે આ સંકટમાંથી હું જરૂર બહાર આવીશ. પરંતુ એક વિનંતી છે તું મને મારા માતા-પિતાના ઘર સુધી મૂકી દે. મનોરમાએ સારથીને સમજાવી રથ ઉજ્જૈનની ધરતી તરફ વળાવ્યો.

ઉરમાં ઉમટેલી તોફાની આંધીમાં અશુભ કર્મોનો ઉદય, સાસુ-સસરાનો

વ્યવહાર, જાળા ઝાંખરા બની મનોમસ્તિક પર ફંગોળાવા લાગ્યાં. મનમાં શંકા ઉઠી કદાચ માતા-પિતા પણ મારો તિરસ્કાર કરી દેતો? નાના મારા માતા-પિતા એવું ન કરે. હું તો એમની લાડકી દીકરી છું. મને, મારા સ્વભાવ, વર્તનને તેઓ બરાબર સમજે છે.

રથ ઉજ્જૈની નગરીમાં શેઠ મહીદત્તની હવેલી સામે ઉભો રહ્યો. સારથીએ જઇ મનોરમાના આગમનના સમાચાર શેઠ શેઠાણીને આપ્યા. બંને આ સમાચારથી આનંદમાં આવી ગયા. મા દોડીને પુત્રીને ભેટવા ઇચ્છતી હતી. પરંતુ પિતાએ વ્યવહારિક ભાવથી પૂછ્યું,

"સારથી બતાવો સાથે કેટલા રથ, સામાન, રક્ષક, દાસીઓ વગેરે છે? તે પ્રમાણે વ્યવસ્થા કરાવું." સારથી શું ઉત્તર આપે? માથું નીચે ઢળી ગયું.

"શું વાત છે સારથી? તું કેમ ચૂપ છે? બોલતો કેમ નથી?"

"શેઠજી શું કહું? બહેન મનોરમા એકલી જ આવી છે. નતમસ્તકે સારથીએ જવાબ આપ્યો. શેઠજીના ચહેરાની પ્રસન્નતા ઝાકળના બિંદુઓની જેમ ઉડી ગઇ. વાત્સલ્યમયી ચહેરાની રેખાઓ ખેંચાઇને તંગ થઇ ગઇ. મનમાં શંકાનો કીડો સળવળવા લાગ્યો. મનમાં વિચારવા લાગ્યા જરૂર મનોરમાએ કંઇક કલંકિત કાર્ય કર્યું છે. બંને કુળની આબરૂ ઉપર પાણી ફેરવ્યું છે. આ સિવાય એને ઘરમાંથી આ રીતે કાઢી મુકવામાં શું કામ આવે? આ વિચારે મીણ જેવું પિતૃહૃદય પણ વજ્ર જેવું કઠોર બન્યું. એમણે શેઠાણીને પણ મનોરમાને ન મળવાનું ફરમાન કર્યું.

"ચાલ્યા જાઓ સારથી અહીંથી હું એનું મ્હો પણ જોવા નથી માગતો. એ જેવી રીતે આવી છે એ સ્પષ્ટ કરે છે કે એણે કુળની મર્યાદાનું ઉલ્લંઘન કર્યું છે."

"શેઠજી હું કંઇક કહેવા ઇચ્છું છું, મહેરબાની કરી સાંભળો." સારથીએ કહ્યું.

"હું કંઇજ સાંભળવા નથી માગતો, તમે ચાલ્યા જાઓ." એમ કહી શેઠજીએ હવેલીના દ્વાર બંધ કરી દીધા.

નિરાશ મને મ્લાન વદને સારથી પાછો ફર્યો. મનોરમાને સર્વ વાત કહી. કાપોતો લોહી ન નીકળે એવી પરિસ્થિતિ મનોરમાની હતી. કરે પણ

શું? જ્યાં ખુદ જનક-જનેતાએ એને દોષિત માની લીધી. કંઇ જાણવા સમજવાનો પણ ઇન્કાર કરી દીધો. આ સંકટ સમયે જિનેશ્વર દેવના શરણ સિવાય અન્ય કોઇ રાહ નથી, એમ સમજી જંગલમાં પાછી ફરી.

સારથી એ પોતાને આ જંગલમાં સાથે રાખવાની આજીજી કરી કહ્યું કે બહેન આવા ભયાનક જંગલમાં આપ એકલાં કેવી રીતે રહેશો?

મનોરમાએ કહ્યું, "ભાઇ તમે સગાભાઇ કરતાં પણ મારો વધારે ખ્યાલ રાખ્યો છે. પરંતુ જ્યાં મારા અશુભ કર્મો ઉદયમાં આવ્યાં છે ત્યાં તમે શું કરી શકો? વિધિની વક્રતાએ જ મને આ સ્થિતિમાં મૂકી છે. મારા કર્મોના ફળને મારે ભોગવવા જ રહ્યા. વળી, દુનિયાને બદનામી માટેનો મોકો મળે મારી વધારે હાંસી થાય. તમે પાછા ફરો તમારો આ ઉપકાર જીંદગીભર નહીં ભૂલું. મારા સાસુ સસરાજીને કહેજો કે "બીજાની કાનભંભેરણીથી અને રાજદંડના ભયથી મને તરછોડી દીધી એમ ક્યારેય જિનેશ્વર દેવની ભક્તિનેના છોડી દેશો."

સારથી મનોરમાના કથનને સમજી તેને ત્યાંજ મૂકી વ્યથિત હૃદયે વિદાય થયો. મનોરમા ભયભીત થઇ રડતાં રડતાં બેભાન થઇ ગઇ.

★ ★ ★

ઉઠો પ્રિયે! આ ભયાવહ જંગલમાં તારા જેવી રૂપાંગના ક્યાંથી? શું તું વનદેવી છે? કોણે તને અહીંયા છોડી દીધી છે. મનોરમાના ખભા ઉપર હાથ રાખી આગંતુકે વાસના યુક્ત સ્વરમાં કહ્યું.

"મને સ્પર્શીશ નહીં!" આગંતુકના અંગારા જેવા સ્પર્શથી આવનારી વિપત્તિના ભયથી મનોરમા કંપી ઉઠી.

"સુંદરી! મારો સ્પર્શ શું ખરાબ છે? હું રાજગ્રહીના રાજાનો પુત્ર છું. મારું નામ કામસેન છે. હરણના શિકાર માટે નીકળ્યો હતો, અને હાથ લાગી આ હિરણાંક્ષી. વાહ શું રૂપ છે? આઓ રાણી મારી નજીક આવ, મારા જન્મ જન્મની તરસ બુઝાવ. રાણી હું તને ફુલોથી સજાવીશ. હૃદય અને રાજ્યના સિંહાસન ઉપર બેસાડીશ." આમ કહી ફરીવાર રાજકુમારે મનોરમાને બાહુપાશમાં જકડવા માટે પકડવાનો પ્રયત્ન કર્યો.

"અરે! દુષ્ટ! કામી! દૂર હટ પાપી! હું શીલવ્રતા નારી છું. મને હાથ લગાવીશ તો તું ભસ્મ થઇ જઇશ. તારું અનિષ્ટ થશે. અકેલી અબળા સમજી દુર્વ્યવહાર ન કર. આમ કહી અશરણના શરણ જિનેન્દ્ર દેવની ભક્તિમાં ધ્યાન લગાવ્યું. કામસેને જબરજસ્તીથી એને રથમાં બેસાડી દીધી. ધ્રુજતી મૃગલી જેવી એ બીજુ કરે પણ શું? આંખમાં આંસુ અને હોઠો પર પ્રભુ સ્મરણનું જ તો શરણ ને.

અડધી રાત્રે કામાતુર કામસેન જે ઓરડામાં મનોરમા ને રાખી હતી ત્યાં પ્રવેશવા માગતો હતો. પરંતુ ધર્મની રક્ષામાં રત એવા દેવોએ ચમત્કાર કર્યો. મનુષ્યનું રૂપ ધારી દેવે કામસેનને ખૂબ માર માર્યો. એક બાજુ કામી કામસેને પોતાના ખરાબ કામનું ફળ મળી રહ્યું હતું. જ્યારે મનોરમાનું મન પ્રભુભક્તિમાં લીન હતું. છેવટે કામસેન પોતાના કરેલા પર પસ્તાવો કરવા લાગ્યો. દેવોની માફી માંગી. દેવોએ એને મનોરમાના ચરણોમાં પડી માફી માગવાનો અને તેને બહેન માની જ્યાંથી લઇ આવ્યો હોય ત્યાં પુનઃ પહોંચાડવાનો આદેશ કર્યો.

કામસેને મનોરમાના ચરણોમાં પડી માફી માગી. ધર્મની બહેન માની સસન્માન રથમાં બેસાડી જ્યાંથી જબરજસ્તી ઉપાડી લાવ્યો હતો, ત્યાં પાછી મૂકી દીધી. કુમારનું આવું એકાએક પરિવર્તન જોઇ મનોરમાને આશ્ચર્ય થયું. એને શીલધર્મનો પ્રભાવ સમજી શાસન-દેવ દેવીઓનો આભાર માન્યો. પંચ પરમેષ્ઠી ભગવાન પરની શ્રધ્ધા વધુ દઢ બની. એને વિશ્વાસ થઇ ગયો કે જેની પાસે ધર્મનો આશ્રય છે તેને બીજા કોઇ આશ્રયની જરૂર નથી.

ભયાનક જંગલમાં રાતવીતી ગઇ. જાણે ઉપસર્ગની અંધારી રાત વીતી ગઇ. પૂર્વાકાશમાં પ્રભાતનો સોનેરી પ્રકાશ વેરાઇ રહ્યો. ડાળી પર ઝૂમતી તાજી ખીલેલી કળીઓ પ્રસન્નતાનો પવન ફુંકવા લાગી. પક્ષીઓ નવ પ્રભાતનાં ગીત ગાવા લાગ્યા. આ અરુણની ઉદયાવલિમાં, ચહેકતા પંખીઓમાં, ડાળી ઉપર ઝુલતી ખીલેલ કળીઓમાં જીવનના પુણ્યોદયને, જીવનના ગીત સંગીતને શોધવા મથી રહિ.

આ જંગલમાંથી બળદગાડીઓનો કાફલો પસાર થઇ રહ્યો હતો. જેમાં વેપાર અર્થે માલ ભરેલો હતો. આગળની રથ જેવી ગાડીમાં એક પ્રૌઢ પુરુષ

બેઠેલો હતો. જેના ચહેરા ઉપર સાત્વિકતાનું તેજ ઝગારા મારતું હતું. વેશભુષાથી કોઇ ધનિક શેઠ હોય એમ લાગતું હતું. એને જોઇ મનોરમાનું હ્રદય કંપી ઉઠ્યું. વિચારી રહી શું રાત્રી જેવી દુઃખદ ઘટનાનું પુનરાવર્તન થશે?

વનમાં આવી સુંદરીને રડતી તડપતી જોઇ આગંતુકે ખૂબજ વાત્સલ્યભાવથી તેનું નામ ઠામ, પિતા અને પતિની વિગત પૂછી. મનોરમાને આ શેઠના વચનોમાં શીતલતાનો અનુભવ થયો. એણે પોતાની હકીકત સંભળાવી. મનોરમા સાથે એ પુરૂષની આંખો પણ ભીની બની. એમણે પોતાનો પરિચય આપતાં કહ્યું કે એ બનારસના શેઠ જિનદત્ત છે. મનોરમાના માતા શ્રીમતિના સગાભાઇ છે. તારા મામો છું. "બેટી! તું નિર્દોષ છે. અહીં જંગલમાં કેવી રીતે રહી શકીશ?" તારા અશુભ કર્મો પૂરા થતાં તારી શોધમાં જરૂર જમાઇરાજ આવશે. તું મારી સાથે બનારસ ચાલ. મામી એ ભાણીનું યથાયોગ્ય સ્વાગત કર્યું. આને મનોરમાએ ભગવત્ભક્તિનું જ પરિણામ માન્યું. એને લાગ્યું કે અશુભ કર્મોનો ક્ષય થવા લાગ્યો છે. એને વિશ્વાસ થઇ ગયો કે એક દિવસ દૂધનું દૂધ અને પાણીનું પાણી અવશ્ય જુદુ થઇ જશે. એને લાગ્યું કે મામાની વાત સાચી ઠરશે. આમ કરતાં કરતાં એક વર્ષ વ્યતિત થયું.

સુખાનંદ અપાર ધનદૌલત કમાઇને અવરોધો સામે ઝઝૂમીને ઘેર પાછો ફર્યો. ધનદૌલતથી ભરેલાં વાહન, અંગરક્ષક, નોકરોના કાફલા સાથે નગરની બહાર પડાવ કર્યો.ત્યાં જ એને સારથી ધ્વારા માહિતી મલી કે એની ર્નિદોષ પત્નિ મનોરમાને શીલદોષના આક્ષેપ ના કારણે પોતાના માતા-પિતા એ એને ઘરમાંથી કાઢી મૂકી છે. સારથી એ સખેદ અત થી ઇતિ સુધી સર્વ વાત સંભળાવી. આ સમાચારથી સુખાનંદ પર જાણે વ્રજઘાત થયો. સુખાનંદ ના અંતરમાં પ્રિયા મિલનનો આનંદ ઓગળી ગયો. તેનું સ્થાન શોકે લીધુ. મિલનની ઉત્કંઠા વિયોગમા બદલાઇ ગઇ. પોતાનું સર્વ ત્યાંજ મૂકીને પોતાની પ્રાણેશ્વરીને શોધવા નીકળી ગયો.

અનેક જગ્યાએ ફરીફરી દુઃખો સહન કરતો છેવટે તે બનારસ પહોચ્યો. મામા સસરાને ત્યાં મનોરમાને મેળવી જીવનનું સર્વસ્વ પ્રાપ્ત થયાનો આનંદ થયો.

"મને ક્ષમા કરો મનોરમા, મારા માતા પિતાને કારણે તારે આવા

દુઃખો સહન કરવા પડ્યા. અત્યંત શરમથી સુખાનંદે મનોરમાની ક્ષમા માગી.

સ્વામી, આપ ક્ષમા માગી દાસીને વધારે ન શરમાવો. આ તો મારા અશુભ કર્મોનું ફળ હતું.

પ્રિયે બોલ શું વાત હતી? અંતરનું ઝરણું અસ્ખલિત વહેવા લાગ્યું. મનોરમાના હ્રદયે હ્રદયેશ્વર સમક્ષ સત્ય જણાવ્યું. વાત સાંભળી સુખાનંદની આંખ પણ ભીની બની. ખૈર! જવાદો પ્રિયે શાંત થા. હું આનો બદલો જરૂર લઈશ. સાચને ક્યારેય આંચ નહી આવે. ચાલ ભોજનની તૈયારી કર. તારા હાથની બનાવેલી રસોઇ જમી હું તૃપ્ત થવા ઇચ્છું છું.

તારા વિયોગમાં નિશ દિન તારા નામનું જ રટણ કરતો રહ્યો છું. મારા તનમનની તડપનને દૂરકર પ્રિયે, કહિ સુખાનંદે તેને આલિંગનમાં ઝકડવા પ્રયાસ કર્યો.

"નહી સ્વામી! હમણાં નહીં! હું જાણું છું. સમજી શકું છું. તમ. તડપનને. મેં પણ વિરહની વસમી ક્ષણો પ્રતિક્ષામાં પથપર પલકો બિછાવી પસાર કરી છે. એમની નજરોમાં, દુનિયાની નજરોમાં પવિત્ર સાબિત ન થાઉં ત્યાં સુધી મારા હાથનું ભોજન બનાવી જમાડી પણ નથી શકતી કે આપની શૈયા સહચરી પણ નથી બની શકતી. આ મારી દ્દઢ પ્રતિજ્ઞા છે. હું ઇચ્છું છું કે આપ પણ આ પ્રતિજ્ઞાપૂર્તિમાં સહાયક બનો." મનોરમાએ વિવેકપૂર્ણ સ્વરમાં ચરણોમાં ઝૂકતાં કહ્યું.

પ્રિયે! હું કામુક વાસનાનો કીડો નથી. તારા સત્ય પરીક્ષણના પુરૂષાર્થમાં તારી સાથે છું. તું જ્યાં સુધી નિર્દોષ સાબિત ન થાય ત્યાં સુધી હું પૂર્ણ બ્રહ્મચર્યનું પાલન કરીશ. ચરણોમાં ઝુકેલી મનોરમાને સુખાનંદે ઉઠાવી બંનેની આંખોમાંથી વહેતી જલધારાએ વાતાવરણને પવિત્ર બનાવ્યું.

શેઠશ્રી મહિપાલે જ્યારે જાણ્યું કે પુત્ર સુખાનંદ મનોરમાની શોધમાં નગર બહારથી જ પાછો ફર્યો છે આથી તેઓ પણ દુઃખી થયા. એમની પત્ની પણ પોતે કરેલા વર્તાવથી પસ્તાવા લાગી. નગરની દરેક વ્યક્તિ શે શેઠાણીને ધિક્કારવા લાગી. નગરના રાજાને જ્યારે જાણ થઇ તો એમ મંત્રીને વાતમાં શું તથ્ય છે તે તપાસ માટે આદેશ આપ્યો. મંત્રી ધ્વારા સર્વ હકીકત જાણી, સર્વ પ્રથમ તો પોતાના પુત્રને, રાજકુમારને દેશનિકાલનો

આદેશ આપ્યો અને શેઠ મહિપાલને પુત્ર અને પુત્રવધૂને તાત્કાલિક શોધી લાવવાનો હુકમ કર્યો. નહીંતો એમની પૂરી સંપત્તિ જપ્ત કરવાનો ભય બતાવ્યો. બિચારા શેઠ શું કરે? વગર વિચારે કરેલા કાર્ય ઉપર પોતાની નાદાનિયત પર પસ્તાવા લાગ્યા. નગર નગર ધક્કા ખાતા છેવટે બનારસમાં વેવાઈના સાળાને ત્યાં પહોંચ્યા. વહુ-દીકરાને જોઇ દિલને શાંતા વળી. પુત્ર સુખાનંદ તો પિતાને મળવા કે તેમની સાથે વાત કરવા પણ તૈયાર નથી. પિતા સાથે બદલો લેવાની ભાવના બળવત્તર હતી. પરંતુ વિવેકશીલ મનોરમાએ એવો વ્યવહાર કરતાં અટકાવ્યા. પિતાનો વિનય કરી મર્યાદામાં રહી વાત કરવાની સલાહ આપી. મનોરમાને કોઇનોય દોષ નથી દેખાતો. પોતાના કર્મોનું જ તો ફળ હતું.

શેઠ મહીપાલે પુત્ર સુખાનંદને ખુબજ સમજાવ્યો. પોતાનાથી થએલ ભૂલ માટે પસ્તાવો કર્યો. છેવટે એ ભય બતાવ્યો કે સમયથી તમે બંને ઘેર નહી આવો તો રાજા એમને શૂળી ઉપર ચઢાવશે. પુત્રના કારણે પિતાનો વધ થશે. પરિસ્થિતિની ગંભીરતા સમજી સુખાનંદ અને મનોરમાએ પિતાજી સાથે પોતાના નગર તરફ પ્રયાણ કર્યું.

''પિતાજી હું ન તો આપની હવેલીમાં આવીશ કે ન તો આપને ત્યાં ભોજન કરીશ. જ્યાં સુધી મારા શીલની કસોટી નહિં થાય ત્યાં સુધી હું મારી પ્રતિજ્ઞામાં અડગ રહીશ.'' મનોરમાએ નગરમાં પહોંચી હવેલીમાં પ્રવેશ કરતાં પહેલાં પોતાની અડગ ટેક દર્શાવી. આમ પતિ અને સસરાજીની વાત વિનયથી વાળી લીધી. છેવટે તેના રહેવાની વ્યવસ્થા હવેલીની બહાર કરવામાં આવી.

નગરમાં ઘેર ઘેર આજ તો ચર્ચાનો વિષય હતો. સહુના મનમાં કૂતુહલ હતું કે શેઠ મહીપાલની પુત્રવધુ મનોરમાના શીલની કસોટી કેવી રીતે થશે. ખુદ રાજાએ પણ પોતાની પુત્રી સમ મનોરમાને સમજાવવાની કોશિષ કરી. પોતાના રાજકુમારને દેશનિકાલ કર્યો એ વાત પણ બતાવી. હવેલીમાં આવી રહેવા વિનંતી કરી. પરંતુ સતી શીલવ્રતા નારી કસોટીની એરણ પર ૧૦૦ ટકા શુધ્ધ સાબિત થયા સિવાય હવેલીમાં પાછા ફરવા તૈયાર ન થઈ. મહારાજા પણ નિરાશ થઇ પાછા ફર્યા.

સિપાઈઓએ રોજના નિયમ મુજબ નગરના ચારેય દરવાજા બંધ કરી દીધા. પરંતુ સવારે દરવાજા જે સામાન્ય માણસથી પણ ખુલી જાય એ આજે હાથીઓના બળથી પણ ખુલતા નથી. નગરજનો કૂતુહલમાં પડી ગયા. આતે કેવો ચમત્કાર. દરેકના મુખે નવી નવી વાતો. કોઈ એને સતી પર લગાવેલા આરોપનું જ કારણ દર્શાવે. કોઈ મંત્ર તંત્રનું પરિણામ બતાવતા. રાજા મંત્રીગણ સૌ પરેશાન હતા. નગરના દરવાજા ખોલવાનો કોઈ ઉપાય જડતો નહોતો.

રાત્રે રાજાને સ્વપ્ન આવ્યું કે જ્યાં સુધી કોઈ શીલવ્રતા નારી પોતાના પગના અંગૂઠાનો સ્પર્શ દરવાજે નહિ કરે ત્યાં સુધી આ દરવાજા ખૂલશે નહિ. રાજાની ઉંઘ ઉડી ગઈ. તુરત મંત્રી-દંરબારીઓને બોલાવ્યા. પોતાના સ્વપ્નની વાત કરી.

સવારે રાજાએ ઢંઢેરો પિટાવ્યો કે જે શીલવ્રતીનારી હોય એ આવે અને નગરના દરવાજા ખોલે. જે નારીના ચરણસ્પર્શથી દરવાજો ખુલશે તેને વિપુલ ધન આપવામાં આવશે.

નગરની હરકોઈ સ્ત્રીએ પોતાના સતીત્વનું પરીક્ષણ કર્યું. સમસ્ત રાણીવાસની રાણીઓએ પણ શીલની કસોટી કરી. પરંતુ બધું જ વ્યર્થ. દરવાજા એમજ હતા. સાંજ પડવા આવી હતી. દરેક સ્ત્રીનું મસ્તક શરમથી ઝુકી ગયું હતું. રાણીઓના માથા પણ ઝુકી ગયા હતા.

છેવટે રાજાને યાદ આવ્યું. તેઓ મનોરમા પાસે પહોંચ્યા. તેને પોતાનો ચરણ સ્પર્શ દરવાજે કરવા વિનંતી કરી. મનોરમાએ અતિ મૃદુ સ્વરે જણાવ્યું, "મહારાજા! આપતો મારા પિતા સમાન છો મારાપર તો પહેલાં દોષ લાગેલો છે જો દરવાજા ન ખૂલ્યા તો મારી વધારે બેઈજ્જતી થશે. પતિની આંખમાંથી પણ હું ઉતરી જઈશ. જ્યારે સર્વ નારીઓ અસફળ રહી છે તો મારી શું તાકાત?

ના, બેટી ના. એવી વાત ન વિચારીશ મને વિશ્વાસ છે. તું શીલવ્રતી છે. તારા ધ્વારા જ રાજ્ય ઉપર આવેલું આ સંકટનું વાદળ દૂર થઈ શકે છે. મનોરમાના સસરાજી મંત્રીગણ દરબારી વગેરે અગ્રગણ્ય લોકો પણ એને સમજાવવા લાગ્યા. આખરે સર્વના અનુગ્રહથી પતિની આજ્ઞા લઈ, જિનેન્દ્રદેવની સ્તુતિ કરી, પવિત્ર શ્વેત વસ્ત્ર ધારણ કરી, સાક્ષાત શીલદેવીની

જેમ પાછળ ઉભરાતા જનસમુદાય સાથે દરવાજા પાસે પહોંચી, ભગવાનનું સ્મરણ કરી, ણમોકાર મંત્રોના જાપ કરી પોતે પોતાના પતિ સિવાય ક્યારેય કોઈ પર પુરૂષનું સ્મરણ ન કર્યું હોય તો હે શાસનદેવ મારી સહાય કરજો. એવી મનોકામના રાખી પગનો અંગૂઠો દરવાજાને અડાડ્યો.

સર્જાયો ચમત્કાર! એક ક્ષણમાં એ તોતિંગ દરવાજા ખુલી ગયા. સતી મનોરમાના જયઘોષથી આકાશ ગૂંજી ઉઠ્યું. આ પ્રમાણે ત્રણ દરવાજા ખોલી સતી અટકી ગઈ. કેમ દીકરી તું અટકી ગઈ? રાજાએ જિજ્ઞાસાથી પૂછ્યું.

પિતાજી! આ ચોથો દરવાજો હું હમણાં નહીં ખોલું નગરની ઘણી વહુવારુ નગરથી બહાર છે આ દરવાજો પણ ખૂલી જાય તો એ આવે ત્યારે એમ કહે કે અમે હાજર હોત તો ખોલી દેત. તેથી તેમની કસોટી માટે આ દરવાજો બંધ જ રાખો.

સાક્ષાત સરસ્વતીના અવતાર સમી મનોરમાની ચારેબાજુ જયજયકાર થવા લાગ્યો. સાસુજીએ આગળ આવી ક્ષમા માગી તેના પગમાં પડવા જતાં મનોરમાએ તેમને અટકાવી યોગ્ય વિનય કર્યો. વિશાળ હૃદયી, ધર્મપરાયણ મનોરમાએ સાસુનું યથાયોગ્ય સન્માન કર્યું. તેમના ચરણ સ્પર્શ કરી પોતાના મૃદુલ વ્યવહારથી સાસુના મનમાં રહેલી લઘુતાની ગ્રંથીને નષ્ટ કરી. રાજકુમારની દાસી પણ પોતાના પાપમય કાર્યથી સતીપર ગુજારેલા સિતમથી પસ્તાવાની આગમાં બળતી હતી. મનોરમાના શીતલ ચરણ શરણમાં એના કર્મોનું પ્રાયશ્ચિત મળ્યું. કોઈના પણ પ્રત્યે જરાપણ દ્વેષભાવ વિના સર્વેને પોતાના સરલ અને પવિત્ર વ્યવહારથી ક્ષમા આપી.

મનોરમાના શીલની સુવાસ ચારે તરફ નગર નગરમાં પ્રસરી ગઈ. અનેક નરનારીઓએ શીલવ્રતની મહત્તા સમજી તેનો અંગીકાર કર્યો.

આજ મનોરમાની પ્રતિજ્ઞા પુરી થઈ. સુખાનંદને ઘણા સમય પછી ખોવાયેલી નિધિ પાછી મળેથી ધન્ય બન્યો. ચાંદની રાતમાં, ટમટમતા તારલાના તેજમાં, રજનીગંધાની મીઠી માદક મહેંકને ચોતરફ વેરતા સમીરના આલ્હાદક વાતાવરણમાં, મનોરમા સાજન સુખાનંદની બાહુપાશમાં માદકતાભરી અર્ધઉન્મીલિત નયનોથી એવી રીતે નિહારી રહી હતી જેમ મધુરજનીની રાત્રે નિહારતી હતી.

# શીલવ્રતી અનંતમતી

અરે! આટલો કલાત્મક સુંદર ચોક કોણે પૂર્યો હશે? આંગણામાં પુરાયેલ ચોકને જોઇ પ્રિયદત્તે પોતાના સાળા જિનદત્તને પૂછયું.

મન પહોંચ્યું અતિતની સ્મૃતિમાં "આવો જ ચોક પૂરતી હતી પોતાની પુત્રી અનંતમતી. રાજકુંવરી અનંતમતી ધર્મસાધના, ચિત્રકલા, ગીત-સંગીત જેવી કલાકારીગરીમાં નિપૂણ હતી. ક્યાં હશે મારી દિકરી આજે તો માત્ર તેને યાદ કરવા સિવાય મારી પાસે કંઇ નથી." વિચારતાં વિચારતાં રાજા પ્રિયદત્તની આંખોમાંથી અશ્રુ વહેવા લાગ્યા.

જ્યારથી અનંતમતીનું અપહરણ થયું હતું ત્યારથી મહારાજા પ્રિયદત્ત દિકરીના વિરહમાં દુઃખી હતા. પોતેજ તેની શોધમાં નીકળી પડ્યા હતા. વહાલી પુત્રીના વિયોગમાં મન મુરઝાઇ ગયું હતું. તન સુકાઇ ગયું હતું. ચહેરો ચિંતાના રેખાંકનની ચાડા ખાતો હતો. અરેરે... ક્યાં હશે મારી લાડલી!

ફુલશી કોમળ અનંતમતીને શોધતાં શોધતાં પિતા પ્રિયદત્ત અયોધ્યામાં પોતાના સાળા જિનદત્તને ત્યાં આવી પહોંચ્યા હતા. પોતાની ભાણીના અપહરણની વાત સાંભળી મામા જિનદત્ત પણ ચિંતામાં હતા.

બનેવીની આંખમાં આસું સાળા જિનદત્તના અંતરને પણ વ્યાકુળ બનાવી ગયા. તેમણે પોતાની પત્નિને ચોક કોણે પૂર્યો હતો તેમ પૂછયું. ત્યારે તેમની પત્નીએ જવાબ આપ્યો કે પૂ. આર્યિકા માતાજીની પાસે એક છોકરી છે તેણે આ ચોક પૂર્યો છે.

"ભાઇ જિનદત્ત, જેણે પણ આ ચોક પૂર્યો હોય તેને મારે મળવું છે. મને તેની પાસે લઇ જાવો." પ્રિયદત્તે આજીજી ભર્યા સ્વરે કહ્યું.

"સારું જીજાજી હું તમને હમણાં જ ત્યાં લઇ જાઉં છું. જિનદત્ત અને પ્રિયદત્ત તુરત જ મંદિરમાં પહોંચ્યા. જ્યાં પૂ. આર્યિકા સંઘનો ઉતારો હતો. બંનેએ માતાજીને વંદન કર્યા. "માતાજી મારી પત્નીએ બતાવ્યું કે આપના સંઘમાં કોઇ છોકરી છે જે ખૂબજ કુશળ કલાકાર છે. એણે આજે અમારા ઘરના આંગણામાં ખૂબજ સુંદર ચોક પૂર્યો છે."

"હા ભાઇ એક કન્યા છે. ખુબજ મુશ્કેલીઓમાંથી પસાર થઇ છે. એ મારી સાથે છે. રૂપે ગુણે કોઇ રાજકન્યા લાગે છે. ધર્મમાં ખૂબજ શ્રધ્ધાવાન છે. પરંતુ આપ એના વિષે શું કામ પૂછી રહ્યા છો?"

માતાજી આ મારા જીજાજી છે પ્રિયદત્તજી. ચમ્પાપુરી નગરીના મહારાજા. એમની શીલવતી રૂપવતી રાજકન્યા અનંતમતીનું અપહરણ કોઇ વિદ્યાધરે કર્યું છે. જેની શોધમાં મારા જીજાજી અહીં સુધી આવ્યા છે.

એમણે જ્યારે મારા આંગણામાં સુંદર ચોક પુરેલો જોયો તો એમને પોતાની પુત્રીની કલાકારીગીરી યાદ આવી. એ પણ આવો સુંદર ચોક પૂરતી હતી. આથી એમણે એ છોકરી વિષે જાણવાની ઉત્સુકતા બતાવી છે. જિનદત્તે માતાજીને સર્વે હકીકત સમજાવી.

આ સઘળો વાર્તાલાપ પાછળના કમરામાંથી સાંભળી રહેલી કન્યા પોતાના અતિતના ઉંડાણમાં ઉતરી ગઇ. બાલ્યાવસ્થાના સઘળા સ્મૃતિચિત્રો સજીવન થવા લાગ્યા.

પોતે માતાજી અને પિતાજી સાથે મૂનિમહારાજના દર્શનાર્થે ગઇ હતી.

નમોસ્તુ કરી પ્રિયદત્તે ધર્મકીર્તિ મુનિમહારાજના ચરણોમાં વંદન કર્યા. સાથે પત્નિ અગંવતી અને પુત્રી અનંતમતિ એ પણ વંદન કર્યા.

ધર્મલાભ કહી મહારાજશ્રીએ ત્રણેયને આર્શીવાદ આપ્યા. અષ્ટાન્હિકા પર્વના દિવસો હતા. અનેક શ્રાવક શ્રાવિકા મહારાજશ્રી પાસેથી ધર્મ શ્રવણ કરી કૃતાર્થ થઇ રહ્યા હતા.

"સંસારમાં પ્રત્યેક જીવ સુખ ઇચ્છે છે પરંતુ તે સાચા સુખની વ્યાખ્યા ભૂલી ગયો છે. ભૌતિક સુખોને સુખ માની ઝાંઝવાના જળની પાછળ ભટકી રહ્યો છે. એ સુખ નહિ પણ સુખાભાસ છે. વાસ્તવિક સુખ, સાચું સુખ તો આત્માના સ્વરૂપને જાણવું તે છે. પરભાવ રૂપી કાર્ય સ્વભાવને મલીન કરી રહ્યા છે. કાર્મણ વર્ગણા આત્માને અધોગામી બનાવી રહી છે. આ કર્મોનો ક્ષય પંચમહાવ્રતના પાલનથી જ થઇ શકે છે. આપણું કાર્ય આત્મોન્મુખ જ હોવું જોઇએ. આપણું ધ્યેય મોક્ષ પ્રાપ્તીનું જ હોવું જોઇએ. એ સિધ્ધિ માટેની સાધના દરેક સાધક માટે અનિવાર્ય છે."

આવી ધીરગંભીર વૈરાગ્યમયી વાણીના વહેણમાં શ્રોતાઓ એકચિત્તે

સ્નાન કરી ધન્યતાનો અનુભવ કરી રહ્યા હતા. અનેક જિજ્ઞાસુ શ્રાવકોએ પોતાના પ્રશ્નોનું સમાધાન પ્રાપ્ત કર્યું. ઘણા શ્રાવોકોએ વ્રત ગ્રહણ કર્યા. અષ્ટાન્હિકા પર્વના વ્રતપૂજા-વિધાન વગેરે થતા રહ્યા. "મહારાજા! હું અષ્ટાન્હિકા પર્વમાં બ્રહ્મચર્મવ્રત ગ્રહણ કરવા માગું છું." એમ કહી પ્રિયદત્તે મહારાજશ્રીના ચરણમાં શ્રીફળ અર્પણ કર્યું. મહારાજશ્રીએ વ્રતનો નિયમ આપતાં કરુણામયી આંખોથી આશીર્વાદ વરસાવતા રહ્યા. જીવરક્ષા માટેની પીંછી એમના મસ્તક પર મૂકી દીધી. ગદ્ગદ્ થઇ ગયા પ્રિયદત્ત. ચંપાપુરીના મહારાજ વસુવર્ધનના પુત્ર હતા પ્રિયદત્ત. નાનપણથી જ અંકુરિત થએલું ધર્મ સંસ્કારનું બીજ જીવન વસંતમાં પલ્લવિત થઇ ચૂક્યું હતું. પત્ની પણ જૈનધર્મના સંસ્કારોથી સંસ્કારિત હતી. પતિ-પત્નીના સંસ્કાર એમની પુત્રી અનંતમતીમાં ઉતર્યા હતા. નાનકડી બાળકી અનંતમતીમાં ધર્મનિષ્ઠા, વ્રતપાલનની દ્રઢતા અનન્ય હતી. આટલી નાની ઉંમરમાં પણ તેને ધર્મગ્રંથ વાંચન અને ધર્મકથા શ્રવણમાં અનેરો આનંદ પ્રાપ્ત થતો. આવી ધર્મભાવનામાં ભિંજાએલી પુત્રી અને પત્ની રાણી અંગમતી હતી રાજા પ્રિયદત્તની.

કન્યા અનંતમતી બ્રહ્મચર્ય કે અબ્રહ્મચર્યના અર્થથી અજાણ હતી. છતાં પિતાએ એના મનના આનંદ ખાતર તેને પણ મુનિરાજ પાસે વ્રત અપાવ્યું. કોને ખબર હતી પિતા પ્રિયદત્તનું પુત્રીને ખુશ કરવા અપાએલ આ વ્રત ભવિષ્યમાં એના જીવનની દીવાદાંડી સાબિત થશે.

દિવસો મહિનાઓ વર્ષો વિતવા લાગ્યા. અનંતમતીએ બાલ્યાવસ્થા, કિશોરી અવસ્થાને પાર કરી યૌવનના ઉંબરે પગ મૂક્યો. શરીરના અપ્રિતમ સૌંદર્યમાં સોળ સોળ વસંત એકી સાથે મહોરી રહી હતી. સોળ સોળ વર્ષાનો વાયુ એની મીઠી માદક મહેંક મહેંરાવી રહ્યો હતો. સાક્ષાત્ રતિની પ્રતિમા સમી અનંતમતીમાં નહોતી કામુકતા નહોતી ઉચ્છલ્ભતા એનું નિર્વિકાર યૌવન તપાવેલા સોના જેવું શુધ્ધ ઝળહળી રહ્યું હતું.

યૌવનના વિકાસ સાથે ધર્મ-ક્રિયા, વ્રતોપવાસ, સ્વાધ્યાયમાં દિવસે દિવસે રુચિ વધતી ગઇ. હવે તેને સમજાઇ ચુક્યો હતો બ્રહ્મચર્યનો અર્થ, એનો મહિમા અને એની શક્તિ. સંયમની લગામથી સંચિત મનોભાવો એના પવિત્ર સરલ અને નિષ્પાપ વ્યવહારમાં પ્રતિબિંબિત થતા હતા.

ઉંમર લાયક પુત્રીને જોઇ માતા પિતાએ ધુમધામથી તેના લગ્ન કરવાનો વિચાર કર્યો. અનંતમતીને યોગ્ય રાજકુંવરની શોધ શરૂ થઇ. લગ્નની પ્રાથમિક તૈયારીઓનો પણ આરંભ થયો.

"પિતાજી આ શાની ધમાલ છે? શેની તૈયારી ચાલી રહી છે?" ભોળાભાવથી અનંતમતિએ પૂછ્યું.

"દિકરી આ તારા લગ્નની તૈયારી છે." પરંતુ પિતાજી એ કેવી રીતે શક્ય છે?"

"કેમ?" આશ્ચર્યથી પ્રિયદત્તે પૂછ્યું.

"પિતાજી હું લગ્ન નહી કરું."

"અરે પણ શા માટે?" ચિંતાયુક્ત સ્વરે પ્રિયદત્તે પૂછ્યું.

"પિતાજી! શું તમે પણ ભૂલી ગયા? કેટલાક વર્ષો પહેલાં આપે જ પૂ. મુનિ મહારાજશ્રી પાસેથી મને બ્રહ્મચર્યવ્રત અપાવ્યું હતું."

"દિકરી! એ તે કેવું વ્રત? એતો એક મજાક હતી. તારું મન રાખવા, તને ખુશ કરવા જ અપાવ્યું હતું. શું તે એને સાચું માની લીધું?" પ્રિયદત્તે આશ્ચર્યથી પૂછ્યું.

"પિતાજી! ધર્મપાલન અને નિયમ ગ્રહણ કરવામાં મજાક કેવી? એતો ઉત્તમ કાર્ય હતું. જો એ મજાક હતી તોપણ મને એના પાલનમાં અસીમ સુખ મળે છે. તેથી તે વ્રતને તોડવું મારા માટે અસંભવ છે." અતિદઢતાથી અનંતમતીએ ઉત્તર આપ્યો.

"માની લો એ સાચુ હતું તો પણ માત્ર આઠ દિવસ માટે જ હતું. એ દિવસો તો વર્ષોથી પુરા થઇ ગયા." પ્રિયદત્તે દિકરીને સમજાવવાનો પ્રયત્ન કર્યો.

પિતાજી આઠ દિવસની વાત આપ આજે કહી રહ્યા છો. તે સમયે આપે આવું નહોતું કહ્યું. જ્યારથી મેં એ વ્રતનો મહિમા જાણ્યો છે ત્યારથી એનું આજીવન પાલન કરવાનો દૃઢ નિર્ધાર કર્યો છે. તેથી હવે આપ મને સંસારની વિષયવાસનાઓમાં ફસાવે, ભોગ વિલાસની ગર્તામાં ડૂબાડે એવા લગ્નના બંધનમાં બંધાવવાની વાત ન કરશો. આ જન્મમાં મારું લગ્ન સંભવ નથી.

હું તો હવે મુક્તિવરને વરી ચુકી છું.

અંતરના શુધ્ધ શીલભાવની ચમક ચમકી ઉઠી અનંતમતીના ચહેરા પર.

માતા-પિતા પરિવારના પ્રિયજનો દરેકની સમજાવવાની કોશિશ નિરર્થક સાબિત થઈ. સુમેરૂ સમ દૃઢ અનંતમતીને એના મક્કમ નિર્ધારમાંથી કોઈ ડગાવી શક્યું નહિ. છેવટે પુત્રીની ભીષ્મ પ્રતિજ્ઞા, બ્રહ્મચર્યની દૃઢતા આગળ સર્વ ઝુકી ગયા. મહારાજા પ્રિયદત્તે પુત્રીની રૂચિ અનુસાર શાસ્ત્રોનો ભંડાર ભરાવી આપ્યો. શાસ્ત્ર સ્વાધ્યાય, અધ્યન જિનેન્દ્ર દર્શનની કામના સાકાર કરવામાં કોઈ કમી ન રહિ જાય એવી વ્યવસ્થા કરી આપી. અનંતમતીનો મન મયુર આ શાસ્ત્રોના દર્શન, મનન-અધ્યયનથી નાચી ઉઠ્યો.

સ્વાધ્યાય એનું જીવન બની ગયું.

અનંતમતીનું અંતર ધર્મસાધનાની સૌરભથી મહેંકી રહ્યું હતું. તો યૌવન વસંત બની પૂરબહારમાં ખીલી રહ્યું હતું. બ્રહ્મચર્યની દિપ્તિથી દેદિપ્યમાન રાજકન્યાનું રાજસી રૂપ અપ્સરાને પણ શરમાવે તેમ વિલસી રહ્યું હતું. અંગઅંગમાંથી ટપકતું લાવણ્ય, પૂર્ણિમાના નિષ્કલંક ચંદ્ર જેવું, હરણીશી ચંચળ ચપળ નયનો છતાંય ત્યાં નહોતી કોઈ ઉન્માદકતા કે કામુકતા. ત્યાં તો હતી સંયમની સીમા, નરી નિખાલસતા, પવિત્રતા. આત્માથી ભિન્ન એવા દેહ સૌંદર્યથી અનભિજ્ઞ હતી આ સામ્રાજ્ઞી. એને એવું ધ્યાન પણ ક્યાં હતું? એતો એકાગ્ર હતી આ દેહ દેવાલયમાં બિરાજમાન ભગવાન આત્મામાં.

પરંતુ સંસાર સરિતાના ભોગ-વિલાસી ભવંરમાં જ સંસાર સુખનું શ્રેય સમજતા, કામી, લોલુપ ભ્રમરો, તાજા ખીલેલા, અમોઘ રૂપરાશિવાળા યૌવન કમલની કેદમાં પુરાવા આતુર હતા.

દુન્યવી નજરોથી અજાણ, અલ્લડ અનંતમતી, સ્વમસ્તીમાં મસ્ત, ફુલવાડીમાં ખીલેલા વાસંતી ફુલોની ફોરમ વચ્ચે હીરના હિંડોળે ઝૂલી રહી હતી. પસાર થતા વિદ્યાધરની નજર પડતાં અનંતમતીનું યૌવન એને આકર્ષી ગયું. પત્નિની ઉપસ્થિતી આકરી લાગતાં વિદ્યાધરે પત્નિને બહાનું બનાવી પોતાના મહેલમાં છોડી દીધી. અને તુરત જ ઉદ્યાનમાં પરત આવ્યો. ચકોર વિદ્યાધરપત્નિ તેની પાછળ જ પાછી આવી. પતિની આંખોમાં કામી સાપોલિયાનો સળવળાટ તે સમજી ગઈ. ભોળી કન્યાનું કૌમર્ય નંદવાય તે

પહેલાં જ પતિને પકડી લીધા.

આબરૂ બચાવવા માટે વિદ્યાધરે ખરી-ખોટી સમજાવવા લાગ્યો. પોતાની ઈચ્છા પૂરી ન થતાં અંતરની આગ ન બુઝાતાં તેણે અનંતમતીને પૂર્ણલબ્ધિ નામના વિદ્યાધરને સોંપી દીધી. છેવટે દેવાંશી દેહ સૌંદર્ય એનું દુશ્મન બન્યું. પોતાના જ બગીચામાંથી તેનું અપહરણ થયું. પૂર્ણલબ્ધીએ અનંતમતીને પોતાની પત્ની બનાવવા ખુબજ સમજાવી. પરંતુ દઢતા સામે કંઇ જ ન ચાલ્યું. છેવટે બદનામીના ડરથી વિદ્યાધરે તેને ઘોર જંગલમાં નિઃસહાય અવસ્થામાં છોડી દીધી.

જેણે રાજવૈભવ સિવાય કંઇ જ જોયું નહોતું, જેણે ક્યારેય જમીનપર પગ નહોતો મૂક્યો એવી ભોળી ભલી રાજકન્યા આવા ઘોર નિર્જન વનમાં એકલી અટુલી ફસાઇ ગઇ હતી. એની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યા. બીજુ કરે પણ શું?

"અરે! તું કોણ છે? શા માટે રડી રહી છે?" આવી સ્વરૂપવાન કન્યાને જોઇ શિકાર કરવા નીકળેલો ભીલરાજા તેને પૂછી રહ્યો. અનંતમતીએ પોતાની કથા કહી. ભીલરાજાએ ક્યારેય આટલી સુંદર સ્ત્રી જોઇ નહોતી. આશ્ચર્યચકિત રહિ ગયો તેને જોઇને તેની કામેષણા પ્રબળ બની. મનમાં વિચાર્યું સરસ મોકો છે. આવો યથેચ્છ ભોગ શિકાર ક્યારે મળવાનો? મનમસ્તિકમાં ચાલતા કુવિચારને છુપાવી બોલ્યો,

"ગભરાઈશ નહિં હું તને તારા પિતાજી પાસે મુકી જઈશ."

આવું આશ્વાસન મળતાં અનંતમતીને કંઇક ધીરજ બંધાઇ. ભોળી કન્યા ભીલ પર વિશ્વાસ મૂકી તેની સાથે તેના ઘેર ગઇ. પરંતુ જ્યારે તેણે સાંભળ્યું "સુંદરી! તને મેળવીને હું ધન્ય થઇ ગયો છું. તું રાજકન્યા છે તો હું પણ ભીલરાજ છું. તને આ વનની રાણી બનાવી રાજ કરાવીશ. તારા આ સૌંદર્ય સામ્રાજ્યને મને સમર્પિત કરી દે. તારા સૌંદર્યપાનથી મારી જન્મોજન્મની તરસ છિપાવ. આવા અક્ષત કૌમર્યને આમ નકામું ન જવા દે. આવ રાણી મારા બાહુમાં સમાઇ જા." આમ કહી કામુકભીલ હાથ લંબાવી અનંતમતી પાસે પહોંચ્યો.

"ખબરદાર, મને હાથ લગાવ્યો છે તો. હું તને પિતાતુલ્ય સમજી તારો

વિશ્વાસ કરી તારી સાથે આવી. તું તો મારા પિતાજીની ઉંમરનો છે શરમ નથી આવતી? મારા પર દયા કરો હું તો બ્રહ્મચર્યવ્રત ધારિણી છું.'' અનંતમતીએ ભીલને રોકવા પ્રયત્ન કર્યો. અરે, રાણી એકવાર આ આલિંગનમાં આવી તો જો! ભોગનો આનંદ ભોગવી જો! લુચ્ચુ હાસ્ય કરતાં ભીલરાજ નીકટ આવ્યો.

આંખમાના આંસુઓને રોકી અનંતમતીએ ત્રાડ પાડી, ''દુષ્ટ! ત્યાંજ ઉભો રહેજે. સતીની શીલ શક્તિ તું ભોગી શું જાણે? આંખમાંથી ભભૂકતો શીલ અગ્નિ તને ભસ્મ કરી દેશે.'' ક્રોધમાં તમતમી ગએલો રતુંબડો રંગ ભીલરાજને વધારે ભડકાવવા લાગ્યો.

''વ્હાલી ગુસ્સામાં તો તુ વધારે સુંદર લાગે છે.'' આમ કહી પોતાનું સુસુપ્ત સ્વપ્ન સિધ્ધ કરવા ભીલરાજે અનંતમતીનો હાથ પકડી પોતાની મનમાની કરવા પ્રયત્ન કર્યો.

અનંતમતી બંધ આંખે પ્રભુ સ્મરણ કરતાં ધર્મશરણ શોધી રહિ. આજ કસોટી હતી નિર્જન અરણ્યમાં ધર્મ-અધર્મની, શીલ-કુશીલની, શક્તિની-સત્યની.

ત્યાંતો સર્જાયો ચમત્કાર. સત્ય, શીલ અને ધર્મનો વિજય થયો. વનદેવીએ સ્વયં પ્રગટ થઇ શીલવ્રતીના શીલની રક્ષા કરી. ભીલરાજને પોતાની શક્તિનો પરચો આપ્યો. ભીલનો નશો પત્તાના મ્હેલની જેમ ભાંગી પડ્યો. સામે સાક્ષાત્ યમદૂતને જોઇ કરગરવા લાગ્યો. અનંતમતીના ચરણોમાં પડી તેની માફી માગી. તેને એક વયસ્ક શાહુકારને સોંપી પોતાનો છૂટકારો કર્યો.

અનંતમતીના અશુભ કર્મનો ઉદય હજુ પણ ચાલુ હતો. એતો કટી પતંગની જેમ આકાશમાંથી પડતાં વૃક્ષપર અટકી ગઇ. બહારથી શેઠ શાહુકાર જેવો લાગતો વયસ્ક વ્યક્તિ અંદરથી એટલો જ કલુષિત હતો. તેનો અનુભવ તો અનંતમતીને ત્યારે જ થયો જ્યારે તેણે પણ પ્રેમાલાપ શરૂ કર્યો.

''દેવી તું કેટલી સૌંદર્યવાન છે. અરે! પેલા દુષ્ટકાળા ભીલ પાસે તને જોઇ મને ખુબ દુઃખ થતું હતું. અરે ચાંદના ટૂકડા જેવું તારું રૂપ અને ક્યાં પેલો કોલસો. હવે તો તારે ખુશ થવું જોઇએ કે તારો તેની પાસેથી છૂટકારો થયો. મારું પણ ધન્યભાગ્ય છે કે તારા જેવી અર્ધાગિની મારા ભાગ્યમાં મળી. પોતાના ધન વૈભવના પોતે જ વખાણ કરતાં કહેવા લાગ્યો કે હું અનંત

ધનવૈભવ સંપત્તિનો સ્વામિ છું અને તું અનંત સૌંદર્ય સામ્રાજ્ઞી. આવ મારા આલિંગનમાં બંધાઇ જા. હું તને હીરા ઝવેરાતથી મઢી દઇશ.'' આમ કહી શેઠે અનંતમતીનો હાથ પકડવાની કોશિષ કરી.

હું તો આપને મારા પિતાતુલ્ય સમજતી હતી. આપ મારું કલ્યાણ કરશો. હું તો માત્ર ભીલરાજને જ દુષ્ટ સમજતી હતી. પરંતુ તમે તો શાહુકારના વેશમાં શેતાન નીકળ્યા. તમારી વાસનાયુક્ત વાતો મારા અંતરમાં કાંટાની જેમ વાગે છે. હું તો તમને સોના સરખા સમજતી હતી. પરંતુ તમે તો પીત્તળ નીકળ્યા પીત્તળ. અરે! દુષ્ટ ધનનું અભિમાન ન કર. નારીના શીલ સામે વિશ્વની સારી સંપત્તિ શૂન્ય છે. તારા જેવા અધર્મી, પાપી, વિલાસી પુરૂષો જ ભોળી છોકરીઓને ભ્રષ્ટ કરી વેશ્યા બનવા મજબુર કરે છે. તારા જેવા જ કામુક લોકો ધન સુખ અને વૈભવના સપના બતાવી યુવતીઓના યૌવન સાથે ચેડા કરે છે. પરંતુ સાવધાન હું તો આગ છું, આગ. જો હાથ પણ લગાવીશ તો ભસ્મ થઇ જઇશ. ક્રોધ, ઘૃણા અને ભયથી કંપતા સ્વરે અનંતમતીએ ધમકાવ્યો.

અનંતમતીના ચહેરાનું તેજ અને વાણીમાંની તીવ્રતાથી શેઠ ભયથી થરથર કાંપવા લાગ્યા. તેની મર્દાનગી મીણની જેમ પીગળી ગઇ. તેણે વિચાર્યું આ તો ખોટનો ધંધો થયો. આથી છેવટે પોતાના પૈસા વસુલ કરવા માટે તેને એક વૈશ્યાને વેચી દીધી.

અનંતમતી જેવી નખશિખ સુંદરી-સ્વર્ગની અપ્સરાને જોઇ વેશ્યા તો આનંદવિભોર બની ગઇ. જાણે તેને પૈસા એકઠા કરવા માટેનો પારસમણિ હાથ લાગ્યો. તે મનમાં વિચારી રહી મોટા ધનપતિઓને કોઠા પર બોલાવી આ રૂપસીના રૂપમાં મોહાંધ બનાવી અસીમ ધનરાશિ એકઠો કરીશ.

તેણે અનંતમતીને મીઠા શબ્દોમાં સમજાવતાં કહ્યું, ''દિકરી ઉદાસ ન થઇશ. અહીં તને કોઇ બંધન નથી. તું તો અહી રાજરાણીની જેમ રાજ કરીશ. ઇશ્વરે આપેલું આ રૂપયૌવન એળે ન જવા દઇશ. ખુબ ભોગવી લે, ખુબ કમાઇ લે રૂપ ઐશ્વર્યા. તું તો તારા તારુણ્ય તેજથી ભલભલાને નજરોમાં નજરકેદ કરી શકે છે. તારી એક ઝલક પામવા તારું એક સ્મિત સ્વીકારવા લોકો મરીમટશે.''

"અરે! કુલ્ટા આ શું બકી રહિ છે? શું ચારિત્રની ગિરિશૃંગની ચોટીથી ઉચ્ચતર બીજું કંઇ હોઇ શકે?" નારીનું ભુષણ જ શીલ છે. આ રૂપ તો પુદ્‌ગલ-ક્ષણે ક્ષણે ગળતું જાય છે. માંસ, લોહી, પરુ, મળમૂત્રથી ભરેલા અને ચામડાની ચાદરમાં લપેટાએલા આ શરીર પર આટલી આસક્તિ કેમ? આ શરીર ઉત્તમ ધર્મસાધના માટેની કુદરતી દેન છે. પૂર્વે કરેલા સુકર્મોનું ફળ છે. ધ્યાન રાખ તું મારું કંઇ જ બગાડી શકે તેમ નથી. તું મારી સાથે કંઇપણ બળજબરી કરીશ તો તેનું ફળ તારે અવશ્ય ભોગવવું જ પડશે. અનંતમતીમાં આગળના અનુભવે આત્મવિશ્વાસ સુદૃઢ કર્યો.

જ્યારે વેશ્યાનો એક પણ ઉપાય કાર્યકારી ન બન્યો તો એણે ગુસ્સામાં સિંહરાજ નામના એક વ્યભિચારી રાજાને વેચી દીધી. અનંતમતીના અંતરે નિશ્વાસ મૂક્યો. હાય! હજુ પણ મારા અશુભ કર્મોનો અંત નથી આવ્યો. એકથી છૂટી બીજામાં ફસાતી અનંતમતી પોતાના શીલને સલામત રાખવા સિંહણ બની હતી. અપાર રૂપ એનું વેરી બન્યું હતું. પોતાના દુર્ભાગ્યને કોસતી પંચપરમેષ્ઠીનું ધ્યાન કરતી ક્ષણ ક્ષણ પસાર કરી રહિ.

સિંહરાજ કામરાજ હતો. એની વાસના સહસ્ત્રફણા બની ફૂંફાડા મારવા લાગી. આંખોમાં કામાગ્નિ ભભૂકી ઉઠ્યો. એણે ઇચ્છયું, અનંતમતી સ્વયં એના વશમાં આવી જાય. કોઇ પણ ભોગે એ અનંતમતી શી રતિને પામવા આતુર હતો. અનંતમતિએ તેને પણ વાકબાણોથી ઘાયલ કરવાનું ચાલુ કર્યું, "અરે, પાપી! તું રાજા થઇ ને પ્રજાનું રક્ષણ કરવાને બદલે ભક્ષણ કરે છે. પ્રજા પાલક રાજા માટે પ્રજા તો તેનો પરિવાર છે. પુત્ર-પુત્રી છે. તું પાલકપિતા થઇ પુત્રી પર નજર બગાડે છે. યાદ રાખ તને નરકમાં પણ જગ્યા નહી મળે.

"પ્રિયે! નરકમાં જગ્યા ન મલે તો કંઇ નહિં હમણાં તો મારા આલિંગનમાં સમાઇ બેકરાર દિલને કરાર આપ. અંતરની આગને બુઝાવ. આમ કહિ રાજાએ અનંતમતીને પોતાની સુદૃઢ બાહુઓમાં સમાવવાનો પ્રયત્ન કર્યો."

ભોળી હરણી ગભરાઇ ઉઠી. બીજો ઉપાય પણ શો હતો? માત્ર પ્રભુ સ્મરણ વિના. અંતર ઉતરી ગયું પ્રભુના ચરણોમાં, હોઠો પર પંચણમોકાર

મંત્રનો સ્વર ગુંજી રહ્યો. ફરી એકવાર શીલત્વ શ્રેષ્ઠ સિધ્ધ થયું. સતીના શીલની રક્ષા કોઇ અજ્ઞાત દેવીએ કરી. સાક્ષાત્ મૃત્યુને સામે જોઇ સિંહરાજ શિયાળ બની ગયા. પોતાના પ્રાણની રક્ષા માટે દેવી પાસે ક્ષમા યાચના કરવા લાગ્યો. આ આગની દાહથી બચવા સિંહરાજે અનંતમતીને ફરી જંગલમાં મોકલી દીધી.

અંધારી અટવીમાં ફસાએલી અનંતમતી ભૂતકાળના અનુભવોથી પુરુષ માત્રથી નફરત કરવા લાગી. સંસાર કડવો ઝેર લાગવા માંડ્યો. એણે વિચાર્યું હવે આખું એ જીવન પ્રભુ સ્મરણમાં વિતાવીશ. બીજો કોઇ રસ્તો નહિ મળે તો ભગવત્ આરાધના કરતાં કરતાં પ્રાણ ત્યજી દઇશ. જંગલની કેડીએ દિશાશૂન્ય એવી અનંતમતી ભગવત્ સ્મરણને દિવાદાંડી સમજી ચાલવા લાગી. એને ખબર નથી એ ક્યાં જઇ રહી છે.

છતાં આંતરમનની અનુમતિથી પ્રતિત થતું હતું કે હવે પાપોનો ક્ષય થઇ ચૂક્યો છે. જીવનનૈયા કિનારા તરફ ગતિ કરી રહિ છે. અંધારી રાતની કાલિમાને હટાવવા સોનેરી સૂર્યોદય થવાનો છે. આમજ અનિશ્ચિત માર્ગ પર ચાલી નીકળેલી સતી જીવનના નિશ્ચિત માર્ગ પર અયોધ્યા પહોંચી. એનું પરમ સૌભાગ્ય હતું કે તેને આર્યિકા પદ્મશ્રીના દર્શન થયા. એણે સમજી લીધું જીવનનું નિર્ધારિત લક્ષાંક મેળવી ચૂકી છે. એના દુઃખનો અંત આવી ગયો છે. એકાકીપણના આવી રહેલ દુઃખોથી બચી શકશે. એનું મસ્તક માતાજીના શ્રીચરણોમાં ઝૂકી ગયું.

''આવ દિકરી! કોણ છે તું? ક્યાંથી આવે છે?'' ખુબજ ઉદાસ લાગે છે. તું. અનંતમતીને આશીર્વાદ આપતાં આર્યિકામાતાએ પરિચય પૂછયો.

શું જવાબ આપે અનંતમતી? હ્રદયમાં પળે પળે સંચિત થએલી વેદના વ્યભિચારિયોનો અનુચિત વ્યવહાર, અતિ પ્રેમથી પૂછાએલો પ્રશ્ન, કરુણામયી મુદ્રાનો આશીર્વાદ માટે મમતાભર્યો ઉઠેલો હાથ, અનંતમતીના હ્રદયના બંધ છૂટી ગયા. વેદનાની વ્યથા આંખોમાંથી વહેવા લાગી. થોડી સ્વસ્થતા પ્રાપ્ત થતાં અનંતમતીએ પોતાની વ્યથાની કથા આર્યિકામાતાજીને જણાવી. તેમના શ્રીચરણોમાં આશ્રય પ્રદાન કરવાની પ્રાર્થના કરી.

સર્વ હકીકત સાંભળી અનંતમતીની જૈનધર્મમાં અથાગ શ્રધ્ધા, ભક્તિ

અને સુમેરૂ સમાન દઢ ચારિત્રની ચકાસણી થતાં તેને ધર્મસાધના માટે સંઘમાં પ્રવેશ આપ્યો. જાણે તોફાની સંસાર સાગરમાં એકાએક સુરક્ષાનો કિનારો પ્રાપ્ત થયો. વધુને વધુ સમય ધર્મારાધનામાં વ્યતિત થવા લાગ્યો.

★ ★ ★

જિનદત્તની હકીકત સાંભળી આર્યિકામાતાજીને કોઇ શંકા ન રહિ. એમનું મન પીગળી ગયું. અનંતમતિ પાછળના કમરામાંથી બહાર આવેલા આગંતુક એના જ પિતા અને મામા છે એમ જાણી ચૂકી હતી. હ્રદયની ધડકનો વધી ગઇ ઇચ્છી રહી તુરત જ ત્યાં પહોંચવા માટે.

આર્યિકામાતાજીએ અનંતમતીને બહાર બોલાવી પિતા અને પુત્રીનું મિલન થતાં બંનેની આંખો સ્નેહ સરવાણી-વહાવી રહિ. પિતા પોતાની વ્હાલસોઇ પુત્રીના માથે હાથ ફેરવતા રહ્યા. આ મિલનથી મામાની આંખો પણ ભીની બની.

મહારાજા પ્રિયદત્તે જોયું દિકરી શરીરથી ક્ષીણ થઇ ગઇ છે, ચહેરાની ચમક ઝાંખી પડી ગઇ છે. આવી પડેલી આપત્તિઓએ તેને અસમયે પ્રૌઢ બનાવી દીધી છે. ચંચલ આંખે એ ઉદાસીનું અંજન આંજેલું છે.

દિકરી, આટલા દિવસ તું ક્યાં હતી? તારી માતા તાંરા વિરહમાં ઝૂરી ઝૂરીને મરવા જેવી થઇ ગઇ છે. પ્રિયદત્તનો અશ્રુભીનો અવાજ આવ્યો.

અનંતમતીએ આંખમાં આંસુ સાથે પોતાના અપહરણથી લઇ આજ સુધીની સર્વ હકીકત કહિ સંભળાવી. જે જે દુષ્ટો એ એની સાથે દુર્વ્યવહાર કર્યો તેનું વર્ણન કર્યું. દિકરી સાથે ઘટેલ ઘટનાઓના વર્ણનનો એક એક શબ્દ અંગારો બની હ્રદયને દઝાડી રહ્યો હતો. વેદના આંસુ બની આંખોમાંથી વહી રહી હતી. સાથે સાથે જૈનધર્મમાં અતૂટશ્રધ્ધાવાન દિકરીના શીલની રક્ષા એના શીલધર્મધ્વારા જ થઇ તે જાણી રાજા પ્રિયદત્તની આસ્થા અનેક ગણી વધી ગઇ.

દિકરી ચાલ ઘરે જઇએ. તારી માતા ખુબજ પ્રસન્ન થશે. તને પાછી મેળવીને અકાળે અમારી મૂરઝાએલી જીવનવેલ નવપલ્લવિત થશે.

પિતાજી, મારી આટલી ઉંમરમાં દુનિયાનો સ્વાર્થ, લોલુપતા, કામાંધતા, નશ્વરતાને જાણી લીધા છે. જેની સ્મૃતિ માત્રથી હ્રદયની ધડકન વધી જાય

છે. હવે હું સંસારમાં પાછી ફરવા નથી માગતી. દેવ, શાસ્ત્ર ગુરૂના શરણમાં ચરણ રાખી કર્મક્ષય કરી રાગદ્વેષથી ભરેલા સંસારથી ઉપર આવવા ઇચ્છું છું. આ મળમૂત્રથી ભરેલું પુદગલ શરીર કે જેના કારણે આટલી બધી વિટંબણાઓ વિંટળાઇ વળી તેને તપ, સાધનામાં તપાવવા માગુ છું. પૂ. આર્યિકામાતાજીના ચરણોમાં રહિ આત્મસાધનાની જ્યોત જગાવી શુધ્ધાત્માને પામવા ઇચ્છું છું.

"દિકરી તું ખુબ નાની છે. જિનેશ્વરી દિક્ષાનું પાલન કરવું તે તલવારની ધાર પર ચાલવા જેવું છે. આવા કોમળ શરીરથી કઠિન ચર્યા સહન નહી થઇ શકે. ઘરે રહી ધર્મ સાધાના કરજે. યોગ્યતા પ્રાપ્ત કરી તું તારે માર્ગે ચાલીશ ત્યારે હું વચ્ચે નહી આવું."

"પિતાજી હવે એ અસંભવ! મારું મનોબળ દ્રઢ છે. આ નાની ઉમરમાં જે દુ:ખ સહન કરી ચૂકી છું, તેની બરાબરીમાં તપના દુ:ખો શી વિસાતમાં? આપ આપના પૂત્રી પ્રેમના કારણે મોહવશ થઇ મને રોકી રહ્યા છો. આ મોહજ સંસારનું બંધન છે. હું આ બંધનમાંથી મૂક્ત થવા માગુ છું"

રાજા પ્રિયદત સમજી ચૂક્યા હતા કે દિકરી વાળી વળે તેમ નથી. વ્રજ જેવું દ્રઢ મનોબળ ધરાવતી પૂત્રીને પિતાએ આર્યિકા માતાજી પાસેથી જિનેશ્વરી દિક્ષા ધારણ કરવાની આજ્ઞા આપી.

આર્યિકા દિક્ષા ગ્રહણ કરેલી, પંચમહાવ્રતધારી ના ચરણોમાં શીશ નમાવી રાજા પ્રિયદત્ત નું વિચાર પંખી વિચરી રહ્યું મૂક્ત ગગનમાં. સ્વયંવરમાંથી પતિગૃહે સિધાવેલી પૂત્રી ક્યારેક ક્યારેક તો પિતૃગૃહે પાછી ફરત, પણ આ મોક્ષલક્ષ્મીને સ્વયં વરવા જઇ રહેલી પુત્રી હવે ક્યારેય પાછી ફરવાની નથી. આ વિધિની વિશેષતા, જે હાથો એ બાળપણમાં પુત્રીને ઝુલાવી છે એ હાથો જ એ ચરણોમાં નમનાંજલિ અર્પે છે.

જ્ઞાન ધ્યાન-સાધનામાં લીન, પ્રખર પુરૂષાર્થથી મોક્ષ માર્ગ પ્રજ્વલિત બની ચૂક્યો હતો. પરમાત્માની પ્રતિતિ થઇ ચૂકી હતી, જાણે દેહથી દેહાતીત બની રહી હતી. ઉપસર્ગજયી આર્યિકા અનંતમતીએ અંતિમ સમયે સમાધિમરણ ધારણ કરી, નશ્વરદેહ છોડીને સ્વર્ગના સુખોને પ્રાપ્ત કર્યા.

# મેવાડની મહાન નારી કમલા

મેવાડની ધરતી પર મહારાણા પ્રતાપનો પ્રતાપી સૂર્ય તપતો હતો. શૌર્ય, સાહસિકતા અને સ્વાભિમાનની યશગાથા મેવાડના મહારાણાની કિર્તીસુવાસને ચોતરફ પ્રસરાવતી હતી. પ્રજાવત્સલ મહારાણા મા ભોમની રક્ષાકાજે સર્વસ્વ હોડમાં મૂકવા તૈયાર હતા. ''जननी जन्मेभूमिस्च स्वर्गाद् अपि गरियसि।'' ના સૂત્રની ગરિમા ગળથૂથીમાં જ ગ્રહણ કરીને મેવાડની ખમીરવંતી ધરતીનો એશૂરો સપૂત માતૃભૂમિની સ્વતંત્રતા એ પવિત્રતાને કાયમ રાખવા પોતાના સર્વસ્વનું બલિદાન કરવા કટિબધ્ધ હતો.

દિલ્હીના તખ્ત પર બિરાજેલ મોગલ બાદશાહ અકબરને સમગ્ર હિન્દુસ્તાન પર એકાકી શાસન ચલાવવાનો રોગ લાગુ પડ્યો હતો. બળકા બાદશાહ અકબર હિન્દુસ્તાની રાજાઓને શામ, દામ, દંડ અને ભેદ નીતિથી ઝુકાવી તેમના પર પોતાની હકૂમત ચલાવવા માગતો હતો. મેવાડના મહારાણા પ્રતાપ પાસે, ધન દોલત અને લશ્કરી તાકાતની સુરાહીમાં ભરેલી સત્તાની મૂગલાઈ સામે, મદિરાના નશામાં ચકચૂર બાદશાહની એકપણ નીતિ કારગત ન નીવડી. મા ભોમની પવિત્રતા પરદેશી દ્વારા ખંડિત થાય એ વિચાર પણ આ વિરલ વીર માટે વર્જ્ય હતો.

અકબરના અવિરત લશ્કરી પ્રાવહ સામે ઝઝૂમતા ઝઝૂમતા મેવાડના આ મહારથીની તિજોરીનું ઘન, કોઠારોનું ધાન્ય અને સૈનિક શક્તિ યુધ્ધમાં ખપી ગયા હતા. છેવટે એ સ્વમાની સપૂત અંતિમ ભીલ સાથીઓની મદદથી મોતને મુઠ્ઠીમાં મૂકી ઝઝૂમતો હતો.

મહારાણાએ મેવાડ ભૂમિની સ્વતંત્રતા માટે ભેખ લીધો હતો. સાદુ ભોજન, ભૂમિ શયન ભોગ વિલાસ તો દૂર, જાણે સાક્ષાત્ સૈનિકના સ્વાંગમાં સાધુ. અવિરત રઝળપાટ અને હૃદયમાં વસેલી મા ભોમની સ્વતંત્રતાની ખ્વાહિશે શરીરને જરૂર ક્ષીણ બનાવ્યું હતું. પરંતુ મનોબળ એટલુંજ મજબૂત હતું. તેમનો ચહેરો સ્વમાનના તેજ કિરણોથી ચમકી રહ્યો હતો.

ભામાશાહે મહારાણાને અનેક યુધ્ધોમાં સાથ આપ્યો હતો. પરંતુ આ

પહેલાં ક્યારેય આવી નિરાશા સાંપડી ન હતી. આવા ઘોર પરાજયના ઓળા આ ધરતી પર ઉતર્યા ન હતા. મહારાણાને આટલા નિરાશ અને દિશાશૂન્ય ભામાશાહે ક્યારેય જોયા ન હતા.

મહારાણાના એ શબ્દો એમના કાનમાં ગૂંજી રહ્યા હતા.

''ભામા, હવે શું થશે?''

''હિંમત રાખો મહારાજ બધુ બરાબર થશે.'' મહારાણાને આશ્વાસન આપતાં એમણે કહ્યું હતું.

''માત્ર ધૈર્યથી વિજય નહીં મળે ભામાશાહ આપણી પાસે ન તો ધન રહ્યું છે ન તો સૈનિક શક્તિ''

આહ! મહારાણાના એ શબ્દોમાં ટપકતી નિરાશા અને અસહાયતા.

''મહારાજા આપ ચિંતા ન કરો. હજુ પણ આપના એક ઈશારે પોતાનું બલિદાન આપી દે એવા ભીલ સૈનિક મોજૂદ છે.''

''હા ભામા હા! એ સત્ય હું સારી રીતે સમજુ છું. પરંતુ મારા વહાલા એ દેશભક્ત સપુતો ભૂખ્યા પેટે લડે અને અશક્ત થઈ મોતને વરે... અને એ પણ મારી આંખો સામે? નહીં ભામા નહીં!''

આમ કહેતાં રાણાની આંખો ભીની બની,.

''ધીરજ ધરો મહારાજા!'' ભામાશાહે સાંત્વન આપતાં કહ્યું. હા ભામા હવે એ સિવાય રાખવા જેવું બીજું રહ્યું પણ શું છે? બાળકોના હાથમાંથી સૂકો રોટલો પણ બિલાડો છીનવી ગયો. બાળકો ભૂખથી તરફડતા રહ્યા. આજ જોવાનું બાકી રહ્યું છે ને? હવે લાગે છે કે બાળકોની આ ભૂખ અને સાથિયોનો જઠરાગ્નિ મને વિવશ ન બનાવી દે.''

શેના માટે મહારાજા?

ભામાશાહે શંકાથી પૂછયું. ''સમર્પણ માટે ભામાશાહ. સમર્પણ માટે.'' કહેતાં કહેતાં ધરતી ધ્રુજાવનાર મહારાણા ખુદ ધ્રુજી ઉઠ્યા. હૈયાની વેદના આંખોમાંથી વહી નીકળી.

'નહીં મહારાજા નહીં..... આપ પોતે પણ આમ....'' મેવાડનો ધણી

સાવ ભાંગી પડે એ ભામાશાહ માટે પણ વસમું હતું.

"અરે મહારાજા આ શું? ધૈર્યની કામ લો અવશ્ય કોઇ માર્ગ મળી આવશે" આમ કહેતાં કહેતાં ભામાશાહના મુખેથી અરિહંત.... અરિહંત શબ્દ સરી પડ્યા...."

★ ★ ★

ભામાશાહની પત્નિ કમલા પથપર પલકો પ્રસારી બેઠી હતી. મેવાડને માથે દુશ્મનનું દળ, યુધ્ધના નિરાશાજનક સમાચાર અને મધ્યરાત્રિ સુધી પતિનું પાછા ન ફરવું. આ સઘળું એની ચિંતાની ચિનગારીને વધુ પ્રદિપ્ત કરતું હતું.

એકાએક પગરવ સાંભળી ચોંકી ઉઠી કમલા. દીપકના આછા પ્રકાશમાં પતિનું મ્લાન મુખારવિંદ જોઇ સહમી ગઇ. ચહેરા પર ચિંતાનું રેખાંકન જોઇ પતિને વધુ દુઃખી કરવાનું મન ન માન્યું. છતાં થોડા સમયને અંતે શબ્દોનો સંયમ તો તૂટી જ ગયો.

"નાથ, આપ આજે આટલા ઉદાસ કેમ છો?"

સામે પત્નિ ઉપસ્થિત છે કંઇક પૂછી રહી છે. પણ હાય!...

ભામાશાહનું અંતરમન અને ચેતના તો રહી ગયા છે મહારાણા પાસે. પોતે સ્થિતપ્રજ્ઞશા ઉભા છે પત્નિ પાસે.

પત્નિના શબ્દો જાણે એમના કર્ણપટલ પર પહોંચ્યા જ નથી. એમના કાનમાં તો છે રાણાજીના નિરાશાની અંધારી અટવીમાં અટવાયેલા શબ્દોનું ગુંજન.

"નાથ આજ આટલા દુઃખી કેમ છો? શું યુધ્ધમાં...." કમલાએ ફરીવાર જિજ્ઞાસા અને સહાનુભૂતિથી પૂછયું.

"અરિહંત,.... અરિહંત, ઉચ્ચારણમાં કમલા પતિના અંતરમાં વલોવાતી વેદના, નિરાશા, દ્વિધા સમજી શકી. એજ તો એના પ્રશ્નનો ઉત્તર હતો.

"નાથ, આરામ કરો ખૂબજ થાકી ગએલા લાગો છો. સાંજનું ભોજન પણ કર્યું નથી. કમલાએ વાતનો દોર સાંધતાં કહ્યું.

"નહીં કમલા હવે તો ભૂખ, ઉંઘ અને આરામ મારાથી રિસાઇ ગયા

છે. હૃદયને શંકાઓનો વ્યાધિ ગ્રસી રહ્યો છે. કમલા આ બધું તું ન જાણે એજ સારું છે. આજ યુધ્ધમાં ભારે પરાજયનો સામનો કરવો પડ્યો.''

''નાથ, યુધ્ધમાં જયપરાજય તો થાય. આજે પરાજય થયો તો આવતી કાલે જરૂર વિજય થશે. આવતીકાલ આપણી છે. ત્યારે અધિક તાકાતથી યુધ્ધ કરો.

''અરે! રાણાજી જેવા સેનાપતિ હોવા છતાં આવી ઘોર નિરાશા?''

કમલાએ વીર રાજપુતાણીને શોભે એવી હિંમત અને ધીરજ બંધાવતાં કહ્યું.

''એજ તો મોટી ચિંતા છે કમલા. આજે એજ વીર રાણાની આંખો પણ છલકાઇ ઉઠી. પરાજયની દુર્બળતા એમના મનમાં ખૂંપી ગઇ. નિરાશાની ઘનઘોર ઘટા મેવાડના સૂર્યને ગ્રહણ બની ગ્રસી રહી છે.''

''પ્રભુ જાણે શું થવાનું છે?'' આમ કહેતાં ભામાશાહના શરીરમાંથી કંપન પસાર થઇ ગયું. આંખો સામે પરાજય પછીની ભયાનકતા, અસહાયતા અને વિવશતાના દ્રશ્ય મૂર્તિમંત થવા લાગ્યા. પતિના ચહેરાની ભાવભંગિમા જોઇ સ્તબ્ધ થઇ ગઇ કમલા, એમના શબ્દો સાંભળી શું બોલવું કંઇ જ સમજાતું નહોતું.

છતાં વાતને સ્પષ્ટ કરવા-સમજવા એણે પૂછ્યું. ''રાણાજી, આપણા અન્નદાતા, શું નિરાશ થઇ ગયા? શું યુધ્ધની ભીષણતાથી ડરી ગયા? અરે... આ હું શું સાંભળી રહી છું?''

''કમલા તે જે સાંભળ્યું તે સત્ય છે. પરંતુ તું જે સમજી એ પૂર્ણ સત્ય નથી.''

''એટલે?''

''એનો મતલબ એવો નથી કે મહારાજા યુધ્ધથી ડરી ગયા છે. ડર અને નિરાશા તો એ વાતની છે કે યુધ્ધ લડે કેવી રીતે? યોધ્ધાઓ તો યુધ્ધ મેદાનમાં ખપી ગયા. રાજનો ખજાનો ખાલી પડ્યો છે. ત્યારે નવી સેના કયા આધાર પર બનાવે? રાણાજીના એક અવાજ પર હજારો ભીલ યોધ્ધાઓ અને યુવાનો પોતાનું બલિદાન આપવા તૈયાર છે. પરંતુ રાણાજી એમને ભૂખ્યા પેટે લડવાનું કહી યુધ્ધની અપેક્ષાએ ભૂખથી તડપતા મરતા ન જોઇ શકે. એના કરતાં તો એ.....'' આગળના શબ્દો અટકી ગયા ભામાશાહના ગળામાં.

"એ શું?" કમલાએ સાશ્ચર્ય પૂછયું.

"એ અકબરની આધિનતા અથવા તો મૃત્યુ સ્વીકારવા તૈયાર છે." એકી શ્વાસે આવું કહી ભામાશાહ પલંગમાં ઢળી પડ્યા.

હોઠમાંથી માત્ર ઉદ્ગાર સર્યા 'અરિહંત' 'અરિહંત' શું ધનનો અભાવ જ મહારાણાની દયનીય સ્થિતિનું કારણ છે? મનમાં વિચારતાં કમલાએ કોઇ મક્કમ નિર્ધાર કરી લીધો.

"શું ધનના અભાવમાં જ આવી પરિસ્થિતિ સર્જાઇ છે?" કમલાએ પતિને દૃઢતાથી પૂછ્યું.

હા કમલા. ધનના અભાવમાં યુધ્ધ ક્યાંથી થઇ શકે? સેના કેવી રીતે એકઠી થઇ શકે? કંઇ જ સમજાતું નથી. રાજ્યની તિજોરી ખાલી પડી છે. અર્ધ બેહોશીમાં ભામાશાહ ગણગણતાં રહ્યા. અરિહંત ભગવાનનું સ્મરણ કરતાં ચહેરા પર હાથ ફેરવતા રહ્યા.

"પ્રાણનાથ આપ હમણાંજ રાણાજીને પાસે જાઓ અને....."

"અને શું?" એકાએક ભામાશાહે વચ્ચેથી અટકાવી પૂછયું.

"અને કહો કે નિરાશ ન થાઓ". ધનના અભાવમાં યુધ્ધ બંધ નહી થાય. પવિત્ર મેવાડ ભૂમિ બંદિની નહી બને. કમલાના ચહેરા પર અલૌકિક તેજ ઝળહળતું હતું.

"પરંતુ રાજતિજોરીમાં એક પૈસો પણ નથી. ખાવા માટે ધાન્ય નથી. શસ્ત્રો ક્યાંથી આવશે? કમલા, આ સમસ્યાઓ માત્ર ધીરજ બંધાવાથી નથી ઉકલી શકતી. એટલું તો વિચાર?"

કમલાને સત્ય હકીકત સ્પષ્ટ કરતાં ભામાશાહ મનને મનાવવા પંચપરમેષ્ઠી ભગવાનનું સ્મરણ કરવા લાગ્યા.

"નાથ એ વાત સાચી છે કે રાજતિજોરીમાં ધન નથી. પરંતુ આપણી તિજોરીઓ તો ભરી પડી છે."

"કમલા" ચીસ પાડી ઉઠ્યા ભામાશાહ.

"હા નાથ! આપણું ધન કોનું ધન છે? એને આપે ક્યાંથી પ્રાપ્ત કર્યું? આ ધન દોલત સમૃધ્ધિ આજ ભૂમિની જ તો ઉપજ છે. આથી રૂડો બીજો

એનો ઉપયોગ શું? કમલાની વાણીમાં ત્યાગના નિશ્ચયની ઝલક હતી. રાષ્ટ્રભક્તિની સરિતા વહી રહી હતી.

"પરંતુ....."

"પરંતુ કંઇ નહીં આપણે તો અરિહંત ભગવાનના સાચા સંતાન છીએ. આ જ અરિહંત પ્રભુએ "અરિ"ના "હંત"ની સદા પ્રેરણા આપી છે. નાથ, આજ સાચો સમય છે જ્યારે આ ધનનો સદુપયોગ કરીને પરિગ્રહરૂપી "અરિ" નો "હંત" કરી શકીએ. ઉઠો નાથ, દેશના ધનને દેશની સ્વતંત્રતાની રક્ષા માટે સમર્પિત કરો." કહેતાં કહેતાં કમલાએ નિરાશાની ગર્તામાં ડૂબેલા ભામાશાહને હાથનો ટેકો આપી ઉભા કર્યા.

કમલાની શબ્દ-સંજીવની ભામાશાહને નૂતન જીવન પ્રદાન કરી ગઇ. નવીન આશાની દીવડી અંતરને પ્રકાશિત કરી રહી. જાણે ડૂબતાને તરણું મળ્યું. આંખોમાં હર્ષાશ્રુ ચમકી રહ્યા.

પરંતુ કમલાને આથી આશ્ચર્ય મિશ્રિત ઘૃણા જન્મી. એણે વિચાર્યું અરે, હું આ શું જોઇ રહી છું? દેશની સ્વતંત્રતા માટે ઝઝૂમનાર, દેશની ચિંતામાં પોતાની સૂધબુધ ગુમાવનાર મારા પતિ આમ આંખમાંથી આંસુ વહાવે? શું ધન જવાની ચિંતા એમને કોરી ખાય છે? શું ધન, સંપત્તિ જ એમનું સર્વસ્વ છે? હમણાં તો રાણાજીની મુશ્કેલીની ચિંતામાં શોકાતૂર હતા. શું એ ઢોંગ હતો? શું મારા પતિ પોતાના રાજધર્મમાંથી ચ્યુત થયા છે? શું વણિકવૃત્તિ એમને ધનના દાસ બનાવી રહી છે? કમલાને આવા વિચારથી નફરત સાથે ક્રોધ જન્મ્યો.

નહીં, નહીં આવું તો કદી હોય?

"અરે સ્વામી! શું ધન ગુમાવવાનું દુઃખ આપને રડાવી રહ્યું છે?" ક્રોધાગ્નિ વ્યંગમાં પરિણમ્યો.

"નહીં કમલા આ આંસુ દુઃખના નહીં આનંદના છે અરે પગલી, તેં તો મારી આંખ પર છવાએલા અંધાર પટલને દૂર કરી મારી આંખો ખોલી. હું તો મારી જાતને ધિક્કારી રહ્યો છું કે આ વાત મને પહેલાં કેમ ન સૂઝી. અને કદાચ સૂઝી હોત તો પણ..."

"પણ શું નાથ?"

"મને એક સંકોચ હતો માની લો કે મને આ વિચાર આવ્યો હોત પરંતુ તું આ ધન આ રીતે જતું સહી શકત? તું કદાચ મને રોકી દે તો?" જ્યારે હવે તે પોતે જ સામેથી આવું ઉમદા ઔદાર્ય દાખવ્યું છે ત્યારે આવા કોઈ જ પ્રશ્નને સ્થાન નથી. તારા આ એક વિચાર ઝબકારે મારા દિલ દિમાગને સાચી દિશા સાંપડી છે.

પત્નિની આવી અણમોલ ત્યાગ ભાવના ભામાશાહના હૃદયને હચમચાવી ગઈ. આનંદના અતિરેકથી કમલાને બાહુપાશમાં જકડી લીધી.

"સ્વામી આપને આંખમાંથી આંસુ વહાવતા જોઈને ન જાણે આપને માટે મેં કેવા હલકા વિચાર કર્યા? મને માફ કરો. છેવટે તો હું સ્ત્રીને? આગળનું હું ન વિચારી શકી. આપને લોભી, ધનલોલુપ ન જાણે આપને માટે શું શું કલ્પી લીધું."

પતિના પ્રેમથી પુલકિત થએલી કમલાની વાક્ધારા પુનઃ વહેવા લાગી.

"સ્વામી આપ મને ધનની બાબતમાં આટલી સંકુચિત સમજતા હતા? જ્યારે આપના, રાણાજીના અને દેશના અસ્તિત્વનો સવાલ છે. જ્યારે સર્વસ્વ ન્યૌછાવર કરીને પણ સ્વની સલામતી અખંડ રાખવાની છે. ત્યારે ભલા, આ ધનનો આથી ઉચિત સદુપયોગ બીજો કયો હોઈ શકે? છેવટે તો દુશ્મનોજ એને લૂંટી જવાના ને?"

હજુ પણ કમલાનું અંતર પતિ માટે આવેલા હીન વિચારથી કકળતું હતું.

"કમલા આવી ઉદારતા, આવી હૈયા સૂઝ, આવા ઉચ્ચ વિચાર એક પિતપરાયણ રાજભક્ત, દેશપ્રેમી કમલા જેવી આદર્શ નારીના મનોમસ્તિષ્કમાં જ સ્ફૂરી શકે. ખરેખર કમલા તારા કરકમલો એ આ ત્યાગથી દેશના ઉજ્જવલ ભવિષ્યની જ્યોત જલાવી દીધી છે. તું સાચા અર્થમાં ક્ષત્રાણી છું. સાચી શ્રાવિકા અને અરિહંતની સાચી અનુયાયી છું. તારી દિશાસૂઝ અને કટોકટીના કાળમાં પ્રસંગોચિત ઔદાર્ય પર આફરિન છું. ધન્ય છે કમલા તારી જનેતાને. આજે એક ભારતીય નારીએ મહાન ત્યાગની ઉજ્જવલ ભાવનાથી, એક પત્નિએ પોતાની થકી પતિને ઉચ્ચતાના શિખર સર કરાવ્યા છે. દેશના ઈતિહાસની યશગાથામાં અમર સ્થાન અપાવ્યું છે." ઉત્સાહના આવેગમાં અંતર વિહગ ઉમંગોની પાંખો પર ઉડી પોતાના માલિક મહારાણા પ્રતાપ

પાસે પહોંચી ગયું.

ભામાશાહે તુરતજ અંતરની આરઝુને આવકારતાં મહારાણા પાસે પહોચવા પાઘડી પહેરી લીધી.

"અરે સ્વામી આવી અડધી રાત્રે? આરામ તો કરો. ના કમલા ના. આ ખુશખબર રાણાજીને પહોંચાડ્યા સિવાય મને આરામ કેવો? નિંદ્રા કેવી?"

"શ્રીમાન આવી ઉતાવળ પણ શું કામની?"

"તો પછી?" ભામાશાહે પ્રશ્નાર્થ નજરે કમલા તરફદષ્ટિ ફેરવી.

"સ્વામી! હું ઇચ્છું છે કે આપ વહેલી પરોઢે પૂરી સંપત્તિ ઘોડાઓ ઉપર નાખી મહારાણાની સમક્ષ પહોંચી તેમને આશ્ચર્યમાં ગરકાવ કરી દો. મહારાણાને કર્તવ્યોન્મુખ બનવા આથી સુખદ આશ્ચર્ય બીજું કયું હોઇ શકે?

"જેવી તારી મરજી હું તો તારો આજ્ઞાકારી છું" કહી ભામાશાહ અનિમેષ નયને નીરખી રહ્યા પોતાની પ્રભાવશાળી પત્નિને.

મનનો બોજ હળવો થતાં ભામાશાહ શયનકક્ષમાં આરામથી સૂતા. પરંતુ હાય! નિંદ્રા કેવી? પ્રભાતની પ્રતિક્ષામાં રાત પૂરી થઇ.

"કાલે શું થશે?"ની ચિંતામાં ગઇકાલ સુધી નિંદ્રા નહોતી આવતી. હવે આજે "કાલે શું થશે?"ના પ્રશ્નના સુખદ અંતનો અમલ ક્યારે થાય એ વિચારધારામાં આજના મીઠા સ્વપ્ન કાલની કલ્પનાઓને મૂતિમંત કરતા હતા. સારી રાત ભામાશાહ મહારાણાનો વિજય અને સ્વતંત્ર મેવાડના સુખદ સોણલામાં રાચતા રહ્યા.

કમલાની પલકો પર પ્રસન્નતા પથરાઇ ચૂકી હતી. આંખોમાં આનંદનો સૂરમો અંજાઇ ચૂક્યો હતો. અંતરની આમ્રકુંજમાં નારીત્વના ગૌરવની કોકિલા ટહૂકી રહી હતી. એની સંપત્તિ એનું સર્વસ્વ આજ સ્વતંત્રતાની રક્ષા માટે સમર્પિત હતું. કેટલીય નારીઓના સુહાગની રક્ષા થશે. ફુલશાં બાળકોની ભૂખ મટશે. જીવન સાર્થક્યની શુભ ઘડીએ જીવન સાથીની પ્રસન્નચિત્તની સંમતિ મા ભોમની સ્વતંત્રતા માટે નિમિત્ત બનશે. કમલા ભામાશાહ જેવા પતિની પત્નિ બનવાનું પરમ સૌભાગ્ય પણ પૂર્વ જન્મના પુણ્યોદયનું જ પરિણામ માની રહી.

"આઓ ભામાશાહ. અરે! આ ઘોડાઓ ઉપર શું લઇ આવ્યા છો?" રાણાજીએ અત્યંત આશ્ચર્યથી પૂછયું.

"મહારાજા! કંઈ નથી. આપનું જ આપેલું આ ધન આજે દેશની સ્વતંત્રતાની રક્ષા માટે આપને પાછું સોંપી રહ્યો છું." આમ કહેતાં કહેતાં ભામાશાહે સઘળુ ધન રાણાજીની શિબિરમાં ઉતરાવવાની શરૂઆત કરી.

મહારાણા પ્રતાપ વિસ્ફારિત નેત્રે નિરખતા રહ્યા. નતો તેમને સમજતાં વાર લાગી ન તો ભામાશાહે સમજાવવાની જરૂર પડી. બંને એકબીજાના અંતરને પામી ગયા.

ધરતીનો ધણી અને ધરતીનો તારણહાર બંને સ્વનું અસ્તિત્વ ભૂલી આલિંગી રહ્યા. અંતરની સ્નેહ સરવાણી નયનોમાંથી નીર વહાવી રહી.

ત્યારે પૂર્વમાં મેવાડની ધરતી માથે બાલ રવિનો પ્રકાશ પુંજ નિરાશાના અંધકારને દુર કરતો વેરાઈ રહ્યો.

ભામાશાહે રાત્રિમાં ઘટેલી પૂર્ણ ઘટનાથી રાણાજીને વિદિત કર્યા. રાણાજીનું હૃદય નારીની આવી મહાન ત્યાગ ભાવનાથી ગદ્‌ગદિત થઈ ગયું. ઉરઉદધિમાં ઉત્સાહના મોજા ઉછળવા લાગ્યા.

અને ત્યાં તો, ચારણના યશોગાનના સ્વર ગગનમાં ગૂંજી ઉઠ્યા.

"ધન્ય ભામાશાહ, ધન્ય મેવાડની મહાન નારી કમલા. મેવાડના ઈતિહાસમાં તમારી બંનેની ત્યાગભાવનાની ગાથા સુવર્ણ અક્ષરે લખાશે. મેવાડની પ્રજા, યશોગાન કરતાં થાકશે નહીં."

"ધન્ય કમલા ધન્ય ભામાશાહ"

ઉગતી ઉષાના સોનેરી કિરણો અભિષેકી રહ્યા મહાન ત્યાગીને.

આ સમયે ભામાશાહ આબુપર્વત પર જૈન મંદિર બંધાવી રહ્યા હતા. એમના હૃદયમાં ભાવના હતી કે વિમળશાહના બંધાવેલા મંદિર કરતાં પણ આ મંદિર ભવ્યાતિભવ્ય બને. (આજે પણ ભામાશાહ દ્વારા શરૂ કરાએલું આ મંદિર આબુ પર્વત પર અધુરું પડ્યું છે.)

રાણાજીએ પૂછ્યું, "એ દેવાલયના નિર્માણનું શું થશે ભામા? જે કાર્ય અધુરું છે?"

ભામાશાહે જવાબ આપ્યો. "દેશની શાન અને દેશનું ગૌરવ આબાદ હશે તો દેવાલય તો ફરી પણ બની શકશે. શાસ્ત્રોની રક્ષા પણ શસ્ત્રોથી થાય છે.

